ચાંડી ચવીચી.

જેહાંગીર બે. મરઝબાન.

જાંહાંગીર મરઝબાન
વારતા સીરીઝ.
સુંદર પાકીઅવાળા અને
પ્લેટેડ સ્ટાંડ સાથ કંપ્લીટ
સેટ
૨૬ વાલ્યુમ.

છવ્વીસમુ વાલ્યુમ.

માંકી ચવીત્રા.







નવાબ મીનોચેર.

માંકી ચવીત્રી.

લખનાર

જાંહાંગીર બે. મરઝબાન.

મુંબાઈ—જામે જમશેદ પ્રીંટીંગ વરકસ, બેલારડ હાઉસ, મેંગલોર સ્ત્રીટ, કોટ મધે માણેકજી નવરોજી પ્રીંટરે છાપયું છે અને મેનેજર મી૦ જાલ જાંહગીર મરઝબાને મેસરસ જે. બી. મરઝબાનની કુંપની માટે બેલારડ હાઉસ મેંગલોર સ્ત્રીટ, કોટ મુંબઈ મધેથી પ્રગટ કીધું છે.



પેશી કેપટન.



☞ ખુશવકતી તુને બક્ષી ખુદાએ
છતમાં રહી નહીં છાની.
છે તું ઉપર મેહર ખુદાની
શું જાણે દુન્યાં દીવાની.—(દલપતરામ.)

અર્પણ પત્રીકા.

મારાં માનીતાં જામે જમશેદ પત્ર તથા પ્રેસના પુરાણા અને વફાદાર 'સ્ટાફ' જેઓ આ અદના લેખકને એક માલેક નહીં પણ એક પીતા તરીકે ગણીને ચાહે છે તેઓના નામ સાથ આ પુસ્તક જોડવામાં હું મગરૂર છું.

માર્ચ ૧૯૧૬. જા. એ. મ.

એક નવાઇ જેવો દીબાચો.

“ મામાજીને ત્યાં વીવાહ, અને મા પીરસે!” પીતાજી પુસ્તક લખે અને બેટો તેનો પ્રસતાવના કરે એ કાંઇક વીચીત્ર લાગે છે તો ખરૂં—પણ શેઠ જેહાંગીર મરઝબાનની આ વારતાની સીફારસ કરવાના મનસુબાથી જો હું અહીં વચમાં ધુસી નીકળતો હોવું અને તમે આમ મુછમાં હસો તે વાજબીજ કહેવાય. આ નાનકડો દીબાચો અહીં લખવાની મારી તેવી કશી નેમ છેજ નહીં. ખરી વાત એ છે કે મજકુર કથા “માઠી ચવીત્રી” જ્યારે અઠવાડયે “જામે” માં કટકે કટકે પ્રગટ થતી હતી, ત્યારે અવારનવાર સાધારણ વાતચીત દરમ્યાન એ વાર્તાના સંબંધમાં મારા કેટલાક વીચારો મારા પીતાજીને હું જણાવતો રહેતો હતો. અલબતાં મને કહેવાની કાંઇ જરૂર નથી કે ખુદરતી રીતે બચપણથીજ એમના પુસતકોનો—તેમની ‘સ્ટાઇલ’નો—અને પારસી વાર્તાઓ રચવાની એમની ચોકસ લધણનો હું અભયાસ કરતો રહેલો છું, અને તેથી આ “માઠી ચવીત્રી” માં જ્યારે પહેલવહેલી વાર મને પીતાજીની કેટલીક નવીજ વળણો નજરે પડી ત્યારે એ વાર્તા બાબે મારા મગજમાં ધોળાયા કરતા કેટલાક તુરંગો એક વાર મેં એવણ આગળ વીસ્તારીને દરસાવ્યા. તેઓએ મને ફરમાવયું કે આ કથાના બાબમાં મારે જે કાંઇ

કહેવું હોય તે એક દીબાચાના આકારમાં લખી કહાડીને વાંચક આલમની મુનસફી માટે એમનું એમ મેલી દેવું. આથી આ થોડીક લીટીઓ અત્રે હું ટપકાવું છું—જે કોઇબી સુરતે એક બેટા તરફથી પોતાના પીતાની થતી તારીફ સમજશો નહીં જી.

જાંહાંગીર મરઝબાનના નામ સાથ બાહાર પડેલું—હું ભુલતો નહીં હોવું તો—આ અઠાવીસમું પુસ્તક છે. અગાઉ હું ખુલ્લાં દીલે સૌ કોઇને મારૂં અદના પ્રમાણીક મત કહેતો રહયો હતો કે મી૦ જેહાંગીરજીની તમામ નોવેલોમાં એમની નોવેલ "જીલુ ગોરાણી" મને ઘણીજ ગમતી હતી, કેમજે વોલટર સ્કોટના એક અતી બીકટ 'પલોટ' ને તેઓએ નોશાકરી 'લાઇફ' માં બદલી નાંખી પારસી વાર્તાના 'એડેપટેશન' ની અંદર એક સીક્કો ભજવ્યો હતો ત્યાર પછી ઘણે વર્ષે આ "માકી ચવીત્રી" જયારે મેં વાંચી ત્યારે મને એ આગલા મારા અભીપ્રાયમાં સહેજ ફેરફાર કરવાની જરૂર દેખાઇ. મારૂં પોતાનુ અંગત મત એ છે કે પીતાજીએ આ પોતાની વાર્તામાં નવલકથા લખવાના હુન્નરની ઘણીક બારીક બારીકીઓ જાળવી રાખી—પોતાની ગેલ કરતી, ગમ્મત કરતી ખુશમીઝાઝી કલમને દરેક છુટથી દોડતી રાખી—characterisation માં—યાને વાર્તાનાં પાત્રોની ખાસીયતો ચીતારવાના બાબમાં દેખઇતી ફતેહ મેળવી છે. "જીલુ ગોરાણી" કરતાં 'માકી ચવીત્રી' ને ચહડયાતી તો નહીં, પણ તે નોવેલની પંકતીનીજ હું આનાકાની વગર આજે લેખવા તૈયાર છું.

શરૂઆતમાંજ કર્તા કહે છે કે "હાથ જોડી માંગી

લઉં છું કે વળી કોઇ ટોપી પહેડી ના લેતું. હા, ટોપી ગોળ છે તેથી કોઈ કોઇને માથે દાબડાની પેઠે બંધ-બેસ્તી આવશે, પણ મારી નીષ્ટા સાફ છે." લેખક પીતાજી બરાબર જાણે છે કે આ કમબખ્ત ગોળ ટોપી અનેક મસતકો ઉપર મેલાઇબી ચુકી છે અને કાંઇક અજબ રીતે સઘળાં ટાળકોને તે આબાદ લાગુ પડતીબી માલમ પડી આવી છે! દાખલા તરીકે મુંબઈની પારસી સોસાયટીમાં કયા અભાગ્યા જીવડા ધબઇજીનું પાત્ર આજે ખરેખર ભજવે છે—કર્ઈ ટેકાવદાર, સહેજ અદેખી, સહેજ આકળી પણ મહા જુસ્સાવાળી છોકરી આજે પારસી કોમમાં ખરેખર બેગમ બચ્ચાંની કેરેકટર ધરાવતી મારા પીતાજીના મનમાં મોજુદ છે—અને કયાં ચોકસ આસામીઓ પેલા ચકકરમંડળ તોફાની બારકસ માકી તથા પેલા અકકલના બારદાન "દોલા મરઘાજી" મીનોચહેર તેમજ બીચારા ભાજીના પાણી અરદેશર કોટવાલના પાત્રો મી૦ જેહાંગીર મરઝબાનના મીત્ર મંડળ, ખેશી મંડળ માંહેથી રેપ્રીઝેન્ટ કરે છે, તમો કયાંથી જાણવા જાવો? બે ચાર જણાને તો હું ઓળખું છું, પણ મારી મકદુર શું કે જરા ઉં કરીનેબી હું તુકારો કહાડું! પણ નવાઇ જેવું તો એ છે કે એજ પાત્રો બીજાં કાંઈ પચાશેક આસામીઓને જુદી જુદી વખતે જુદાં જુદાં લોકોએ લાગુ પાડવાની જીદ કરી છે. ઘણીક વેળા મારો હાથ પકડીને પારસી બાઇઓએ મને આગ્રહ સાથ પુછયું છે કે "અં કહોની વરી મારી સાથે પીજામ, આય ધબઇ તે કોણ છે અં?—પેલી......કેની?" "આય "માકી" મુઇ તો પેલી ફલાણી ચીનીજ! હારે હું

બરાબર જાણુંછ તો;" "આમ મીનોચહેર તે પેલો......
...........ખરૂં કેની? અં કેવા પકડાઇ ગયા!" ઇતયાદી,
ઇતિયાદી, ઇતયાદી. સારાંશ કે "માકી ચવીત્રી" કથાના
પાત્રો કાગળની સપાટી ઉપર દોરતાં મી૦ જેહાંગીર મરઝબાને
આપણા સાધારણ પારસી લોકોની રીતભાત, આચાર
વીચાર, ખવાસ, ખાસીયત, તેમની જોરાવર તેમજ નબળી
બાજુઓને એવા તો રામબાણ રંગોથી એક ચીત્રના
આકારમાં અચ્છા લાઇટ શેડ સાથે આપણી સમક્ષ
મેલયા છે કે આપણ દરેકને ઇબિઇજીમાં, માકીમાં, બચાંમાં,
અદી કોટવાલ તેમજ મીનોચહેરમાં કોઇને કોઇ ઓલખીતુ
મળી આવ્યા વગર રહેતુંજ નથી. મારે વધારે શું બોલવું
જોઇએ? આ જાતનો ટચકો લગભગ ૭૦ વર્ષની વયે જો હું
પુગીશ તો કદાપી મારામાં આવશે. ૭૦ વર્ષ સુધી દુન્યાદા-
રીનો રંગઢંગ જોઇને કસાઇ ગયલી કલમનુંજ એક પરીણામ
હોઇ શકે—એક કાચી કલમનું તો નહીંજ.

આ કથાના સંબંધમાં જે એક નવો અખ્તરો મી૦
જેહાંગીર મરઝબાને પહેલીવાર અજમાવ્યો છે તે બાબે હું
શકમંદ છું. આ વાર્તા પહેલાં સર્વનામ યાને "ફરસ્ટ પરસન"માં
લખાયલી છે. અરદેશર કોટવાલ જાણે પોતે એ કથા
લખતો હોય અને ખુદ પોતાનું દાસ્તાન રજુ કરતો હોય
તેમ વાંચનાર તે વાંચી જાય છે. પણ તે છતાં વાંચનાર
આખો વખત જાણે છે કે ખરા લખનાર તો એજ અરદેશર
કોટવાલના પીતા સમાન બુઝોર્ગ મી૦ જેહાંગીર મરઝબાન
ખુદ પોતે છે. આ ઘણું "રીઆલીસ્ટીક" યાને કુદરતી

અચ્ચાઈને અનુસરતું તો મને લાગતું નથી, અને વાર્તાની મજાહમાં જાણે કાંઈ ખલલ થતી હોય એમ લાગે છે. મી૦ જેહાંગીરજીએ આ વાર્તા પહેલાં પોતાનું નામ છુપાવીને લખી હોત અને ઉપર પહેલાં "લખનાર અરદેશર કોટવાલ" કરી-નેજ અડાવી મારયું હોત તો તે જુદી વાત હતી. તેમ નહીં તો બીજી યુક્તીએ થઈ શકતે કે અદી કોટવાલ પોતાના ખેરખ્વાહ વડીલ મીત્ર મી૦ જેહાંગીર મરઝબાન આગળ આવીને પોતાની કહાણી કહી જાય છે અને પછી તેની પરવાનગીથી તેના શબ્દોમાં મી૦ જેહાંગીરજી આ દાસ્તાન લખી કહાડી વાંચનાર સમક્ષ મેલતાં ખુલાસો કરે છે કે "અદીએ મને આ અને આ પ્રમાણે બધી વાત કીધી તે મેં લખી કહાડી છે." કોઈબી પ્રકારે આ કથાની બેવડી "ઓથરશીપ" નો ગોટાળો દુર થતે તો એની કીમત વધતે એમ હું નીશ્ચય માનું છું.

આ પુસ્તકમાં મારા પીતાજીએ પ્રખ્યાત આરટીસ્ટ મી ધુરંધરના કેટલાંક ચીત્રો આમેજ કરયાં છે. આ બાબે હું કાંઈક મગરૂરી સાથે ઇશારો કરૂં છું કેમજે પારસી નોવેલોમાં અચ્છાં ચીત્રો આમેજ કરવાની પહેલ તમારા કમતરીન સેવકેજ પહેલી મારી "વારેસે નાકબુલ" વાર્તામાં કહાડી હતી, તે તમને કદાપી યાદ હશે.

સેવટે એકજ નાની પોઈંટ ઉપર મારે બોલવું છે. માકી ચત્રીત્રી મીનોચહેર ઉપર ઝબુન કીનો લેય છે કેમજે મીનોચે-હેરે તેણીની બહેનનું નબોદ વાળયું હતું. આ માકીની બહેન બાબેનો સહેજ એશારો વાર્તાની શરૂઆતમાં આવે છે ખરો, પણ તેટલોજ ભાગ જરા વધારે ચાંપીને વાંચક

ર્ગનાં મન ઉપર ઠસાવવામાં આવ્યો હોત તો ફાયદો થાત એવું મારૂં આધીન માનવું છે. હું પોતે એ બહેન બાયેની વીગત ઉતાવળમાં ચુકી ગયલો એટલે પછવાડેથી મને પોતાનેબી સમજ પડયું નહીં કે માકી શા માટે મીનોચહેર ઉપર આટલી બધી ભયભીત જફા પાડતી હશે !

માકીના બહેનને થયલા ગેરઇનસાફ બાબેનો ભાગ જો એટલો ઉતાવળે હાથ ધરવામાં નહીં આવ્યો હતે અને મીનોચહેરથીજ તે નીરદોશ બાઇનું નખોદ વળ્યું પોઇંટ વધારે ભાર મેલીને બાહેર લાવવામાં આવી હતે તો વાર્તાના પાછલા ભાગમાં ઘણીજ વધારે લહેઝત ઉમેરાતે.

છતાં આ વાર્તા મને પોતાને ઘણીજ પસંદ પડી છે. મારા પીતાજીની એ વાર્તા છે તેથી નહી પણ એમાં જે કુનેહથી ઇબઇજી અને માકીના પાત્રો ચીતરયાં છે— અસુસ કરીને જે રૂપે કર્તાએ પારસી બઇરાંઓના ધખારા અને તેઓના ટાહુકા ટુચકાઓ કાગળની સપાટીપર રજુ કર્યા છે તે આબેહુબ કુદરતી છે. એટલું તો ચોક્કસ છે કે મરદોનાં પાત્રોનાં કરતાં સ્ત્રીઓનાં પાત્રો દોરવામાં એમની કલમની હથોડી ઘણીજ વધારે પ્રવીણ છે.

લા૦ સેવક,

ફીરોઝશાહ જહાંગીર મરઝબાન.

માંકી ચવીત્રી.

પ્રકરણ ૧ લું.

પેહેલાંથી કહું છું-વખત છે વાંકો-નવી વાર્તાના વમળમાં ઝીપલાવ્યું છે ખરૂં, પણ હાથ જોડી માંગી લઉ છુ કે વળી કોઇ ટોપી ના પહેરી લેતું. હા, ટોપી ગોળ છે તેથી વખતે કોઇ કોઇને માથે દાબડાની પેઠે બંધબેસ્તી આવશે, પણ મારી નીયત્ સાફ છે. આટલાં આટલાં વર્ષો સુધી ઉઘાડી આંખે ફરતાં દુર જાતના રંગઢંગ જોયા છે તે શું આયંદે સાથે લઈ જવા માટે? જે ચીત્ર રજુ કરીશ તે જોકે કોઈ અમુક પુરૂષ કે મંડળની ખરી જીંદગીનો અહેવાલ નથી પણ ઘણાંક જુદાં જુદાં સાંટકાનો ભેજાંની સંદુકમાં ભેગો કીધેલો મસાલો છે. અલબતાં રસ પડવા સારૂં ચીત્રને જરા જરા સહરાગાતીની પીછી લગાડી છે. વળી જાણવું કે આજે હું ગયાં વીસ વર્ષ ઉપર હતો તેટલો નાહાનો નથી, માટે વાંચક વર્ગે દરેક પાણે પાણે રસીલુ રંગીલું વાંચવાની વકી રાખવી નહી. "થોડા થોડા સબ ખાઓ" એ મારો સદાનો નીયમ છે અને તે નીયમ ઉપરજ વાંચક વર્ગે રાજી થવુ પડશે. માટે ચાલો, તમારી ખુશી હોય તો હવે માથાં-ઝીકણમાં ઝીપલાવ્યે.

*　　*　　*

"એ આય બાઈ કોણ? તમે ઓળખોછ કે? શું તેસ્ટથી ડ્રેસ કીધોછ! ડાર્ક બલુ સાડીપર સોનેરી ભરતકામ

તો જેને શોભે તેનેજ શોભે—કેમ બોલ્યાં નહી." આ પ્રમાણે મેં પુછ્યું.

કોણને પુછ્યું? મારી પાસે ફક્ત પટેલના ઇબાઇજી બેઠેલાં હતાં. તેવણ નાકનું ટીચકું અને આંખનો છણકો કરીને બોલ્યાં:—"બલા જાણે કોણ છે—કોઇ માકી મહેતા કરીને તો કહેછ."

આ વાત શીરૂ થાય છે ત્યારે અમે દેવલાલી મધે ગ્રાંડ હોટેલના નામાંકીત જીમખાનામાં બેઠેલાં છઇએ. પાસે તલાટીની સ્કુલના છોકરાઓ પોતાનું શીખાઉ બેંડ વજાડે છે અને તુરતનાં જમીનમાંથી ફુટી નીકળેલાં બઇરાંજીઓ પીંગ પાંગની ગમતમાં મસગુલ છે. કોઇ એક જણ હાર-મોનીઅમપર ભેંસાસુર રાગડો તાણીને પોતાની મમાઇ બપાઇનું માથું ભેજું ખાઇ જાય છે. હું તો ગઇ કાલેજ આવ્યો હતો અને મહાબલેશ્વરના હોટેલમાં જગા મળશે કે નહી તેનો જવાબ આવી પુગે ત્યાં સુધી અહીં દેવ-લાલી પડી રેહવાનો વીચાર હતો. આવતાંને વાર બપોર-નાજ ખબર પડી કે દોરાબજી પટેલ અને તેવણનાં મોહો-રદાર ઇબાઇજીબી અત્રે પધારેલાં હતાં. અગાઉ એક વાર આ લોક વાંદરે મારી પડોશમાં રેહતાં હતાં અને તે દહાડા પછી એ લોકથી સો ગાઉ દુર નાહાસવાના મેં સો-ગંદ ખાધા હતા. ઇબાઇજીની જબાં! ઓ બાપરે બાપરે! આએ લાંબી! દોરાબજી બચારા જેવા કેહેછ તેવા દાધાબ-ળીઆ હતા, પણ તેવણનાં મનમાં પાપ જેવી ચીઝ ન હતી. અસલ કોમીસરી ખાતાંમાં નોકરી હતા અને હવે સાહાઠ વરસે પેનશન ઉપર ગાડું ગબડતું હતું; પણ તેવણની કમાલ એબ એ હતી કે મોહોડે બબડવારો ભારી હતો.

ભલા આદમીને છીટાં શોધવાની અજબ આદત હતી. કોઈબી હોટેલમાં જાય તો "રેગ્યુલર ન્યુસન્સ" થઈ પડતા. જે હોટેલવાળાએ એવણ તથા મીસીસની પેત્રાનેજ એક વખત ચાખેલી હોય તે તો પેહલાંથીજ શેહેતાન ડાભો કરે કે બા જગા નથી. માખણ સુંઘીને ખાય, ને આખો લુગદો ચપાટી જાય તોબી છીટાં શોધે કે એ તો ખોરૂં હતું. જામ જેલીનું નખ્ખોદ વાળે ને ખરીઆની જેલી કે દુધનાં ૫ફ હોય તેમ અરધો ડબ્બો સફાચટ કરી જાય. જો ગોસ્તમાં ઘી ઘણું નાંખ્યું તો કેહેશે ચરબીનું ખવાડેછ, જો ઘી ઓછું હોય તો વાંધો કાહાડે કે એ તો ભુખે મારેછ. જો પાસેના ઓરડાનું છોકરૂં જરા રડયું તો હોટેલના માલિક ઉપર આડ સાઈડિની ચીડી ગયલીજ છે. એવા દોરાબજી બા માથે પડેલા હતા. પણ જેમ હમેશ બનેછ તેમ તેવણને માથે એકજ જણ હતું—તે તેવણનાં ધણીઆણી ધબાઈજી? ઘેરમાં દોરાબજીએ જરાબી ખરવાયાં તોડવા માંડયાં કે હાથની ધગતીની જબાંની કમાન છુટે તો સહવારની સાંજ કાંય નહી પડે. આખરે ધણી પોતેજ ઠાકીને નાહાસવા માંડે ત્યારે જરા શાંતી થાય.

ચાર ઘડી બીયુ ચોટે ટળે ત્યારે,
સુખ બન્નેને થાય.
ઘડીએ આવી ઘેર બેસે,
ત્યારે શેર લોહી સુકાય.
ભાઈઓ, જેની ભારજા ભુંડીરે,
તેને પીડા અંતર ઉંડી.

દોરાબજી ત્યારે પોતાનો વખત કેમ કાહાડતા હશે! અરે યારો 'અખંનતર પ્રકાશ' માં તેવણના ચરચાપત્રો

ખરી સહી સાથના દમ બાંધીને આવતાં હતાં અને તે હું ધારૂંછ કે તેવણ પોતે, કમભાયગનો સબ એડીટર, ખીબાં ભરનારો કમપાઝીટર અને પ્રુફ વાંચનારો રીડર એટલા જણ ફરજીઆત વાંચતા હશે. ધણી અને ધણીઆણી વચ્ચે અવારનવાર જે 'જંગે મસતાન' ચાલે તેનું જો વર્ણન કરવા બેસું તો આખું વાલ્યમ ભરાય, પણ શું ફાયદો? કોણ આ જાતની કુટુંબી બાઝમબાઝીથી નાવાકેફ છે? એટલું તો ખરૂં કે જયારે હોય ત્યારે ઇબાઇજીની ઝીત ને દોરાબજીની હાર. દોરાબજી તો ઘણું થાય તો ભિજાંના ખીમાં હુતા પણ ધણીઆણી! ઇસ્તફર અલ્લા, ખોદા એવાંઓની મોહોકાનમાંથી અલ્લગ રાખે. દોરાબજીની બચારાની મને દયા આવતી, પણ ઇબાઇજીને તો જાણે છરી ભોકું. હવે તેવણ કેવાં હતાં તેનું સેહેજસાજ પીકચર આપવું જરૂરનું છે, કારણકે તેવણ સાથ આગળ ઘણું કામ લેવાનું છે. તેવણ પચાસેક વરસનાં હશે, પણ પંદર વરસની છોકરીની પેઠે કપડાં સજવામાં મોજ લેતાં હતાં. હાથની કોણી સુધીના ટુકી બાહેના ગળાં આગળથી ઉંઘાડા કાપના બ્લાઉઝીસ, બાલના પફ અને પાઉડરના સણગાર તેવણને જરૂરના હતા. સ્ત્રાંગ ચાહેમાં એક ચમચી દુધ નાંખ્યું હોય તેવો તેવણનો ચેહરાનો રંગ હતો. કોઇબી તેવાં ધરખમ સાથ ભિળાવાની મતલબ હોય તો ઉથલાઈ પુથલાઈ જઈ ધડપર ડોકું ન રાખતાં ને કોટાકોટીનો સોદો હમેશ ગરમ રેહતો; પણ કોઈ બચારી, બચારો અથવા બીચારૂં જો એવણની બત્રીશીમાં આવતું તો તેનો ખીલા ખસતાન કરી નાંખવાની જબાં ચાજ લાંબી હતી. મુંબઇમાં અડધી નીંદા ફેલાતી તેની શરૂઆત આપણી ઇબાઇજી

પટેલને આભારી હતી એમ કહું તો કોઇના પાપમાં જઇશ નહી. ટકા ચહડાવવામાં બાહાધર, ઘેરેઘેર ફરીને બધું સાંભળી લઇને પછી મોહના મટાકા સાથ એકની ચાર વાત કરવામાં તેવણ એવાં ઉસતાદ હતાં કે ઘણાકોએ તેવણને "વાકીંગ ગેઝેટ" નું નામ આપ્યું હતું અને જેઓ શેહારાં હતાં તેઓ આ બાઇથી એક ગાઉ નહાસતાં.

ત્યારે તમે પુછશો કે આ બધું જાણતો હતો તોબી આએ વખત તેવણની પાસે બેસીને વાત કાં કરતો હોઇશ-પણ હું શું કરૂં. એક તો બાઇ માણસ અને વળી ચાહી ચીતીને મારી પાસેજ આવીને લાધ્યાં એટલે કાંઇ મારેથી ઉઠી જવાય? એમ કરૂં તો સારાં ગામમાં મને ટુપી નાંખે. હોટેલ એટલું નાહાનું કે તેવણથી છુપાઇને રહેવાય એ માટી આગ છુપાવવાની તજવીજ કરવા બરાબર હતું. ખરી વાત તો એ છે કે ઇબાઇજીને મારે પોતાને નામનીબી અભીત્રી હતી, પણ જયારે મને મળે ત્યારે તો જાણે હું કેવોક દોસ્ત હોઉં તેમ લોકના દેખતાં મારી સાથ હસી હસીને વાત કરે. તેનો છુપો ભેદ એ કે મારી પાસ સારા જેવા ચીચોડા હતા અને હું લગાર ઘપઘપ ચકરમાં આવતો જતો હતો એટલે મારી મારફતે તેવણબી એ ચકરમાં ઘુસવા માંગતાં હતાં. એવણ જયારે જીમખાનાવાળા ઓરડામાં આવીને મારી પાસે ધપ દેતાં બેસી ગયાં અને હસી હસીને શેકીન કરી ત્યારે આપરેબી ચાટ જેવા બેસી રહયા અને મન સાથ એક લાખ પાંચ હજાર સેસ ભણી. તેવણ ૮ દહાડાના દેવલાલી આવેલાં હતાં અને સર્વેના બાપદાદાની આલ ઓલાદ, પૈસા ટકા, દોસ્તી દુશમનાઇની બાતમી મેળવી ચુકાં હતાં. મારી કાંહાં કમ-

બખ્તી લાગી કે એ પેલી બલુ સાડીવાળી ખુબસુરત બાઈ કોણ છે તે પુછ્યું. ડીસેમ્બર મહીનાનો હીંગામ હતો અને હોટેલ ભરપુર હતું. જેટલાં જણ દાખલ થાય તેઓની સાડીની કીમત ઈબિઈજીના નખ ઉપર હતી.

ઈબાઈજીએ વાત છેડી. "આજે બેંડ વાગવાનું છે ને જોજોની બધાં કેવાં લીલાં પીળાં થઇને આવશે તે. જાણે મુવાં લગનમાં આયાંછ. મરેરેએએ, ઘેરમાં જેટલી જણસ હોશે તે લોકને દેખારવા દીલપર નાખી આવશે. જરા જોવો તો ખરા, પેલા તીજા બાજટપર મુઈ ગેંડા જેવી બઈરી ચાર છોકરીઓને લઇને ગગરીછ તે. એ બચારી પઇસા ખરચીને દુકતીઓને ઠેકાણે પારવા દેવલાલી ઘસરાઈ આવીછ. જાણે હમણાજ બધી પણી જવાની તો! મુવાં કોટકજ તો."

હું તો કાંઇ બોલ્યો નહી; પણ ઈબાઈજી કાંઈ મુંગાં બેસે.

"દુકતીઓના સકાર બલેરે, બધા દાંત નીકળી આયાછ ને માથાંપર જાણે ઘાસની ગંજી બાંધી આવીછ. વરી હાથખી નરા સીધીભાઇ જેવા ગોરા ગોરા કેની તે ટુંકી બોંહેના પોલકા પેહેરી મુઆંછ! એ ડબરીને કોઈ પુછે કે ચચાર ચોખીઆરોનું હાઉસન ઝાઉંસન સાથે ઘસરી લાવી તે કાંઈ ચાર છોકરાઓ ઝારપર ઉગેછ. એકના ઠેકાણા નહી મળે તાહાં ચચાર! અંહં, મને તો એ લોકને જોઇને દુખી આવેછ. કેમ બોલ્યા નહી?"

મેં દાંત પીસીને જવાબ દીધો કે "તે તો બા આપરે શું જાણીએ. બઇરાંની વાતમાં આપરે કંઇ સમજીએ

નહી. પણ હમણા હમણા આપરાં પારસી બઈરાંઓમાંથી ખુબસુરતી તો ઓછી થતી જાયછ. જુવોની, આટલાં બધાં જણ છે તેમાં એકબી સોવામણો ચેહેરો છે?"

હજુ તો મારા મોહોંમાંથી આ શબ્દો બાહાર પડે તેટલાંજ જાણે મને જુટ્ટો પાડવા માટે ઉપલી **બ્લુ સાડીવાળી બાનુ સામેથી નજરે પડી.** અત્યાર સુધી કોણ જાણે તે કયાં ડટાઇ રહી હશે. આવી રમકડાં જેવી છોકરી નજર ખેંચ્યા વગર રહે નહી ને એકાએક ફુટી નીકળી એટલે હું જરા ખડો થઇને બેઠો. આ બાનુ સાથે એક ઉંચો ગબરૂ જવાન આસ્ત્રાખાન ટોપી પેહરેલો ચાલતો હતો અને તેઓ હસી હસીને વાત કરતાં ઉભાં હતાં. હા બા, જુહું શું કામ બોલું. આ છોકરી મડમ જેવી ગોરી, માંજરા ડોળાવાળી અને સોટા જેવી સીધી હતી, મેં આવી દેખામણી પારસી છોકરી કદાચજ જોઈ હશે. ગાલપર સેહેજ ગોલાબી રતાશ હતો. પછી તે ચાલવાની ગરમીથી હોય કે પાઉડરનાં પફને આભારી હોય. વળી ખુબી શું કે આજની છોકરીઓની પેઠે સોહોરાઈ સુકાઈ ગયલી અને પાંસરાં ગણાય તેવી 'બલીર કાગડા' ઉચકી જાય તેવી મરેહાલ નહી, પણ ખાસ્સી બનામે ઈજદ હતી. હસે ત્યારે દાંત તો જીણા દાડમની કળી જેવા લાગતા હતા. મને ઘણી વાર વીચાર આવ્યો કે આ ખુબી તો ડાકટર ફરામજી પટેલની કળાનું પરીણામ તો ન હોય. ના—ના—ખોટા દાંત હોય તો એમ ખુલ્લા દીલથી મોહો ફાડીને હસે નહી. બાલમી ઇંગ્રેજી રંગના સુનેરી ને ભાયરો એવડો મોટો કે છુટા કરે તો ગુટણ સુધી પુગે.

આ બધી ખુબસુરતી સાથે અંગ ઉપર એક ચીતલ કે એક વાલ જેટલી સોનાની કડીખી ન હતી.

મારેથી બોલાઇ જવાયું કે " વાહ, શું સરસ રૂપ ખોદાએ આપ્યુંછ."

ઇબાઇજી છણકો કરીને બોલી ઉઠયાં:—

" અંહં! તમે માટીડા લોકના 'ટેસ' ધાંકી રાખો. જરા ગોરી ચાંમરી જોઈ કે તમે લોક બધા ઘેલા ગાંડા થઈ જાઓછ, પણ એ છોકરીનાં પરાક્રમ જાણસો કેની તારે બાર ગાઉ દુર નાહાસશો—સમજીઆ."

" એમ કે? એનાં પરાક્રમ એવાં તે કેવાંએક છે?" મેં મુછમાં રમુજ મેળવીને પુછયું.

" જરા જોજોની, બધા દુકતાઓ સાથ કેવી નાચશે તે. એનું નામજ માકી ચવીત્રી."

હવે જાણવું કે ઇબાઇજી પોતેબી જુવાનીના વખતમાં કાંઈ ઓછાં ચળકતાં ન હતાં, પણ હવે ઉમર ભરાઇને મોંહપર કરચલીનો હીંગામ આવ્યો હતો ત્યારે બીજાં- ઓની ખોડખાપણ કહાડવામાં તેવણની મોજ સમાયલી હતી, તો પણ હું હટયો નહી.

" હોય, જુવાન છે, દેખાવલી છે, તેથી જરા હસમુખી હોશે—તેમાં શું. પણ તોબી અત્યાર સુધીમાં તો વાત ચીત ઘણી સલુકાઇથી કરેછ. ગમે તે હોય, પણ આએ બધી હારની હાર બેઠીછ તે જોયા પછી આએ છોકરી અંધારાંમાં જાણે એકાએક ચાંદ ઉગયો હોય તેવી મન-

પસંદ લાગેછ. એ પરણેલી છે કે? એનો નસીબદાર વર કોણ છે? અહીં તો કોઇ દીસતું નથી.”

“ હા, અદી બા, પરોજ નસીબવાલો કે તણ વરસ થયાં બેહેસ્ત મુકામ પોંહોચ્યોછ. નહી તો કોણ જાણે કેમ બળી જળીને કવાબ થતે.”

આ જવાબથી મને ઘણી રમુજ મળી. મેં એટલુંજ ઉમેરીયું કે: “ગરીબ બચારી, પણ તે મરનારની જગા પુરવાની કંઈ ઘણી મુશકેલી પડે તેમ મને લાગતું નથી. એના જેવી છોકરી લાંબો વખત પડી રહે એ બનેજ નહી.”

“ કેમ અરદેસરજી, તમે કાંઇ ઘણા ગેંગેં ટેંટેં કરોછ. તે કાંઈ તમારી ખાટી મીઠી નજર છે કે શું. પણ બા જોઈ વીચારીને કામ કરજો હું કે. એ છોકરીને સારૂ તો ગામ-માં તરેહવાર વાત છે જો.”

મારાં મનમાંથીપ્ણ એવોજ વીચાર પસાર થઈ ગયો. આવી રમકડાં જેવી રૂપાળી છોકરી અને વળી થાઈ ટોઈ કપડાં સજેલી બાનુ નીંદાખોરોની જીભલીમાંથી બચવા પામે, એ મોટી નવાઈની વાત. માટીડા તો એનો રૂપાળો ચેહરો જોઇને મલકાય. પણ એની બેહેનપણીઓ એને ટુપી નાખે નહીં તો આ જમાનાની એક નવાઇ ગણાય.

“ પણ ટબિબાઇજી, એ જે રીતે એસ્કી ને મોઘાં ડાટ કપડાં પહેરેછ તે જોતાં તો મરનાર સારી કાની પઇસા મુકી ગયા હશે?”

“ એનું તોડકું! અવાસ બરી ગીઆ ને કોયલા રેહી ગીઆ. ઘેરમાં તો કોણ જાણે કેમ વાંસ ફરતા હોસે. કલી-

આણુ મોતીને તાંહાં રોજ ધકેલા ખાયછ ને મુંબાઈમાં ગાડી ઘોડે ફરેછ તે જોતાં તો જાણુ બાપ લાખ ચાલીસની છોકરી હોસે. પણ બધું ધમધોલ ને માહે પોલ. રંગી રંગીને સારી પહેરે ને આની કોર ઉખેરીને પેલી સારી પર મુકે એટલે પૈસાદાર થયાં કે? જાઓ, જાઓ, તમુને હજુર એ સમજતાં ઘણો વાર છે. બચારો એનો વર તો કોઈ જમશેદ ડાકટર કરીને ઉતો તે કેટલાં વરસ સુધી માખ મારી મારીને હમણા હમણાજ કંઈ કમાવા લાગોતો."

"એ ડાકટરની બઈરી? અજબ જેવું. તમે કંઈ ભુલ કરતાં હોશો."

"ભુલબી નહી ને ચુલબી નહી. વાંદરે એ લોક રહેતાં હતાં તાંહાં મારી કાકાની છોકરી પીલુ પાવરી રહેતીતી તાંહાં હું અવાર નવાર જાઉં તારે બધા ચારા જોતીતી. હું એને સારી પેઠે ઓરખું છ."

"પણ એ ડાકટર કેટલાંક વરસનો હોશે?" મેં પુછ્યું.

"કોણ જાણે, પચાસ વરસનો થયો તાંહાં સુધી તો પણવાની નાજ કેહતોતો. પોતાનાજ બંગલામાં રેહેતોતો ને લોકના કેહવા પરમાણે પાસે લાખેકની પુંજી ઉતી. અમે લોકે ઘણી સારી સારી છોકરીઓ દેખારી પણ એ તો કોઇ ગમ જાબીને જોયબી નહી એટલે પછી બધાંએ પુરો મુકયો. મને ખબર છે કે ડાકટર જમશેદ દર સાલ હવા ખાવા ઉઠી જતોતો. અમે તો હમેશની કાની કંઈ દરકાર કીધી નહી. સઉ જાણીએ કે હોસે, ઘેર જોયલું છે, જેવા ગીઆ તેવા પાછા આવશે, પણ તેટલાં તો સનાનના સમાચાર આયા કે ડોસાજી તો કોઇ છોકરી સાથ

ગોઠવાઈ બેઠાછ ને થોડા દાહારામાં લગન છે. એ તુ મરેરે તું. મુવો ચાલીઓ ચાલીઓ એક પગ ઘોરમાં હતો તારે છેક લંકાને નાકે બઈરી શોધવા કાંહાં ગીઓ. ગોઠી ગરીઆને કોઈ પુછે કે પોતાના ગામમાં છોકરી નહી મલતીતી ?"

"પણ એ નસીબદાર બાઈ છે કોણ? એના બાપ દાદાનું કાંઈ નામ નીશાન?" મેં પુછયું.

"તેતો બલા જાણે મારી—કોણ જાણે કીઆ ચુહુલા-માંના પોતાં હોસે. કોઇ રાન ભોંયમાંથી એકાએક ફુટી તો નીકળીછ. કેહેજે કોઈ કાકી સાથે ઉઠી આવીને ઠસી ગેઈતી. કાકી ને સુવા સંચરની ફાકી. કોણ જાણે કોણ ભર ભારૂ-તને ઘસરી લાવી હોશે. જેવા પેલા ડાકટર સાથ દાણા પારયા કે આએ એબલગામની કાકી તો કોણ જાણે કીઆં ભસ્તાંમાં ગેઈ તે આજ સુધી કોઇએ જોઇજ નથી."

"પછી પછી—વાંદરે આયા પછી શું થયું?"

"તમેબી ચદન ચાંઉજ છેઓ જો. પારકાં માણસની કેટલી કનવાર. પછી શું—પછી પછવારૂં ને આગળ અગ-વારૂં. વાંદરે આવીને કહુરાઈ એટલે કંઇ ચીબાંત્રાં કરે કંઈ નખરાં કરે કે બધા માટીડા તો ઉથલાઈ પુથલાઈ જાય ને અમે બઇરીંઓનું તો પાકીને પલેકાર થઈ જાય. બધાં દોર બાંધીઆ આતવારે જમશેદને તાંહાં દોરીઆ જાય ને ખીખી ખાખા ચાલે. બચારા જમશેદજી ડાકટર તો જાણે કચરાની પાંટીને હવાલે."

"પણ કોઇએ પુછયું હોસેની કે તારા બાપ માએ કોણ ને કાંહાં રેહેછ?"

"વરી પુછે નહી તો કાંહાં જાય. જારે પુછીએ તારે બોલે કે મારાં તો માય બાપ મરી ગીઆંછ ને એમ બોલીને રાન ખીલારી એવાં જુઠડાં જુઠડાં આંખપાણી કરે કે બધાં મુંગાં મંતર થઈ જાય."

પ્રકરણ ૨ જું.

બેંડ વજાડવા છોકરાઓ મશગુલ હતા ને સઘળાં સ્ત્રી પુરૂશો મુંગા મંતર થઇને સાંભળતાં હતાં. પણ તેમાંથી એકબી જણ સમજતું હોય કે આ ઓવરચર વાગે છે કે ભઇરવી તો તે વીશે મને ઘણો શક છે. તે છતાં બધાંના ડાચાં એવાં ગંભીર હતાં કે નરાં સઘળાં જરમન કે ઇટાલીઅન કમપોઝરો હોય! માકી મેહતા ફક્ત એકલી પોતાના સોબતી સાથ હલુ સાદે વાત કરતી એક ખુણામાં ઉભી હતી. આહ! જુઠડું ડોલ શું કરવા ધાલું? મને તો જાણે માથે પવન થયો હોય તેમ આ છોકરી ઉપર એવું ચીત ચોંટયું હતું કે પાસે બેઠેલાં ઇબાઈજી તો નરાં મકાઈ બાહુ જેવાં લાગતાં હતાં. પણ એ છે કોણ? કોણની સાથે આવીછ? કયા ઓરડામાં રેહેછ? એ સઘળું જાણવું હોય તો ઇબઇજીને ગરદન મારવાં જોઇએ. માકી અને તેને સાથી વાત કરતાં કરતાં બાહાર નીકળ્યાં એટલે મેં પાછી પુછપરછ શરૂ કરી.

"પણ ઇબઇજી, હું પુછું કે એ બાઈ ડાકટરને પરણીને વાંદરે આવી ત્યાર પછી મામલો કેમ ચાલ્યો?"

"કેમ ચાલ્યો? પેહેલાં તો હીરા દોર જેવો. પણ પછી તો એ બીલાડી અકર વકર કરવા લાગી કે મુંતું સોહોવાતું નહી. જમશેદજી પોતાના આએ નવાં રમકરાંને રાજી રાખવા પોતાના દોસતોને અવારનવાર ડીપર બોલાવે ને ઘેરમાં ખુબ ચકરી ચાલે. માકી પેહલાં આવી તાહરે તો સાદી માદી ફરતીતી, પણ પછી તો કામ વધ્યું. જીણી ફ્રેંચ ને જાપાનીસ સ્કર્ટની સાડીઓ ને અરધુ બદન દેખાય તેવા નીચા કટના વાસકુટો ને મારીને હીરાની બ્રેસ-લેટ ઉપર દમપર સુમાર ચાલ્યો. અમેબી પેહેલાં તો જતાંતાં પણ બધા નાદાન દુકતાઓ ને પોરીઓ બીબી બાબા કરે ને અમે તો કોચ ઉપર થાંભલાં જેવાં બેશી રહીએ એટલે આપરે જાણ્યું કે એમાં આપરૂં કામ નહી. થોડા દાહાડામાંજ અમારાં નામ ઉપર પોતાની મેળે પુરો મુકાયો. આતવારે દસ દસ પંદર પંદર જણ એકઠા થાય ને ટેનીસ રમે ને નાસાગોસા ચાલે, પણ આપુને તો નો કોકાં! નહી તો મારા બાપના દીકરાની બલા લેતી. આસતે આસતે બાફેલાં વેંગણામાંથી વરાર નીકળવા માંડી. અગાઉ તો આતવારેજ મેજરૂં મળતુતું, પણ પછી તો જમશેદજી બહાર ગીયા હોય કે ઘેરમાં હોય તોબી કોઈ કાઈ દોસ્ત-દારો તો શનીવારે બપોરનાબી ઉતરી પડે. મરેરે! છતી આંખે મુગું કેમ બેસાય? અમે લોકે જમશેદની કદર ખાઈને તેવણને અવારનવાર નનામાં કાગજ લખી આંખ ઉંધારી કે 'બાવા તમારા નાખના દાંડા આગળ શું તમાસા ચાલેછ તે જાણોછ કે? એવા સુના સાવજ શા વરે થઇ ગીયા?" પહેલાં તો જમશેદજી ચવરીઆ કે વવરીઆ નહી, પણ અમે લોકે એવણની આંખ ઉંઘાડયાજ કીધી ને

ઉપરાસાપરી કાગળો લખ્યાં તાહરે બચારા સમજીઆ. એ લોકના ઘેરની આયાને અમે બધું પટાવી પટાવીને પુછતાંતાં કે ઘેરમાં શું રાધ્યુંછ, કોણ કોણ આયુંતું. રાતને અવારનવાર બે આની પકડાવી દઈએ તો અણીથી પણી સુધીની બધી વાત કરે. ઘણી મજાની આયા. એણે આવીને એક દહાડે ખબર આપી કે શેઠ ને બાઈ ખુબ મરાયાં ને બાઈ ખાધા વગર રૂસાઇને ભુખ્યાં સુઈ ગીઆં. આયા કહેજે ઘેરમાં શાવક શરાફ નામનો એક જુવાન માટીડો કોઈ બેંકમાં ચાકરી ઉતો તે અવારનવાર ઘેરમાં આવે ને બાઈની સાથે હારમોનીમપર ગજલો વજારે ને ઞુવાં બેઉ જણ, સારી શનીવારની બપોરથી સાથેના સાથે હસે બોલે. કેહેજે જમશેદજીને તે ગમયું નહી ને બાઇને જરા અસારો કીધો કે એ કંઈ ચાલશે નહી, પણ બાઈ તો છેરાઇ પડીઆં ને કેહેજે હું મને ગમશે તે કરશ. આયા કેહેતીતી કે થોડા દહાડા એમજ ઘુમટામાં ગીઆ ને બચારા જમશેદજીજ ઘણીઆણીને પટાવી લાયા. શનીવારનું રોખરૂં તો નરમ પડયું પણ આતવારે પેલું બરીઉં બરીજ ફરીજ શું છે તે નવું કોતક ચાલ્યું. ઞુવા બપોરથી પાના લઇને બેસે તે રાતના ૮ વાગા સુવી રમે. મેં તો સાંભળ્યું કે તેમાં રૂપીઆનીબી ઉથલપાથલ થાય. જમશેદજીએ તો ઘણી પંચાતી કીધી પણ પેલા આતવારીઆ દોસદારો આગળ બચારાથી કંઈ બોલાય નહી.”

“પણ પેલા શાવક શરાફબી આતવારે બ્રીડજ રમવા આવતા હતા કે?” મેં પુછયું

"અરે વાય હારે—જો તેવણ વરી નહી આવે? તેવણ તો માકી માયના મોટા દાસ! ખરી ખોટી વાત તો ખોદાએ જાણે પણ અમારા કાનપર વાત આવી કે બચારાનો દાહાડશો રૂપીઆનો પગાર ઉતો તે બધા આએ અભાગીઆ બંગલામાં ખુઆર કરતોતો."

"પછી શું થયું? આપઘાત કીધો હશે" મેં તાપસી પુરી.

"નહી તેમ તો નહી, પણ અચબુચ નાહાસી ગીઓ ને પછવાડેથી માલમ પડયું કે બેંકના કંઈ રૂપીઆ ચાંઉ કીધાતા. ગામમાં ઘણી હોહો થઈ ને જમશેદજીના ઘેરનું નામ સઉ છડેચોક બોલતાંતાં તે જમશેદજીને કાને આયું ને એવણ ઘણા છેડાયા ને બધાને ઘેરમાંથી બાહાર કાહાડીઆ."

"પછી, પછી, મામલો સુધર્યો કેની?"

"એ તો કોણ જાણે કાસી સંગ કેમ જતે, પણ તેટલાં ડાકટર જમશેદજીને ૧૪ દાહાડાની તાપ આવી ને બચારા ગુરથમાન બેહસ્ત થયા. જારે એવણનું વીલ ઉઘાડયું તારે ધરમ ખાતે એક લાખ રૂપીઆ ને પોતાની શોભતી બઇરીને પચાસ હજાર રૂપીઆ આપી ગીઆતા. આએ પચાસ હજારપર બધી કુદાકુદી છે, અરદેશર બા."

મને માકી મેહેતાની ઘણી દયા આવી. મેં પુછયું કે "પછી માકી તો ઘણી સુઝાઈ હોશે?"

"જરાબી નહી. કાલી સાડી તો પેહેડી, પણ એ ખલેરી જાણેછની કે એના મોહોનાંપર કારી સાડી શોભેછ. ઉપર

જાત જાતના કારા દાણા ટાંકે ને જાત જાતના લટકા કરી નીકળે. છમસી ગેઈ કે કોણ જાણે કાંહાં કહરાઈ. અવા-રનવાર મુંબઈમાં દીસતીતી પણ મેં તો કોઈ દાહાડે કોઠું આપ્યું નહી. આજેજ સહવારના નફટની કાની મારી આગળ ચાલી આવી ને જાણે કંઈ હોય નહી તેમ મારી ખબર અંતર પુછી."

"પછી તમે શું કીધું?"

"આપરે તો કાંસી કરાંજીને જવાબ આપ્યો ને પછી પીઠ ફેરવીને હું મારે ચાલી ગેઈ."

"પણ બઈબઈજી, એની સાથે હમણા વાત કરતો ઉભોતો તે કોણ?"

"**એ કોઇ પેશી કેપટન કરીન** છે. મેં ખબર કાહાડી તો કેહેજે રેલવેમાં કંઈ કંનત્રાક લેછ ને પાંચ પઈસા સારા છે."

"પણ એ એને ઓળખાન કાંહાથી પરી?"

"તે એવણુની આતવારી કંપનીમાં આવતાતાની. કેહેજે ટેનીસ ઘણું સરસ રમેછ ને ફીડલપર ઘણું અચ્છું ગાયછ ને વળી કુમારા છે તેથી બધાંનો ડોરો એવ-ણુપર છે."

હું ધારૂંછ કે અરધા કલાકના અરસામાં અમે ચાર ગાડાં ભરીને નીંદા કીધી હશે. સારૂં થયું કે એવામાં બઈબઈજીના સરતાજ દોરાબજી પટેલ ફફડતા ચટકતા આવી લાગ્યા ને તે લાગ જોઈને હું ત્યાંથી ખસી ગયો. જોઉં છું તો હોટેલને લગતો એલાહેદો નાહાનો બંગલો છે તેના વરંડા ઉપર એક બીજું નાહાનું મેઝરૂં મળ્યું હતું. અને



પણ ઇબધુજી, એની સાથ હમણા વાત કરતો ઉભોતો તે કોણ?

સફે ૧૭.

ત્યાં પેશી કેપટનની વાયોલીન અને માકી મેહેતાના હાર-મોનીઅમ ઉપર માકી ખુશ અવાજે કોઈ ગુજરાતી ગીત ગાતી હતી. ખાણું ખાધા પછી હું ચદનીમાં બાહાર લટાર મારવા નીકળી પડયો અને મારો ખ્યાલ મુંબઇમાં બચ્ચાં ઉપર દોડતાંજ માકી ચવીત્રી અને તેણીની સઘળી કથા હાલ તુરત તો હવામાં ઉડી ગઇ.

પ્રકરણ ૩ જું.

પણ એ વળી બચ્ચાં કોણ છે? જરા થોભો, સહુ વાજતે ગાજતે આવશે. હું આગળ પીજણ ચલાઉં તે અગાઉજ ચોક્કસ ખોલાસો કરવાની જરૂર વીચારૂં છું. આ વાર્તાનો હું પોતે નાયક નથી અથવા મારા દુઃખના રોદરા રડવા માંગતો નથી. પણ કમભાગ્યે મને પોતાના આખ્ખાં વળાંમાં દાળ દોષીમાં સંડોવવો પડશે. મારો ખવાસ જાતે નરમ છે. બચકાં બાંધવાની મારી આદત નથી. મને અવાર નવાર તમે કઢંગી સ્થીતીમાં જોશો, પણ તેમાં મારો કસુર ન હતો, ફકત મારાં કીસમતની વાત હતી. પણ આખી વાર્તા સમજવા માટે હું કોણ છું અને હવે પછી બનતા સઘળા મામલામાં કેમ ગુટાઇ ગયો હતો તે તો જરૂર તમને સમજાવવું જોઇશે.

ત્યારે જાણો કે માકી ચવીત્રીની પેઠે હુંબી માબાપ વગ-રનો છું. પણ માકીના માબાપ વીશે પુછે ત્યારે તેણીની આંખમાં આંસુના ઝલઝલીઆં ભરાઇ આવતાં હતાં તેમ મારા

બાબમાં નથી—કારણકે હું ઘણોજ નાહાનો હતો ત્યારેજ મારાં માતાપીતા મરણ પામ્યાં હતાં, અને તેમની સુરતબી મને યાદ નથી. પણ એટલું તો ખરૂં કે બાવાજી મારે સારૂ સારી, ઘણી સારી, પુંજી અને એસટેટ મુકી ગયા હતા. મારા વાલીઓ ઘણા ભલા માણસ હોવા જોઇએ, કારણ કે તેઓએ મને સારી કેળવણી આપીને બી. એ. સુધી પોહોંચાડયો હતો અને હું એકવીસ વરસનો થયો એટલે મારી સઘળી મીલકત વ્યાજ સીકે મને સપોરદ કરી હતી. મારાં એક ફુઇ હતાં તેવણનો મારા ઉપર જીવજાન હતો અને જે દહાડે મેં એકવીસમું વરસ પુરૂં કીધું તે દાહાડે તેવણે જાણે મારી શાદી હોય તેમ આલ-બલેસ બાગમાં ધામધુમથી ખાણીપીણી કરી હતી. બધી જાતના સ્પોર્ટનો હું ભારી શોકીન હતો તેમાં ક્રીકેટ તો જાણે મારો ગુરૂ હતો. બે વાર મેં ઇંગલંડની મુલાકાત લીધી અને રૂશીઆ, ઇજીપટ વગેરે ફરી હરી ને આજે અઠા-વીસ વરસની ઉમરે તમારી સેવામાં હાજર છું. કમભાગ્યે એક વાર પુના ખાતે મેચ રમતાં એક ફાસ્ટ બોલ આવીને મારા ડાભા હાથની કોણી ઉપર વાગ્યો તુરત તો કાંઇ જણાયું નહી, પણ પછી સોજો ચહડીને એટલી તો અક-ળામણ થઇ કે ડાકટરોએ બે વાર ઓપરેશન કીધા છતાં તે હાથ મને નકામો જેવો થઇ પડયો હતો અને ડાકટરે તે ઉપર કાંઇબી જોર ન લેવાને સાફ તાકીદ કીધી હતી. ન કામ થાય ન કાજ થાય એટલે બેજાર થઇને મેં વીચાર કીધો કે કોઇ શાંત જગાએ જઇને આસાયસ લેવી ઠીક પડશે. કયાં જાઉં કયાં જાઉં કરી વમાસણમાં છું—તેટલાં મારી બચગીના મીત્ર નવાબ મીનોચેર જંગ

અને તેમતાં બેહેન બચ્ચાં બેગમ જેઓ મારા બંગલાની પાસેજ રહેતાં હતાં તેઓ ઉઠી જવાનાં છે એવી ખબર સાંભળી કે મેંબી ગાંઠ વાળયો કે મારેબી ત્યાંજ જવું. નવાબ મીનોચેર હેદરાબાદના અસલ રહીશ હતા અને લગભગ મારીજ ઉમરના હતા, પણ હાલ તુરત મુંબઈમાં આવીને ઠર પડયા હતા. હું ઘણો નાહાનો હતો ત્યારે મારી ફુઇને ત્યાં બચ્ચાં આવતી ત્યારથી હું તેણીને ઓળખતો હતો. નવાબના તથા બચ્ચાંના પીતા તે લોકને નાહાના મુકીને ગુજરી ગયા ત્યારે તેમનું એસટેટ સઘળું મારગેજ હતું. અને તે લોકને તેમનાં કાકી ધનમાયે પોતાને ત્યાં રાખીને પાલ્યાં હતાં. હું તે ટાંકણે પુના કોલેજમાં અભ્યાસ કરતો હતો તથા તે પછી ચાર પાંચ વરસ વેલાત ફરી આવ્યો એટલે બચ્ચાં સાત વરસપરથી વધીને કેવી થઇ હશે તેનો મને કાંઈ ખ્યાલ ન હતો. જ્યારે અમે ઘણે વરસે પાછાં મળયાં ત્યારે તે અઢાર વરસની ને હું પચીસ વરસનો હતો. મારા બંગલાની પડોશમાં નવાબનો મસમોટો બંગલો, કોઈ હોરાએ દસ વરસની મુદતે ભાડે રાખ્યો હતો અને મારગેજીનાં નાણાંબી તેણેજ આપ્યાં હતાં. આ દસ વરસ પુરાં થવા આવ્યાં ને હવે કેમ થશે તેના અંદેસામાં કાકીજી ધનમાય અને નવાબ મીનોચેર જંગ હતાં તેટલાં સારાં નસીબે નવાબના એક નાના કુંવારા ભાઇ જેવણ નીઝામીમાં તાલુકદાર હતા તેઓ અચબુચ ગુજરી ગયા અને તેમનું વીલ ઉખેરી જોતાં જણાયું કે તેવણની રૂપીઆ બાર લાખની દોલત સઘળી પોતાના વડા ભાઇને આપી ગયા હતા. સઘળી ફકર ચીંતા ઉડી ગઇ અને નવાબના વજીફાના પુરાણા નીમકહલાલ નોકરોના ખુશાલી વચ્ચે

એસટેટ પાછું નવાબના હાથમાં આવ્યું અને ભાઈ બેહેન ત્યાં જઈ વસ્યાં. એ લોક ત્યાં રહેવા આવ્યા પછી ચોથે દાહાડે હું તેમને મળવા ગયો અને ત્યાં ઓ! બચ્ચાં! મારી નજર પડતાંજ હું તો ફગલાઈ ગયો.

કતલ કરનેકો આશકકુ,
નીચે તલવાર કાફી હય.

નાકે જીભ લગાડતાં મને આવડતી નથી. પચીસ વરસની દરમ્યાન મેં પચીસ પચાસ ખુબ્બીવંતી નારો જોઈ હશે અને સેંજસાજ મોહોબતના છાંટા ઉડયા હશે પણ બચ્ચાં! આહ! શું કહું-કેમ કહું-અરે કોણને કહું-બસ એટલા પરથીજ સમજી જાઓ. જો બચ્ચાંને મારી ધણીઆણી બનાવવા ન પામું તો મારૂં જીવતરજ બળ્યું. અરે જીવ જરા થોભ, બે હાથ વગર તાલી પડતી નથી.

પ્રકરણ ૪ થું.

હું મુંબઈ પાછો આવ્યો ત્યારે મારો અભાગ્યો હાથ પાછો એટલો કાયર કરવા લાગ્યો કે નાચારે મને માસીના હાસપીટલમાં જઈ રહેવું પડયું. મારો રફીક નવાબ મીનોચેરજંગ મને ત્યાં અવાર નવાર મળવા આવતો. હું હાસપીટલમાંથી બાહાર પડયો ખરો પણ એટલો નબલો પડી ગયો હતો કે લાકડી વગર ચલાતું ન હતું. એટલે મીનોચેર બણી ઓાંહોસ કરીને મને પોતાને મકાને લઇ ગયો. બચ્ચાં બેગમબી

ત્યાંજ હતી અને પોતાના ભાઇના ઘરનો સઘળો કારભાર ચલાવતી. હું એ લોકને તયાં મહીનોક દાહડો રહયો હોઇશ તે અરસામાં રોજ રોજ આ પરીજાદ છોકરી મારી આંખમાં અજબ જેવી સમાઈ ગઈ હતી. તે ઓરડામાં આમ તેમ ફરે અને ઉંચુ નીચું કરે તે વાર મારા ડોળા તેણીના પુઠેપુઠ લાગી રહયા હતા. આહ! શું એના સ્ટાકીંગ વગરના ગોરા પગનો ઘાટ, શું એની લટક ચાલની સફાઇ. હું જાતે ઘણો શરમાલ નથી પણ ખોદા માલમ બચ્ચાંની રીતભાત એવી હતી કે તેણીની સાથ વધારે છુટથી વાત કરવાનો તે કોઇને ચાન્સ આપતીજ ન હતી. હું ઘણાએ પટામણા માહોડાં કરૂં પણ તે 'હાજી' 'નહીજી'થી ઠંડા જવાબ આપતી. આટલી ઉમરની બીજી છોકરીઓ તો એટલા વારમાં કેવી હલી મલી જાય પણ આ બચ્ચાં તો નરૂં જાણે ઠંડુ પાણીનું માટલું. મીનોચેરને મળવા ઘણા મીત્રો આવતા પણ બચ્ચાં બને તેમ તે લોકને કોઠું ન આપતી. ખરી વાત એ છે કે એવી વખતે તે પોતાના ઓરડામાંથી બાહાર આવતીજ ન હતી. તેણીની હીલચાલ ઉપર હું ખુબ બારીક નજર રાખતો પણ એક દહાડોએ તેણીને કોઇ સાથ હસી ખુશીથી વાત કરતાં જોઈ નથી. રાતના અમે ફક્ત ત્રણજ જણ જમવા બેશીએ તો તાંબી સાડીની સોડ માથાં ઉપર રાખતી તે જોઇ મારૂં પાકી જવું હતું. તેનો સારો દાહાડો ચોપડીઓ સાથ માથું ઝીંકવામાં જતો અને તે ચોપડીઓબી કેવી? "મનની શાંતી" "ખોદા ઉપર વીશવાસ" "આપણી આ ધર્તી ઉપર ફરજ" એવા એવા કુથલા તેણીની મેજ ઉપર ઢગલાબંધ પડેલા રહેતા. પણ એટલું તો મેં જોયુ કે જયારેબી આ

છોકરી પોતાનો ખરો પ્યાર કોઇને સોંપશે ત્યારે તે જીંદગીના છેડા સુધી સાચી નીવડશે. તેણીનો ખરેખરો જીવ જાન પોતાના ભાઈ ઉપર હતો પણ મીનોચેર જોકે મારો દોસ્ત થાય તોબી મને કહેવા વગર ચાલતું નથી કે તે બચગીથી લાડમાં ઉધરેલો હોવાને લીધે પોતાની બેહેન તરફ લગાર બેદરકાર હતો. બચ્ચાં કોઈ દાહાડે એકલી બાહાર જતી નહી. નાટક ફાટક, સીનેમેટોગ્રાફ, કે ટીપાર્ટીને નામે તે ભારે કંટાળતી ને જયારેબી જવુંજ પડે ત્યારે કાકી ધનમાય સીવાય બીજા કોઇની સાથે જવાની સાફ ના પાડતી.

કાકી ધનમાય ઘણાજ ભલાં, દુનીઆની લીલી સુકી જોયલાં બોઓરગ બાઈ હતાં. પોતાની ભત્રીજીને માટે કોઇબી લાયક છોકરો તેમની નજરમાં આવે તો તેવણ ખુબ હુશીયાર નજર રાખતાં. તેવણના દીલના મોટી ઉમેદ એ હતી કે બચ્ચાંને કોઈ ઘણેજ સારે ઠેકાણે ઠર પાડવી ને જો બની શકે તો ધનના ઢગલાપર બેસાડવી. બચ્ચાં ખુબસુરત તો સાત પાણીએ ધોયલી, શેઆન શોકતની, ઉંચા ખાનદાનની પણ કાકીજીને મનથી દાધાબળી હતી. મીનોચેર પાસે તો પાંચ પૈસાને જીવ હતો પણ તે પોતે નવું બગલું લઇ આવે તો આખરે બચ્ચાંનો શું રસ્તો, એવી સદાની ફકર ધનમાય કાકીના પેટમાં કાંઇ મુદત થઈ પેશી ગયલી હતી. કાકી ભત્રીજીએ ઘણીવાર પોતાના સુવાના ઓરડામાં આ બાબદની જીકર કરી હશે પણ બચ્ચાં તો એકજ બોલ પકડી રહી હતી કે "મારે તો પરણવુંજ નથી." તેણીને તો ખોદાઈ માર્ગ સમજનારો, ગામનું લોક ઉઠીને સલામ કરે તેવો, ઓરડામાં દાખલ થાય ત્યારે બધાં ડધાઇને ચુપ થઈ જાય તેવો ભ્રથાર જોઇતો હતો. આ સાંભળી

કાકી ઘણુા છેડાઈ પડતાં ને બોલતાં કે " હા, એવા વર તારે સારૂં જણુવા કોઈ માય દાંતમાં આગળાં ઘાલીને બેશી રેહી હોશે—જા—જા—માથુ ફરીજશે ને બીજાં દસ વરસ નીકલી જશે તો ભોજાઇને તાંહાંની ખીચરી ખાતાં કાકીને યાદ કરશે. મેં તુને આટલા આટલા સારા છોકરા બતાવ્યા પણુ તારી સુધ ઉઘડતીજ નહી તો તું માંગેછ તેવો છેકરો મુંબઇમાં કે હેદરાબાદમાં કાંહાં છે તે મને બતાવની. ઘણી નાખે જીભ લગાડેછ કેની તે વરી કોઇ એવો લઈ આવશે કે બે તન મહીનામાં અભરાઇપર નાંખીને ચાલી જશે ત્યારે કાકીને યાદ કરીને માથું કુટજે."

પણુ બધું ફોકટ. બચાં જવાબ આપેજ શું કામ. મુંગી મુંગી હસીને પોતાનું શીવ્યા કરે એટલે કાકીજ ડાકીને ઉઠી જાય. આ પ્રમાણે કાંઇ સેંહકડો વખત બન્યું હશે. ધનમાય કાકીને મારી સાથ ઘણું સારૂં હતું પણુ અત્યાર લગન મેં મારાં પેટમાંની વરાળ કાહાડી ન હતી. એકજ દહાડે લાગ આવ્યો. કાકીજીના એક વડાં બેહેન રતન માસીને તાંહાં કોઇનું વરસ હતું તાંહાં બધાં સગાં વાહલાં એકઠાં મળ્યાં હતાં, મને પણુ ઇજન હતું પણુ એવા પાર્ટા પાર્ટીનો મને શોક ન હતો છતાં હું ગયો, કાંય જે કોઇ ગુપ્ત પંખેરાએ મને કાનમાં ખબર આપી હતી કે બચાંબી ત્યાં આવવાની છે ને બચાં બધો કારભાર કરવાની છે. રતન માસીને તાંહાં હું કોચ ઉપર એકલો બેસીને ગ્રાફીકના ચીત્રો જોતો હતો તેટલાં કાકીજી મારી પાસે આવીને બેઠાં ને બચાંની વાત છેડી.

"જોની અદીબા, આજે જમાનાના ઢંગ તો જો. સર રતનશાનો એક પુરો છોકરો, કેહેજે ચાલીસ લાખ રૂપ્યાનો ધણી થશે તે આજે મારી ડુકતીની પાછળ પાછળ કેવો કયારનો ફરેછ તેને ઝાંખીને જોતીબી નહી ને કોઇ મુવા ખુંધા બાબરીવારા મોબેદ સાથ ખુણામાં બેસીને "અંતર ગનીઆન" ની તકરાર કરેછ. એક વખત મેં તેરી ને ગાંગરી તારે કેહે જે કાકીજી આજે મુવા કોઇ ફકીરજી મેનડોસજી છે, તેવણ થીઓફોસી, કાલાપેશી શું છે તે એવું સમજાવેછ કે આપરો જીવ ખુશ થઇ જાય. તોડફું મુવાનું. એને લીધે તો હું ઘસરાઇ પસરાઇને બધે જાઉંછ કે જાંહાં તાંહાંથી એ ઠર પરે પણ છોકરી જબરી દાધાભરી બા; શું કરયે લોહી બરીને ખાખ થઇ જાયછ."

મેં અત્રે ટાપસી પુરી કે "એવા મેનડોસજી ચંડોસજી આવે ઠેકાણે આવવા કેમ પામેછ?"

"ઓજીઆ પછારાજ તો. મારી રતી બેહેનને એજ પછારા છે. જરા કોઇનું નામ નુસપેપરમાં આયું કે બસ થઇ ચુકું. તેને તેરૂં ગીએલુંજ છે."

ધનમાયના બળાપો હું સારી પેઠે સમજી શકયો કારણ કે બચ્ચાં કોઇનીબી સાથ ઘણીવાર વાત કરે તે મને જરા પસંદ નહતું. બાવાનો માલ હોય તેમ હું અદેખો પડી જતો હતો. બચ્ચાંનું ભેજું બેજું ગીયુંછ કે શું કે મારા જેવા અદીબા કોટવાલ સાથ વાત કરવાની મુકી દેઇને આવા ધરનભાવ વાંદર સાથ તે શું વાત કરવાની. બળયો એનો ટેસ્ટ!

અત્રે કાકીજીએ ખુશ ખબર આપી કે મારો જીવ બચાંપર છે એ વાત તેવણ અગાઉના પામી ગયાં હતાં અને મારે સઘળી વાત તેવણ આગળ કહી દેવામાં ઓસકાવાની કંઈ જરૂર ન હતી. આસતે આસતે મારૂં મોંહ ઉંઘડયું અને મેં મારી મુશકેલીઓ અને આશાઓ કાકીજીના ખુશ થયલા કાનમાં રેડી.

"અદીબા, સાચ્ચું કેહું? તમારી ઉપરની આજે કંઈ મુદ્દત થઈ મારો ડોળો હતો પણ છોકરી હઠીલી એટલે કેમ બોલું? ઝપ દેઈને ના કેહી દે તો વાત બગડે. તેથી મુગી રહી. મને તો લાગેછ કે બચાંનીબી તમારે વાસ્તે કંઇ અરધી મંછા છે. મને તો લાગેછ કે બધું બરાબર ઉતરશે. રખેને કોઇ એને ભડકાવે કે એ તો તમારા પૈસાની લાલચ છે. જો એ ધખારો એના ભેજાંમાં બેઠો કેની તો જરૂર ના કેહી દે."

આહ! પૈસા? પૈસા શું ચીઝ છે. જો બચાં આજે કબુલ થાય તો એની ખાત્રી કરવા મારી અરધી દોલત ધરમાદામાં આપી દેઉં. પણ અદી બચ્ચા, જરા ધીરજથી કામ લેવાનું છે. બચાં એવું પતંગયુ છે કે ખુબ સંભાળથી ઘેરવું જોઇશે. એના સગાંવાહાલાંઓએ એને ધભરાવી નાખી છે કે તુંને પઈસાદાર સાસરાં વગર ચાલશે નહી ને તે વીચારથી એ આપઅખતયાર છોકરી એવી સુગાઈ હઠી છે કે પઇસાનું નામ સાંભળીને ગાઉ દુર નાહાસે છે. હું એમાં બચાંનો વાંક કાહાડતો નથી. એનું ફીલીંગ વાજબીજ છે પણ મારો શું રસતો? શું

હું પઈસાદાર થયો તેથી ગુનેહગારી કીધી કે? કાંહાં સુધી વાટ બેશીને જોયા કરૂં.

આખરે બાફણમાંથી જરા જરા વરાળ નીકળવા માંડી, બચ્ચાં મારી સાથ વાત કરતાં અગાઉ જે મચકાતી હતી તેમાં સેજ ફેર પડવા લાગ્યો. અગાઉ "હાજી" "નાજી" ના જવાબ મળતા હતા તે હવે "અદીબા-હા-અદીભાઈ-નહી" ના તબક્કા ઉપર આવી પહોંચયા. મેં જયારે જાહેર કીધું કે તમારા લોકની સાથે હુંબી "ઉઠી" આવવાનો છું તયારે બચ્ચાં ઘણી ખુશ થયલી દેખાઈ. પેહેલાં તો એવી ગોઠવણ હતી કે અમે બધાંએ સાથે ઉપડવું પણ તેટલાં નવાબ મીનોચેરને કાંઈ કોરટનું કામ નીકળી આવયું એટલે પલાન ફરી ગયો. ઠરાવયું કે મારે આગળથી જઈ કુનુર આઠ દસ દહાડા રેહેવું અને તયાંથી ઉટી લખીને અમારે સારૂં એક ઇંગ્રેજી હોટેલમાં ત્રણ ઓરડા રોકી રાખવા.

અલબતાં કાકીજી તો મારા ઉપર ખુશ હતાંજ, પણ સાથે લાગો મીનોચેરબી જાણે મારી પુઠે લાગો હતો. એ લોકોએ ખોદા માલમ વાત ફેલાવી હોય કે પછી બંદા પરીઆ પાંથરીઆં મીનોચેરના બંગલામાં દેખાયા કીધા હોય કે કોણ જાણે શું કારણ હોય પણ હું જાણે બચ્ચાં સાથ "એનગેજ" થઈ ગયોજ હોઉં તેમ વાત બાહાર ચરચાવા લાગી. જીમખાનામાં જાઉં તો અસેમસે બધાં પુછે કે કેમ અદીબા અમુને તો ભુલી તો નહી જાશો કે? કોઈ પુછે કે નવી સાડી તૈયાર કરાવીએ કે? કોઈ કહે, દહાડો કીઓ નક્કી છે? ઇત્યાદી. હજુ તો

વાત કાંહાં ને વખત કાંહાં તેટલાં આ રમત ભાંજુઓએ એટલી ગરબડ કરી મુકી કે આપરે તો ઘભરાયા. એણીમેર બચ્ચાં છે. ખ્ભરીને એક વાર બોલી પડે કે એ એ બધી વાત જુઠી છે તો હું બાપલા વગરનો થઈ જાઉં. એટલું સારૂ કે બચ્ચાંને જીમખાનાને નામે ઘણું ભરકણુ હતું અને ત્યાં પગજ મેલતી ન હતી. હું રોજ આંગળીપર દાહાડા ગણ્યા કરતો હતો કે કયારે મું બઇથી બાહાર નીકળી જઇએ કે પીડા પતે. અરે યારો, આવી સ્થીતીમાં એક કુંવારાના શા હાલ થાય છે તે તમે શું જાણો? મારા મોંહમાંથી એક શબ્દ હજુ તો નીકળ્યો નથી, બચ્ચાંને સવાલ કીધો નથી, બચ્ચાંનો જવાબ શકમંદ છે તેટલાં સગાંવાહાલાંઓએ એવા ચાળા કરવા માંડયા કે જાણે પરમ દાહાડેજ ચાર ચોખા પાડી દેવાના હોય. હું કાકીજીને ત્યાં જાઉં ને બીજાં આવેલાં હોય તો કાકીજી મને સારૂ ગામ જોય તેમ આંખની એસારત કરે, જરા વારમાં મને ને બચ્ચાંને એકલાં મુકીને બધાં આસ્તે આસ્તે વગેસગે થઈ જાય. જમવાની ટેબલ ઉપર અમારી બેની ખુરશી પાસે પાસે મેલાય; ગાડીમાં ફરવા જવાનું હોય તો મારી જગા બચ્ચાંની પાસેજ કીધેલી હોય. આવી રીતે હું તો ફાંસમાં આવી પડયો કેમજે બધા ઉઠી ગયા પછી બચ્ચાં તો ડાંબલાની કાની મુગી મંતર થઈ જાય. જ્યારે વાત નીકળી કે અમે બધાં ઉઠી જઇએછ ત્યારે સઘળાં લઈ પડયાં કે લગનબી તાંહાંજ કરશે કે વાહ! કેવું મઝાનું. અમે તો તારે રહી જઇશું, ઇત્યાદી. અમે બે જણ "કોર્ટશીપ" કેમ ચલાવશું તે જોવાથી તો આ બચારાં બેનસીબ રહી જશે! અરે રસીકો, નવા ગોઠવાયલાં જોડાંની કોર્ટશીપ બાડે ડોળ જોવાની તો એક નાટકના જેવી મઝાહ છે.

પ્રકરણ ૫ મું.

અરે બાપરે, હું તો કાંઇ બોલ્યો નથી, ચાલ્યો નથી, હજુતો મનમાં ને મનમાંજ મલીદા ખાઉં છું, એટલાંમાં જો મારી તરફથી કાંઇ 'ના'ની વાત નીકળી કેની તો સામેના બધાં સગાંવાહાલાં મને ખાઇ જાય. લોકો પોતાના મનમા ને મનમાં કેમ જોડાં ગોઠવી દેછે તે હું કાંહાં જાણતો નથી. મારા જેવા જુવાન પોરીઆઓએ તો ખાસ કરી સુંઘી સુંઘીને ચાલવું જોઇએ. જો જરા કોઈ સાથ હસીઆ કે બે વખત ટેનીસ રમીઆ કે બસ તમારૂં જોડું ઠોકાયું. પણ હાલ જેમ મામલો છે તેમ હું હાડમાર થાઉં એવું લાગતું નથી કારણકે દરરોજ તમારો ગોલામ મોહોબતના બાઝારમાં ઉંડો ને ઉંડો પેસતોજ જાય છે. બસ બચાં જો ના કહેતો હું મુવો. વાહ! એ લાક કયારે ઉઠી આવશે કે પેલાં બધાં નવમાં ધરણોની બત્રીશીમાંથી બચું ને એકલો એકલો મારી બચાંની મીઠી મધ જેવી જબાંથી મારા તલપેલા જીવને તૃપ્ત કરૂં.

મને કુનુર માટે ઉપડી જવાને આઠ દાહાડાની વીલંબ હતી તેટલાં હું એક "વીકએંડ" દેવલાલી જઈ આવ્યો. હું તો ત્યાં બે દાહડા વધારે રહેતે રે પણ પેલી જળો છબા-છજી પટેલ હજુ ત્યાંજ ગગડેલી હતી. અરે બાપુ એ ઓરતનો ભારી કંટાળો. સાંજ પડેને દોર બાંધી મારા ઓરડા ગમ ચાલી આવે ને સારાં ગામની નીંદા કરે. તેમાં વળી થોડાંમાં બોડું બચાં સંબંધી વાત એ ખલેરીને કાને આવેલી તો મને બધો ચુંથી પીખી નાખ્યો. મેં ઘણાબી અખાડા કીધા

પણ ઘરડી તો સમજેજ નહી ને વળી લગાર કાનની ઉંચી મુએલી એટલે અણુકા કરે તે આખું હોટેલ સાંભળે. એક બે વખત મેં ખરી ખંખારીને કહયુંબી કે તમે તમારૂંજ સમાલોની, બીજાની ખટપટ કરવાનું તમારૂં કામ શું?"

પણ ડોશી એવી મતલબ બેહરી કે કાને હાથ દેઈને જાણી જોઈને મોટેથી પુછે કે "શું ઉંઉં, મારૂં ઘેર સમારૂં? મરેરે ઘેરજ હોય તો વરી દુઃખ શાના છે, પણ અં, અરદેસર, લગન તાંજ થશે કે? કંઈ તેરાં બેરાં કરશો કેની?"

મેં ધાર્યું કે બચ્ચા હવે નાહાસ અહીંથી, નહી તો રેવડી દાનાદાન થશે. ફફડી ચટકીને હું ત્યાંથી ઉઠયો અને નાહાના બંગલાના ઓટલા ઉપર બેસીને મુંબઈનું મીનોચેરનું આવેલું કાગળ વાંચતો હતો એટલાં ઇબાઇજી એક મનવારની પેઠે ધસારાબંધ હસતાં હસતાં ધસી આવ્યાં. મેં કાગળ ઝડપમાં ખીસામાં મુકી દીધું. નાપસંદગીનો છાપ મારા ચેહેરા ઉપર સાફ પ્રગટી રહયો હતો.

"ઓ વાય, અરદેશર, સહવારના આઠ વાગે મલ્યા તાર પછી કોં ગેપ થઇ ગીઆતા એ તમે શું કાજ વસતારાંમાં ફરોછ. કાંઈ સમજ પરે. અં, મુંબઇ લખ્યું કે?"

હવે એ ડોકરીને છેડીને કાંહાં ઉભો રેહું. ખરી વાત એ હતી કે હું એને આગલી ગમથી આવતાં જોતો તો પાછલે બારણે છટકી જતો ને એમ આખી સહવાર મારી નાશાગોસામાં ગઇ હતી. તોપણ હવે એક દાહાડો રહયોછ તેટલાં ડોસીને છેરવી નહી.

"જરા જીવને ઠીક નહી લાગું તે બાહાર ચાલતો ફરવા નીકળી પડયો તો" મેં નરમાસથી જવાબ દીધો.

"અં તમે લોક ઉટીથી પાછાં આવશો તારે મુંબાઈજ જશો કે અહીં હનીમુન કરવા આવશો ?"

મેં આ શોખ્ખ નાકની સ્ત્રીને કાંઈ જવાબ આપ્યો નહી પણ મારી ચાહ ઠંડી પડે છે એમ ચાળા કીધા. પણ ફોકટ, બધું ફોકટ.

ડોસાંએ મોટે સાદે હુકમ ફરમાવ્યો "કુમીન કુમીન, મારીબી ચાહે અહીંજ લાવ ને એક ઇજીચેર લાવતો !"

મારીઆ હાર ! હવે કેમ કરવું ? પરવરદેગારનો આશરો.

ગોઠવાઇ ગડવાઇને બેઠા પછી ઇબાઇજીએ વળી પાછી ચાતુરી ચલાવી.

"અદીબા, કાલે રાતના આનરેબલ સરદાર કુંવરજીના ધણીઆણી સુનામાય આયાંછ તે જોયાં કે ? ઓ માયરે શું ઠસ્સો છે, કેહેજે રાતના ડાકટર નારેલવાળાને ને મી૦ મરઝબાનને જમવા તેડયાછ."

"હા, એવણને મેં મુંબઇ જોયલાં છે." મેં સહેજમાં પતાવ્યું.

એવણની સાથેજ પેલા પેસી કેપટનબી પાછા આવેલા છે. હવે જોજોની કેવા ભાવટા પરેછ તે. મરેરેએએ ! ઓજીઆ કોતકજ તો. મુવાં સુનામાય હવે એકને તો પોહોંચાડી આયાં, હવે બીજાની શોધમાં છે એમ લાગેછ. જાંહાં જાય તાંહાં આએ મુવું પુછરૂં પેસી લાગેલું છે."

"અરે પણ હબહજી, એ તમે શું બકોછ? સુનામાય તો એની માય જેવાં ઉમરે પુગલાં છે."

"અરે, આજ કાલનો તેસજ એવો છે. જરા ચપો હું કે, પેલી તમારી ચવીત્રી અહીંથી પસાર થશે તારે સુનામાયના ડાચાં જોજો, કોણ જાણે કોઠું આપશે કે નહીં."

"કાંય નહીં આપે? ઓળખાણ હોશે તો પોતાની મેરે વાત કરશે."

"બેહેસ્તી જમશેદ ડાકટર વાંદરે રેહતાતા તારે એ સુના-માયના વર સરદાર કુંવરજીબી તાંહ પડોસમાંજ રહેતાતા, ને તાહરે માકીને તાંહ હું એવણને ઘરીઘરી જોતીતી."

"એમ છે કે, તાહરે તો એ લોકને ઓળખાણ સારી છે," મેં જવાબ દીધો.

"ગમે તે હોય પણ આજે કંઈ નવું જુનું થશે ખરૂં. માકીને વાસ્તે ગામમાં તરેહવાર બોલાયછ, ને સુનામાય જબરાં છે."

"નહી કોઠું આપશે તો માકીને તાહનાં વહાણ થોડાંજ ડુબી જવાનાછે."

"એમ નહી, પણ જો સુનામાયે એને બોલાવી તો પછી અમો બધાં જરા તરા કોઠું આપશું ને નહી તો પછી એવી ચવીત્રીને કોણ મોહને લગારે."

"આઓબી એક જાતનો જુલમજ તો" હું બડબડયો.

"તમે માટીડાઓ એ વાતમાં સમજો નહી."

"શું સમજયે નહીં, અમારૂં કપાલ. સુનામાય પોતે કીયાં વરી ચાલના પાધરાં ઉતાં કે બીજાં ઉપર ઇનસાફ કરવા બેસે.

ખરૂં પુછો નો તેવણુનેજ સારી સોસાયટીમાં દાખલ કરવાં નહી જોઇએ."

"ગમે તે હોય પણ હવરાં તો તેવણુને બધાં બોલાવ બોલાવ કરેછ."

"ને આએ ખીચારી માણેક છે તે જરા દેખાવલી છે, જુવાન છે તેથી તેને હીનવી જોઈએ, કેમ ? તમારા બેરાંઓનો આયજ ઇનસાફ કે ?"

"કેમ, અરદેશરજી કોટવાલ, કંઈ તમારા રંગ મને સમજમાં ઉતરતા નથી. એ માણેકે પચાસેક ગોલામ તો કીધાછ. તમે એકાવનમા બાકી રહયાતા કે ?"

"છટ, છટ, એ બાઇને તો મેં અગાઉ કોઈ દહાડો જોયલાંખી નથી, ને હું તો કાલે જાઉંછ એટલે અમારી ઓળખાણ થાય તેવુંખી નથી. જેબી સાંભળ્યુંછ તે તમારે મોહડે સાંભળ્યુંછ. પણ એક મોટે ઘેરના બાઈ જેવણનું નામ વાયરૂં પડી ગયલું છે તેની તમે ખુસામત કરો ને એક જુવાન બાઈ જેને વાસ્તે તમને ફકત શક છે તેના ખીલા ઉપાડ કરો એ કંઈ વાત આપરા ખ્યાલમાં ઉતરતી નથી."

પ્રકરણ ૬ ઠું.

ઘબઘજી મરેરે એમના એમ! ઘણાં જણ પુછે છે કે એવણ છે કોણ? જરા થોભો. આપણી કથા આગળ ચાલશે ત્યારે પોતાની મેળે જોશો.

હજીતો અમે વાત કરીએ છીએ એટલામાં માકી પોતેજ છેક અમારી ટીપાઈ આગળ આવી. પોતાની ચાહ પીવા માટે તે આમ તેમ જગા શોધતી હતી પણ બધી ટેબલો ઉપર કોઇને કોઇ ગોઠવાઇ ગયલું હતું એટલે જઇને નાકે બારણા આગળ એક ખુણામાં ઉભી. આ ખુણું એવું હતું કે કોઇનેબી બાહાર જવું હોય કે માંહે આવવું હોય તો તેણીની પાસેથી જવા સીવાય છુટકો ન રહે. જરા વારમાં ઘબઘજી ધારતાં હતાં તેજ બન્યું. સરદાર સાહેબ કુંવરજી, તેમના ઠસ્સા-બંધ મોહોરદાર સુનામાય, પેસી કેપટન અને બીજા એકાદ બે જણ જમી રહી ને બહાર જવા ત્યાંજ આવી પુગ્યાં. સર્વેથી આગળ સુનામાય ચાલતાં હતાં. બનાવ એવો બન્યો કે સુનામાય અને માકી સામસામી થઇ ગયાં.

માકી મીઠાસથી બોલી "એેા સુનામાય, કેમ છોજી? કાહારે આયાં!" માકીએ શેકહેંડ કરવા હાથ લાંબો કરયો, કારણકે સુનામાય અગાઉ માકીને ત્યાં આવતાં જતાં હતાં તે તો આપણે આગળ કહી ગયા છીએ. પણ સુનામાય ઘણાજ મીજાસી અને હલકાં હતાં. આ જાતની સ્ત્રીઓને મારાં ખરાં જીગરથી હું ધીકારૂં છું. ગામમાં જેટલો ચુનો હશે તેનો મોહપર લપડો કીધેલો અને ઘડપણની કરચલી છુપાવવા બાલના સેંટાની પાતલી છેક કાન સુધી લંબાવેલી. આંખે બોટો આઇ ગલાસ ચહડાવેલો!

એવાં આ ડોસાંએ નાકનો ફીફ્ડો ચહડાવીને માથાંથી તે પગ સુધી માકી ગમ જોયું અને કાંસી કરાંઝીને બોલ્યાં—

"કોણ છેઓ? તમારૂં નામ શું? મારાં ઓળખાણમાં કાંઈ આવતાં નથી !!"

આ ધડાકો સાંભળી ઇબઇજી ખરૂર કરતાં હસી પડયાં. જેટલા માટીડાઓએ આ સાંભળ્યું તેઓ ડઘાઇ ગયા પણ માકી બંદી કાંઇ આમ હટી જાય તેવી ન હતી. તેણીએ ધીરજથી જવાબ દીધો—

"જી મારૂં નામ માકી મેહેતા. પણ માફ કરજો. હાં હું ભુલી. મરેરેએએ? કોણ જાણે મારી આંખને શું થયુંછ. મને તો લાગેછ કે કંઈ ઉપાય કરાવવા પ્રોફેસર પાજેનસ્ટેચર પાસ વીસબાડન જવું પડશે. હવે તો ઘણી ઝાંખ મારવા માંડીછ. એક વખત મારી પરોસમાં એક એબલગામણી ધાંખરી સુનામાય કરીને રેહતીતી તેના જેવાં દુરથી તમે લાગાં તેથી હું ભુલી, માફ કરજો હું—હું ઘણી દલગીર છેઉ."

ખાસ્સી મજેહથી આ બંબ ગોળો છોડીને માકી હસતે ચેહેરે ઉભી રહી. તે જરાખી ઉશકેરાયલી ન હતી, કે ગુસ્સાની જરાખી નીશાન તેના મોહપર ન હતી. પણ સુનામાય! ઓ બાપરે–તેવણ તો એવાં ચાટ પડી ગયાં કે શું કરવું અને કેમ ત્યાંથી નીકળી જવું તે સુજે નહી. સારાં નસીબે પેસી કેપટન વચે પડયો. અલબત માકીનો તે દોસ્તજ હતો અને વળી સુનામાયની સાથે જમયો હતો. હુસીયારીથી સુનામાયનો હાથ ખેંચીને તેણે વાત ફેરવી તોડી.

"હલ્લો માકી માય, તમે કાહારે આયાં? મેં સાંભળયું કે તમે હોટલમાં આવેલાં છેઓ પણ આપરો મેલાપ થયોજ નહી. અમારી પારટી કાલે લેહેનાં કેવ્સ જોવા જવાના છીએ, તમે આવશો?"

"હા–ખુશીથી–કોણ કોણ આવવાનું છે? તમારી ટાંગામાં મને લેતા જશો કે? હું તો એકલીજ છેઉં," માકીએ ઠંડે પેટે જવાબ દીધો.

"હા, બરાબર દોઢ વાગે તૈયાર રહેજો."

આ સઘળું સુનામાયે સાંભળયું અને તેવણના પેટમાં ઈભરામજી કેવા ઉભરયા હશે તે વર્ણવાની જરૂર નથી. પેસી કેપટન માકીનો દોસ્ત! ને તેબી વળી તેવણના દેખતાંજ. આ ચવીત્રી ડુકતીને લેહેના કેવ્સની પાર્ટીનું ઈજન કરે! બસ હવે તો હદ થઈ. આ બધો નાટક સાંભળીને મને પોતાને તો ઘણી રમુજ મળી. સુનામાયની પાર્ટી ખભરીને એક બાજુએ ગયા પછી ઈબઈજી ઉખડયાં—

"અદીબા, જોયું હવે? તમે કાને કાન સાંભરયું? આએ માકી ફાકી કોણ છે તે જોતા જાઓ."

મેં જવાબ દીધો, "ઘણુંજ રૂડ–બીલકુલ નાપસંદ કરવા જોગ ચાલ છે."

"તો બીજું શું. સુનામાય કોણ ને એ આટલીક પીસતાં જેવી રખરતી પખરતી છોકરી કોણ? જરા મોટા નાહલાંનો મલાજો નહી મળે."

"ખરેખર, સુનામાય જેવાં જમાને ખાધેલ બાઈની ચાલ ઘણીજ વાંધાભરેલી છે. માકી ગમે તે હોય પણ એણે સીધે

સલુકે ખબર અંતર પુછી તો તેનો લાયકીથી જવાબ આપવાને બદલે એવણુ લાહેરી કરવા ગીઆં તો પછી શેરને માથે સવા શેર !"

"અરદેશર, એ આજે તમે ચરી શાવરે ગીઆ. માકી મુઈ કોણુ ?"

"માકી તે માકી ! વાંદરે પાસે પાસે રેહતાં હતાં તારે દોરી દોરીને તેવણુને તાંહાં ચાહેના પીઆરા પીવા ને ખીસકોટનું નખોદ ઘાલવા જતાંતાં ને હવે જાણે તેને ઓળખીખી નહીં. તો પછી માકીએ જવાબ આપ્યો તે વાજબીજ હતો."

"અરે હારે હા. હું શું સમજતી નહીં કે. છોકરીની ચામરી જરા ઉઘરતી છે ને ડોરા બલુ છે એટલે તમે બધા તેના ઉપરથી ઓવરાઈ પોવરાઈ જાઓછ પણ અંદર પોરા ને માંહે તમોરા, સમજીઆ અરદેસરજી ?"

"સમજીઆ—બધું સમજીઆ ! ને તેથી ગોરી છોકરીઓને જોઈને કારાં કછારાં બૈરાંઓના પેટમાં દુખી આવેછ તેબી સમજીઆ."

"ઠીક છે. જોઈશું. એમ તો તમારી સહી બચ્ચાં કાંહાં ગોરી નથી પણ તે તો કોણ જાણે આએ માકીને જોઈને કેમ કરે. સારૂં છે કે તે લોક અહીં નથી, નહીં તો કોણ જાણે કેમ લતીઆં પીખાતે."

બચ્ચાંનું નામ આએ સાંટક વચે સાંભળી મને તો ઘણીજ ઝાંઝ ચહડી. મેં મનથી હજારો શોકરાના કીધા કે મારો મીત્ર નવાબ મીનોચેર ને તેની બેહેન અહીં નથી; પણ બચ્ચા અદી, તું હુશીયારીમાં રહેજે. આએ ઈબઈજી ડોકરી કજીઆનું કાલબુદ છે ને તું માકીની જારે તારે તરફદારી કરશે તો કોણ

જાણે તે વાત કેમ મરીમસાલા સાથે બહાર જશે. માકીએ સુનામાપને ખખડાવ્યાં તે વાજબીજ હતું. હું તે વીશે માકી ઉપર ખુશ હતો પણ માકીની હીમતને લીધે ઇબિઇજી ખશી· યાણાં પડી ગયાં હતાં તેથી મને માકી વધારે ગમતી હતી આહ ! ઇબિઇજીને તોડી પાડે તો હું શેહતાનનીબી તરફદારી કરૂં એટલો કાર મને આ ઘરડી ડોશી ઉપર હતો.

પ્રકરણ ૭ મું.

બીજે દાહાડે મારો જીવ ઘણો બેતાબ હતો, કારણ કે મારા અભાગ્યા હાથનું દરદ પાછું ઉભરી નીકલ્યું હતું અને અંગમાં સેજ બોખાર હતી. તેજ રાતની ટ્રેનમાં મારે કુનુર જવા સારૂં ઉપડવુંજ જોઇએ. હવે કેમ કરવું? જે થાય તે ખરૂં એમ વીચારી મેં મારા નોકર હીરાને સ્ટેશન ઉપર મોકલી એક સ્લીપીંગ બર્થ રીઝર્વ કરાવી. રાતના નવ વાગે હું સ્ટેશન ઉપર આવ્યો ત્યારે તાવથી ખખડી જતો હતો અને હીરાના ખભાંનો ટેકો લઇને જેમ તેમ ચાલતો હતો. મારી મતલબ કે ટ્રેન આવે કે તુરત મારાં બર્થમાં જઇને સુઈ જાઉં. ટ્રેન આવી અને ગાર્ડને મેં મારી ટીકીટ બતાવી. તેણે આમ તેમ ધામધુમ કરી અને ના૦ ૨૮ વાળો બર્થ શોધી કહાડયો અને તુરત આવીને ખબર આપી કે કાંઇ ચુકથી એ નંબરનો બર્થ તો કોઇ બાઇને નામે નોંધા-યલો છે ને બાઈ ત્યાં આવીને ગોઠવાઈબી ગયલાં છે. મેં તુફાન ઉઠાવ્યું અને બીજાં બર્થની માગણી કરી પણ

મેલ ટ્રેન હોવાથી સઘળું ચીકાર હતું. ગાર્ડે ઘણી દલગીરી સાથે ઉપાય બતાવ્યો કે મારે કોઇ સાધારણ ફર્સ્ટ ક્લાસમાં બેસવું અને કુંપની પાસેથી પૈસા પાછા માંગવા. મેં ઘણુંએ સમજાવ્યું, તુફાન કીધું, ફર્યાદી માંડવાની ધમકી આપી પણ સઘળું વ્યર્થ. બીચારો હીરો મારે સારૂં ખાલી સીટ શોધવા આમથી તેમ દોડયા કીધો અને હું સ્ટેશન માસ્ટર ઉપર બખાળા કહાડતો ઉભો થઇ રહયો.

હું હીરાની વાટ જોતો ઇંતેજારીથી ઉભો હતો એવામાં જોઉં શું કે માકી મેહેતા અને પેશી કેપટન પ્લાટફાર્મ ઉપર આવી ચઢયાં. પછવાડે આયા હાથમાં બોચકાં, પંખા, હેંડબેગ, શેઆલ વગેરે લઇને ચાલતી હતી. માકીના હાથમાં મોટો ગોલાબના ફુલનો તોરો હતો. કોણે આપ્યો હશે? વળી બીજું કોણ, પેલા પેશી કેપટનેજ તો! ત્રેનનો ટાઇમ થયો અને ફફડી ચટકીને હજારો કડુવા દેતો હું એક સેકંડ ક્લાસ કમપાર્ટમેંટમાં જેમ તેમ જઇને બેઠો. મારા સોબતીઓમાં બે મારવાડી, એક સીંધી અને એક પારસી કરીને હતા. તાવથી મારૂં માથું ટડક ટડક થતું હતું. ગાર્ડ પુછવા આવ્યો કે મનમાર સ્ટેશન ઉપર ડીનર જોઇશે કે, ત્યારે મારા મનમાં એવું થતું હતું કે જાણે પોરટમેંટો છુટો મારૂં. પણ ટ્રેન ચાલે તે અગાઉથીજ મારવાડીઓએ એવા ઓડકાર ખાવા અને પગનાં આંગલાં મસળવા માંડયાં કે હું ભુસકો મારીને નીચે ઉતરી ગયો અને રેસટોરાં કારમાં જઇને બેઠો. મનમાર સ્ટેશન આવ્યું ત્યાં પાછો ઉતરીને જોઉં છું તો મારી જગાએ સઘળા પાસીનજરો ખાસ્સા લાંબા થઇને ધોતીઆં ઓઢીને સુઈ ગયલા અને મારો સામાન

મળે નહીં. મનમાર સ્ટેશન ઉપર ટ્રેન પા કલાક ખોટી રહે છે એટલું ઠીક હતું, નહી તો મારી તાપ એકસો પચાસ ડીગ્રી ચહડી જતે. હું આમ તેમ જોઉં છું એવામાં નીમકહલાલ હીરાએ આવીને ખબર આપી કે કનડકટર કેહે છે કે એક 'સ્લીપીંગ બર્થ' ખાલી થયો છે, મારી ખુશી હોય તો ત્યાં જઈને મારે સુવું. વળી ભલાં કામમાં ઢીલ કેવી? માથું ફાટીને ટુકડા થતું હતું એટલે હું હીરાની પુઠે ગયો અને એક કુપે કમપાર્ટમેંટમાં ધબ દેતો જઈને પડયો. એ ખાલી કયારે થયો, કોણ હતું, કોણ ગયું તે પુછવાની બી મને સુધ હતી નહી. સહવારના ભુસાવલ જંકશન આગળ ટ્રેન ઉભી એટલે ગાર્ડને મેં ખુબ દમ ભરાવ્યો કે આવી બેદરકારી તો મેં મારા જનમમાં જોઈ નથી. આગલી રાતે તો સમસોગંદ ઉપર ના કેહતો હતો કે જગા નથી ને હવે કયાંથી નીકળી આવી.

"સાહેબ તમે તો નાં. ૨૮ ની સીટ રીઝર્વ કરાવી હતી ને આએ બર્થ જેમાં તમે રાતના સુતા તે તો કોઈ બીજાની હતી" ગાર્ડે ખોલાસો કીધો.

"એમ? ત્યારે શું આએ બર્થવાળો પાસીનજર છેલ્લી ઘડીએ આવયો નહી?"

"નહી સાહેબ, તેમ નથી. આ સીટ તો એક બાઈની છે. પણ તેવણુ સાધારણ બઈરાંના કલાસમાં જઈને આખી રાત બેસીને કાહાડી."

"ઓહો! ત્યારે તેવણુને સ્લીપીંગ બર્થનો ખરચ કરવાની ખુશી નહી હશે?"

"નહીજી, તેમ નહી. બાઇ તો સઘલો સામાન ગોઠવી ગાઠવીને આએજ કુપેમાં બેઠાં હવાં પણ પછી તેવણના સાંભળવામાં આવ્યું કે એક ગ્રહસ્થ બચારા બીમાર છે ને બરડો નાખવાની જગા નથી તેથી પોતાની ખુશીથી જઇને બઇરાંના બીચોબીચ કલાસમાં બેઠાં ને મારી પાસ કહેવાડીયું કે એવણની ખુશી હોય તો મારી કુપેમાં જઇને આસાયશ લે."

હું તો એક હાથ ઉછળ્યો. "આઇસે, કનડકટર, એ તું શું બોલેછ? કોઇ બચારી એકલી અતુલી બાઇને મારે ખાતર બાહાર કાહાડી? પહેલાંથીજ કહીએ કેની? મારો નોકરબી દીવાનો થઈ ગીઓછ. કેઈ બાઇ?"

"સાહેબ; ઘણી ખુબસુરત પારસી બાઈ છે. તેવણનું નામ હું જાણતો નથી. ઉભા રેહો હું મારાં લીસ્ટમાં જોઇને કેહું."

આ પ્રમાણે બોલી ગાર્ડે ખીસામાંથી 'રીઝર્વનું લીસ્ટ ખેંચી કાહાડયું.

"નંબર ૨૮—આએ રહયું—મીસીસ માણેક મેહતા અને આયા."

મારા મોહપરનું ટીપેટીપું લોહી ઉડી ગયું. શું બોલવું, શું કરવું તે કશું સુઝ પડે નહીં. હું અહીંથી ત્રાન્સફર થઇને રાયચોર જનાર હતો કારણ કે ત્યાંથી કુનુરની ટ્રેન હાથ લાગે છે. મેં માકી મેહેતાને ઘણીબી શોધી કે આગળ જઇને તેનો ઉપકાર માનુ પણ કોઈ નજરે પડયું નહી. કોણ જાણે શા કારણથી મારા ભેજાંમાં વાત પેસી ગઇ

હતી કે એ માકીબી કુનુર કે ઉટાકામંદ જનારી હોવી જોઇએ. કુનુર ખાતે મારી ત્રેન આવી પોંહચતાં હું ઉતરયો કારણ કે ઉટીની ઠંડીમાં જવા અગાઉ આઠ દાહાડા કુનુરમાં રેહવાનો મારો વીચાર હતો. હું પ્લાટફાર્મ ઉપર પગ મુકું એટલામાં તો માકીની આયાને મેં જોઈ. તે સઘળો સામાન ઉતરાવતી હતી.

"હલ્લો આયા, તારી બાઇબી અહીંજ ઉતરેછ કે ?"

"હાજી, તેવણ તો કેટલીવાર થઈ ભારેની ગારીમાં હોટેલમાં ગીઆંબી."

અંહું ? કયું હોટેલ ?"

"જી, જમખાના હોટેલમાં બાઇએ બે ઓરડા લીધાછ."

ઓ તારી, મારૂંજ હોટેલ. હું હોટેલમાં જઇ લાગ્યો અને તે દીવસે તો ઠાકેલો હતો એટલે એમનો એમ સુઈ ગયો. સવારના તાવ ઉતરી ગયો હતો અને આંગમાં ઠીક લાગતું હતું એટલે સેંટા પાટલી પાડીને સેવક નીચે ઉતરયા કે જો લાગ ફાવે તો માકીમાય સાથ ઓળખાણ પાડીને જરા તેવણનો ઉપકાર માનીને તારપર ચહડાવ્યે.

નીચે નાસતાની મેજપર આમ તેમ ડોળા ચમકાવ્યા પણ માકીમાય તો સુકાઈ ગયાં હતાં. હું ખાઇને ઉઠયો ત્યારે જોઉંછ તો પાસે રીડીંગ રૂમમાં કોઈ પીકચરનું ચોપાનીઉં ફેરવતાં તેવણ ઉભાં હતાં.

"જી, તમે એક બીમાર પુરૂષની ઉપર દયા કીધી તેથી તેનો ઉપકાર માનવાની રજા આપશો ? તમને તમારી પોહોરવાની જગાએથી ખસાડ્યાં તે માટે હું શરમીંદો છું. મને તે

વખતે ખરી હકીકતની ખબર નહી હતી. મેં તો મારૂં બર્થ રીઝર્વ કરાવ્યું હતું પણ કાંઈ ગડબડ ઘોંટાળાથી તે બીજાને અપાઈ ગયું એમ કનડકટર કહેવા લાગ્યો તે હું જાણું કે પાછળથી પોતાની મીસ્ટેક જોઈ હશે. હું તમારી કુપેમાં ગયો ત્યારે કનડકટર ત્યાં નહી હતો, નહી તો તમને આવી અડચણમાં નાખવાને હું કદી રાજી થતે નહી."

આ વાર માકી નીચું ડોકું રાખીને હસતે ચેહેરે ઉભી રહી હતી પણ તેણીની આંખ! આહ આંખ કે બ્લુ કોરી, ને હંસ જેવી ગોરી ગોરી સીધી ગરદન !!

આખરે તે દાડમની કળીઓ ખોલીને બોલી "પણ એમાં માફ માંગવા જેટલું બધું શું છે? હું મારી રાજી ખુશીથી બીજા કલાસમાં ગેઈ. તમે મને થોડીજ બહાર કહાડી હતી?"

"પણ એટલો તમારો ઉપકારજ થયો કેની?"

"જરાબી નહીં. સાધારણ માણસાઇનો એ એક સાધારણ બનાવ છે. તમે બીમાર હતા અને તમને આખી રાત તાપના મરેલા બેસાડી રાખવા એ કોઈબી અભાગ્યું માણસબી સાંખી શકે નહીં. મને શું છે, હું તો હડતી કડતી છેઉં. બે ચાર કલાક બેસીને કાહાડયા તેથી શું મરી ગીઆં કે?"

"બેહન, તે તો તમે ગમે તેમ વીચારો પણ હું માગી લેઉંછ કે મારી ઠેંકસ સ્વીકારશો. જયારની એ વાત મેં જાણીછ ત્યારથી હું ખટખટીઆજ કરૂંછ. મારૂં એકસકયુઝ માત્ર એટલુંજ છે કે હું ખરી હકીકતથી અણજાણયો હતો."

આ વાર માઝી એક સોફા કોચ ઉપર બેસી ગઈ અને હસીને પાસેની જગા બતાવી બોલી "તમને નબલાઈ લાગતી હોસે–બલા જાણુરે–બેસો બેસો."

આપરે ધબ દેતા પાસે બેસી ગયા !

અંહંહં–અંહંહં—અદીબા—અશેમ વોહુ ઈત્યાદી.

પ્રકરણ ૮ મું.

હં–હં–હં, ખરડીઆ પગ ગાલીચા સુધી! માઝીની પાસે સોફા કોચ ઉપર બેઠો કે મારો જીવ જાણે સખ્ખે રંગુન ગયો! એક વાર બરફપર તડકો પડયો કે પછી પગળીને પાણી થતાં વાર કેટલી? અમે બેહુ જણ મુંબઈ અને દેવલાલીના નીંદાખાનામાંથી થાકીને આવેલાં; બેહુને આસાયશની જરૂર, બેહુ જુવાન, બેહુ હસમુખાં, બેહુ બોલકણાં, બેહું ઓલુ, બેહુ પેલું–એટલે પછી દર કલાકે મીત્રાઈ વધે તેમાં વળી મુછમાં હસવાનું તે શું હોય? વળી યાદ રાખજો કે આખ્ખાં હોટેલમાં હમે બેજ પારસી હતાં. મેં જરા વારમાં જોઈ લીધું કે માણેકનું વાંચણ ભંડોળ કાંઈ ઝાઝું ન હતું પણ એની જબાં! અરે દાદાર! જાણે નરી ચાલતી કાતર. કોઈ કોઈની બોલવા ચાલવાની નકલ તો એવી આબેહુબ કરે કે હસતાં આપણું પેટ દુઃખી આવે. ખાસ કરીને આવી રમકડાં જેવી પોરી હસવાનું કરે ત્યારે તો એકનું બે હસાઈ જવાય. કેમ બોલ્યા નહી? પાછળથી જે બનાવ બનશે ત્યારે તમે જાણશો કે કેટલાકોએ મને

ઠપકો આપ્યો કે મારે પેહલાંથીજ મારી હુશીયારીમાં રહેવું હતું, પણ હું સમ સોગંદ ખાઈને કહું છું કે આ વારખી માણેકની બટકબોલી જબાંથી હું ફકત બે દહાડાની ગમત મેળવવા શીવાય બીજા કસાનો અપરાધી નથી, અને બચ્ચાં તરફના મારા ખ્યાલમાં હું એક તસુ ભારખી હઠયો નથી. તમારે ગમે તે વીચારો, ગમે તે બોલો પણ એક નખરાંબાજ હસમુખી છોકરીનું છટા બાજ બોલવું સાંભળીને હું ઘુવડ જેવું ડાચું કરીને બેસું એ તો બા મને આવડતું નથી.

માણેક જેવી ચગરીને કાંઈ ચલ્લી ફફડાવતાં શીખવવું પડે? બે ચાર કલાકની અમારી વાતચીતમાં તે ચેતી ગઈ કે મારૂં ધક ધ્યાન પરણવાની બાબદમાં કોઈ બીજી પસંદગી કરી ચુકેલું હતું. તે છતાંખી માણેકે મારી સાથ એવી ખુલ્લાં દીલથી હસવા બોલવાની રીત ચાલુ રાખી કે મારો જીવ ખુશ થઈ ગયો. પહેલાંથીજ કહી દેઉંની કે મારો વીચાર અસલથીજ બચ્ચાં પર નહીં હતે ને આજે માણેકને પેહલીજ વાર જોઈ હતે તોખી હું ધણીઆણી દાખલ તો એને પસંદ કરતેજ નહીં. કાંય? બે ઘડી હસવા બોલવાને વાસતે તો ઠીક, પણ ધણીઆણી દાખલ તો— તો—. અદીબા, હમણા તો મઝાહ કરો ને ખીખી ખાખા કરો પણ જયારે વખત આવશે ત્યારે એનો દંડ વ્યાજ સીકે ભરવો પડશે તેનો કાંઈ વીચાર કીવો! યેહ! કલ હય ઔર અલ્લાહ હય!

પણ આ પછી બે ત્રણ દાહાડામાંજ માણેકના બીજા ઉતમ ગુણ જાણવાની મને તક મળી. એક દાહાડે સાંજના અમે લાંબી પાઈન્ટ ઉપરથી ફરીને આવ્યાં ને જોઉં છું તો

મારો નોકર હીરો તાવે સસરતો ઓઢી પોઢીને સુતો હતો. રાતના આઠ વાગતે તો તે લવવા બકવા મંડયો ને આગળ પાછળ કોઈ ડાક્ટર મલે નહીં. આ વાર માણેક મહેતાએ જે મને મદદ કીધી તે હું કબ્બુ ભુલનાર નથી. તે લાગલી દોડીને પોતાના ઓરડામાંથી ઠરમામીટર લઇ આવી અને જમીન પર બેસી જઇને હીરાની ટેમપ્રેચર લીધી. ૧૦૫!! માણેકે ત્રુરત તાપ ઉતારવાનું મીક્ષ્ચર પોતાની પેટીમાંથી કાહાડીને પાયું અને કોલાં-વાટરનું પાણી અને આઇસ હીરાના માથાં ઉપર પોતાને હાથે ચોળવું ચાલુ રાખ્યું. માણેક અને એની આયા રાતના એક વાગા સુધી બીમાર આગળ સારવાર કરતાં બેસી રહયાં અને મારી તબીયત સારી ન હોવાથી મને આગળ ઉભો બી રહેવા નહી દીધો. હીરો ત્રણ દાહાડા સુધી આવી હાલતમાં પડી રહયો અને તેટલી વાર માણેકે ખડે પગે તેની ચાકરી કીધી. ચોથે દાહાડે હીરો પરગરો થયો ત્યારે બળાપો કરવા લાગ્યો કે મારા શેઠનો હાથ કેવો કળતો હશે અને તેવણ બચ્ચારાની ચાકરી વગર કેમ થતું હશે. આ વાત માણેકને કાને પડી કે તેણીએ બોંહોંસા બોંહોંસ કરીને મારા હાથનો પાટો છોડયો અને દવા લગાડવાની વગેરે કારસાજી પોતાના હાથમાં લીધી. બાવા, મારી આ નવી ડાક્ટર ઘણીજ દેખામણી હતી અને પાટો બાંધે ત્યારે ગીલી ગીલી લાગે તેમાં મારો શું વાંક?

આ બધાં વખત વીતી ગયા પછી એ તો જાણે નક્કીજ કે બાહાર જવું આવવું તો અમે બેહુએ સાથેજ જવું. હોટેલનાં બધાં માણસો ને રીક્ષાવાળાઓબી

સમજી રહેલા કે બાઈ જો બહાર ફરવા હરવા જશે તો શેઠની સાથે તો હોયજ હોય. નવી નવી બીણો અને ટોંચો જોવા જવાનું તે છુટાં છુટાં એકલાં જવામાં સાર શો? બે ગાઇડના પૈસા આપવા પડે અને વળી સોહવાય નહી. અમે નવી નવી જગાઓ જોઇને પાછા ફરયે ત્યારે વેટરો અમારી જમવાની એકજ ટેબલ ઉપર અમારી બે જણની પલેટો માંડે તે કુદરતીજ હતું.

એક દાહાડે અમે સહવારના 'સીરબેઝ ટોંચ' નામની વખાણાયલી ટેકડી જોવા ગયાં. હું તટ્ટુ ઉપર અને માણેક રીક્ષામા હતી. ટોંચની એક બાજુએ અમે બન્ને પાસે પાસે બેઠાં અને વાતચીત થઇ તે ઉપરથી માણેકની મનોવૃતીનો કાંઇક ખ્યાલ વાંચનારને આવશે. માણેકેજ વાત છેડી:—

"ઘણું અજબ જેવું છે, મી० અરદેશર. ઘણા લોકો ધારેછ કે હું ચવીત્રી છેઉં."

"પણ તે કેવાં લોક તે પર ઘણો આધાર છે," મેં જવાબ આપ્યો.

"બચારાં કારાં કછારાં, પપેટા જેવા નાખવારાં, ભેંસને આવે તેવા મોટા પટાની કમરવારાં મારે સારૂં એમજ બોલેછ."

એટલું સારૂં હતું કે આ વાર "સીરબેઝ પાઇન્ટ" ઉપર બીજું કોઇ ન હતું. અમારા ટટ્ટુવાળા અને રીક્ષાવાળાઓબી જરા નીચાણમાં ઉતરીને પોતાની ભાખરી ખાતા હતા. આ ટોંચ એવી તો રળીઆમણી છે અને ઇશ્વરના અદભુત કૃત્યોનો એવો તો ગંભીર ખ્યાલ આપે

છે કે મારી નજર એક પળ તે ઉરરથી હટી ન હતી. મારૂં સીરીઆઉસ ડાચું જોઇને માણેક ખડ ખડ હસી પડી.

"કેમ? તમને આ દેખાવ ઘણોજ સરસ લાગતો નથી?" મેં પુછયું.

"તેનુંજ મને હસવું આવેછ તો. તમે લોક કાંઈ ગાંડાં થઈ ગીઆછ? મુવું એમાં શું જોવાનું. જાહાં જુઓ તાંહાં ઝાર ઝાર ને પાહાર પાહાર. એક પાઈન્ટ જોઈ તેખી તેજ ને દશ જોઇ તેખી તેજ. એક વખ્ત માથેરાન અમે ગીઆં તારે એક શેઠ કેહેજે ચાલો તમુને પાઇનટો દેખારી લાઊં. અમે બધાં ઝાર જેવાં ગીઆં ને અમુને એક પાઇન્ટ ઉપર ઉભાં રાખ્યાં ને પછી પેલા ભાઇએ જે પીંજણ ચલાવવા માંડીઉં કેની તો મને તો ફીક આવી ગેઈ. ભલા માણસ તો એક જગા ઉપર ઉભા ને પવન ચકીની કાની હાથ લાંબા ટુકા કરીને બધાને દેખારે કે આએ લુઇઝા પાઈન્ટ. આએ છે તે મંકી પાઇન્ટ, આએ ધુર પાઈન્ટ, આએ ધમાસા પાઇન્ટ. પછી બધાં ઘેર આયાં ને ટોપ મારી કે અમે અરધા કલાકમાં દસ પાઇન્ટ જોઇ આયાં! બોલો હવે, એ હંબગ નહી તો બીજું શું? બધી મારી સહીઓ પાઇન્ટો જોઇને સમજીને તુટી પરી."

"પણ માકી માય, આએ ટેકડી તો દુનીઆં વરણુની ગણાયછ—તમે બરાબર જોવાની દરકાર નહી કરતાં એટલે તમુને ધ્યાનમાં નહી આવતી."

"બા ચપોરે, મુવો મારાં બુટમાં કાંકરો ભરાયોછ તે કાહાડું તો મને કંઇ સુજ પડે. હા બા, પાઇન્ટ ઘણીજ ઘણીજ ઘણીઇઇજ સરસ છે—ચાલો હવે ખુશી થયા ?"

"નહી, પણ એ તો તમો મારી ટકોર કરોછ—બરૂ કેહોની."

"જુઓ સાચે સાચ્ચું કેહું ? મારે મનથી આએ ટેકડી ને મારે દીલ ચોરવાનો પથર એક સરખાંજ છે. સહુ કેહ કે સરસ છે તો આપરેબી પાનછેરી ધુનાવીએ કે હા બા સરસ. એ મસે જરા ફરવાનું તો થાયછ ને નવાં નવાં સાથ ઓરખાણ તો પડેછ. અમથી નાકે જીભ શું કરવા લગારૂં ? આએ બધા પથરા ને 'ઝાર ઝાખરાં' કરતાં આપરે અહીં બેશીને કરરર કરરર બીસકોટ ચાવીએછ તે મને વધારે ગમેછ. બીસકોટને બદલે ઉના ઉના ભજીઆં ને તીખી આગ જેવી ચટની હોતે તો કેવું સરસ, હેં ?"

આટલો આટો બાફીને માકી પથરા પરથી ઉઠી ને પોતાની સાડીપરથી લાલ મટોડી પખોરવા લાગી.

"મરેરે તમારી પાઇન્ટને ટોપલા તળે ધાંકો. મુઇ જારે હોયછ તારે મારી સુનના જેવી સારીઓના ધાન કાહારેછ. લોક મને ચવીત્રી કેહેછ કાંય જે આજકાલની છોકરીઓની કાની આએ ટેકરા ને ડુંગરા જોઇને હું ડોળા આસમાને ચહડાવતી નથી. મારે મનથી એ બધું હંબગ છે. એ લોક સમજેછ કે બધી અકલ એ લોકમાંજ ચાર ચોપડી વાંચયાથી આવી ગેઇછ."

"પણ માકી બેહેન, તમારૂં ભેજું કાંઇ જેવું તેવું નથી. માત્ર તમે તે વાપરવાનો કસદ કરતાં નથી."

"ભેજુ ? અરે પ્રીત ! એકુ સમજુ ને "એડયુકેટેડ" બાઈ-ડીને જોઉંછ તો મને પેટમાં દુખી આવેછ. અરે ખોદાય, એ લોકનાં ડાચાં બળેરે. ખોદાયજી ઘણાજ કામમાં ઉતા. નારેબા, આપુને તો રંગ રૂપ જોઇયે. બે ચોપડી ઓછી ને વધતી. મોહોનાંપર બોરૂં હોશે તો ચોપડીને શું ધોઈ પીવાની છે? લાવોની, દખારોની, ગમે તેવી બી. એ. ને મેત્રીક ફેત્રીક થયલી પણ મોહોનાંપર સહીયરના ચાહાંવાળી ને હાથીના જેવા બહાર નીકળી આવેલા દાંતવાળી કેટલી છોકરીઓને પર-ણુવા છોકરાઓ દાંતમાં આંગળાં ઘાલીને બેસી રહયાછ? મોટાં ૧૨ નંબરના બંડરબોટ જેવાં બુટ પેહેરીને, આંખમાં મોટો ભેંસીઓ ઘાલીને, બગલમાં મોટો હેલકરી જેવો ચોપ-ડાનો બોજો લઇને તરકાંમાં હાસહુસ કરતાં સ્કુલમાં ને કોલે-જમાં જવાનું મારી ઉપરથી ઓવારી નાખું. એ બધાં ફોકટનાં ફાંફાં છે. ભેજાંનું કામ નથી શું ? ઘણુંબી છે. માટીડાઓને બરાબર ઠેકાણાસર રાખવામાં બઇરાંને ઘણાં ભેજાંની જરૂર છે. પણ તે આવડેછ કોણુને ?"

માકીનો આ ધડાકો સાંભળી મને ઘણુંજ હસવું આવ્યું અને તેની પાસે વધારે બોલાવવાની મતલબથી મેં તેણીને છેડી.

"પણ માણેકમાય, આજકાલની છોકરીઓ માટીડાના જેવા હક માંગવા નીકળીછ તેનું કેમ ? તે લોક તો "ઇન્ડી-પેન્ડંટ" થવા માંગેછ."

ઇન્ડીપીન્ડી ! ફુ—બધું નાનસન્સ. માટીડાને ખોદાએ જરા જોરાવર કીધાછ શું કામ ? ગધેરાં વહીતરૂં કરીને અમુને ખવારવાનું તે લોકનુ કામ છે. અમે રૂસાઇએ તારે પટાવવાનું

તેઓનું કામ છે. બની ઠનીને ગળે સ્કાર્ફ નાખીને જીમખાનામાં સીધારવાને અમુને ખોદાએ સરજેલાં છે, સમજીઆ અરદેસરજી ?"

"હાજી સમજીઆ, પણ માટીડા એમ ધારતા નથી તેનું કેમ ?"

"નહીં ધારતા તો ઓછી પીરા. સતર વખત ગરજ પરશે તો પગે લાગતા આવશે. હાજીહા કરવાવાલી ને ભેજું ધરાવનારી ને વીદવાન બૈરી જોઈતી હોય તો પેલી પાડા જેવી કમરવાલી ને મોહોનાપર મસાવાલી ઘણીબી છે."

"આએ તમારૂં મત ઘણું નવાઈ જેવું છે."

"તેમ છે તો ખરૂં. કેળવણી ! ધુર ને ધમાસો. બાહારનું વારનીશ શીવાય બીજું તેમાં કાંઈ નથી. બાવા આદમ ને મમા આવ્વાથી તે ધરથીના છેડા સુધી માટીડાપર બૈરાં રાજ ચલાવવાનાં. પણ તે ભેજાંવાલાં નહી—ખરાં રાજ ચલાવનાર તો રૂપવંતાં જોઇએ."

પ્રકરણ ૯ મું.

આ બધું તો ખરૂં—ઘણું ગળ્યું—ઘણું મીઠું–પણ તેજ રાતના મીનોચેર તરફનો તાર આવ્યો કે અમે આવતે મંગલવારે કુનુર આવી પુગશું ને તમારાજ હોટેલમાં બે ચાર દાહાડા રહીશું માટે ઓરડા તૈયાર રખાવવા. આ વાંચતાંને વાર પેહલીજ વાર મારાં ભેજાંમાંથી વીજળીની

પેરે ચમકારો પસાર થઈ ગયો કે બચ્ચાં બેગમ ને માણેક માકીને કેમ બાઝશે! આ તાર હોટેલના દરવાજા આગળ ઉભો રહીને હું ફરીથી વાંચું છું તેટલાં માણેક પોતેજ હાથમાં નાહાની રેશમી છત્રી લઇને બાહાર આવી. ટીલીની કોર સાથે મોવ કલરની જીણી સાડી, પીંક કલરની છત્રી અને ગોલાબી ગાલ સાથે તે—ઓ માઈ!

"અદીબા, કેમ ફરવા આવોછ કે?"

"મને પાંચ દસ મીનીટ કામ છે. મારાં કોઈ ફરેંડો આવવાના છે તે લોકને સારૂ મેનીજર સાથ વાત કરવાની છે. તે લોકનો તાર આવ્યોછ તેનો જવાબ લખીને હું અબઘડી તમારી પાછળ આવુંછ."

"ઠીક છે, કંઇ ઉતાવલ નથી. હું પાસેજ અયસુમલની દુકાનમાં એક ગલીચો છે તે જોવા જાઉંછ. તમે નીરાંતે મને તાંહાં મલજો."

આમ બોલી માકી હંસની પેઠે લટક ચાલે ચાલી. આહ! બચ્ચાં સાથ કોણ જાણે કેમ કાસી સંગ જશે! તમે બચ્ચાંને હજુ બરાબર ઓળખતા નથી. તે આવી ચમકરી સાથ એકાએક ભેળાય તેમ હતુંજ નહી ને મારી સાથ માકીને સારૂ છે એમ જાણ તો! બચ્ચાંનો નીયમ એવો હતો કે ગુલામગીરી કરો તો પુરી કરો નહી તો તમે તમારૂં બીજું બઝાર શોધી લ્યો. હું કબુલ કરૂં છું કે મારા પેટમાં ધસ્કો પડયો તો ખરો. પણ તેમાં હું શું કરૂં? શું હું કંઇ જાણી જોઇને માકીને શોધવા ગયો હતો! તે અકસમાત મને દેવલાલીમાં મલી ગેઈ તેમાં મારો શો ઉપાય? ત્રેનમાં મને પોતાની સુવાની જગા બચ્ચા-

રીએ આપી દીધી ને હીરાની બીમારી વેળાએ મને કેવી મદદ કીધી તે ભુલી જઇને શું હું તેણીને ખરતી કરૂં? મારા મોહપર નાક છે કે ખુંપડો? અમે ન ધારેલાં કુનુરમાં પાછાં મળ્યાં તારે શું હું નફ્ટની કાની દુરનોદુર નાહસું? પણ જરા વીચાર તો કરો, તે ચાલી ચલાવીને કુનુર રહેવા આવી તો તેને કેહું કે નહીં તું અહીંથી ચાલી જા. બોલવાનું તો સહેલું છે પણ તમે મારી જગાએ હોવ તો શું કરો તેનો વીચાર કરો. તે કુનુરથી ખીસવા માંગે નહી ને—હું—હું છતે કરીને—મને જવા ગમે નહીં. તારે પછી કરવું કેમ? હા માકી ખુબસુરત તો ખરી, સાતવાર ખુબસુરત પણ તેથી શું થયું? શું રૂપાળી ઐરીઓ બધીજ નાપસંદ હોય કે? મને માકી ઘણીજ ગમતી હતી પણ તેમજ બચાંનેબી કાંય નહીં ગમે? ઘણો શક છે અદીબા—ઘણો શક છે.

એક વાર મનમાં અંદેસો ઉભો થયો કે પછી ગબડતા ગોળાની પેઠે તેને વધતાં કેટલી વાર? જાણે સમજો કે નવાબ મીનોચેર અને બચાં આવી પોંહોંચ્યાં તો પેહલાં કેમ થશે? પહેલાં તો બચાં જોશે કે આ બાઈ એકલીજ હોટેલમાં છે ને અદીને ઓળખેછ ને ધરાંપરાં છે તો કોણ જાણે કેમ ભવાંનો ચીલો ચહડશે? ખોદા માલમ જમવાની ટેબલની ગોઠવણ કેમ થશે! બચાં તો એમજ સમજતી હશે કે આટલા દીવસ હું એકલો એક ટીપાઈ ઉપર મારૂં ડીનર લેતો હોઇશ. અને બીજું કોઈ છે અને તેબી વળી એક એકલી અતુલી સોહામણી જુવાન પારસન છે એવો તો બચાંને સ્વપનેબી ખ્યાલ ન હશે. એ લોક આવશે તારે મને તો એ લોકની સાથેજ

જમવા બેસવું પડશે અને ત્યારે માણેકને શું કેહવું? અરે યારે, મારી મુંઝવણ સમજો. આટલા આટલા દાહાડા માકી સાથ ફરયો હરયો અને હવે બીજાં દોસ્તો આવ્યાં એટલે શું બાહાને, કીયે નાકે તેણીને કહું કે હવે તમે તમારૂં ફોડી લેઓ

જે થાય તે ખરૂં. મેં અનેક વાર વીચાર કીધો કે માકીને અશટમ પશટમ સમજાવીને વેલીંગટન જોઈ આવવા સમજાઉં. વચમાં બે ચાર દાહાડાનો ગાળો પડે ને પછી બધું પોતાની મેળે ઠીકાઠીક થઇ રેહે. પણ હું મનમાંજ ઘી ખાંડ ખાયા કરતો હતો. વળી આપરે આપરાં મન સાથ ગમે તેમ પાટીઆં ગોઠવીએ તે કાંઈ બધાંને ગળે ઉતરવાનાં છે. માકીને મેં અસેમસે સમજાવી કે વેલીંગટન ઘણું જોવાલાયક છે ઇત્યાદી. પણ આ મસતાન ચવીત્રીએ મને હસીને રોકડું પરખાવી દીધું કે,

"પણ મને કાંય કાહાર કાહારમાં પરયાછ? વેલીંગટન ઘણુંજ સરસ છે તો ચાલોની તમેબી બે ચાર દાહાડા આવો તો આપરે તઇયાર છીયે. બાકી કુનુરને શું કુત્રાએ કરડયું?"

હવે! હવે ગીઆ મહવે. એ તો કપાલે ચોંટીઆ કાન!

હોટેલમાં નવાબ મીનોચેર અને બચાંને સારૂં મેં બે ઓરડા એનગેજ કીધા અને તે વીશેનો તારબી કરી ચુકયો. પણ માકીની પુઠે દુકાનમાં જવા પગ ચવર ચવર થતા હતા. હું હજુ તો પાંચ ડગલાં જાઉં તેટલાંમાં માકીજ સામેથી મળી. તેણીના ડોળા લાલચોળ થઇ આવ્યા હતા અને ઘણી ગુસ્સામાં દીસ્તી હતી. તેણીની માઘી ડાટ છત્રીનો દાંડો ભાગી ગયો હતો. શું છે, શું છે કરતો હું

આગળ દોડયો અને જાણ્યું કે રસતે ચાલતાં એક કુલીએ એક નાહાના કુત્રાને ખુબ મારયો હતો અને માકીએ ગુસ્સામાં આવીને આ કુલીને પોતાની છત્રી મારી હતી.

"અરદેશર, મારો, મુવા આએ ખુનીને મારો. ખવીસ જેવો આટલાં નાહલ્લાં કુત્રાંને કેવો માર્યો."

બસ માકીએ કહયું એટલે ખોદાએ કહયું. આપરે સુરતી લાજીઆ બની ગયા અને પેલાને ઠોકી કહાડયો. આ ગબડાગબડીમાં કુલીનું માથું એક પથરની અણી સાથ અડડયું અને તેમાંથી લોહી નીકળવા લાગ્યું તેટલાં એક સીપાઈ ધામધુમ કરતો નીકળી આવ્યો. મેં જોયું કે કામ વધી પડશે અને વખતે માકીનેબી પોલીસમાં ઘસડાવું પડશે એટલે મેંજ ઉલટી ભપકી સપકી કરીને પેલાનીજ ઉપર ગળે પડયો કે તેણે આ બાઈનું અપમાન કીધું અને તેણીની છત્રી ભાંજી નાખી. માર તારા હરામીને નહી તો ખાઉં તારા ગરીબને! પોલીસમેન બચારા પેલા કુલીને બે ચાર ઠોંસા મારીને કોનસટેબલ પાસે લઈ ગયો અને અમે હોટેલમાં આવ્યાં. કલાકેક પછી બે ચાર ઈન્સપેકટર, ચાર પાંચ સુબેદાર જમાદાર વગેરે પરપુછ કરવા આવ્યા અને તે લોકની આગળ માકી એટલું ભારોભાર જુઠઠું બોલી કે હું તો દઘાઈજ ગયો. વાત જરા ઠંડી પડી ત્યારે મેં લગાર નાખુશી બતાવી.

"માકીમાય, જરા આપરે ગેરઈન્સાફ કીધો તો ખરો. આએ કમબખ્તે પેલા કુત્રાને હેરાન કીધો પણ તમે પોલીસ-વાળાઓને કહયું કે તે તમુને મારવા ધસ્યો—એ તો વળી સહ-રાગાત થઈ."

"અરે જાઓરે—એવા મુવા કચરાપતીઓને તો એમજ જોઇએ. મુવો ખુનીની કાની મારી ગમ ડોરા કેવા કરતોતો. એની ઉપર મને એવો કાર લાગો કે જાણે છ મહીના—ફાંસી જાય તો સારૂં—તેથી મેં જરા ચહુરાવીને વાત કીધી. તમે હવે ભલા થવા નીકળ્યાછ તારે તમે એને મેઠીપાક જમાડયો તેનું કેમ?"

"તમારે ખાતર."

પ્રકરણ ૧૦ મું.

માકી કેવી હસમુખી, કેવી જુવાન, કેવી ખુબસુરત અને તે છતાં આ ટાનજાનવાળાને માર્યો, મરાવ્યો અને જેલમાં જુઠું બોલીને મોકલયો તે જોઈ હું બહુજ અજબ થયો. મેં મારી આ અજાયબી માકીને જણાવી ત્યારે તે ખડખડ હસી પડી અને બોલી "અદીબા, અમે બઈરાંઓના પેટમાં શું થાયછ તે તમે નહી સમજો. તમે માટીડાઓ ખાઇપીને ખુશાલ ફરતા ફરો તે ઉપરથી તમે અમારા લોકની ગણત્રી કરોછ, પણ જો આગળ પાછળની વાત જાણો તો અમારે બદલે તમે લોક કોણ જાણે શું કરો."

"પણ તમે તો તે દહાડે કહેતાં હતાં કે બઈરાં માણસે તો ખુબસુરત થઇને બણી ઠણીને ફરયા કરવાનું ને મરદોએ હેજ ગારી કરીને તે લોકને ફુલની કાની રાખવાનું, ને હમણાં તો તમે એવી વાત કરોછ કે જાણે તમારાં મન પરબી કંઈ વાતનું દુખ હોય. એ વાત કંઈ મારી સમજમાં આવતી નથી."

"નહી આવતી ? તો સાંભળો. અમે બઇરાંઓનું મન એટલું પોચું છે કે અમે સેજ વાતમાં ઉસ્કેરાઈ જઇએ છીયે અને અમારૂં દીલ નાકદર મરદોની લુછાઇથી તુટીને અમે કોઈ વખત અમારા જીવને કડુવા દઇએ છીયે."

"આય તો હું પેહેલીજ વાર તમારે મોહોડેથી સાંભળુંછ. તમે તો એવાં ખુશાલ છેઓ કે એ બધો અનુભવ તમુને કાંહાંથી મળે ?"

"અરે ભાઈ, મારો એવો કડવો અનુભવ છે કે તમારી આગળ શું વાત કેહું. મારા હસતા રમતા ચેહેરા ઉપરથી તો સહુ કોઈ જાણશે કે મેં દુનીઆમાં ફકર ચંતા જોઈજ નથી, પણ એક વાતનો મને એવો ચમટો છે કે તે મરતાં સુધી હું ભુલસ નહીં. તમુને કંટાળો નહી આવે તો હું સેજ વાત કરૂં ?"

"કંટાળો ? માઈ ગાડ—હું જાણવાને ઘણોજ ઇંતેજાર છું."

"તારે સાંભળો. હું જયારે બે વરસની ઉતી તારે મારા બાવા ગુજરી ગીયા અને મારી માએ પાંચ વરસ પછી બીજું ઘેર કીધું. મારી બેહન નાજુને જનમ આપતાં માયજી સુવાવડમાંજ હુક થયાં. તાર પછીથી નાજુનાં બાવાએ અમુને એવાં ખુણે નાખ્યાં કે અમે કેમ મોટાં થયાં તે ખોદાને ખબર છે. અમે બે બેહનો શીવાય અમારે માથેવાસે કોઈ નહી ઉતું અને અમે બેહુ જન એકબીજાંને એટલાં વહાલાં ઉતાં કે એક ઘડી અમુને એકબીજા વગર ચાલે નહી. પહેલાં થોડાં વરસ તો નાજુના બાવાએ અમુને પંચગનીમાં કાનવેન્ટ સ્કુલમાં રાખ્યાં. અરે, હું તો અસલથીજ બોલકણી ને હીમતવાન

ઉતી, પણ નાજુ તો એવી ગરીબ ગાય જેવી ઉતી કે કોઈ મરતાંને મર કરીને કેહે નહી. હું વીસ વરસની થઈ તારે મારાં એક સગાં માસી આંકોલામાં રેહતાં હતા તેવણે મને પોતાની સાથે રાખવા ખુશી બતાવી એટલે નાજુના બાવાએ મને ત્યાં પીડા કાહાડી. નાજુથી છુટું પડતાં મને એવું લાગ્યું કે જાણે કોઈ મારો હાથ કાપી નાખ્યું હોય. નાજુના બાવા પોતાની છોકરીને લઈ સીકંદરાબાદ ગીયા અને છ મહીનામાં તો ગુજરી ગીયા. આહ! નાજુ, નાજુ! અદીબા તમે મને ખુબસુરત ધારોછ પણ તમે નાજુને જોઈ હોતે તો કોણ જાણે શું કેહેતે. એવી રૂપાળી, નરી મડમ જેવી ને ગરીબ છોકરી તમે તમારા જનમમાં જોઈ નહી હોશે. સીકનદરાબાદમાં તે પોતાના બાપના કોઈ સગાને તાંહાં થોડા મહીના રહી હોસે એટલામાં ઘેરના છોકરા સાથ તેનો જીવ લાગો. પ્યાર પ્યારના જાત જાતના કીસ્સા આપરે વાંચીએ છીએ તે જાતનો પ્યાર નહી—પણ નાજુનો જીવ જાન બધો આ છોકરા ઉપર ઉતો. આ છોકરાએ નાજુને પણવાનું વચન આપ્યું અને નાજુને વીંટીબી પેહરાવી, પણ ભોલી નાજુને સમજાવી પટાવીને એવી ગોઠવણ કીધી કે હાલ તુરત એ વાત કોઈ આગળ બાહર પાડવી નહી કારણ કે તે છોકરાના માબાપ તેને કોઈ પૈસાદાર ઘેરમાં ગોઠવવાનો તાગડો રચતાં હતાં. આ બધું ચાલી રહયુંછ તેટલાં નાજુ પોતાના સગાંઓ સાથ મુંબઈ આવી ને એ લોક પાંડેની ધરમશાળામા ઉતરયાં. હું બેહેનને મળવા ગેઈ અને તે વખતે નાજુએ આ બધી વાત મને મલકાઈ મલકાઈને કેહી. મેં જારે ઘણુંજ દાબી દાબીને પુછયું તારે આએ કમનસીબ છોક-

રીએ પોતાની ભોળાઈમાં કહી દીધું કે તે લોકે છુપા છુપ ગુલબર્ગામાં લગન કરીખી દીધાં હતાં. ક્રીરીઆ કરવા સારૂ તેના વરે કોઈ બાહાર ગામના માબેદને બોલાવ્યો હોતો. આ વાત મને જરા ગમી નહી. પોતે અદરાઈ બેઠી ને અણ-જાણી જગાએ પરણી બેઠી તે જો મને જરા જણાવ્યું હોતે તો હું કંઈભી ખબર કાહાડતે. હું હવે એવી પસતાઉંછ કે મારે એની ઉપર જેટલી નજર રાખવી ઉતી તેટલી મેં રાખી નહી ને નભરવસ રહી. એ ધણી કોણ ઉતો તેનીબી મેં ખબર કાહારી નહી. એક બે કાગળ મને નાજુનાં આવ્યાં તેમાં એટલુંજ લખેલું ઉતું કે તે સારાં ખાનદાનનો છે ને આગળ ચાલતાં પાંચ પૈસાનો ધણી થશે. મેં જોયું કે બચારી માબાપ વગરની છોકરી ઠેકાણે પડે કરીને હું મુગી મરી રહી. પણ ખરૂં કેહું તો મારા પેટમાં જીવ નહી ઉતો. તે લોક પરણીને બાહાર ગામે ગામ ફરવાનાં ઉતાં એવી મને ખબર મળી એટલે નાજુનાં બીજાં કાગળોનીબી મેં વાટ જોઈ નહીં.

એમ તણ મહીના નીકળી ગીયા અને પછી નાજુનાં દસ્તખતનું મને એક કાગળ મળ્યું. હું તો તે વાંચીને હરણફાર થઈ ગેઈ. નાજુએ ગુલબરગાથી લખ્યું હતું કે તે ઘણી સીક છે ને બને તો મારે જલદીથી આવી મળવું. હું બીજેજ દહાડે દોડી ગેઈ. અરે ખોદા, આ શું અવસ્થા! ચાર રૂપીઆના ભાડાંની એક કોઠડીમાં નાજુ પડેલી હતી. તેને આખે અંગે સહીયડ આવ્યા હતા અને મરવા જેવી થઈ ગઇ હતી. મેં પુછ્યું કે તું આ સહીયડથી સબરે છે ને તારો વર કાંહાં છે? ત્યારે તે ધસાધસ રડી પડી.

મેં ઘણી પટાવી ને ઠંડી પાડી એટલે નાજુએ તકીયા તળેથી એક કાગળ કાહાડીને મારા હાથમાં મુક્યું. તે એના વરનું લખેલું હતું. શું બન્યું હતું તે હવે હું સમજી ગઈ. એના વરને પોતાને સહીયડ આવ્યા હતા તેની સારવાર કરતાં એ બચારીને ઉડયા હતા. તેને આવી હાલતમાં પડતી નાખીને તે કામને બહાને જતો રહયો હતો. સીકંદરાબાદથી તેણે કાગળ લખીને નાજુને જણાવ્યું કે તેને સલાહ મળી છે કે નીઝામના મુલકમાં થયલાં છુપાછુપ લગન કંઇ ખરાં લગન કહેવાય નહી ને ક્રીયા કરનાર ધણી કોઈની ખોટી સફેદ પાઘડી પેહેરી આવયો હતો પણ પાછળથી જણાયું કે તે કંઈ ખરો મોબેદ નહી ઉતો. જયારે નાજુએ રડી તતરીને ઘણી આજુજીથી કાગળ લખ્યો કે તે બીમાર છે અને પઈસા વગર તવલેછ તારે આ ગુનેહગાર પારસીએ રૂપીઆ ૧૦૦ ની નોટ બીડીને લખ્યું કે હવે તેને વધુ કંટાળો આપવો નહી અને તે તો એક ખાનદાની બાનુ સાથ જે વખત જાયછ તેમાં શાદી કરનાર છે !

મારી હીરા જેવી નાજુ ! આ વખતે મને એવો કાર લાગો કે એ પારસી જો મારી આગળ હોય તો જાણે છરી ભોકું."

મેં વચમાં મારૂં મત આપ્યું કે "તોબાહ, તોબાહ, બચારી નાજુની આ વારની હાલત ઉપર મને કેવી દયા આવેછ. પણ માશી બેહેન, એ ચંડાલ પારસીનું નામ શું ?" મેં જોયું કે આટલી વાત કરતાં માશીની આંખમાં ઝળઝળીઆં ભરાઈ આવ્યાં હતાં.

"જરા થોભો, દયા ખાવા જેવુંજ છે. આ કાગળ વાંચીને નાજુ તો ઘેલી જેવી થઈ ગેઈ. રાત દીસ બસ રડીયા કરે ને

પોતાના જીવને કડુવા દે. મેં તેને ઘણીબી સમજાવી કે આપરે ઉપાય લઇશું અને એ માણસને સજા કરાવશું, પણ તે ઉલટી તેની તરફદારી કરયા કરે અને પોતાનોજ વાંક કાહાડે. હું પંદર દાહાડા નાજુ સાથ રહી અને પછી મારા દોસ્ત આસનાવોની સલાહ પુછવા મુંબઈ આવી, પણ મુઈ હું આવતી ને જતી. નાજુ બચારીએ આઠ દાહાડા પછી રરી રરીને પોતાનો પરાણ મુકી દીધો."

"અફસોસ, અફસોસ, એવાંબી માણસ દુનીઆંમાં છે ?" હું બોલ્યો.

"હા, અમારી ઓરત જાતની મગરૂરીને તોરવા અને અમુને વેરભાવી કરવા સારૂં ખોદાએ એવાંબી માણસ સરજેલાં છે. એજ કારણથી કોઈ માટીડો મારી સાથ પ્યારમાં પડવાના ચાળા કરેછ ત્યારે તેને ખુબ હંબગ કરીને તેનું દીલ દુખવવાની હું મારી પવીત્ર ફરજ સમજુંછ."

"નહીં બેહેન, એમ નહી બોલીએ. એક માણસ એવો કોરગો નીકળ્યો તે સારૂં બધાંનેજ એવા ગણવા એ ઇનસાફ કહેવાય નહીં. જે પારસીએ તમારી બેહનને ફસાવી તે ખરેખર તેણીને ચાહતો નહીં હતો. તે લુચ્છો હતો અને નાજુની ભોળાઇનો લાભ લીધો. પણ તે સારૂં ખરી પ્રીત છેજ નહીં એમ માનો તેવાં તમે કાંઈ કાચ્યાં નથી."

"હોય તેમબી હોય, આપરે બધાં ખરી પ્રીતના હવાઈ સ્વપના જોઇએછ પણ હજુ સુધી મારા જોવામાં તો એવી પ્રીત આવી નથી. તમેજ કહોની જે જુવાન મરદ અમારી જુવાનીમાં ધરાંપરાં કરીને ઉથલાઈ પુથલાઈ જાયછ તે અમારી ઉમર

પાકટ થવા પછી તેવા ને તેવાજ રેહેછ કે? એમ સમજો કે હું હમણા દેખાવડી છેઉં તો મારી ઉપર દજનબંધ જુવાનીઆઓ જીપલાં મારેછ ને આસપાસ ભમેછ પણ સમજો કે મારી એક આંખ કાંઈ અકસમાતથી જતી રહી અને નાક ચપટું થઈ ગયું તો એ માંહેના કેટલાં જન ઉભા રેહશે?"

"બેશક, સાધારણ રીતે જોતાં એમ લાગેછ ખરૂં—પણ તમે એમ છેક બધાને ઉતારી પાડોછ તે કબુલ કરવા હું ના પાડુંછ."

"નહીં બા, મને તો એવો હાથ ધરનારો જોઇએછ કે હું અગલી હોઉં કે સોવામણી તોબી તેને મનથી સરખુંજ હોય. હું લુલી હોઉં કે લંગરી પણ મારા વગર ચાલે નહીં. એવો માટી મળવો મુશકેલ છે અને તે લીધે આપરે તો એવાંને એવાં પેલી ઝહાનમાં જઈશું."

પ્રકરણ ૧૧ મું.

તુરત વળા તો અમારી આ રસ ગળે તેવી વાત તમામ થઈ અને અમે પાછાં હોટલમાં ગયાં. બાદ સાંજના વરંડા ઉપર મળ્યાં તે અગાઉ મને ઘણી વાર વીચાર આવ્યો કે આ સીકંદ્રાબાદવાળા પારસી કોણ હશે. મેં મન મારવાના ઘણાબી પછાડા મારયા પણ જીવ રહયો નહી તેથી અચખુચ માકીને પુછયું.

"બેહન, તમે ખફા નહી થાઓ તો એક વાત પુછું? એ પારસીનું નામ નીશાન તમુને ખબર છે કે, તે કેવો છે?" પણ માકી બડી ઠાવકી હતી. નામની વાત તેણીએ ઉડાવી અને બોલી:—

"ભલા જાણુ મારી, મેં તેને નજરે જોયોજ નથી. હું ઘણી વખ્ત વીચારૂ છ કે તે મારા સપાટામાં આવે."

"ને આવે તો તમે શું કરી શકવાના છેઓ." મેં અચર-તીથી પુછયું.

"તે તો વખત આવશે તારે દેખાડશું—ચાલો હવે તો મોડું થયું. તમે મારા ઓરડા આગળ જરા આવશો તો તમુને નાજુને ફોટોગ્રાફ દેખાડશ."

અમે તુરત ઉઠયાં. માકી વેહલી વેહલી ફોટોગ્રાફ લઇ આવી અને મારા હાથમાં મુકયો. શું સરસ ચેહરો! આપરે પીકચર ગાલેરીઓમાં મેડોનાનો નીરદોશ મીઠો ચેહેરો જોઇએ છીએ તેવોજ સાડીવાળો ઘાટ ઘટમ. આ પીકચર જોવા પછી માણે-કનો થોડો ઘણો ગુસ્સો મારાં મનમાંથી બરપા થયો.

પીકચર પાછું આપતાં હું બોલી ઉઠયો, "ઠેંકયું. તમુને કેવું લાગતું હશે અને શું થતું હશે તે હવે હું સમજી શકું છ."

માકીએ રૂમાલ કહાડીને પોતાની આંખો નુછી અને પછી પોતાનો હાથ લાંબો કરીને મારો હાથ પકડયો અને ડચકાં ખાતી બોલીઃ—

"તમે મને ઘણા ગમોછ. તમારૂં દીલ દયાવંતું છે ને અમારી મુશકેલી સમજી શકોછ. અદીબા, હું તમારી દોસતીની આરજુમંદ છેઉં. પેલી સાધારણ છોકરા છોક-રીઓ નાચણીઆ ખેલ કરીને પોતાના વસા ગુમાવેછ તેવી દોસતી નહીં પણ મને તો એવો સાચો દોસ્ત જોઇયેછ કે અવારનવાર મારી ભુલ સુધારીને મને ખરૂં હોય તે કેહ."

"પણ તમે મારા જેવા એક જુવાન પુરૂશ સાથ—"

"નહી, નહી. તમે શું કહેવા માંગોછ તે હું બરાબર સમજુંછ. તમે એક બીજી બાનુને તમારૂં જીગર સોંપેલું છે તે હું જાણુંછ ને તેટલાં વાસતેજ મારા જીવને નેહ છે. મારી ઇચ્છા એવી છે કે તમે મને એક સગા ભાઈ તરીકે કામ લાગો ને મને સલાહ આપતા રહી સારે મારગે ચાલવા શીખવો. બોલો, કબુલ" ?

આ વાર માકીની આંખમાંથી તડ તડ આંસુ પડતાં હતાં પણ તે છતાં તેનું મોંહ હસતું હતું. મેં તેણીનો હાથ પકડયો અને બોલ્યો.

"કબુલ—મારા જીગરથી કબુલ."

"તમે સોગંદપર કેહોછ"?

"હા, સોગંદપર !" આટલું બોલી માકીનો નરમ રેશમ જેવો હાથ મેં મારી આંખમાં ચાંપયો. હજી તો હાથ આંખમાં દાબેલો છે એટલામાં ઠડાક દેતું સામેના ઓરડાનું બારણું ઉઘડયું અને આપણા પુરાણા મીત્ર ઇબિઇજી ડોળા ફાડીને અમારી સામે ઉભાં. તેવણ બદીયાન ઉપરજ ફુલ ડરેસમાં હતાં. પોતાનો ફલકસુર ચેહેરો દેખાડીને તેવણ પાછાં પોતાના ઓરડામાં ગેબ થઈ ગયાં. અરે એ ધાંખરી મરેરે પાછલી રાતના. એ અહીં કયાંથી ફુટી નીકળી. અમે બહાર ફરવા ગયલાં ત્યારે સાંજની ટ્રેનમાં આવી હશે. જમવાના ઓરડામાંબી જણાઈ નહી એટલે પોતાના ઓરડામાંજ ખાણું મંગાવ્યું હશે. હું મારા વર્ડ ઉપર કેહુંછ કે મારી અને માકી વચ્ચેની આ નવી મીત્રાઈ એક ભાઈ બેહેનના જેવીજ ખાલેસ

હતી, પણ આ ઘરભાંજુ ડોસીનાં ડાચાં પરથી મને લાગ્યું કે અમે બન્ને જન એની બત્રીસીમાં જબરદસ્ત સપડાયાં હતાં. હું તો ફગલાઇ ગયો પણ માકી તો ખડખડ હસવા પડી.

"જોયું અદીબા, આ તમારી ચંદરમુખી જુની દોસ્તના સકાર જોયા? હવે એને રાજી રાખો નહીં તો તમારાં પીછરાં વેરી નાખશે. હું પોતે તો એની એક ટચાકરી ભાર દરકાર કરતી નથી."

આમ બોલી માકી તો કમ્મરે બે હાથ દઇને ઇબઇજીના બારણાંની બાહાર નાચવા કુદવા અને ખીંચ પાડવા લાગી. હું હર પલે બીહીતો હતો કે માકી આ ભાવટા પાડે છે તેવામાં રખેને ઇબઇજી બારણું ઉઘાડીને સાથે મનેબી સંડોવે. ઇબઇજી બચ્ચાંને ઓલખતાં હતાં, અને હું તેવણને જોઇને નાહાસતો હતો, તે તેવણ સારી પેઠે સમજતાં હતાં એટલે એવણ હવે કોણ જાણે શું કરશે તેના વીચારમાં હું વીટળાઇ ગયો.

"જવા દેઓની માકી માય, આએ ઘરડીની જીભ ઘણી ઝેરી છે. આપુને જોયાછ તેની વાત તો એક કોરે રહી પણ હમણા તમુને નાચતાં ને ખીચ પાડતાં જોશે તો કામ વધારે બગડશે."

"અરે જાઓરે, અહીં ખાસડાંના ભાર પડયાછ. એવી એવી તો એકસો ગંડેરી સકકેને મારાં ખીસાંમાં મેલું."

રાતો રાત તો અમે વગે સગે થઇ ગયાં પણ સહવારના પોહોરમાં નવમો ઘડો ઇબઇજીના દર્સન સામેજ થયાં. આપ- રેબી ચાટ જેવા સામે ગયા અને જાણે કસાંમાં હોયજ નહી તેમ મુવાંને લાંબા ટુકાં કીધાં. શું કરીએ, પથરા તળે હાથ

આવ્યો તે કંઇબી કરીને કાહાડવાનોજ તો. અલબત હું તો મારાં મન સાથ જાણતો હતો કે મેં કંઇ ખોટું કીધું નથી, પણ બઇજીને મનથી તો જાણે મેં શુંએક અજીમ ધુનાહ કીધો હતો એટલે એ ડોહીને જેમ તેમ પટાવી લેવામાં ફાયદો છે એમ મને લાગ્યું. ડોસાંએ કાંસી કરાંજીને જવાબ તો દીધો પણ તેવણના વંસાયલી દાળ જેવાં ડાચાંપરથી હું પામી ગયો કે તેવણનો સ્ટીમ ચહડેલો છે. ઉપરા સાપરી સવાલ પુછતાં જણાયું કે તેવણ પોતાના ધનધન ધોરી ધણીને આગળથી ઉઠી મોકલીને પોતે ફક્ત એક દાહાડો કુનુરમાં આસાયસ માટે રેહવાનાં હતાં અને બે ત્રણ દીવસમાં પતવાના હતાં તેવણે પોતેજ વાત છેડી.

"અરદેશર બા, મેં સાંભળીઉં કે નવાબ મીનોચેર ને તેવણના બેહન બચ્ચાં બેગમ અહીં આવવાના છે, ખરી વાત કે?"

"હાજી, એ લોક પરમ દાહારે આવશે."

"અંહ?"

હું તુરત પામી ગયો કે બઇજી માકી વીશે મનમાં ગણત્રી કરતાં હતાં. તેવણના ત્યાર પછીના ધડાકાથી મારી અટકલ ખરી પડી.

"અદીભાઇ, તમે અહીં એખલા એખલા ખુબ મોજ મારી રહયાતા—હવે તો જરા અસીકું લાગશે".

મારાં ભવાંનો ચીલ્લો ચહડયો પણ લોહીનો ગોટ ગળી જઇને પુછયું "તે કેમ?"

"માકી મેહતાબી અહીંજ છે ને હું પેહલાંથીજ પામી ગેઇતી કે તમો બેહુની રાસ સારી છે."

હું લગાર ગુસ્સામાં કાંઇ અભાડો બાળવા માંગતો હતો એવામાં ઇબઇજીએ ઉઠીને ચાલતી પકડી. બપોરના હું ને માકી રોજની પેઠે એક મેજ ઉપર ટીફીન લેવા બેઠાં ને જોઇએછ તો સામેની છુટી મેજ ઉપર ઇબઇજીબી ગગરેલાં ને અમારી ગમ ડોળા કહાડી કહાડીને જોય ને તરેહવાર નસકોરાં ચહડાવે. ટીફીન પુરૂં થયા પછી મારી અત્યંત અજાયબી વચ્ચે માણેક ઉઠીને ધસારાબંધ ઇબિઇજીની આગલ ગઇ. હું તો એવો ચમકયો કે ઓજબા ! કોણ જાણે આકળી માકી શું એક મોહોકાંણ વાળશે. પણ નહીં, તે તો જઇને ઇબિઇજીની ટેબલપર બેઠી ને હસી હસીને ખબર અંતર પુછવા લાગી. ઇબિઇજી હજુ તો જવાબ આપે તે અગાઉ માકીએ મને બોલાવ્યો.

“અદી આવોની—આવોની—શરમાવોછ શાના—ઇબ-ઇજી માય કંઈ લોક છે કે ? ઇબિઇજી માય, કેમ છેઓજી, ઘણે દાહાડે મળયાં. આપરે વાંદરે કેવાં ચાંદરણામાં સાથે રાતના જમતાંતાં હું ! તમે અગાઉ દુધ ને પહુવા કેવા સરસ કરીને અમુને હસાવતાંતાં હેં ?” તમે પગનાં નખ બેઠાં બેઠાં ટુપતાંતાં તારે હું કેવી તમોને ચીડવતીતી હેં ?”

આ વાર ઇબઇજીના ચેહરાનો ચીતાર વર્ણવાને મારામાં તાકાત નથી. તેવણ ઉં–આં કરીને ધરણભાવ જેવાં બેસી રહયાં ને માકી તેમનાં મોહોડાં પરજ ખડખડ હસવા પડી. હું તો તરત પામી ગયો કે માકી આ સઘળું ઇબિઇજીનું પાકવવા અને તેવણને છેડવા કરતી હતી. મારા પેટમાં તો ઉલટો ધસ્કો પડયો, કારણ કે મેં ઇબિઇજીને જેમ તેમ ઠંડા પાડવાની તજ-વીજ શરૂ કરી હતી અને માકી ચવીત્રીએ તો આ પ્રમાણે જાણીજોઇને ઘાણ બગાડયો હતો.

આખરે ઇબઇજીના પેટ માંહેની વરાળ બહાર પડી. તેવણે આણકા કરીને પુછયું. "તમેબી પરમદાહારા સુધી અહીંજ રેહવાના છેઓ કે?"

"હાજી, મારો એવોજ વીચાર છે—કાંય? કાંઇ વાંધો છે" માકીએ પુછયું.

"નહીં—મકુંજે તે દાહારે નવાબ મીનોચેર ને તેની બેહેન અહીં આવવાના છે તેથી કદાચ તમુને પરવરશે નહીં" ઇબ-ઇજીએ અભાડો બાજયો.

માકી હવે ચમકી "કોણ?"

"આપરા અદીભાઇના મોટા ફ્રેન્ડ મીનોચેર ને તેવણનાં બેહેન બચાં બેગમ. હું એ લોકને ઘણા સારી કાની ઓળખુંછ."

"નહીં—મને ખબર નહીં" માકી તરફથી બોલાઇ જવાયું.

"અરે વારે અદીબા, તમે એ વાત તમારા પેટમાંજ રાખી કે?" ઇબઇજી ગીલીગીલી લગાડીને બોલ્યાં.

હું હવે વચ્ચે પુરાયો. "મેં માકી માયને કહયું હતું કે મારાં બે ફ્રેન્ડ આવવાના છે. મેં નામ નહીં કહયાં કે? હું ભુલી ગયો હોઇશ. પણ તેની શું ચાંતા છે. તે લોક આવશે તારે એક બીજાને બરાબર ઓળખશે."

"કેમ કેહવાય—બચાં બેગમ બડી ટેકવાળી છે ને એમ જેની તેની સાથે ભળાય તેવી નથી. કદાચ એક પારસણ બાઇને એખલી આએ હોટેલમાં જોઇને વીચારમાં પડશે" ઇબઇજીએ ઝેર રેડયું.

આ વાર માકી મુગી મંતર ઉભી હતી. તે સઘળો મામલો સમજી ગઈ. તેણીના મનમાંથી કાંઈ વીચીત્ર ઠરાવ પસાર થઈ જતા હતા. જરા વારે લાગ જોઇને તે બોલી:—

"ઇબિઇજી માય, તમે શાની વાત કરોછ મેં તો કંઇ સાંભળ્યું નહીં, મરેરે મારૂં ધક કાહાં ચરવા ગીયુંછ. ચાલો, સાહેબજી, હું ને અદીબા દરરોજ સહવારના જરા ફરવા જઇયેછ તેથી તમુને સ્ટેશન ઉપર મુકવા આવવાને બને નહીં તો માફ કરજો. સાહેબજી. વરી કોઈ દાહારે મળશું. તમારા દોરાબજી પટેલને મારી દુવા કેહેજો. તેવણુને અગાઉથી એખલા ધકેલી દીધા તમે હરવાઈ જાઓ.રે—"

આ પ્રમાણે તીર ફેંકીને માકી ત્યાંથી નાહાઠી.

પ્રકરણ ૧૨ મું.

ધમધમ કરતો મંગળવાર આવી ચઢયો. તે દીવસે નવાબ મીનોચેર અને બચ્ચાં બેગમ અગીયાર વાગે આવી પુગવાનાં હતાં માટે હું જઈને સાડાનવ વાગેથી સ્ટેશન ઉપર ખુંટો દાટીને બેઠો. ડોળા તણાવી તણાવીને ટ્રેન આવી પહોંચી અને એ બેહુ જન મને જોઇને ખુશી દેખાયાં. હોટેલ પાસેજ હતું એટલે અમે ચાલતાં નીકળી પડયાં. બચ્ચાં અને હું મુગાં મંતર થઈ ગયાં હતાં અને હંમેશ મુજબ મીનોચેર ટક ટક કરી રહયો હતો. મારૂં ધક ધ્યાન સઘળું બચ્ચાંમાં હતું એટલે તે શાની વાત કરતો હતો તેનો એક બોલખી મેં

સાંભળ્યો નહીં. પણ ધક ચરવા જાય તેમાં કાંઈ નવાઈ છે? શું બચ્ચાંનો ઠસ્શો ને શું રૂપ. કોઈ દહાડે તમે સાંભળ્યું છે કે સોના ઉપર ઢોળ ચહડાવવાથી વધારે પીળું થાય? બચ્ચાં ખુબસુરત તો હતીજ પણ આજે તો જાણે—આહહ! ડબલ ડીસટીલડ ખુબસુરત! સુનેરી બાલનો ભાથરો તડકાંમાં એવો તો ચકચક થાય કે જાણે સોય તે પસવારૂં. ને આંખ! કેવા રંગની કેહું? જાંબુલી કે બ્લુ કે માજરી: જાણે દાહાડાના છત્રીસ કલાક ચેહેરો જોયા કરીએ તો ઠાકીએ નહીં. ઘણી જાડી નહીં, ખાસ્સી સોટા જેવી મારી બચ્ચાં હતી. જાણે તેને પગે લાગીને પુંજા કરીએ.

હોટેલમાં આવી પુગયા પછી મીનોચર સામાન ગોઠવવા પડયો એટલે હું ને બચ્ચાં એકલાં પડી ગયાં. હું પેહેલાં તો જરા અચકયો ને ઘભરાયો પણ કોણ જાણે આજે શું હતું કે બચ્ચાં ખુશ મીજાજમાં હતી અને મારી સાથે હસી હસીને વાત કરતી હતી. અમે બપોરના બાર વાગે ઠરીઠામ થયાં. મારા પેટમાં મોટો ધસ્કો એ પડયો હતો કે રખેને મારી કવાબમાં હાડકું નડે. સારાં નસીબે, મારી અત્યંત ખુશાલી વચ્ચે મારી તે વારે બાહાર ગયલી હતી. ખબર કાહાડતાં માલમ પડયું કે એક બીજાં હોટેલમાં કોઇ પારસી ફ્રેંડ આવ્યા હતા તેને ત્યાં લાંચ લેવા બાઇ સીધારયાં હતાં. ચાલો; હાલને કાજતો જમવાની ટેબલનું વઘન વહી ગયું. સાંજના ત્રણ વાગે બચ્ચાં બોલી કે આપરે બે ત્રણ દાહાડા રહેવાના છઇયે એટલે હમણાંજ જઇને પેલી નામીચી પાઇન્ટ જોઈ આવ્યે. મીનોચેરને તો હમણાં ફોટોગ્રાફીનું ઘેલું લાગ્યું હતું ને કોઈ નવી તરેહનો 'કોડાક' લઈ આવ્યો હતો ને

તેની સાથ ફાંફાં મારતો હતો એટલે હું ને બચ્ચાં એકલાં નીકળી પડયાં. મારો જીવ સખ્ખે જતો હતો. પાછળથી બનેલા બનાવોનું કંગાળ વર્ણન કરીને હું આએ પળની મારી ખુશાલીમાં ખતરો નાંખવા માંગતો નથી. બચ્ચાંએ તો બસ આશ્ચર્યતી કીધી, તેની બદામ દરાખ વેરાઇ વેરાઈ જતી હતી. આવી હસ્તી મેં તેણીને અગાઉ કોઇવાર જોઈ ન હતી. મેં સુચના કીધી કે જો ઠાકી જાય તો સાથે રાખેલી રીક્ષામાં બેસવું પણ તે હસીને બોલી:—"ઠાકી જાય? મને તો અહીં એવું ગમેછ કે જાણે દસ મૈલ ચાલુ ને અહી બે ત્રણ મહીના રેહું."

આ પ્રમાણે બાગે બેહસ્તના સ્વપના જોઈ અમે હોટેલમાં આવ્યાં ત્યારે ડીનરનો પહેલો ઘંટ વાગી ગયો હતો. હું ડ્રેસ કરવા મારા ઓરડામાં ભરાયો. નહીં બટન પાય કે નહીં કાલર બરાબર આવે. હરખને મારે હું મારી શુધ બુધ ગુમાવી બેઠો હતો. હું જયારે ડાઇનીંગ રૂમમાં દાખલ થયો ત્યારે જોઉછ તો બચ્ચાં એસકી મેસ્કી થઇને એક ઘરડી મડમ સાથ ખુબ વાતમાં મશગુલ હતી. આ ડોસીને રોજ હું ડાઇનીંગ રૂમમાં જોતો હતો. જયારે હું ને માકી ખાવા બેશીએ ત્યારે તે ઘણા ચીતથી અને દેખાઇતા સંતોશ સાથે અમારી ગમ જોયા કરતી હતી. હું એક ખુણામાં આશ્રીકના પીક્ચર જોતો ઉભો એવામાં માંકી આવીને મેનેજરની હાશ્રીસ આગળ કાંઇ સ્ટાંપ લેવામાં રોકાઈ. હું જે ખુણામાં ઉભો હતો તે અલબતે બચ્ચાં અને પેલી મડમના જોવામાં આવ્યું નહીં, પણ તે લોક શું વાત કરતાં હતાં તે બરાબર મને સંભળાતુ હતું.

માકી ગમ જોઇને મડમે મત આપ્યું કે "કેવી રમકડાં જેવી લેડી છે. હું તો હવે ઘરડી થઇ, પણ તોખી જયારે

એક જુવાન જોડાંને ખાલેસ પ્યાર કરતાં જોઉંછ ત્યારે જાણે મારી જુવાની મને પાછી યાદ આવેછ."

"એમ કે?" બચ્ચાંએ સેહજ હુંકારો પુરયો.

મડમે આગળ ચલાવ્યું "કેહેને બચારી વીધવા છે ને એબલીજ અહીં આવીછ. મને એક તમારીજ જાતની પારસી બાઈ કેહતી હતી કે એ ઘણી જુવાન ઉમરે રંડાઈ. બધું જોતાં એ બીજું ઘેર કરે તેમાં ખોટું હું તો કંઈ જોતી નથી, કેમ તમારો શું વીચાર?"

"કેમ કહેવાય, એ તો આસપાસના સંજોગ ઉપર આધાર રાખેછ, પણ મીસીસ બાનર, કોણુની સાથે એનું ગોઠવાય એમ છે?" બચ્ચાંએ પુછયું.

અત્યાર લગી તો આ વાતચીત ઉપર મેં કાંઈ ધ્યાન આપયું નહીં. હું જાણું કે કાંઇ સુખ દુખની વાત કરતાં હશે. હું વારંવાર જોનો હતો કે કયારે આ કારામાય ટાહેલું પતે કે મને બચ્ચાં સાથ એકલી વાત કરવાનો ચાન્સ મળે. પણ બીજીજ પળે હું એક હાથ ઉછળયો. ઇંગ્રેજ ડોસાં બોલ્યાં "પેલો પારસી અહીં છે તેને તમે જોયો નહી? મીસીસ ધબઈજી પટેલ કરીને અહીં ઉતાં તેવણે મને કહયું કે એ પારસીનું નામ અદીબા કોટવાલ કરીને છે."

બચ્ચાંના મોહપરનું લોહીનું ટીપેટીપું ઉડી ગયું. તે જરા આંખ વીચીંને બોલી "મીસીસ બાનર, હુંધારૂંછ કે તમારી સમજવામાં કાંઈ ભુલ હશે."

" અરે પણ હું કંઇ એખલીજ એમ ધારૂંછ કે, આખું હોટલ જાણેછ. એ બંને જણ રાતના સુવા જતી વખતે છુટાં પડતાં હશે. બાકી આખો દહાડો સાથેના સાથે. પણ એમાં ખોટું શું છે? જુવાન જીવડા છે ને પોતાને મન ગમતું જોડું બાંધે તે હું તો પસંદ કરૂં. બધાંતો કેહેછ કે એ લોક અદરાઇ ચુકાંછ. સહવારના પોહોરમાંથી સાથે ફરવા જાયછ, સાથે નાસતા કરેછ ને બધું નક્કી છે. જોજો, તમે જો ઉઠી જવાના હશો તો તમુને નક્કી લગન ખાવાના મળશે."

હવે વાંચનાર સાહેબો, બોલો હું શું કરૂં. મારા ધભરાટનો શું પાર હશે તેનો વીચાર કરો. મારૂં જો ચાલતું હોય તો આએ નાપાક ડોસીનું ડોકું ભચડી નાંખું. આ વખતના જેવો ખુનપર હું કોઇ દહાડે ચહડયો ન હતો. હું મારા ખુણાં-માંથી બહાર પડયો અને ઠરાવ કીધો કે બચ્ચાંના દેખતાંજ આ ડોસીને ખખરાવી નાખું. પણ ધસારાબંધ હું જતો હતો તેટલાં મને એક ઉંબરની આંટી લાગી અને મારી ટોપી ઉડી ગઇ, જે ઉંચકયા પછી જોઉંછ તો મીસીસ બાનર અને બચ્ચાં બેહુ ગેબ થઇ ગયલાં, પણ તેને ઠેકાણે મીનોચેરબા ફફડતા ચટકતા મેજ ઉપર બીરાજેલા.

"વાહ! તમે લોકેબી ઠીક ધંધા માંડયાછ. હું પા કલાક થયાં અહીં બોઠી થાઉંછ ને તમારા લોકનું ફરવાનુંજ પુરૂં થતું નહીં કે? બચ્ચાંને કાંહાં નાખી આયો?"

આ તકરાર ચાલેછ એવામાં માકી લટક મટક કરતી સામેથી ચાલી ગઇ. મીનોચેરનો તમામ મીજાજ હવામાં ઉડી ગયો.

"અદી એ કોણ? ઓ માઈ ગાડ, શું ચેહરો છે. તું એને ઓળખેછ કે—જરા મને ઇન્ટ્રોડયુસ કરાવજે હું—આહ યાર. શું ખોદાએ રૂપ બનાવ્યુંછ."

હું તો જાણું કે માકી દમમાં ને દમમાં ચાલી જશે. પણ નહીં તે તો મારી વાહાલી સરભોગ અમારી આગળ ચાલી આવી અને ગાલમાં ખાડા પડે તેમ હસીને મને પુછ્યું:–

"તમારી વાતમાં કોઈબી રીતે ખલલ કરવા દલગીર છું પણ હું પુછવા માગતીતી કે જમવાની ટેબલની શી ગોઠવણ છે?"

મુવા છુટા. હું તો મન સાથ ખાંડ ખાતો હતો કે બધું પોતાની મેળે ઠીકાઠીક થઈ જશે. આએ તો ન ધારેલો ધડાકો આવ્યો. આપરે શું જાણીએ બા કે માકી મસતાનમાં આટલાં ચરીત્ર છે. મારે પેહલાંથીજ મીનોચેર અને બચાં આગળ ખાનગીમાં ખોલાસો કરી દેવો હતો પણ આપરે એવા ઓડાની તારેજ કેની. મીનોચેર તો આગળથી ખસે નહીં એટલે બેહુને 'ઇન્ટ્રોડયુસ' કરવા વગર મારો ઉપાય રેહયો નહીં.

પણ માકી ચવીત્રી તો શેહતાનીયત કરવાજ આવી હતી. ઓરત જાત પક્કી તો ખરી. તે સારી પેઠે જાણતી હતી કે ખાધાની ટેબલનું જે તે નક્કી કરવું હોય તો બચાં આવે તે અગાઉ માઠીડાઓ સાથ હાથો ઠોકવામાં ફાયદો છે.

"અદીબા, આપરે રોજ જે ટેબલપર બેસતાંતાં તાંહાં તો ખસાડીને તમારા લોકની મોટી ટેબલ માંડીછ, તો મારે સારૂં શું કરૂં? જરા વેટરને બોલાવીને કેહશો?"

માકીએ જે તાગડો રચયો હતો તે આબાદ પાર પડયો. મીનોચેર ચમકીને ખડો બેઠો "હેં, એમ કંઈ હોય? નાનસ-સ—"

"અરે નહીં રે જી, એમાં શું મોટી વાત. મેં કંઈ જગા ભાડે લીધીતી કે? ખરી વાત તો એ છે કે એ તો ટેબલ અદીબાએ એનગેજ કીધીતી ને મને એકલી જોઇને મારી ઉપર દયા કરીને મને સાથે જમવાની ગોઠવણ કીધી, પણ હવે તમે લોક આયાંછ એટલે વાત જુદી છે."

"પણ કાંય જુદી છે?" મીનોચેરે તકરાર લીધી. "અમારી ટેબલપર તમેબી કાંય નહીં બેસો. ત્રણના કરતાં ચાર સારાં. હું તો ધારૂંછ કે એ મેજ ઉપર પહેલો હક તમારો છે. તમે રજા આપો તો આપરે સાથે બેસીએ".

માકી મરેરે પાછલી રાતના. એની આંખપરનું પાપણબી હીલે નહીં. "એમ કંઈ હોય. તમે અને અદીબા જુના દોસ્ત છેઓ ને હું તો આજ કાલની ઓળખાણવાળી છેઉ. વળી તમારાં બેહેનને આએ ગોઠવણ પસંદ નહીંબી આવે. તેવણ કહેશે કે એ કાંહાં કવાબમાં હાડકું. હજુ તો અમે લોક એક બીજાને ઓળખતાંબી નહીં."

"છટ, છટ, તેમાં શું મોટી વાત—પાંચ મીનીટમાં ઓળખાણ! લેઓ બચાંજ આવી, બચાં—બચાં આએ મીસીસ માકી મેહેતા."

બચાંએ ઠસ્સામાંજ સેહેજ ડોકું હલાવયું.

મીનોચેરે વધુ ખુલાસો કીધો "આપરે છેતે, બચાં જોની, આપરી ગેરહાજરીમાં એવણ ને અદી સાથે એક



નરીંજી—તમારી ઘણી મેહરબાની થઇ. સફે ૭૫.

ટેબલપર બેસતાં હતાં, ને હવે આપરે આયાંછ એટલે એવણ જુદાં બેસવા માંગેછ. હું તેનો વાંધો લેઉછ કે એમ શું કરવા એવણને અડચણ કરવી જોઇયે. એવણ મારૂં માનતાં નહીં. જરા તું સમજાવની."

હવે જાણવું કે મીનોચેર ભાઈ ઉપર બચાંનો જીવ જાન હતો. ભાઇનો પડયો સખુન તે હમેંશ ઉપાડી લેતી હતી. ઘણુંજ કડવું મોહડું કરીને બચાં બોલી.

"જી, હોટેલ સઘળાંને માટે ખુલ્લું છે. તમારે ગમે તાંહાં બેસોની." હું સારી રવેસે જાણતો હતો કે માકી અમારી ટેબલ ઉપર દસવા માગતી હતી અને બચાંના આ શબદોને પોતાની મતલબસર સમજીને બેશક દસી જશે. પણ એક હુશીઆર છોકરીના ચરીત્ર હજુ શીખવાને મને ઘણી વાર છે. આંખના ભવાં ચહડાવીને આ કદરૂપું ઇનજન માકીએ ના પાડયું.

"નહીંજી, તમારી ઘણી મેહેરબાની થઈ. તમે જુના દોસતો વાતચીત કરો તેમાં ખલલ નાખવાનું ઠીક નહીં. સાહેબજી—સાહેબજી."

આમ છણકો કરીને માકી ત્યાંથી ચાલી ગઈ. પણ હવે મીનોચેરનો ચીલ્લો ચહડયો, "એ આજે તુને શું થયું બચાં. આજના જેવી તરકરી મેં તુંને કોઈ દહાડે જોઇ નથી."

"એમાં તરકરૂં શું થયું. હું શું બોલી?"

"શું બોલી? જરા ધ્યાન ઠેકાણે રાખ. તારી બોલવાની ધપ દેખઈતી એવી હતી કે જાણે તું મીસીસ મેહેતાને ખેરવવા માંગતી હોય."

"ખરી વાત છે. મારી મતલબ તેવીજ ઉતી. એક પારકી બઇરીને ઓરખીએ પારખીએ નહીં ને સાથે જમવા શાની બોલાવીએ."

મીનોચેરનો મીજાજ ખુબ ચસકી ગયો હતો. તેણે જવાબ આપીને વધુ આટો બાફયો.

"તું નહીં ઓરખતીતી તો શું મોટી વાત થઇ, તું કંઈ ગામનો ગવનડર છે કે? અદી તો એને ઓળખતો હતો કેની? એ લોક રોજ સાથે જમતાંતાં—કેમ અદી, ખરૂં કેની?"

આપરે કાંસી કરાંઝીને જુઠું જુઠું હાંસ્યા.

"બીજું કંઈ નહીં તો અદીની લાગણીનો તો વીચાર કરવો હતો. મેં તેડું કીધું ને તેં આવીને ધાન બગાડયો તે મને કેવું ખશીયાણું લાગું તેની તો તુને દરકારજ નહીં કે. અમે બેહુ જને બોહોંસા બોહોંસ કીધી ને તેં અમુને ચાટ પાડી મુકયા."

હવે શું કરૂં? અભાગયા મીનોચેરે મારૂં નામ ખાલીપીલી સંડોવ્યું હતું. વાંચનાર, તમે શાક્ષી છો કે મેં જરાબી બોહોંસ કીધી ન હતી. ઉલટો મારો વીચાર તો એવો કે માકી નહીં હોય તો ઠીક. પણ હવે બચાંની વારી આવી. તે લાલ લાલ થઈ ગઈ અને મારી ગમ આવા આવા ડોળા કાહાડીને બોલી.

"મીસતર કોટવાલ, તમારી ફેડ તરફ મેં કાંઈબી તોછડાઇ વાપરી હોય તો હું તમારી દરગુજર ચાહું છ. હું જોઉં છ કે અમારા આવ્યાથી કંઇક ચકર મંડળ ઉલટાઈ ગયું છ, પણ તેનો ઉપાય સેહલ છે. તમે હંમેશની કાની તેવણની સાથેજ જમો તો પછી કસો વાંધો રેહશે નહીં."

"નહીંજી" આપરેબ્ધા જરા ચસકવા માંડયા હતા "નહીંજી, મારો વીચાર આજ્મેજ મેજપર તમો લોકની સાથે બેસવાનો છે."

"જેમ તમારી મરજી, પણ હું ધારૂં છ કે તમે તમારી સહી સાથ જમવાનું રાખશો તો બધી બલા દુર થશે."

હું કુદ્દડીને ઉઠયો, પણ મીનોચેરે મારો ડગલો પકડીને મને રોકયો. "બેસ, મુંગો મુંગો આજ્મે ખુરશીપર બેસ. બચાં, આજે તુને શું ભુત ભરાયોછ? અગાઉ તો કોઇ દાહાડે એમ નહીં કરતીતી. પેહલાં એક અનજાની બાઇને ઇંનસલ્ટ કીધું અને હવે આપરા દોસત અદીને કેહેછ કે બીજી મેજ ઉપર જમવા જુદો બેસ! તારૂં માથું બાથું બીસી ગીયુંછ કે શું. બેસ, અદી, તું તારે મુંગો મુંગો બેસ."

"નહીં બીરાદર, હું તો જરા બાહાર લટાર મારી આઉંછ."

"લે વળી, તુંને શું વાઇગોળો થઇ આયો. આજ્મે હોટેલ છે કે મેટહાઉસ. હું ધારૂંછ કે મારૂં એકલાનુંજ ભેજું સાબુત છે. મારો હુકમ છે કે તમે બેહુ જન ગુપ ચુપ ટેબલ ઉપર આવો નહીં તો પંચાતી થશે. અદી, આજે મારી આજ્મે ડાહી બેહેને જે રકાસ કીધોછ તેની જરાબી પરવાહ ના કરતો. આપરે સાથે આયાં ને સાથે ફરવાના ને એમ કંઇ ચાલે."

અલબતાં ટેબલ ઉપર અમે એક બોલ બોલ્યાં નહીં. હું તો ઠંડો ગાર થઇ ગયો હતો. દુરથી એક મેજ ઉપર માકી એકલી જમતી હતી. તેના ઉપર મીનોચેહેરનો ડોળો બોભાયો હતો એટલે તેણે અમારી દરકાર કરી નહીં. મીનોચેર દુરથી મારી ગમ જોઇ અભાડો બાળવા બેઠો કે, "શું પરીચેહર જેવી છોકરી છે. ઇલેકટરીક લાઇટની નીચે જાણે મારબલનું પુતલું."

હવે હદ થઈ. બચ્ચાં ડડાક દેતી ખુરશી ખસેડીને ઉઠી અને મીજાજમાં ને મીજાજમાં પોતાના ઓરડામાં ચાલી ગેઈ. મેં જોયું કે આ માકી મસ્તાન પોતાનો રૂમાલ મોહોડાંપર દાબીને ગીલી ગીલી લાગે તેમ ગુપચુપ હસતી હતી.

પ્રકરણ ૧૩ મું.

ભાઈ બેહેન.

તમે જોયું તો હશે કે બચ્ચાં અજબ તરેહની મીજાજી હતી પણ કોણ જાણે શું કારણથી એનો પોતાના ભાઈ મીનોચેર ઉપર જીવજાન હતો. ભાઈને તો તે એક નહાના ખોદા જેવી માનતી હતી. તે જરાબી અનમનીઓ કે નાખુશ અથવા બેચેન દેખાય તો જાણે તેનો પવન એનેબી વાગતો હતો. તમને કાનમાં કહુંછ કે મીનોચેરબાના પોતાનામાં કાંઇ રામ ન હતો. મારી સાથે તે સ્કુલમાં હતો ત્યારથી એને હું ઓળખતો હતો. તે અવળી ગમનો હમેશ ફર્સ્ટ રહી બાજઠ ભાંજતો અને અમારે હાથના ધપ્પા ખાતો હતો. પણ હવડાં પૈસાના જોરે અને નવાબનો નીઝામી તાઇટિલ મળવાથી પોતાને ઘણો મોટો માણસ સમજતો હતો. બચ્ચાંના માબાપ ન હતાં અને મીનોચેર એકપુરો ભાઈ હોવાથી તે મીનોચેરની પાછળ ઘેલી ઘેલી હતી, ને બીજાઓ તેને નવાબ નવાબ કરતા કારણકે તે કુવારો અને વળી પૈસાદાર હતો. તેનામાં એક કમાલ એબ એ હતી કે દરેક કુમારી છોકરી તેના સાથ પરણવાના જીપલાં મારે છે એવી તેના ભેંજામાં રાઈ હતી. આ કારણથી તેનામાં ગરૂરી

વ્યાપી રહી હતી. કમભાયગે પરણવા લાયક છોકરીઓ જેટલી નહીં તેટલી તેમની માતાઓ મીનોચેરને જાલમાં પકડવા માટે તરેહવાર હસવા લાયક નખરાં કરતી હતી.

ગયાં પ્રકરણમાં આપણે જોયું કે બચાંએ ખભરીને અમો સઘળા સાથ વધેરી લીધું હતું. મારી રાત કેમ ગઈ હશે તે તો ખોદા જાણેછ. બારથી એક બે ત્રણ ગણયા પણ આંખ તો જાણે ધોવાઇ ગઈ હતી. કાંઇબી કરીને હવે જલદી ખોલાસો થવો તો જોઇયે. સહવારના નાસ્તા ઉપર બચાં બેગમ આવ્યાં અને ફકત "સાહેબજી" બોલીને આપુને તો 'નો કોઠાં'. તેણીનો ચેહેરો ફીકકો મારી ગયલો દીસતો હતો. નવાબ મીનોચેર હજુ નીચે ઉતરયો ન હતો તેટલાં મેં જોયું કે બીબી સાહેબને અસટમ પસટમ સમજાવી લેવાની આ અચ્છી તક છે. મારી અત્યંત ખુશાલી વચ્ચે મેં જોયું કે મેં કાંઈ ટાહુકો પુરયો તેથી બાઈ સાહેબ જરા હસ્યાં. બધું સીલસીલા બંધ ચાલતું હતું તેટલાં વળી નાપાક સેહેતાન આડો નડયો. જોકે અમારા હોટલના વેટરને મેં કોઇબી રીતની વરદી આપી ન હતી તોયે એ નખ્ખોદ ગીયો ધસારાબંધ આવીને મને કહેવા લાગયો કે "રોજની કાની તમારે સારૂં ને માકી બાઈ સારૂં બે તટ્ટુ નીચે આવેલાં છે."

મારયા ઠાર. મેં ગુસ્સાથી જવાબ દીધો "કોણે વરદી આપી હતી. માકીબાઇ કાંહાં જવાના છે તે હું શું જાણું? કેમ મારા હુકમ વગર તમે લોક કામ કરોછ—યુ સ્ટુપીડ?"

મારો આ ડપકો સાંભળીને આ ડેહેકાની મુગો મુગો મરી રહયો હતે તો એકજ નામ. પણ તે તો ગભરાઇને બોલી પડયો:—

"અમ કયા જાણું સાબ. આ દો તદ્દુ બોહોત અચ્છા હય અને તુમ ઓર માકીબાઈ રોજ રોજ એઈ તદ્દુ પસંદ કરતાથા, સો આજબી અમ તુમારે વાસતે રખા."

હવે બચ્ચાં વચ્ચે બોલી "મી૦ અરદેશર, પણ કાંય નહીં જતા? રોજ જતાતા ને આજે તમારો કાયદો કાંય તોડોછ?"

મેં અકળાઇને જવાબ દીધો "નહીં—હવે તો તમે જયાં જશો ત્યાં હું તમારી સાથે આવશ."

"મારી ચીંતા ના કરતાજી. મને તો કાગળો લખવાના છે."

મારૂં નસીબ બળેરે. જેમ જેમ ઘોંટાળામાંથી હું બહાર નીકળીને ગુંચ કહાડવાની તજવીજ કરતો હતો તેમ તેમ કોઈ ઢેડનો ખાધો અઈન વખતે આવીને મારો ધ્યાન બગાડતો હતો. બચ્ચાંનો જવાબ સાંભળીને ઘણી નીરાશી સાથે હું હોટેલની બહાર જઇને ઉભો ને વીચારમાં પડયો કે હવે શું કરવું.

"કેમ અદીબા, એટલા બધા શું વીચારમાં છેઓ."

ઝટ પાછો ફરી જોઉછ તો માકી!

"ઓહો, માકીબાઈ, કેમ છેઓ?" હું ફગલાઈતો ગયો હતો પણ જેમ તેમ ઠાવકું મોહ રાખીને બોલ્યો.

"તમુને જોઇને આનંદ. કેમ અદીબા, દુનીયા સુખી તો છેની? કાંય, તદ્દુ પાછાં કાંય વાળ્યાં?"

આ વાર માકી પોતાના હાથના ગલવનું બટન પોવાની તજવીજ કરતી હતી પણ બટન જીદે પડયું હતું એટલે માકીએ મારી ગમ હાથ લાંબો કરયો. "અદીબા, જરા આએ પોવોતો"

બોલો ભાઇઓ અને બેહેનો, હવે અદી શું કરે? મરે કે માંદો પડે. કોઈ બાઈ માણસ હાથ લાંબો કરીને બટન પોવા કહે તો શું ના કહું! ને વરી કેવો ગોરો ગોરો, ગોલ ગોલ, મખમલી હાથ. દમ ઉંચો રાખીને મેં બટન તો પોયું.

માકી હસીને બોલી "ઠેંકયું. અદીબા; તમે ટટ્ટુ પાછાં વાળ્યાં પણ સાથે મનેબી અભરાઈ ઉપર તો બેસાડી નથીની? અરે પોદા, આએ દુનીઆજ એવી છે."

હવે દરીઆફ્ત કરો, ઓ સમજદાર લોક. એક બાઇ ઉપર તમારો ગમે એવો ખરેખરો જીવ હોય પણ તે સારૂ બીજી કોઇ તેટલીજ ખુબસુરત બાનું તમારી સાથ વાત કરવા માંગે તો શું તેને તરછોડી કાહાડવા જેટલી મનની મજબુતાઈ તમે ધરાવી શકશો? જેની સાથે તમે ખાધું પીધું, ફરયા હરયા તેને વગર વાંકે તમે કોહાં માફ કરશો? તમારા મોહપર નાક છે કે ખુપડો?

હું કરગરીને બોલ્યો "પણ બેહેન, હું શું જાણું કે તમારો આજનો પ્રોગ્રામ શું છે?"

"સાચ્ચું બોલો—હું તમારો વાંક કાહાડતી નથી. તમે જાણતાતાબી નહી ને જાણવાની દરકાર કરતાતાબી નહીં—ખરૂં કેની? પણ કંઇ નહીં—કંઈ નહીં—એટલા બધા અકળાઇ શું કામ જાઓછ—ચાલો આપરે તબેલા આગળ જઇને ઘોડાઓને ગાજર ખવાડીએ."

મેં હા પાડી. આ વાર મારી પીઠ હોટેલ ગમ હતી અને માકી હોટેલની તરફ ઉભી હતી. હવે મારી નજર પડી કે બચ્ચાં અગ સી ઉપર બેસીને કાગળ લખવાને મસે આ સઘળો તમાસો જોતી હતી અને બચ્ચાં જાવછ તે માકી સારી પેઠે જાણતી

હોવાથી સતમ આ નાહાનો નાટક મારી અણજાણમાં ભજી બતાવ્યો હતો. મારા પેટમાં તો ફાળ પડી પણ હું ફફડેલો તો હતોજ એટલે વીચારવા લાગ્યો કે એટલું બધું તે શું છે. એક બાઇના હાથના મોજાંનું બટન પોયું તેમાં શું મોટી મેં ગુનેહગારી કીધી. શું કોઇના બાપની ચોરી છે? કોઇ બાઈ સાથ ફરવા કાંય નહીં જાઉં? મારા જીવની ખુશી. ધણીનો કોઈ ધણી છે? પણ ગઇ રાતના ડીનર ટેબલ ઉપર ધર્તીકંપ થયો હતો તે જ્યારે યાદ આવ્યું ત્યારે પેટમાં તો ફુરફુરી બોલી. મેં તો ધર્તી ઉથલપાથલ કીધી હતી કે બચાંને બતાઉં કે હું તો તેણીનીજ આશાપર બેઠો છું. પણ આએ તો જે બાજુએ ફરૂં ત્યાં સ્નાનના સમાચાર.

એ પછીના બે દાહાડા સુનામખ્ખીના કહાવા જેવા કડવા ગયા. ઘરણનું ખાધણાયું ખમે લઇને બચાં ફરતી હતી. મીનોચેર ફફડી ચટકી રહયો હતો અને માકીને કોણ જાણે શાનાં ગીલગીલીયાં છુટતાં હતાં. મેં ઘણુંખી મન મારવાની તજવીજ કીધી પણ ફોકટ. મને એક ખરાબ ટેવ છે કે મારાં મનમાં શું થાય છે તે હું દબાવી શકતો નથી. એક તો દાધાબળી ઇબ્રટજીએ ચોંટાળો કીધો, વેટરે મસાલો કીધો, અને મેં પોતે આટો બાફયો તેમાં વળી માકી મસતાનનું મદારીપણું ઉમેરાયું. બચાં ઘણી એમ ફફડી કે આએ ચદન ચાંઉં માકીની મીનોચેર ભાઇ સાથ ઓળખાણ કરાવ્યાથી મીનોચેર ઓતરી ગયો હતો અને બેહેન સાથ ચીઠડાં ફાડતો હતો અને બધો વાંક મારો હતો. પણ પછી આસતે આસતે મારી નજર ઉંઘડતી ગઈ. મને માકી સાથ ધરાંપરાં જોઇને બચાં અદેખી પડી હતી. ઓહોહો હવે હું સમજીઓ.

હવે એગ્નીમેર માકીમાય શું ગતમાં લોટતાં હતાં તે જોવાની જરૂર છે. કોણ જાણે શી મતલબથી તેવણ મીનોચેરને પોતાની ગમ ખેંચવાની બાજી રમતાં હતાં. માકી, માકી, તું બડી પક્ષી. તે એવી સીફતથી કામ લેતી હતી કે મારા વીચાર પ્રમાણે તે એક વકીલ હોવી જોઇતી હતી. મીનોચેરબાને જરા મીઠી મીઠી ભટાઇ ઘણી પસંદ હતી એટલે માકીએ જોયું કે એવણ સાથ જરા ભરીઆ ભારમાંજ રેહેશું તો એવણ પોતાની મેળે પગે લાગતા આવશે. જે માણસ ઘણો લલોપપો થવાથી છગી ગયો હોય તેને જરા મસાલા ઉપરજ રાખ્યો હોય તો પોતાની મેળે ઠેકાણે આવે છે. પણ માકી ગણત્રીબાજ હતી. વળી ઘણુંજ કોઠું નહીં આપે તો શેકાર છટકી જાય. માટે તે એવું હસ્તું મોહોડું અને દુરનો ઠસ્સો રાખ્તી કે ભોલો મીનો-ચેર દરરોજ તેણીની આગળ ને આગળ ખેંચાવા લાગ્યો. વળી માકી નસીબનીબી લીલી, વરસાદ ને વાવીજોડુંબી એવુ ચાલુ રહયું કે અમારેથી હોટેલની બહારબી જવાય નહીં. પણ માકીને તેનો લાભ લેતાં કયાં આવડતું ન હતું. તે બ્રીડજ રમવામાં ઉસતાદ હતી અટલે એક ટેબલ ગોઠવીને બ્રીડજ પાર્ટી ઉભી કરી. માકી પોતે અને બીજા નવા આવેલા બે જન મળી ત્રણ તો થયાં, પણ ચોથો જોઇએ એટલે મારીએ મને ઘસડયો. હું શું કરૂં. બચ્ચાં હરપલે મને દેખા-ડતી હતી કે મારી હાજરી તેણીને પસંદ નથી. મીનોચેર બરબડાટ ફડફડાટ કરી રહયો હતો અને જયારે એક જુવાન બાઈ માઝી દયા ખાઇ મને રોકવા માગે ત્યારે હું શું કરવા ના કેહું. માકીએ સીફત લગાવી રમવાની ટેબલ એક નાહાના ઓરડામાં મંડાવી હતી. ઉપલાં ત્રણ રમનારાં તો અઠંગ કાર્ડ માસતર હતાં અને હું તો મકાઈ બુઠ્ઠો હતો. જયારે અમે

રમીને બાહાર નીકળ્યાં ત્યારે મીનોચેરનો ચેહરો ખાસ્સો એક ગજ લાંબો હતો. બાહાર જવાય નહીં અને કોઇ સાથ ગમત કરવાની મળે નહીં. તેમાં વળી અમે ચાર જણ ખાલી ઓરડામાં ભરાઇને પાના સાથ માથું હાણીઆ કરીએ એટલે મીનોચેરની વાવડી ખુબ ચસકી હતી. બીજે દહાડે પણ તેમજ બન્યું. વરસાદ ને ધુલારૂં. અમારી બ્રીડજ પાર્ટી અને મીનોચેર એકલો. હવે તો હદ થઇ. રાતના ડીનર અગાઉ હું મારા ઓરડામાં ડ્રેસ કરવા ગયો ત્યારે મીનોચેર અચ-બુચ ત્યાં દાખલ થયો. મેં જોયું કે તેને ભરકણ ભરાયલું હતું. મેં લગાર હસીને પુછયું.

"કેમ દોસત શું છે. કાંઈ દાળ મજબુત દાઝી ગયલી છે?"

"જા, જા, દોસ્ત ગીઓ ઝાહાનમમાં, અદી, એ તમે લોકે શું ઢોંગ માંડયાછ?"

"શાના ઢોંગ? એ તું શું બોલેછ. વળી તુંને શું ઓછું પડયું?"

"તારા જીવનેજ પુછની. તું અને બચ્ચાં જેમ ગમે તેમ અહીં મોજ મારોછ ને મને તો જાણે રખડતો પીંજારો હોય તેમ પડતો નાખ્યોછ, ત્યારે અહીં આવાં શું કામ?"

હું ને બચ્ચાં મોજ મારયેછ! અરે ખોદા, કેવી મોજ તે તો મારો જીવ જાણતો હતો પણ મીનોચેરને શું કેહું, કેમ સમજાઉં. તોબી તેને ઠંડો પાડવાની ઇચ્છાથી મેં કહયું. "પણ હું શું કરૂં—વરસાદ પાણી કંઇ મારા હાથમાં છે?"

"એ બધી તારી ભટાઇ છોડી દે. વળી તું બ્રીડજ કે દાહાડે રમતોતો. તું તો હંમેશ નાકે જીભ લગાડતોતો કે પાનાને નામે તુંને તો દુખી આવેછ?"

"ખરી વાત છે ને હજુબી તેમજ છે."

"તારે રમેછ શું કેહું તે કરવા!"

"પણ કોઈ ચોથું રમનાર નહીં હતું ને મને બોહોત કરીને ધરી પકડીને બેસાડયો ત્યારે હું કેમ કરૂં?"

"તેં મારૂં નામ કાંય નહીં આપયું? તું જાણેછ તો ખરો કે મને બ્રીડજનો ઘણો શોખ છે. તું મલંગ ઢંગ થઈને ઓરડામાં ગુશી ગયો ત્યારે મને તેડયો હતે તો તારૂં શું જવાનું હતું?"

મેં તુરત જોયું કે આએબી ઠીક લાગ છે. કંઈબી તાલ તલાવટ કરીને મીનોચેરને ગોઠવી દેઉં તો મને બચાં સાથ એકાંત વાત કરવાનો લાગ મળે. પછી બચાંને પટાવી લેવાનું મારૂં કામ છે. પણ બચાં એવી દાધાબળી હતી કે મીનોચેરને માકી સાથ લાગુ કરી દેઉં તો વળી તેનો તો થોભડો નહીં ચહડે? એ તો જે થાય તે ખરૂં.

મીનોચેર મારા જવાબની ઇંતેજારીથી રાહ જોતો હતો એટલે હું બોલ્યો "જોની બીરાદર, માકીને એવો ખ્યાલ નહીં હશે કે તુંને બ્રીડજ રમવા ગમેછ."

"છટ, છટ, બધું હંબગ. આએ મારી ડાહી ડોહોરી બચાંએ તેને પેહલે દાહાડેજ ફફડાવી એટલે માકી મારી ગમ ઝાંખીને જોતીબી નથી. એક તો આએ દોજખખાનામાં મને મીનીટે મીનીટ ગણવી પડેછ તેમાં તમે લોક બધાં ગુસલી થઈને રમવા બેસી જાઓછ એટલે મને તો એવું થાયછ કે જાણે બધું સળગાવી મુકું."

"પણુ શું કરવા. જરા ધીરજ ધર. હું બધું તારી મરજી પ્રમાણે ઠીકાઠીક કરી આપશ."

મેં મારા મન સાથ ગણુત્રી કરી કે જો મીનોચેરને રાજી રાખશ તો તે બચ્ચાં સાથ ચીડડાં ફાડનો ઓછો થશે ને તે લીધે બચ્ચાંનો બોઝ મારા ઉપરથીબી જરા તરા ઉતરશે. જો મીનોચેરને એમ રખડતો રહેવા દઉં તો કદાચ ફફડીને ઉઠી જવાનો વીચાર માંડી વાળે અને પોતાની બેહેનને લઇને કોઈ બીજી જગાએ ઉતરી પડે તો મારા બાબમાં કાલનો દુકાળ આજે પડે. સમજાવી પટાવીને હું મીનોચેરને લઇને ડીનર રૂમમાં ગયો તો માકીબાઈ ખુશાલ ચેહેરે કોઈ પીકચર પેપર જોતાં હતાં.

મને જોઇને હસીને માકી બોલી. "કેમ અદીબા, આજે રાતના ડીનર પછી એકુબે દાવ રમવા આવશો કે?"

હવે મને તક મળી. "માકી બેહન, મને તો બીલકુલ રમતાં આવડતું નથી ને ખાધા પછી જીવ ધરીઓ બાટલો થાયછ તેથી મારે બદલે મારા ફ્રેંડ મીનોચેરને લેઓ તો કેમ?"

હું સારી પેઠે જાણુતો હતો કે માકીની ખરી નેમ મીનોચેરને ખેંચવાની હતી. પણુ એ બીલાડી એવી ચગરી હતી કે ભપ-કાને ખાતર જરા આનાકાની કરે તો હું કાંઇ ઘણો અજબ થાઉં નહીં. પણુ નહીં. માકીમાય હવે ઘણાજ ગરવાં થઈ ગયાં હતાં.

"અરે વળી એમાં મારી રજા શાની જોઇયે. મીનોચેર ભાઇ, તમે અમારી પાર્ટીમાં સામેલ થશો તો હું ઘણી ખુશી થવશ. મેં સાંભળ્યું કે તમે ઘણો સારો ગેમ રમોછ."

મીનોચેર તો પેંગો ચેંગો થઈ ગયો. ચાલો જેવું જોઇતું હતું તેવુંજ થયું. પણ ડીનર પછી મીનોચેર રમવાના ઓરડામાં ઘુસ્યો અને હું ને બચ્ચાં એકલાં રહી ગયાં ત્યારે બચ્ચાંએ જે ભાવટા પાડયા તે મારા ઉપર એક જાતનો સરગરદાન જુલમ હતો. મેં તો બચ્ચાંને ખાતર આ સઘળી ગોઠવણ કીધી હતી. રખે તેણીને કોઇ બીજે ગામ ઘસડી જાય તે બીકથી મેં મીનોચેરને માકીની કંપનીમાં ગોઠવી દીધો હતો તે તો તમે જાણો છો.

બચ્ચાં કાંઇ ઘુળ જેવું ગુંઠવાનું લઇને વરંડા ઉપર બેઠી એટલે મેં બીહી બુજીને વાત છેડી.

"મીનોચેરને મારી જગાએ ગોઠવી દીધો તે ઠીક કીધું કેની"?

ડોકું ઉંચકયા વગર બચ્ચાં બોલી. "અ—હોસે."

મારીઆ ઠાર. તે એક બોલ બીજો બોલી નહીં. હવે શું કરૂં. તે તો પોતાના ગુંઠવામાં એવી જાણે મસગુલ હતી કે હું આગળ બેઠેલો છું તેબી જાણે જાણતી ન હોય. અમે સહવારના એક બીણ જોવા જનાર હતાં અને તે માટે અમે ત્રણ ટટ્ટુની વરદી આપી હતી. સહવારના પોહારમાં મીનોચેરનો સાદ સંભળાયો. વેટરને તે હુકમ આપતો હતો કે ત્રણને બદલે ચાર ટટ્ટુ તૈયાર રાખવાં.

"બચ્ચાં, આપરી સાથે મીસીસ માકી મેહતાબી આવવાનાં છે."

બચ્ચાંએ એક બોલ જવાબ આપ્યો નહીં. અમારૂં સરઘસ બાહાર પડયું કે મીનોચેર બા તો પેહલાંથીજ માકી સાથ

लाषी गया. हुं ने बच्चां पछवाडे रही गयां. हवे बच्चांनी जबां उपडी. "मी० कोटवाल, आज्ञे मीसीस मेहता आजे आपरी साथ आयांछ तेथी तमारो जीव तो खुशाल हशे?"

"हा—कारण के तेथी तमारी साथे एकांतमां वातचीत करवानी मने तक मळीछ."

"मी० कोटवाल, हु ईच्छुंछ के तमे आवी बबमां मारी साथ वात नहीं करशो."

"कांय नहीं? मारां मनमां जे होय ते नहीं बोलुं?"

"नहीं—एवी खाली भटाई मने पसंद नथी." आटलुं बोली बच्चां पोताना टट्टुने चाबुक लगावीने मारेथी आगळ धसी. आपरे तो समजी गया के गनपाउडर सळगयो छे, पण चींता नही. खाण आगळ पोहोंचतां मीनोचेर ने माकी तो एकलां अमेरीकानी शोधमां नीकळी पडयां. हुं जाणुं के बच्चां भी जशे—पण नही—तेवण तो एक पथर उपर बेसीने कांई ड्रोइंग करवा मांडयुं. हुं खशीयाणो जेवो आगळ जईने बेठो ने जेम तेम वात छेडवानी तजवीज करी पण बच्चांए तो मने खाईजि नाख्यो.

"मी० कोटवाल, हुं ड्रोइंग करुंछ त्यारे जो वात करुंछ तो मारुं धक कामपरथी खशी जायछ वासते मेहेरबानी करीने मुआ बेसशो?"

हत तेरीकी! हुं मुगो मुगो हाडमार थयलो उठीने दुर एक बीजा पथर उपर बेठो. आह! जीव. मे शुं शुं आशा बांधेली ने आज्ञे शुं मारा हाल. हु तो आशामां हतो के बधुं ठीकठाक थई जशे पण आज्ञे तो उलटो धान बगडतो जतो हतो.

આજની ત્રીપ તો પાણીમાં ગઈ. એનું ખાનું ખરાબ થાય એનું, હજુ મુંબઈમાંજ ગગડેલા હતા તે ઠીક હતું. અહીં આવીને તો સામા ફસયા. હું તો એવો રંજીદા થયો હતો કે ચીડના મારયાએ એક પથરને લાત મારી પણ મારૂંજ બુટ ફાટી ગયું.

પણ સઘળાનાજ જીવ મારા જેવા ખાટા બટ મારી ગયા ન હતા. આઘેથી મીનોચેર અને માકી ખુબ ખુશાલ ગોફતેગુમાં ગુંતાયલાં દેખાતાં હતાં અને અવારનવાર ખીખી ખાખાનો બેહુનો સાદ આવતો હતો. ફનુર મને તો કરડવા આવ્યું હતું પણ દેખઈતું આ બે જનને મનથી તો ગુલેસતાન હતું. પેહ-લાંથી ગોઠવણ થઈ હતી કે અમોએ ચા ત્યાંજ પીવી અને તે માટે સઘળો મરી મસાલો કુલીઓને માથે મોકલી આપ્યો હતો. પણ બચ્ચાં તો કેહ મને ચાહ જોઈતી નથી. માકી તો અખાડાની ગલણી કરીને ઝાડો જાવા પડી અને મીનોચેર કાકા તેણીની સાથે સાથે છત્રી ઓઢારીને ફરયા કરે. એટલે અરો ઘરો ને ગરીબ વહુપર સહુ આવીને પરો. સેવક વેઠે પકડાયા. ધુળ નાખી, કોઈ મારી સાથ વાત નહીં કરે, કોઈ સાથે ફરેહરે નહીં, ફોટોગ્રાફીનું ચેતક નહીં એટલે આવાં કામમાંખી રોકાયલું પરવડે. એમ મનસે સધીઆરો લઈને મેં ચુહુલો સળગાવ્યો અને કીટલી ઉપર ચહડાવી પછી પાણી થયું ને ચાહ બનાવીને એક કપ બચ્ચાં આગળ ડાહયો ડોહરો થઈને લઈ ગયો.

“બચ્ચાં માએ—ખાંડ કેટલી નાંખુ”?

“મી૦ કોટવાલ, મને ચાહ જોઇતી નથી. થેંકયુ. મેં તમુને હમણાજ કહયુંની.”

"લેઓ—લેઓ—જરા ચાહે લેશો તો જીવ ઠરશે." મેં આગ્રહ કીધો.

"ઠેંક્યુ—પણ મારો જીવ ઠરેલોજ છે."

"એમ કાંય? કાલે તો તમે કહેતાંતાં કે ચાહેનું કપ તો એક આશીરવાદ છે?"

"હા—પણ હું અવારનવાર મારાં મત ફેરવુંછ."

"વારૂં ચાલો હવે—આટલી મારે હાથની ચાહે પીઓ."

બચ્ચાંએ ડોળા કકડાવી મારી ગમ જોયું અને મારા હાથમાંથી કપ લેઇને ઠરાક દેતું દુર ફેંકી દીધું. કપ મેદાનમાં પડવાને બદલે મારી આગળના પથર ઉપર જઇને કકડા બુકલા થઇ ગયું અને હું સઘળો ચાહાથી છંટાઈ ગયો. મેં લોહીનો ગોટ ગળીને ખીસાંમાંથી રૂમાલ કાહાડયો અને ડગલો લુછી નાંખ્યો. બચ્ચાંબી ઘણીજ ચાંઇ પડી ગઈ. "હું ઘણી દલગીર છેઉં. તમે એમ તો ના ધારતા કે તમોને ખરડવા મેં જાણી જોઇને વીચાર કીધો હોય."

હું જરા દમમાંજ બોલ્યો "કંઇ નહીં—કંઇ નહીં—તમે આમ કીધાથી રાજી થયાં તો બસ છે."

હવે બચ્ચાં ઉઠી અને શરમાઇને મારી આગળ આવી અને કરગરીને કેહવા લાગી "તમે ખરેખર એમ સમજોછ કે તમુને અપમાન કરવા આ પ્રમાણે કીધું. ઉભા રેહો હું પાણી લાવીને તમારો ડગલો સાફ કરૂં." બચ્ચાંએ ખીસાંમાંથી એક ખીસ્લસ જેટલો રૂમાલ કાહાડયો.

"કંઈ નહીં—કંઈ નહીં—ડગલો તો હમણા સુકાઈ જશે પણ બાઇ સાહેબ, અબઘડી અંધારૂં થવા માંડશે ને તમારૂં ડ્રાઈંગ એમનું એમ રહી જશે."

"બળી ગયું ડ્રાઇંગ. મીસ્તર કોટવાલ; તમે ખરેખર એમ માનોછ કે—"

"કંઇ નહીં, કંઈ નહીં—તમારી મતલબ મારાં મોહોડાં ઉપર ફેંકવાની નહીં હતી એટલુંજ ગણીમત છે—ઠેંકયુ ડીઅર."

આપરે લબડ છબડમાં 'ડાઅર' શબ્દ વાપરી દીધો પણ બચ્ચાં કાંઈ બોલી નહીં. તે તો પોતાના ડ્રાઇંગ વગેરેની ઉલટ ભેર વાત કરવા લાગી. મને તુરત લાગ્યું કે તે હવે પોતાની ચાલ માટે પસતાતી હતી અને મને રાજી રાખવાની તજવીજ કરતી હતી. તે મારી પાસે બેસી ગઇ અને સારી સારી વાત કરવા લાગી. આપરેખી ફુલણજી બની ગયા અને જે ઘડી જાયછ તેમાં મારી મનની મુરાદ બચ્ચાંને જાહેર કરવાની અણીપર છું એટલાંમાં આઇન વખને માકીનો સાદ આવ્યો.

"અદીબા—અદીબા—બચ્ચાં બેગમ, તમે બધાં કાંહાં છેઓ?"

કવાબમાં હાડકું નંબર વન!

પ્રકરણ ૧૪ મું.

માકી! માકી! તુંને ઘડવા બેઠા ત્યારે ખોદાયજી ઘણુાજ ફરસુદે હશે. અરે બાપરે, તારાં આટલાં સરખાં ભેજાંમાં કેટલું તુફાન સીચી મુકેલું છે. મને જો તેનો જરાબી આગળથી ભાસ હતે તો હું વળી બીજીજ વળાણુ પકડતે. પણ હું શું જાણું કે આએ ગોરી ઘટમારી, માજરા ડોળાવાળી લટકા સાથની દુકતી વલદે હેલ હશે.

"નવાબ મીનોચેર—અહીં આવો—અહીં આવો—આએ હાંસબદન ને ગુલબદન તો કેથાં છત્રીનો ઓથો કરીને અહીં મજાહ કરેછ ને આપરે તો કાંહાં કાંહાં શોધી આયાં. વાહારે અરદેશરજી, ચાહ એખલા એખલા પીઓછ તે અમુને કહેતાબી નહીં કે?" માકીએ આ પ્રમાણે શરૂઆત કીધી. મેં જાણ્યું કે આએ તુફાની દુકતી કંઇ વધુ છબરડો કરશે તેથી કાંઈ જેમ તેમ ખોલાસો બબડીને હું કીટલી આગળ ગયો. અને નવું પાણી ભરીને મીનોચેરને તથા માકીને ત્યાં મોકલ્યાં અને હું જાણે મીનીગો થઇને પાછો બચ્ચાં આગળ બેઠો. પણ કવીતામાં કહેછે તેમ

બીગડી કોણ સુધારે નાથ બીન
બીગડી કોણ સુધારે રે.

એકવાર ફરીથી મોકો હાથમાંથી છટકયો એટલે ભાઈ કયાં તો જયાંના ત્યાં. અમે સર્વે ઉઠયાં. હું જાણું કે પાછું ફરતાં વળી પાછી કાંઈ કાંઈ લભભાસ હાંકવાનો લાગ મળશે. પણ એવું નસીબ કયાંથી લાવે. મારાં ટટ્ટુએ ઠોકડ ખાધી અને એટલું લંગડાવા લાગ્યું કે મને ઉતરીને પગે ચાલવું પડયું.

પરીણામ એ નીપજ્યું કે રાતના ડીનર ખલાસ થયા પછી અસુરેથી અમે હોટેલમાં પહોંચ્યાં. મીનોચેરે ધામધુમ અને કલાબકોર કરીને નવી ટેબલ મંડાવી અને પછી અમારાં બધાંના દેખતાં બોલ્યો "મીસીસ મેહતા, મોડું ઘણું થઈ ગયું છે તેથી મેં વર્દી આપીછ કે તમારી પ્લેટબી અમારી સાથેજ માંડે. હું ધારૂંછ કે તમુને કાંઈ વાંધો નહીં હશે. ચાલો—ચાલો વખત થઈ ગયો" એમ ધાંધલ કરી નવાબ સાહેબ તો માઝી-બાઇને લઇને ચાલ્યા. માઝી મુવાં ના શું કરવા કેહ? મેં બાડી નજરે બચ્ચાં ગમ જોયું પણ તેનું તો પાંપણબી હીલે નહીં. છેલ્લા ત્રણ દાહાડા થયા હું મીનોચેર ને બચ્ચાં એકઠાં જમતાં ત્યારે ડાચાંના એવા તરેહવાર ફારસ થતા કે કોઈ ચોથું હોય તો જરા જબાં હીલવવા કામ લાગે એમ ધારી હું તો મનમાં ખુશ થયો. હું ધારૂંછ કે બચ્ચાંના પોતાના મનમાંથીબી એવોજ વીચાર પસાર થઈ ગયો હશે. રોજ રોજ તો મીનો-ચેર જમવાની મેજ ઉપર હજારો ચીઠડાં ફાડતો હતો અને આજે એમ કેમ? ટેબલપર માઝી આવી એટલે એને મનથી તો પદમ ચાંદ ઉગ્યો હતો.

બીજા બે ત્રણ દાહાડા એવાજ પનોતા નીકળી ગયા. બચ્ચાં જોકે માઝી સાથ ઘણું ઘરાંપરાં તો ન કરતી હતી પણ તેમ તેને જોઇને ઘણીજ નારાજબી દીસતી ન હતી. હું હરપળ વકી રાખતો હતો કે જે ઘડી જાયછ તેમાં એ બેના ચોટલા પીખાશે ને માઝી કંઈ કાચું કાપશે, પણ તેવું કશું બન્યું નહી. માઝી કોણ જાણે શું ગણત્રીમાં લોટતી હતી અને એવી ઉસ્તાદ હતી કે બચ્ચાં આગળ કેમ વર્તવું, કેટલું બોલવું, શું બોલવું તે જાણે આબાદ પોતાના ઓરડામાં ગોઠવીને આવી હોય. અરે આએ

આટલું નાહાનું ફેફળીઉં અમો સઘળાઓને હથેલીમાં નચાવતું હતું. દરેક વાતમાં બચાંની શું ઇચ્છા છે તે આ ચત્રા આંખના પળકારામાં પામી જતી અને મીનોચેરને ગીલી લગાડીને તેજ રસતે શીશામાં ઉતારતી. અજબ જેવું—ઘણું અજબ જેવું. બચાં કાંઈ કાચ્ચી ન હતી પણ માકીની ચતુરાઈ આગળ તેઓની નરમ ધી જેવી થઈ ગઈ હતી અને જરા લગાર રાજી દેખાતી હતી. તમે પુછશો કે આ પ્રમાણે સાંચા કામમાં તેલ પડયાથી સઘળો સાંચો આવો મોમની પેઠે ચાલતો હતો ત્યારે હું કાંય બેશી રહયો? સવાલ તો વાજબી છે પણ ખરૂં કેહુ?—મારી છાતી ચાલી નહીં. આજે નહીં કાલે, કાલે નહીં એખલાં હોઇએ ત્યારે, એમ ગણતાં ગણતાં દહાડા નીકળી ચાલ્યા. ઘણી ઉતાવળ કરૂં તો વખતે મામલો ચશકી જાય. એણી મેર દાધાબળી બચાં છે. એક વાર ઘર દેતું ના કહી દીધું તો હું આપલા વગરનો થઈ જાઉં. અત્યાર લગીમાં તો જરા જરા બાજી સુધરવા માંડી હતી અને બચાં બેગમ છીંકી પડયાં હતાં તે જરા જરા સુધરવા માડયાં હતાં. પણ મારો જીવ એમ કહેતો હતો કે બચ્ચા અદી, કાલ કેવી છે તે તું શું જાણે. હવે ઘણો ડાહયો થવામાં સાર નથી.

અમારા દાહાડા ઘણા ખુશનુમા જતા હતા. અમે ચાર જણની પાર્ટી અવારનવાર બહાર પડતી અને હંમેશ અમે બન્ને જણ છુટાં પડી જતાં. નાકે જીભ શું કરવા લગાડું. આપુને તો ઘી કેળાં હતાં. પણ આએ બાગે બેહસ્તનું બઝાર એમનું એમ લાંબે વેર નીભયું નહીં. એક દાહાડે અમે સાંજના ફરીને આવ્યાં ને જોઇએછ તો પેલા માકીના દેવલાલીવાળા દોસત પેશી કેપટન આવી પુગેલા. માકીએ આ સાહેબની બધાં સાથ ઓળખાણ કરાવી. તેવણ બોલ્યા કે "કામથી કંટાળી

ગયો હતો તેથી આઠ દહાડા જરા આસાયશ લેવાની મતલબથી છુટી જવાનો છું." ઇત્યાદી.

માકી પોતાના આ પુરાણા દોસ્તને જોઇને મગ્ન મગ્ન થઇ ગઈ. અમે લોક કાંઈ બોલ્યાં નહીં પણ મને લાગ્યું કે ખોદા સઉનું સારૂં કરે. કાશી સંગ પાધરો સીલસીલાબંધ જાય તે વીશે મારાં પેટમાં પેહલાંથીજ ફાળ પડી. હું ધારતો હતો તેમજ બનયું. જો આ નવી પીડા ન આવી હતે તો કદાચ મીનોચેર પોતાની હંમેશની રીત પ્રમાણે માકી સાથ નાચી નદરીને કાબી જતે પણ પેશી કેપટન તો માકી જાણે તેના બાપનો માલ હોય તેમ વર્તવા લાગયો, એટલે નવાબ સાહેબનો ચીલ્લો ચહડયો. સહવાગનું પોહોર પડતાંજ પેશી માકીના ઓરડાનું બારણું ઠોકીને ગજેજ પડે કે "ચાલોની અવારૂં થઈ ગયું." ને માકીબી પેશી સાથ જવા જયારે જોઇએ ત્યારે તૈયાર!

સ્ટીમ વધી વધીને બસેં ને બાર ઉપર તો આવ્યોજ હતો, અને હું ધારતો હતો કે જે ઘડી જાયછ તેમાં ધડાકો છુટશે. રાતના તેમજ બનયું. માકી જમી રહેવા પછી સીટીંગ રૂમમાં જઇને સોફા કોચ ઉપર બેઠી કે મીનોચેરબા લાગલા ઝડપમાં ઉઠીને તેની પાસે બેસી ગયા. પેશી કેપટન પણ વંસાયલી દાળનાં જેવું મોંહ કરી એક બારીને અઢેલીને ઉભો રહયો. જરા વારમાં મીનોચેર ઉઠીને કાંઇ ચોપડી લેવા ગયો ને એક મીનીટમાં પાછો ફરયો અને જોયછ તો તેની જગાએ પેશી બાવા ગોઠવાઇ ગયલા. પણ મીનોચેર હઠયો નહીં. તે એક બીજી ખુરસી લાવીને માકીના બીજા હાથ ઉપર બેઠો. અલબતાં પેલાં બે જણ શું વાત કરતાં હતાં તે બધી તે સાંભળતો હતો. પેશીએ માકી સાથ ગોઠવણ કરી કે આપરે પહેલાં વેલીંગટન જઇશું ને

પછી તાંહાંથી ઉઠી જઇશું ને ઉટીથી અંહીં જઇશું ને તાંહાં જઇશું. હવે માકીએ જો તરત અખાડા કરાવી દીધા હતે તો બધું રસ્તે પડી જતે. પણ તે તો પેશીની ગોઠવણમાં રસ લઇ લઇને ભાગ લેવા લાગી. પેશી અને માકી બેઉ જણ એકેક સાથ "તું—તાં"થી વાત કરે એટલે મીનોચેરનાં પેટમાં કુત્રાં ખીલાડાં બોલે.

માકી બોલી "પેશી દીકરા, કાલે આપરે સંભુર પાઇન્ટ ઉપર જવાનાં છીયે તે પાછું આવતાં ઘણું મોડું થશે કે?"

"નહીં ડીયર, છ એક વાગામાં પાછાં આવી લાગશું. પણ તું શાની ફીકર કરેછ. આપણે ટીફીન બાસકીટ બંધાવી લઇશું."

"ઓલ રાઇટ, આપણે કેવી મઝાહ કરશું હં? મરેરે કાલ કાહારે પડશે."

આ સાંભળી અમે તો ફગલાઇ ગયાં. કાંહાં જવું ને કેમ જવું તે જોકે કાંઇ સ્ટાંપના કાગળ ઉપર લખેલું નહીં હતું પણ સઉ પોતાને મન સાથ સમજતાં કે પીકનીકે જવું તો બધાંની મરજી પુછીને સાથે જવું પણ આએ તો વળી માકી મદારીનું કાંઇ નવીજ તરેહનું પ્રાકરમ હતું. સહવારના નાસતા ઉપર અમે મળ્યાં ત્યારે બધાંના ચેહેરા ઘરડાં ઘુવડ જેવા ઘુખરાયલા હતા. બચાંએ અને મેં તો જાણે જાણતાં ન હોઇયે તેમ સસેકા તીન પાઉં કીધા પણ મીનોચેર આકળો વીખ હતો. તેનાં પેટમાં કાંઇ રહે નહીં એટલે બોલી પડયો:—

"વાહરે માકી માય, તમેખી જબરાં હં—ગરજ સરી મેરી તો સુરત બાર તેરી. આટલા દાહાડા એખલાં પડયાં ત્યારે અમારી સાથે આયાં ને હવે અમો તો "ડીસમીસ વીથ કોસ્ત."

પણ એણીમેર માકી ઉઠાઉગીર હતી. "અરે નહીં રે. મકુ જે કેટલા દાહાડા સુધી તમારા લોકને માથે પરીતી તે હું જાણું કે એ દાહાડા તમુને છુટાં મુકું તો તમુને ગમશે."

તમે ડાચાં કરો કે ધુમટા તાણો—માકીની જાણે બલા. તે તો મારી વાહલી ટટ્ટુપર સવાર થઇને હસીહસીને બધાંને સલામ કરીને પેશી કેપટન સાથ ચાલી. પછવાડે ટીફીન બાસકીટ, સોડાનો કરંડીઓ સઘળું હાઉસન ઝાઉસન જતું અમોએ બારીએથી જોયું. અમારો મીજાજ તો પાકીને ફુટી જવાની અણીપર હતો. મીનોચેર તો જાણે જખમી થયલો હડખો કુત્રો. ભલાં આદમી પોતાના ઓરડામાં બેસીને ધુખ્યરાયો હતે તો ધુળ નાખી પણ સારો દાહાડો મને ને બચાંનેજ શેકો તાણ્યા કરે. ઘડીકમાં ગરમીનો વાંક કાહાડે, ઘડીકમાં ધુળ પખોડે, ઘડીકમાં વેટરો સાથે વેંહચી લે, એમ સારો દાહાડો એક ન્યુસન્સ જેવો થઇ પડયો. બચાંએ ને મેં ઘણોબી શીશામાં ઉતારવાનો કીધો કે એ લોક ગીઆં તો જવા દેઓ આપરે ત્રણ જણ કાંય નહીં એક બીજી પાર્ટી થઇને જઇએ. પણ નહીં. બસ નહી—બગરીઓ, બાવા એવો બગરીઓ કે અમેબી કંટાળી ગયાં.

તેમાં વળી શેહતાન માકી સાંજના આવી ત્યારે આગમાં તેલ રેડયું.

"શું કેહું, મીનોચેરબા, અમુને તો એવી મઝા પરી, એવી મઝાહ પરી કે જાણે ઉઠવા ગમેજ નહીં. અમે તમે લોકને ઘરી ઘરી યાદ કીધાં કે બચારાં, ધંધાર જેવાં હોટેલમાં શું કરતાં હોશે."

અમે ઉં આં કરીને ફક્ત હુંકારા પુરયા. હું ધારૂંછ કે બચ્ચાં તો મનમાં મગન થઇ હોશે કે મીનોચેરને માકી સાથ વીજોરૂં લાગું તે ઠીકજ થયું. બચ્ચાં ચલીમ ચલાક ન હતી પણ ઠીગણો ઠરયો ઠાંભલો કોરે તે જાતની મીંઢી હતી. અમે બીજે દાહાડે એક ગોફો જોવા જવાનાં હતાં. મારી અત્યંત અજાયબી વચ્ચે બચ્ચાંએ માકીને અને પેસીને બેઉને સાથે સામેલ થવાનું યોજન કીધું. બચ્ચાંની કોણ જાણે શું ગણત્રી હશે. મીનોચેર જે ધુંધવાયા કરતો હતો તેને રાજી રાખવા હોય કે વળી પેસીની હાજરીમાં કંઇ સીફતથી એ લોક વચ્ચે વધુ બગાડ કરાવવા હોય.

બીજે દાહાડે સવારના અમે સઘળાં નીકળયાં ત્યારે મારૂં સઘળું ધક ધ્યાન શું નાટક ચાલી રહયો છે તે જોવામાં ભરાયું હતું. માકીએ શરૂઆતમાં મીનોચેર સાથ ચાલવા માંડયું અને તેની સાથ જાણે કેવીક દોસતી હોય તેમ તેને વાહી નાખ્યો. હું ને બચ્ચાં જોડી થઇને આવતાં હતાં ને સાથે પેસી ઘરણભાવ થઇને મુગો મુગો ચાલતો હતો. ગોફા આગળ આવી પુગતાં એક ઘરડો પાદરી જે આ ગુફાઓ વગેરેનો જાણીતો અભીઆસી હતો તે મળી ગયો. બચ્ચાં ઉલટથી તેની આગળ ગઇ ને આ ગુફાની આગલી તવારીખ વીશે પુછપરછ કરવા લાગી. માકીમાયને મનથી ગુફા ને બુફા. તેનું ધક ધ્યાન તો સ્કર્ટની સાડી ને નવી તરાહની જાપાનીઝ ગાજ તરફ વધારે ઢળતું હતું. તેણીએ માથું દુખવાનું બાહાણું કહાડીને બાહારજ બેસવાનું પસંદ કીધું. મીનોચેર કેહેજે હું તેવણની આગળ રહું અને પેસી કેહેજે મારી ફરજ છે. આ ઝપાઝપીમાં પેસી ફાવ્યો અને મીનોચેરશા ફફડતા ચટકતા અમારી સાથે આવ્યા. આ એબલગામણા ગોફાઓમાં કલાકેક સુધી માથું

ઝીકયા પછી અમે પાછાં બાહાર આવ્યાં. મેં પેસીની જરા ટકોર કીધી કે અહીંવેર આવ્યો ને જે જોવાનું છે તે રેહવા દઇને એક બાઇની ગોરસી કરવાનું વધારે પસંદ કીધું. મારી વાતને મીનોચેરે ટેકો આપ્યો. જરા વારમાં પાદરી સાહેબ કાંઇ બીજું નવાઇનું દેખાડવા સઘળાંને તેડવા લાગ્યા પણુ મીનોચેર તો આગળ નીકલી ગયો હતો, એટલે આખરે પેસીને જવાની ફરજ પડી. હુ મુંગો મુંગો માકી આગળજ લાધી ગયો. મેં જોયું કે આ ગોઠવણુ માકીને કડવી ઝેર જેવી લાગતી હતી.

"અદીબા, તમે બધાંને આ શોભતા ગોફા જોવાને ધકેલોછ તો તમે પોતે કાંય અહીં ઠસી ગીયા?"

"આએ ગુફા કરતાં મને બીજી બાહારની મોહીની વધારે છે. પેસીએ કંઇ જોયું નહીં એટલે હવે તેનેબી ચાન્સ આપું કેની?"

"તે બઇરૂં પણુ પેસી કાંઇ કુલ્લીમાંનું ગોર ચાટતું બચ્ચું છે કે? કાંહાં જવું ને શું જોવું તે શું સમજતો નથી કે?"

ઓ માઇ ગોડ. માકી હમેશ મીજાજની ખુશ હતી. પણુ આએ વાર પેહલીજ એને નાખુશ જોઇ. મેં બેવકુફ જેવાએ તાપસી પુછી કે "પેસીને તમારી આગળ રાખવાની ખુશી હતી તો મને પેહલાંથીજ કાંય નહીં ચેતાવ્યો?"

મારી અત્યંત અજાયબી વચ્ચે આ વાર માકીની આંખમાંથી આંસુ ઢલી પડયાં. હું સમજી ગયો કે મેં આડાની સુંઠ કરી હતી. જરા વારે આંખ લુછીને માકી બોલી. "અદીભાઇ, તમે મારા દોસ્ત છેઓ, મારૂં એક કામ કરશો?"

"મોટી ખુશીથી—તમારૂં કામ કોણ નહીં કરે."

"આપરે પાછાં ઘેર તરફ જઇએ તારે કંઇબી કરીને મીનોચેરને તમારી સાથે રોકેલા રાખજો."

એોહો! મારાં ભેજાંમાં ભુસું ભરેલું હશે. આટલી વાર હું સમજયો નહીં પણ હવે ભાણ આવ્યું. હું તો જાણું કે મીનોચેરને ખેંચેલો રાખવા એ પેસી સાથ અમથી નખરાં કરતી હશે. પણ હવે તો કાંઇ બીજોજ રંગ જણાતો હતો. પણ જો પેસી સાથ લગન લાગવાનું હોય તો અત્યાર સુધી મીનોચેરને રાજી રાખવા માકીએ આટલાં ફાંફાં કાંય મારીઆં હશે? મને કંઇ આ નાટકનો ભેદ સમજાયો નહીં. જોઇએ જરા ચોખ્ખો ચાંપી તો જોઇયે.

"અરે માકી માય, તમારૂં ભલું થાયરે તમારૂં. તમારી એવી બાજી હતી તો જરા મને એશારો કરતે. મીનોચેરને ખાતર તો મેં તમારી મનપસંદ સોબત અલગ કરીને, દુરનો દુર રહયો."

"નહાં—નહીં—તમે અણજાણપણે મારી એવી સરસ સેવા બજાવીછ કે તેનું મુલ નહીં થાય. મારી કંઇ મતલબ કાહાડી લેવાની છે."

"પણ બેહેન, એમ બે જણને લટકતા રાખવાનું વાજબી નથી. બેમાંથી એકને જણાવવું જોઇયે કે તે બચારો નકામો આશામાં નહીં રેહ."

"જરા થોભો—મારી કાંઇ મતલબ છે, જો અદી, મીનોચેરને કંઇબી કરીને તમારી સાથે રાખજો."

હું વધુ તકરાર કરવા જતો હતો તેટલાં પેસી આવી લાગ્યો અને ટીફીન તૈયાર પાંથરેલું હતું ત્યાં માકીને લઇને ચાલ્યો. પેટની પુંજા કીધા પછી સર્વે ઉઠયાં. માકી પોતાના ટટ્ટુ ઉપર ચહડી બેઠી અને પેસી અને મીનોચેર તેની બેઉ બાજુએ ચીટકી બેઠા. મેં મીનોચેરને ઘણીખી તાલમેલથી બોલાવ્યો પણ તે આવે શું કામ. મેં જોયું કે મારે શું પંચાત. ઝાહાનમમાં બેઉ જણ જાયની. મને જેવું જોઇતું હતું તેવુજ પાયું. હું ને બચ્ચાં એકલાં રહી ગયાં. મારો જીવ તો સખખેજ જતો હતો.

બાકીના બે ત્રણ દાહાડા મારે મનથી ઘણાજ ખુશાલ ગયા. માકીની આગળના આગળ ભમ્યા કરવા પેસી ને મીનોચેર બેઉ જણ વચ્ચે દેખાઇતી ખેંચાખેંચ ચાલતી હતી એટલે બચ્ચાં મારે ભાગે આવી. પણ માકી એવી પક્રી કે કંઇ ને કંઈ તલાવટથી પોતાના બે ઉમેદવારોમાંથી એકને અમારી સાથ લગાડી દીયે. તે લોક ગમે એવી અડ કરે પણ માકીની તલેસમાતી આંખ આગળ તેઓનું શું ચાલે. જાણે બતી આગળ મોમ.

ઘર જતાં માર્ગમાં આખરે બચ્ચાંને એકલી જોઇ મારી જીભ ઉપડી.

"આપરે—છેતે—બચ્ચાં માય. હવે તમે તો છેક મોટાં લોક થઈ ગીઆંછ. આપુને તો મળતાંજ નહીં?"

"કાંય, રોજ તો મળયેછ."

"તે તો છેજ તો, પણ એકલી વાત કરવાનો આપુને ચાન્સ મળતોજ નહીં, મને તમારી સાથ ઘણી વાત કરવાની

છે. સાંજના ચાહા પીધા પછી હોટેલના કમપાઉંડમાં મને મળશો? હું તાંહાં યુકલીપટસનાં મોટાં ઝાડ આગળ તમારી રાહ જોવસ—આવશો કેની?"

"વારૂં—" પણ આટલા શબ્દોમાંજ બચ્ચાં લાલ લાલ થઈ ગઈ. તે ચાતુરી ચેતી ગઈ હતી કે હું શું વાત કરવા માંગતો હતો. હું કાંઈ છેક બોચીઉં નથી. આજે તો કંઈબી કરીને બચ્ચાંને રાજી રાખવાના મેં સોગંદ ખાધા હતા એટલે અગાઉથી રૂપીઆ પાંચેક ખરચીને એક ફુલની ટોપલી તૈયાર રાખીને વેટરને આપી આવ્યો હતો કે મને જ્યારે બચ્ચાં સાથ વાત કરતો જોય ત્યારે લઇ આવવી. વેટર ફુલ લઈ આવ્યો અને મેં તે હસીને બચ્ચાંના હાથમાં મુકી અને બચ્ચાંએ હસીને તે કબુલ રાખી. એ, મારો જીવ બેહેસ્તમાં ગયો.

"અદીબા, કાંય અમથી તસ્દી લીધી. ફુલ તો મારો જીવ જાન છે."

"એ મારા જાન, ફુલ શી ચીજ છે. જો આએ દુનીઆં મારી હોય તો તેબી તારા ઉપર સદકે કરૂં. ચાહા પીધા પછી વાડીમાં આવશો કેની?"

બચ્ચાંએ શરમાઇને ડોકું ધુણાવ્યું. બચ્ચાં હોટેલમાં દાખલ થઈ અને હું પાછળ પાછળ ચાલ્યો. કોણ જાણે મારાં કીસમતમાં શું લખ્યું હશે કે સામાં મારાં ઓલ્ડ ફ્રેંડ ધનબઈજી મળ્યાં. તેવણ એક ઉંડી નેતરની ખુરસીમાં બેઠેલાં હતાં. આ ખુરસીની પીઠ એટલી ઉંચી હતી કે માંહે બેઠેલું પછવાડેથી દેખાય નહીં. મારી લગભગ—ખાત્રી છે કે તેવણે મારી અને બચ્ચાં વચ્ચેની વાત ઘણીખરી સાંભળી હશે.

પ્રકરણ ૧૫ મું.

ઇબ્રઇજી સરસ કે માકી.

ઇબઇજી—ઇબઇજી! નાપાક શેહેતાનપર લ્યાનત પડે. તમે તો ઘણાં ભલાં માણુસ હશો પણ મારાં કીસમતજ અભાગ્યાં તો તમે શું કરશો. મુવાંને તમુને બીજે આવવાનો કોઇ વખત મળ્યોજ નહીં? ઉપર મુજબ હું મન સાથ બરબડયો અને ઇબઇજીને હજારો હજાર અવળી ગમની દુવા દીધી. પણ મેં વીચાર કીધો કે એ બલેડીને છેડીને કાંહાં ઉભો રેહું. હજી ઘણું આગળ ચાલવાનું છે. જાણે કશાંમાં હોઉં નહીં તેમ મીનીગો થઇને હું તેવણુની આગળ ગયો.

"ઓહો! ઇબઇજી માય, વળી તમે કયાંથી ફુટી નીકળ્યાં? કયારે આયાં?"

"બાવા હું તો આજે સહવારનાજ આવી ને બે તણ દાહાડા પછી જવાની છેઉં—તમે હમણા મોટે બાંચરે ફરતા ફરો તે અમુને કાંહાંથી ઓળખો."

મેં સતો થઇને એક ગજ જબાં લાંબી બાહાર કહાડી "હેં, હેં એમ કંઇ હોય, તમે આવવાના છેઓ એમ જાણુતે તો—તો—તો ચોક પુરાવતે."

"અં! નવાબ મીનોચેર ને એની બેહેન બચ્યાં બેગમને મેં જોયાં. હમણા તમારી સાથ બચાંજ વાત કરતી હતી કેની?"

"હાજી, અમે લોક કંઇ નવું જોવા ગીઆતાં."

આટલો જવાબ આપીને હું બલ્લી જવાનો વીચાર કરતો હતો કારણ કે દુરથી પેલી કજીઆતું કાહારન માકી ચવીત્રીને

અમારી ગમ આવતી જોઇ. મારા પેટમાં ફાળ પડી કે બાપજી આવો, હવે કોણુ જાણે કેવી કચુંબર થશે.

ધબિઇજી છણકો કરીને બોલ્યાં "ઓ મરેરે, આમ્મે ખબરી હજુર અહીંજ પછારા બાઇ મરેછ કે?"

"કાંય નહીં? શેહેર કાંઇ આપરા બાપનું છે? તમુને તો એ માકી અસલથીજ અકારી ડાહારી ઉતી તે હું જાણુંછ."

"હારે અદીબા, તું તો પેસુ સમજુજ છે કેની. જારે મેદાન ખાલી ઉતું તારે તમે લોક નાચી કુદી રહયાં પણ હવે બચ્ચાંમાય આયાંછ તારે કેમ ચાલેછ? હ—લુછા!"

હવે આમ્મે પીડાને શું જવાબ આપું. મારૂં તો એવું ચચડી આવ્યું હતું કે જાણે ડોકી ભચરી નાંખું. એ ડોસી સારી પેઠે જાણતી હતી કે માકી સાથ મને સારૂં છે અને તે છતાં મારાં મોહોડાં ઉપર તેની ગીનીસ કરવાની હાંમત કરતી હતી. પણ જીવ—જરા ધીર ધર. હમણા તડ ને ફડ કરવાનો વખત નથી. ખરી વાત એ છે કે ધબઇજીની કેરી જબાંથી હું બીહીતો હતો. માકી હજુ તો આઘેથી આવતી હતી તેટલાં સામેથી પેસી કેપટન નીકળી આવ્યો અને તે બેહુ જન હસી હસીને વાત કરવા લાગ્યાં.

ધબઇજીએ તે લોક ગમ ટીકી ટીકીને જોયું અને પછી મને પુછયું. "અદીબા, અદીબા, આમ્મે દુક્તીની પછવારે પછવારે દેવલાલીમાં ભમ્યા કરતોતો તેજ આમ્મે પારસી કેની?"

હવે મારેથી થોબાયું નહીં. "ધબઇજી, હું દલગીર છેઉં કે તમે તમારી જબાં તપાસતાં નથી. સારૂં ગામ ખરાબ છે ને સઉ કસાંમાં બધી અક્કલ ને ડહાપણુ તમારામાંજ આવી

ગીયુંછ કે? આએ પેસી કેપટન માકી સાથ સદા ભમતો હતો એમ કહેવાનો તમુને કશો હક નથી. દેવલાલી જીમખાનામાં મેળાવડો થતો હતો તારે એ આવારનવાર આવતો હતો તે ઉપરથી તમે આએ વાત લઇ પડયાં. તમારે વાસ્તે કોઈ એમ બોલે તો તમુને કેવું લાગે?"

પણ ડબઇજી કંઇ દબે? "અંહુંહું—મીયાં—મીયાં—એમ તપી ના જાઓ. એ રાંન કોઈ મોટી શાહજાદી પરી કેની તે સારૂં કંઇ બોલાય નહીં?"

"કોઈની પીઠ પાછળ એમ નીંદા કરવી લાજમ નથી. ને તેમ્બી વળી તેના એક ઓળખીતા આગળ. ડબઇજી તમે લાઇબલ શું તે સમજોછ કે? વકીલનાં ખીસાં ભરતાં વાંકાં વળી જશો."

હું તો એવો ગરમ થઈ ગયો હતો કે ત્યાંથી રોહોસાભેર નીકળી ચાલ્યો અને ખામખા ડબઇજીનું ગેરવવા માકી આગળ જઇને શેકહાંડ કરીને વાતે ઉભો. માકી શેહતાન મારી બાજી સમજી ગઇ અને મોટે સાદે હસીને પોતાનો ગોલ ગોલ હાથ મારાં ખભાં ઉપર મુકીને વાત કરવા પડી.

મેં હળવેથી કહયું "પેલી ડબઇજી બધા ચાળા જોયછ, સંભાળજો."

માકી બોલી "એ ઘરડાં ઘુવડને મેં તો કયારનું જોયું. જોયછ તો જોવા દે. મારા કીઆ ખાસરાંના ભાર—ચાલો ચાલો—આપરે ટીફીનપર જઇએ, મને ભુખ લાગીછ."

આમ બોલી માકીએ મારી અજાયબી વચે પોતાનો હાથ મારી બગલમાં મુકીને ચાલવા માંડયું. ડબઇજી તો ડોળા

ફાડી ફાડીને જોતાં હતાં. હું, માકી અને પેશી ડાઈનીંગ રૂમમાં દાખલ થયાં ત્યારે મનચેર અને બચ્ચાં તૈયાર ઉભેલાંજ હતાં. મનચેરની દાળ વળી પાછી બળી ગઈ હતી. દાખલ થતાંને વાર ધબઈજી બચ્ચાં આગળ ધસ્યાં અને જાણે કેવીક મમતા હોય તેમ કાંઈ અટમપટમ વાત કરીને તેના બાલ પસવારવા લાગ્યાં. માકીએ આઘેથી હાંક મારી "બચ્ચાંમાય, ચાલો, ચાલો, ભુખ લાગીછ, એવણ સાથ શું કાજ વસતારાં કરોછ. અમુને જરા મોડું થયું, માફ કરજો."

બચ્ચાં આવી અને ધબધજીને કેહતી આવી "જમયા પછી હું મલશ."

પણ ધબઈજીનો સ્ટીમ કયાં જાયછ? બચ્ચાં ને માકી સાથે સાથે ચાલીને એકજ ટેબલ ઉપર જમવા બેઠાં તે જોઇને ડોસાંજીને તો માથે લોહી ચહડી જાય એવી નીશાનીઓ બરપા થઈ. આ સઘળા ફારસ જોઇને મનેબી જરા હસવું આવ્યું અને તેબી ધબધજીએ જોયું. તોબાહ ખોદાય, મેં જરા અક્કલ વાપરી હતે તો જોતે કે એક મુદઇને હદ બાહાર સતાવવામાં કેટલો જોખમ છે.

પ્રકરણ ૧૬ મું.

બગીચામાં મેલાપ.

લંચ પછી સઘળાં પાછાં ભેગાં મળ્યાં અને ચાહ આવી ત્યાં સુધી ઇબિઇજી તો બચાંના ઇજનને માન આપીને અમારીજ પાર્ટીમાં લાધ્યાં તે જોઇને મારો તો દમ બંધાઇ ગયો. બચાં આગળથી ડોશી ખસેજ નહીં એટલે મેં જાણ્યું કે બચાંને એકલી મળવાને મને ચાન્સ નથી એટલે હું ત્યાંથી ઉઠી ગયો. મને તો ઘણાં કાગળ લખવાનાં હતાં પણ તે દાહાડે મારૂં ભેજું કોણ જાણે ક્યાં ચરવા ગયું હતું. લખું ને ફાડી નાખું, લખું ને ફાડી નાખું એવો મારો અવતાર હતો કારણ કે, પાંચ વાગા પછી બચાં સાથ શું અને કેવી વાત કરવી તેના 'રીહરસલ' માં હું બેબાખરો થઇ ગયો હતો. બારીએ ઉભો રહી ખુબ વમાસણમાં છું તેટલાં જોઉં શું કે ઇબિઇજી અને બચાં વાડીમાં હળવે હળવે ફરતાં હતાં. અંધારૂં થવા આવ્યું ત્યાં સુધી તેઓ ફરયાં. હું ઠરાવેલી જગાએ એક કલાક અગાઉથી જઇને ઉભો. સારાં નસીબે જગા ઘણી એકાંત હતી. ઓ! મારી બચાં આવશે, તેની સાથ કેમ વાત કરશ? મેં ગેઇ કાલે " મારા જાન " કહયું તોબી કંઇ બોલી નહીં. આહ! ઉહ! ક્યારે વખત થશે. બચાં કાંઈ કાચી ન હતી. હું શું કહેવાનો છું તે તો તે સમજી ગયલી હોવીજ જોઇયે અને તે છતાં તેણીએ વાડીમાં એકલું મળવાનું હા કહયું હતું—ઓ ખુશાલી—હવે બીજું શું જોઇયે. અરે હું કેટલાં જોશથી તેને ચાહાતો હતો તે મેં આજેજ—હવડેજ—જાણ્યું. તે થોડું બોલવાવાળી, જરા ઠસ્સાવાળી હતી એટલે તેની સાથ ઘણી

છુટ લેવાને હું બીહીતો હતો પણ હવે તો—અંહં—સઘળું સમાધાન. પહેલોજ સવાલ એ પુછશ કે " બચાં ડારલીંગ–તું મને ખરેખર ચાહેછ—કે! ને તે જારે હા કહેશે ત્યારે હું તેને કેવા જોરથી મારાં પેટમાં ચાંપશ—ઓ કેવો નસીબવાન.

મેં પચાશેક વખત ઘડીયાળ કાહાડીને જોયું હશે. કેમે કરતાં કાંટો ખસેજ નહીં. બાવીસેક વખત ઘડીઆળ કાને લગાડી જોયું કે બંધ તો નથી પડી ગયું. બારેક વખત નકામી નકામી કુંચી આપી. એ નહીંબી આવે ખરી કે? નહીં, મારી બચાં એક વાર કબુલ થઈ કે પછી પોતાનો સખુન તો નહીં તોડે. આખરે ડોળા તણાવી તણાવીને સવા પાંચ વાગે તે બાહાર આસતે આસતે આવતી જણાઇ. મારી આંખે જાણે ધુમસ ફરી વળ્યું હતું. છાતીમાં તો થરાક થરાક ટકોરા વાગતા હતા. મને જાણે એવું થતું હતું કે આ વાત કાલપર રાખી હતે તો સારૂં. સારાંસ કે હું ખરેખર હીચકારો બની ગયો હતો.

બચાં મુગી મુગી આવી અને એક મોટાં ઝાડ તળે અમે બેઠાં. કેમ વાત છેડવી તે મને સુજ્યું નહીં. આખરે બચાંજ બોલી " કેમ? તમે મને શું કહેવા માગતા હતા?"

એક વખત જબાં ઉંઘડી કે પછી કેમ અને કાંહાં અટકે. હું શું બોલ્યો તેનું મને હવે ભાનબી નથી. સવારના મેં કેવા કેવા ગુલાબ જેવા વાકયો અને મીઠાં મધ જેવાં વીશેશનો તૈયાર કીધાં હતાં તે બધાં મારાં મગજમાંથી ખશી ગયાં અને શેખચલ્લીની પેઠે જે ગમે તે ફ્રુટી મારયું. વચમાં બચાં એક બોલ બોલી નહીં, પણ ઠામલાંની કાની બેશી રહી એટલે અચબુચ મારૂં જબાંદરાજીનું ગાડું અટકી પડયું. આસ્તે રહીને બચાં બોલી:—

"આટલું બધું લંબાણ ભાસણ કરવાની ગરજ નહીં ઉતી. મી૦ કોટવાલ, તમે શું બોલ્યા તેનો પા ભાગભી મેં સાંભલ્યો નથી, કેમજે હું મારા વીચારમાં હતી. હું એમ સમજુંછ કે તમે મારી સાથ પરણવા માંગોછ!"

"હા—તે મારા જીવની———"

"સબર કરો—મેહેરબાની કરી જણાવશો કે પરણવામાં તમારી મકસદ શું છે?"

"મકસદ શાની હોય—હું તમુને મારાં જીગરથી ચાહુંછ."

"માફ કરજો, હું તે માનતી નથી. આજે સાંજે હું અહીં આવી તેનાં બે કારણ છે. એક તો મેં કબુલાત આપી હતી અને બીજું તો હું જાણવા માંગતી હતી કે માણુસ જાત શું શું પ્રાકરમ કરી શકે છે."

"પ્રાકરમ!" મારૂં માથું ધુમવા લાગું.

"હા પ્રાકરમ—હું ચેતી ગઇ હતી કે તમે મારી સાથ પરણવાનું આજે માંગું કરશો પણ તમે શું શું ચરીત્ર કરશો તે જોવાને હું ઇંતેજાર હતી."

"ચરીત્ર, પ્રાકરમ! આવા શબ્દો મને? મેં એવું શું કીધું કે મને આવું અપમાન!"

"શું કીધું તે કેહવાનું મારૂં કામ નથી. તે તમે પોતેજ તમારા જીવને પુછીને નક્કી કરો."

"અરે પણ હું તમુને ખરેખર ચાહાતો નથી એવો શું તમુને કંઇ વેહમ છે?"

"જરાબી વેહમ નથી, પણ પુરી ખાત્રી છે."

આ ધડાકો સાંભળી હું જરા આગળ વધ્યો અને કરગરીને બોલ્યો "પણ મારી ડારલીંગ—"

પણ બચ્ચાં તો ઉઠીને આઘે બેઠી અને બોલી "આસતા બેસો ને મેહેરબાની કરી જરા જબાં તપાસો."

પાંચેક મીનીટ મારે માથે ધુમરી આવી. જરા મન ઠરયું કે મેં આગળ ચલાવ્યું.

"બચ્ચાં માય, હું મારા મુવા બાપના સોગંદ ખાઇને કેહું છ કે મારો જીવ જાન તમારી ઉપર છે. અત્યાર લગન કોઇબી છોકરી ઉપર મેં આવી જાતનો વીચાર બાંધ્યો નથી. જો તમે–તું–મારી સાથ પરણુવા ના પાડશે તો હું એમનો એમ કુંવારો રહીશ. ડીઅર, મારા બોલ ઉપર વીશ્વાસ રાખ. મારી સાથે આ પ્રમાણે કાંય કરેછ?"

પણ ફોકટ, બચ્ચાં જરાબી ઉસકેરાયા વગર બોલી "પણ તમુને ફર્યાદ કરવાનું શું કારણ છે? તમે કંઇ વાત કેહવા મને બોલાવી ને મારી કબુલાત મુજબ હું આવી ને તમે જે કેહવા માંગતા હતા તે સાંભળ્યું!"

"તે તો તમારી મેહેરબાની થઇ. તમે મારી વાત સાંભળી પણ જવાબ આપ્યો નથી. હું તમોને મારી ધણીઆણી થવાની અરજ કરૂંછું."

"ને મારો જવાબ એ છે કે–ના–મારી સાત વખત ના."

હું તો ડબાઇજ ગયો. મને પરણુવાને ના પાડે તે તો એકજ વાત, મને પોતાને તે લાયક નહીં ધારે તે બીજી વાત પણ આ પ્રમાણે ધોસારો કાંય? બચ્ચાં જેને હું હંમેશની સાચ્ચી સમજતો હતો, જેણીએ મને હરેક રીતે આશાવંત



પણ મારી ડારલીંગ સફે ૧૧૦.

કોપેલા, હું શું કહેવા માંગતો હતો તે બરાબર સમજીને જેણીએ આજે મને વાડીમાં મળવાને હા પાડેલી તે આ પ્રમાણે અપમાન સાથે મને ઝંઝેરી કહાડે તેનું કારણ શું! મારો તો દમજ બંધાઇ ગયો ને મારા હોઠ ફરફડવા લાગ્યા. આખરે બચ્ચાં બોલી:—

"હું ધારૂંછ કે તમે પોતાને એવાં મોટાં માણુસ સમજોછ કે કોઇબી બાઇ તમુને પરણુવાને ના પાડે એટલે તો જાણે તે દેવાનીજ હોય."

પુરૂષ ગમે એવો મોહોબતમાં ચકચુર હશે, ગમે એવો પોતાના મનપર કાબુ રાખનાર હશે પણ એક ચોક્કસ વખત એવો આવે છે કે તેની ધીરજ ખુટી જાય છે.

"બચ્ચાં—આવી ચાલની મેં તારેથી—"

"સબર—મેહરબાની કરી 'તમે હમે'થી વાત કરો—ને મારૂં નામ બચ્ચાં બેગમ છેજી."

"હું માફ માંગુછ. આજે સવારના આપણા વચ્ચે જે વાત થઇ અને જે રીતે બેગમ સાહેબને મેં બોલાવ્યાં અને બેગમ સાહેબે વાંધો નહીં લીધો તે જોતાં મેં ભુલ થાપ ખાધી. બેગમ સાહેબ, હું ફરીથી માફ માગુંછ."

બચ્ચાંએ ફક્ત ડોકું ધુણાવ્યું.

"હું બીજું એમ કહેવા માગુંછ કે હું બડો ગધેડો બન્યોછ. તમે ધારોછ તેવો હું મુર્ખ નથી કે મને પોતાને ઘણો મોટો માણુસ સમજું. આપણી ઓળખાણ પુરાણી છે અને આજે વીસ દાહાડા થયાં આપણે સાથેના સાથે ફર્યા અને અગાઉ તેમજ આએ ટ્રીપ વખતે તમે કોઇબી

વખ્ત એમ નહીં દેખાડયું કે મારી સોબત તમને ગમતી નથી. આપરે બેહુની શાંતીને ખાતર તમોએ એ વાત પેહલાંથી સફાઇ કરવી હતી. મેહરબાની કરી ખાતર જમે રાખજો કે મારેથી તમે કંટાળો છો એવો જરાબી મને એશારો થતે તો હું અહીં એક મીનીટ થોભતે નહીં. તે તો એક બાજુએ રહયું પણ તમોને આ પ્રમાણે મને હવારી ખાવાની જરૂર નહીં હતી. હું ધારૂંછ કે તમે મને જરા નરમાસથી ના કહી હતે તો તમને કાંઇ નુકશાન થવાનું નહીં હતું."

આટલું બોલી મેં ચાલવા માડયું. મને લાગું કે બચ્ચાં મને રોકવા માગતી હોય પણ હું તો સરભોગ ચાલ્યો ગયો. હોટેલમાં દાખલ થવા અગાઉ મેં મન સાથ મારા પ્લાન કરી મુકયા. મેં ચંગ વજાડી મારા પોતાના નોકરને બોલાવ્યો અને તેને ફરમાવ્યું કે જલદીથી મારો પોર્ટમેંટો, બેડીંગ, વગેરે બાંધી રૂંધીને તૈયાર કરે. એક બીજાં માણસને મેલ ત્રેનની ટીકીટ લેવા મોકલ્યો અને હું નીચે મારૂં બીલ ચુકવવા ઉતરયો. એવામાં સામેથી નવાબ મીનોચેર લટકા કરતાં આવી પોંહોચ્યા.

"યેહ! અદી, એ કાંહાં જાયછ?"

"હું ઉઠી જાઉછ."

"શુંઉંઉં?"

હું મીનોચેરને ખુણામાં લઇ ગયો અને બચ્ચાં તરફથી જે ઝાડુ પડી હતી તે વાત કહી સંભળાવી. મીનોચેર તો લાકડું થઇ ગયો.

"અદી દીકરા, એ તું શું બકેછ? જરા થોભ, એમ નાહાસી જવામાં ફાયદો નથી. મને જરૂર ગુમાન જાયછ કે કાંઈ નહીં સમજ પડે એવો છબરડો થયલો છે."

"છબરડો હોય કે નહીં હોય, પણ તારી બહેનના ખુલ્લે ખુલ્લા અપમાનના સખુનનો ગણગણાત હજી મારા કાનમાં છે."

"પણ એમ હોય, નહીં—હું માનું નહીં."

"માન કે ના માન, પણ હું જે કહુંછ તે તારે માનવુંજ પડશે."

"જો અદી, મારો બાપ કરૂં. તું જાણેછ તો ખરો કે બચ્યાંનો સ્વભાવ કેવો મુશકેલ છે. અમારાં આખાં કુટુંબની એ ખોડ છે. એ જે બોલે તે માનવું નહીં. કોઇબી કારણથી એને ફફડાટ લાગયો હશે. તું ને એ સારી પેઠે જાણતાં હતાં કે તમે લોક ચંદરોજમાં એકના એક થવાના છો ને તે લીધે એ તારી સાથે કેવી મીઠાસથી વર્તતી હતી તે શું નથી સમજતો? ના, તું જારે તારા હાથની કલતરને લીધે તાપે પડયો ને તેની અમુને ખબર થઇ તારે એ કેવી બેચેન થઈ ગઇ હતી અને દાહાડામાં આઠ વાર તારી ખબર પુછ્યા કરતી હતી તે શું તું વીસરી ગયો? નહીં બીરાદર, તારી ભુલ છે. કોઇબી રીતે તેં એને ગુસ્સાનું કારણ આપ્યું હશે. તુંને કંઇજ યાદ નહીં આવતું?"

"નહીં"!

"વારૂં. તું લગનની માંગણી કરેછ તે તો બચ્યાં બરાબર સમજી કેની? કાંઇ તેમાં તો આબડગુચડ નથી થયું?"

"નહીં–મેં સાફ શબ્દોમાં કહ્યું કે એને મારી ધણી-આણી કરવાની મારી ખુશી છે, તારે સાફ સાફ જવાબ દીધો કે "મારી સાત વખત ના."

"અરે તારી!"

મીનોચેરે મને ધીરજ ધરવા અને રોકવા ઘણીખી જીકર કીધી પણ જ્યારે જોયું કે હઠતોજ નથી ત્યારે વાત માંડી વાળી. મેં મારા ઓરડામાં જઇને એક ચીઠી છેલ્લી સલામની માફી ઉપર ચીત્રી કાહાડી અને તેણીને જણાવ્યું કે કાંઇ જરૂરનાં કામસર મને ઉઠી જલદી જવું પડેછ. ટ્રેનનો ટાઇમ થવા આવ્યો હતો. ગાડીના ટ્રાપ પર મારો સામાન ચહડી ચુકો અને હું હોટેલ છોડી ચાલ્યો. દરવાજાપરજ બચાં ઉભેલી હતી. મેં સેજ મારી ટોપી ઉંચકી અને ખલાસ!

ત્રેનમાંથી આઘેથી કુનુર દેખાતું હતું. અફસોસ; હું ઇડનનો બાગ છોડી જતો હતો કે મુરખાઇનું મકાન!

પ્રકરણ ૧૭ મું.

બચાંને હાથની જબરદસ્ત ઝાડુ ખામને આપરે તો એવા લીલા બુમલા જેવા થઇ ગયા હતા કે નહીં ખાવાનું સુઝે પડે કે નહીં વાંચવાનું ગમે. કુનુરથી ઉઠી જઇ રહેવાને દસ દહાડા થયા પણ જીવ ઠરયો નહીં. એક વાર વીચાર કીધો કે બળી ગયું ઉઠી. ત્યાંથી નીકળી જાઉં તો ઠીક પણ પગ ઉપડેજ નહીં. વળી એક વાર વીચાર આવે કે, શું કામ? કોઇના બાપની ચોરી કીધીછ કે? હું ઉઠી આવ્યો ત્યારે મારો સ્ટીમ ઘણો ચહડેલ

હતો તેની ધુનમાં મેં એક કાગળ મીનોચરને તતરાવી કહાડયો હતો કે હું હવે કોઈનું મોહોડું જોવા માંગતો નથી માટે જ્યારે તે લોક ઉટી આવવાના હોય ત્યારે મને આગળથી જણાવે કે હું ત્યાંથી નીકળી જાઉં. હું આમ ધરપચમાં લખી રહયો હતો ખરો પણ બીજી મેરથી મારા પગ મરઘીવાળા જેવા હતા. ઉટીની હવા મને ઘણી માફક આવતી હતી અને જે હોટેલમાં મને જગા મળી હતી તે ઘણું સુખવાસી હતું. ત્યાંના સરકારી બગીચામાં બે ઘડી જઈને બેસતો તો મારી રીત પ્રમાણે હજારો ખેન કોટક જોતો હતો. તે દાહાડે સાંજના ઘોડદોડની શરત હતી—અને ફેંનેશબલ લોક ત્યાં જવાની દોડધામમાં હતું. મને શરતનો શોખ નથી તે એટલા સુધી કે શરતના ઘોડા અને અંધેરીની ભાડેની વીકટોરીયાના ઘોડા વચેનો ફરકખી હું ઝાઝો જોઈ શકતો નથી. નહીં બા, જુઠું બોલી મારા પાપમાં તમે શું કરવા જાઓ. ખરી વાત એ હતી કે સેવકને હમણા ધતુરાનો લાહાટ લાગુ પડયો હતો. પણ તમેજ વીચાર કરો. બચાંએ જે રીતે મને સુકી સપાટથી ખંખેરીઓ હતો તે રીત પછી કોઈબી માટીડાની વાવડી ચસ્કી જાય તેમાં કાંઈ નવાઈ છે? પણ તમે ત્યારે પુછશો કે શું કેહું તે કરવા હું ઉટીમાં ગગડી રહયો હોઈશ. પણ ત્યારે જાઉં કયાં? એક વાર દીલ ઉતારો થયો કે બધાં ગામ સરખાં. હું કોઈથી ખાંડીઓ જાઉં તેવો નથી. ફકત બચાં આગળ હું મોમ મીસાલ હતો અને બચાંએજ મને પાણી ઉતાર કીધો. તેણીએ મને હવારી ખાધો તે જાણે કાતેલ તીર છાતીમાં લાગીને હીલ્યા કરતો હોય તેવું લાગવું હતું. આજ સુધી હું સુજમાં રોજા ખોલતો હતો તે બધા હવાઈ કીલ્લા ભુસ થઈ ગયા એટલે કોઈનેબી હસ્તાં રમતાં જોઉં તો મારૂં પાકીને પખેકાર થઈ જવું હતું.

આવી ડામાડોળ સ્થીતીમાં હું ગળે ગલાંઠો મારીને વમાસણમાં બેઠો છું એવામાં સામેથી ધરધર કરતી ગાડી આવી અને—ઓ અજાયબીઓની અજાયબી—માંહેથી મીનોચેર અને માકી ઉતરયાં! હું ચકીત થઇને જોવા લાગ્યો કે માંહે બચાંબી છે કે? પણ બીજું કોઈ હતું નહીં. માકી તુરત મારી આગળ દોડી આવી.

"ઓહ! બાસ્સા પકડાયા. અહીં બેશીને શું કીલ્લા બાંધોછ? બધું ગામ શેહર શરત જોવા જાયછ ને તમે તો જાણે તપ કરવા બેઠાછ. ચાલો, ચાલો, અમારી સાથે. તમારી ટોપી કાંહાં છે?"

મેં મીનોચેર ગમ ફરીને ગુપચુપ પુછ્યું:—"તેં મને કબુલાત આપી હતી કે જો તમે લોક અહીં આવશો તો મને આગળથી ખબર આપશો, ને એમ કેમ?"

સારૂં થયું કે આ વાર માંકી કાંઈ ટપાલના કાગળ જોવા ઑફીસમાં ગઈ હતી.

મીનોચેરે ખોલાસો કીધો. "બધું ઠીકાઠીક છે રે યાર, કાગળ લખવાની કંઇ જરૂર નહીં હતી. જોની દીકરા, એમ થયું કે તું ગીઆ પછી અમે વેલીંગટન ગીયાં. તાંહાં બચાંએ એવાં છીટાં બાહાણાં શોધીઆ કીધાં કે અમે બેજાર થઈ ગીયાં. બે એક દહાડા પછી એણે આવીને અમુને કહયું કે હું તો કંટાળી ગઇછ તેથી ઇબઇજીની સાથે પાછું દેવલાલી જવાનું નક્કી કીધુંછ. એ લોક તાંહાં આઠ દહાડા રહેવાનાં છે ને પછી તાંહાંથી પુને જવાનાં છે. એટલે આપણો મેલાપ થશેજ નહીં."

"ઇબ્બઇજી સાથે! હું તો ધારતો હતો કે તારી બેહનમાં એ કરતાં જરા વધારે 'સેન્સ' હશે."

"મરવા દેની. મારે મનથી તો પીડા પતી. એ ને માંકી તો અગાઉથીજ ખરવાયાં તોડયાં કરતાં હતાં તેમાં તારા ગીઆ પછી તો છેકજ વધેરાયું. બચ્ચાં મને પોતાની સાથે દેવલાલી ધસડવા માંગતી હતી પણ આપણી સાફ ના. કેવું મજાનું નીલધરી છોડીને તાંહાં શું ધકેલા ખાવા જાઉં."

આટલી વાત થતાંમાં માંકી પાછી આવી લાગી "કેમ, અદીબા, ટોપી લાયા કે—ચાલોની."

"હું નથી આવતો."

"હેં, નહાં કેમ આવે. આવે ને તારો દાદો આવે." માંકી મને હાથ પકડીને ખેંચવા લાગી. "જરા હુશી-યારી પકડ, એમ બાયલાની કાની રડતો શું થઈ ગીઓ. ચાલ ઉઠ ઉઠ—જો અમે આખી રાત મુસાફરી કરતાં ઠાકાં તોબી કેવાં તૈયાર છીએ."

માંકી હાકી! ઓ મારા ખોદાય. જેવી ખંજર જેવી ખરી ને તરી હતી. તેનાં પેટમાંનો ખુશાલીનો બાફ બધો ઉભાઇ છલકાઈ જતો હતો. આસપાસ ઉભેલાંઓ બસ ટીકી ટીકીને એનેજ જોયા કરે. ને ખરેખર—હતીબી તેવીજ. ગોરી તો ગોરી પણ સફેદ જીણી સાડીમાં જાણે નરી આસમાન ઉપરની હુરી જેવી લાગતી હતી. હવે આવો જીવડો હાથ ધરીને ખેંચે તારે ના કેમ કેહું. ચાલો તારે આપરેબી શરતમાં ચાલ્યા.

પેવીલીઅનમાં જઇને અમે ઉભાં ત્યારે કાંઈ બસો ઓપેરા ગ્લાસ માંકી તરફ ટીકાયા હશે. સહુ એક બીજાને હળવેથી પુછે કે આ માહા ખુબતાર કોણ. પણ માંકી એવી માજનદરાની કે કોઇ ગમ ઝાંખીને જુવે નહીં. જરા વારમાં વળી અખુરામાં પુરો પેસી કેપટન આવી લાગ્યો. તેનો એક ઘોડો આજની શરતમાં દોડવાનો હતો એટલે તે ભારી ધાંધલમાં હતો. માંકી તો પેસીને લઇને તોલવાના કાંટા આગળ ચાલી.

હવે મારી જખાં ઉપડી. "મીનોચેર દોસ્ત, આજે આએ પેવીલીઅનમાં નજર ફેરવ. માંકીની જુતી બરાબરની કોઈ છે?"

મીનોચેરે જવાબ દીધો "પેવીલીઅનમાં તો શું પણ આખા મુંબઈ ઇલાકામાં એની જોડીજ મળવી મુશકેલ છે."

કોણ જાણે વાત આગળ કેમ રસ પર ચહડતે તે કહેવાઈ શકાતું નથી કારણ કે તેજ વખતે એક બીજાં અઢાર વયનાં પારસી બાનુ આવી ચઢયાં. મીનોચેર જરા ફગલાઈ ગયો પણ મન ઠાવકું રાખી બોલ્યો,

"ઓ, ફુઇ માય–તમેબી 'રેસ' જોવામાં કે?"

હું તુરત સમજી ગયો કે મીનોચેરના ફુઈ રતનબાઈ જેવણ લાંબો વખત થયાં નીલગરીમાં આવી રહયાં હતાં અને મીનોચેર તથા બચાંને બોલાવ બોલાવ કરયાં કરતાં હતાં તે આજ બાઈ હશે.

હું મર્યાદાથી બાજુ ખસી ગયો પણ તે છતાં ફુઈ ભત્રીજા વચેની વાત સાંભળી.

"ઉભો રેહ ડુકતા," ફુઇએ પુછયું. "પેલી પોરીને કાંહાં નાખી આયો? મેં સાંભળ્યું કે દેવલાલી ગેઇછ—ખરી બાત કે?"

"હા; ફુઇમાય."

"પણ કાંય? સાથે તું કાંય નહીં ગીયો?"

"આપરે—છે તે—મકુંજે—બચાં કેહજે મને નીલઘરી ગમતું નહીં ને મને જરા કામ ઉતું. તેટલાં ઇબઇજીનો સાથ મળી ગીઓ તો બસ કેહેજે હું તો દેવલાલી જાઉં. એ જવાજ માંગે તારે હું શું એને બાંધી રાખું?"

"મને કંઇ સમજ પડતી નહીં." ફુઇ બોલ્યાં "બચાં પેહલાં આવી તારે તો મને અવારનવાર લખ્યા કરતીતી કે એને નીલઘરી તો એવું ગમેછ કે જાણે જાથુકની અંહીં રેહ. પેલી આજ કાલની ચવીત્રી ડુકરીઓના જેવી એ કંઇ છાલકી નથી કે ઘડી ઘડીમાં પોતાનો વીચાર ફેરવે. આએ પ્રમાણે થવાનું કાંઇબી બીજું કારણ હોશે. મેં સાંભળ્યું કે કોઇ પૈસાદાર પારસી સાથ એના અદરાવાની વાત ચાલેછ તે સારૂં મેં તાંરી કાકી ધનમાયને લખીને પુછાવ્યું તેનો કંઇ જવાબ હજુ મળ્યો નથી. મંચી, એ પારસી કોણ છે? તું ઓળખેછ કે?'

મીનોચેરે હું ધારૂંછ કે મારી ગમ આંખની એશારત કરીને ફુઇમાયને ચેતાવ્યાં હશે કારણ કે નેવણ ઘણુંજ હળવેથી બોલ્યાં. "અંહં! એવણ કે? પણ તું કેહેછ કે બચાંએ એવણને ના કહી તારે એવણ અંહીં પડી રહીને શું કરેછ."

મીનોચેરે શું જવાબ આપ્યો તે મારા સાંભળવામાં આવ્યો નહીં, પણ પાછી વાત આગળ ચાલી.

"મંચી તું અંહીં હોટેલમાં પડી રહીને શું કરેછ. છતું આપરૂં ઘેર છે ને તું એમ બહાર રહે તો લોક મારૂં નામ ધરે કે જોઈ કુઈ જેવી કુઈ થઇને આટલો એક માણસ રખાયો નહીં. ચાલ અત્તર ઘડી."

મીનોચેર તો ઘભરાટમાં પડયો "અરે નહીં રે કુઇમાય. એમ કંઈ બને? આજે સહવારનાજ મેં હોટેલવાળા સાથ પંદર દાહાડાની શરતે પકણ કીધીછ."

જે હોટેલમાં માકી રહે તાંહાંથી બાહાર જઇને રેહવાનું મીનોચેરને મનથી કડવું ઝેર જેવું હતું. પણ કુઇમાય એકનાં બે થયાં નહીં.

"ચાલ, માંડલાગા દેવ. ઘરડી કુઇને હથેલીમાં ઉડાવેછ? પકણ કીધીછ તો શું છે? હોટેલનો માનીજર મારી ઓળખાણનો છે ને તેને હું સમજાવી લેવશ. કાલેજ મારી સાથ વાત થઈ તારે કેહતોતો કે અમારી પાસે મુદલ જગા નથી."

"પણ કુઇમાય, હું તમારે માથે પડવા માંગતો નથી. કોણ જાણે મને મહીનોબી થાય, બે મહીનાબી થાય. વળી હું મોજ કરવા આવેલો તે ગમે તારે આઉં ને ગમે તારે બાહાર જાઉં તે કુટુંબનાં ઘેરમાં ચાલે નહીં."

"અરે બાપુ, મારે ઘેરથી તારે ગમે તારે આવજે ને ગમે તારે જજેની. તારા હાથ કોણ પકડવા આવવાનું

છે. ચાલ, હવે મારૂં માથું દુઃખી આયું. તારો સામાન તો ક્યારનો મારે બંગલે ગીઓખી."

મીનોચેર છટકાંમાં સપડાયો પણ કુછ આગળ નાચાર. કુઈમાયની ખાસ ઇચ્છાથી મીનોચેરે તેવણ સાથ મારી ઓળખાણ કરાવી અને હજી તો અમે "આવોજી, જાવોજી" કરીએછ એટલામાં માકી ધરધર કરતી ત્યાં આવી લાગી. અલબત સામીજ આવીને ઉભી એટલે તેણીનેબી કુઇમાય સાથ "ઇનત્રોડયુસ" કીધા વના ચાલ્યું નહીં. ડોસાં એવાં પક્કાં ને જમાને ખાધિલ હતાં કે તેવણ એક આંખના પલકારામાં સમજી ગયાં કે મીનોચેરબા શા સારૂં હોટેલમાંથી ખસવા માંગતા ન હતા. તેવણે અસેમસે માકીનો ગર લેવા માંડયો તે પરથીજ હું તો પામી ગયો.

આ ઉલટપાલટ તપાસનો જરા નમુનો નીચે આપવાની તજવીજ કરૂં છું.

"અં માય, તમે એખલાંજ આયાંછ કે ?"

"હાજી, મારી આયા સાથે છે."

"હં ! આએ હોટેલમાંજ ઉતરયાં હોશો ?"

"હાજી."

"બલા જાણે ! આજેજ આયાં કે ?"

"હાજી."

"અરે પ્રીત ! ને એટલા વારમાં તો શરતમાં જવાખી તૈયાર થયાં."

"એમાં શું મોટી વાત છેજી. આગગાડીમાં આખો દાહાડો બેશી રહેતાં પગ અકડી ગીયાતા તે જરા છુટા પડે!"

"હોવે, હોવે, માય, ખરી વાત છે. તમે અહીં આયાં તે સીધાં મુંબઇથીજ આયાં હોશો?"

"નહીંજી, હું દેવલાલી ઉવી."

"અં! હં! હં! ને તાંહાંથી પછી?"

"તાંહાંથી કુનુર ચાર પાંચ દહાડા રહી."

"મરેરેએએ! ઓંજીઆં કોટકજ તો. તારે તો તમે ને મીનુ ને બચાં ચાહારો સાથેજ ઉતાં?"

"હાજી, અમે એકજ હોટલમાં ઉતરયાંતાં."

"અંહ! હં-હં-હં આવો માય, બેસો."

પાંચ મીનીટના અરસામાં ડોસાંએ સઘળો સાર ખેંચી કાહાડયો અને મનમાં હસતાં હસતાં વીદાય થયાં. મીનોચેરને પોતાને ઘસડી જવામાં તેવણ ફાવ્યાં હતાં અને હમણા જે વાત સાંભળી તે પછી પોતાના ભત્રીજાને આ માંજરી બીલાડીની સંગતમાંથી ખેંચી જવાને તેવણનો જીવ તલપાપડ થયો હતો. પણ એક દર બંધ તો હજાર દર ખુલ્લા. ફકત રાતના મોડેથી જમને સુએ તેટલીજ વાર. બાકી આખો દાહાડો તો મીનોચેરકાકા કોણ જાણે કીયાં કાજવસતારાંમાં ફરે. માકી મદારી બેઉને રમાડે. ઘડીમાં પેશી સાથ ઘરાંપરાં કરે અને જયારે જોય કે મીનોચેરનો ચીલ્લો ફાટવાની અણી સુધી પુગયો છે ત્યારે વળી તેને એવી ગીસી લગાડે કે તે થંડોગાર થઇ જાય. આમ રતનવહુ અને હરીસેરીઆનાં છાણ પુતળાંના



પેહલા તો જરા રમુજને ખાતર નાચગો ફ્રામરીના ખેલ ચાલી રહયા હતા

સફે ૧૨૩.

નાચ જોવાની મને ખુબ તક મળી રહી હતી. એક વાત તો નક્કી કે માકી ઉપર મીનોચેર બેઅખત્યાર મોહી પડયો હતો. પેહલાં તો જરા રમુજને ખાતર 'નાચ ગો ક્રોમરી'ના ખેલ ચાલી રહયા હતા. પણ આસતે આસતે વાત એટલી તો વધી કે જે દાહાડો જાયછ તેમાં મીનોચેર માકીના હાથની માંગણી કરશે એમ નક્કી લાગ્યું. આ વળી પેશી જબરૂં કવાબમાં હાડકું નડયું હતું. જો મીનોચેર લાગ મલતાં લાડવો ખાઇ ન જાય તો પેશી વખતે માથે પડે. જયાં પરણવાની છોકરીઓની વાત આવે ત્યારે મીનોચેરનાં માથાંમાં એવી ધુંઇ હતી કે તે તચાકડી ફોર્ડોને હુકમાઇ કરતો કે એહ, મને કોણ ના પાડે. પણ હવે મેં જોયું કે માકીની બાબદમાં મીનોચેરબા જરા વીચારમાં પડયા હતા. કારણકે સામી બાજુએ જગને માનીતો, જગને જાણીતો, દેખાવલો, છેલછબીલો, રંગીલો પેશી કેપટન આગળનો આગળ ભમ્યા કરતો હતો. જયાં પાંચ પંદર સ્ત્રી પુરૂષનું મેજરૂં મળે ત્યાં પેશી પેશી ને પેશીનાજ ભણકા ફુટયા કરે. કોઇ પાર્ટી કે પીકનીક એવી નહીં હશે જયાં પેશી ન હોય. મીનોચેર ખાનદાની હતો, માતબર હતો પણ દેખાવમાં પેશી આગળ પાણી ભરે. પેશી હસમુખો, બોલકણો અને યારબાજ હતો. મીનોચેર લગાર ઇચમજી અને ચીરડાઉ હતો. મને તો લાગતું કે માકી આખરે પેશીને પસંદ કરશે—પણ ભવીષનાં ભીત્તરમાં કોઇ પેશી નીકળ્યું છે!

એક દાહાડે રાતના ફુઇમાયે અમને સર્વેને જમવા બોલાવ્યાં. પેશી તો રોકાયલો હતો અને મીનોચેર હજુ તૈયાર ન હતો એટલે માકી ને હું એકલાં પડી ગયાં ને વાતે બેઠાં. મેં હસીને પુછયું.

"માંઝી માય, તમે જરાબી ઠાકતાં નથી. અજબ છે કે તમને હવે જરાબી વીસામો લેવાની તલબ થતી નથી?"

"વીસામો? સામાંથી વીસામો?"

"તમારી પુઠે લાગેલા, તમારા હાથના ઉમેદવાર આશાવંતોને હવે ઠેકાણે પાડવાજ જોઇએ. ગુસ્સો ના કરતાં."

"તમે કંઇબી બોલો તેનો મને ગુસ્સો નથી. આપરે બે પક્કા ફ્રેંડ છઇએ કેની? ખરી ખંખારીને બોલો ને હું તમને ખરોજ જવાબ આપશ."

"તારે કેહોની, મીનોચેર કે પેશી?"

"પણ ભલા માણસ, એ બેઉમાંથી એકબી નહીં હોય તો?"

"નહીં માઝી બેહેન, તે હું માનું નહીં. પેશી છેક હાથ ઓળવાવાળો નથી, ખાનદાની છે ને બધાંનો માનીતો છે."

"કબુલ—પછી?"

"પછી આવેછ મારા મીત્ર મીનોચેર—તેવણ દરજ્જાવાળા છે ને ખુબ પૈસા છે."

"હેત તેરીઝી, બે ઘોડાની ગાડીમાં ફરવાનું ને કોચમેનને હાથે મોજાં પહેરાવવાના—ને બંગલામાં ચોબદારો રાખવાના કેમ—અદીભાઇ બોલ્યા નહીં."

"ત્યારે મને લાગેછ કે મીનોચેરનું નસીબ ખુલ્યું."

"ઓહ? આએ ધર્તીની ઇબઇજીઓનાં મોહડાં કેવાં કાળાં થશે. હું તો તે લોકનાં એવાં પાણી ઉતાર કરશ કે નીચેથી ઉચું નહીં જુએ."

"ઠીક-તારે હવે તમારૂં 'એનગેજમેંટ' લોકમાં કાહારે જાહેર કરશો?"

"અદીબા, પણ આપરે બેઉ આસમાનપર કીલ્લા બાંધયેછ, એ બેમાંથી એકેબી મને પુછયુંજ નથી."

"પુછયું નથી તો પુછશે."

"એમ તમારી ખાત્રી છે?" માકીએ પુછયું.

"હા-ખાત્રી અને સાત વાર ખાત્રી. જો મારી ડાહી માકી બેહેન, આપરે હવે જુના દોસ્ત થયાં ને હવે મારી સાથ એમ નાકે જીભ લગાડવામાં ફાયદો શો?"

"પણ એમ છે તારે એમ સમજો કે તે લોકમાંથી એકેબી મને પુછયું તો પછી શું?"

"પછી વળી શું? બેમાંથી એકને પાણીચું."

"જોઇશું—વખત આવવે વાત."

આટલી વાત થયા પછી અમે છુટાં પડયાં. નવાઇઓની નવાઇ. બીજે દીને અમે બેઉ જણ કોઈ સંજોગથી એકલાં પડી ગયાં. માકીએ પોતેજ કહયું કે આપરે કોઇ એકાંત ટેકડી ઉપર જઇને બેસ્યે. ખરી વાત એ હતી કે બેઉ પેસી અને મંચીએ આ બીચારી નીરાધાર છોકરીની એવી પુઠ પકડી હતી કે તે હવે બેઉને પટાવી રાખતાં થાકીને કંટાળી ગઇ હતી અને એકુ દહાડો આશાયશ માટે તે લોકથી છટકવાની તક શોધતી હતી. અમે લોક ગુપચુપ લારનસ અસાઇલમ તરફ સહવારના પોહોરમાં વટી ગયાં. ત્યાં એક ટેકડીને અઢેલીને બેઠાં પછી માકી બોલી "અદીબા, બીજા

કોઇ હોતે તો આ દેખાવ જોઇને હુઉઉ ને આહાહા કરતે પણ મને એવું હંબગ આવડતું નથી. મારે મનથી આ ટેકડી ને ઘંટીનો પથર બધું સરખું છે, પણ તમુને ઉહુહુ આહાહા કરવું હોય તો બેલાશક કરજો હં—મારેથી ઓસકાતા ના." આ તાણાથી હું તો સંકોચાઇ ગયો ને વમાસણમાં પડયો કે આવી પરવરદેગારની ઘડેલી ખુબસુરત છોકરીના આવા કોમન વીચાર કેમ હશે. આ ઠેકાણે બચ્ચાં હતે તો કોણ જાણે કેમ હાથ હાથ કુદતે.

કહેવત છે કે "Name the devil and he is at your elbow." શેહતાનનું નામ લેઓ અને તે તમારી પાસે આવી ઉભેલોજ છે. હજુ તો બચ્ચાંનો વીચાર મારા મસતકમાં દાખલ થયો નથી એવામાં પછવાડે ઝાડીમાં કોઇના વાત કરવાનો સાદ આવ્યો અને આઘેથી બચ્ચાં અને ઇબઇજી આવતાં દીસ્યાં. અમુને બેઠેલાં જોઈ તે લોક જરા અચકયાં. ઇબઇજી તો જાણે પાછાં ફરવા માંગતાં હોય તેમ લાગું પણ શેઆની બચ્ચાં સરજોગ ચાલી આવી અને અમને બેહુને શેકહેંડ કરી. મેં જોયું કે બચ્ચાંનું મોંહ ઉતરી ગયું હતું અને આંખમાં ખાડા પડયા હતા. ઇબઇજી તો મુંગાં મુંગાં ઠસ્સામાં ઉભાં રહયાં. હું તો એવો ઘભરાઇ ગયો હતો કે શું બોલવું અને બેસી રહેવું કે ઉઠવું તે સુજે નહીં. હર પળ મને ફકર હતી કે માંકી ચવીત્રી વળી કાંઇબી અભાડો બાળીને ઇબઇજીને છેડશે. પણ નહીં, માંકી એક બોલ બોલી નહીં કે હસી નહીં. તે સમજી ગઈ કે આ ન ધારેલો મેલાપ મને તેમજ બચ્ચાંને ગમતો ન હતો એટલે તેણીએ ટુંકમાંજ પતાવ્યું. બચ્ચાંએ જાહેર

કીધું કે તે લોક બે ત્રણ દહાડામાં હુટીથી આગળ જનાર છે. તેઓના જવા પછી માંકી બોલી.

"મરેરેએએ! મુઓ તરવારો કસવી કરે નહીં ને કરે તારે શેહેતાન નડે".

"કેમ વારૂં—તે કેમ?"

"લે ચાલ મારો દીકરો કરૂં—એમ ઘણો સતો ના થા. હું આટલા આટલા દાહાડા તમારી સાથ ફરી હતી તે શું મને ખોદાએ આંખ નથી આપી કે? એને તમારી ઘણીઆણી કરવા તમે તમારો જમણો હાથ કાપી આપો. સમજીઆ કે, ફીલસુફજી? જો વળી છીકી ના પડતા હું, મારી મતલબ તમુને મદદ કરવાની છે. મારે નામે બચાંને દુઃખી આવેછ તે હું જાણુંછ, પણ તેથી શું થયું. મારે મનસે બચાં તો એક હીરો છે."

"તમારી ઘણી મેહરબાની થઈ, પણ બચાંને હું ગમતો નથી એટલે તમારી મદદની જરૂર નથી. અહીંજ કીસ્સો તમામ."

"નહીં—નહીં અમે બઘરાં માણસ એ વાતમાં વધારે સમજીએ. બચાંને તમે ઘણાજ ગમોછ અને તમારે ખાતર તે પોતાનો જીવ બાળીને ખાક કરેછ. તમારા વચ્ચે શું વાત બની તે હું બધી જાણુંછ, પણ બેશક માનજો કે એમાં કંઇ ગડબડગોટો છે અને તેમાં બધું કારેસતાન આએ કજીઆના કાલબુદ ઇબઇજીનું છે."

માંકીના આ શબ્દો સાંભળી હું અંદેશામાં પડયો અને જરા આશાનું બીંબ ચળકવા લાગ્યું પણ તે તુરત નાબુદ થઇ ગયું. બચ્ચાંની સખ્ત ભાશા મને યાદ આવી.

"મને તો લાગેછ કે હું એમાં સંડોવાયલી છેઉ" માંકી નીસાસો નાંખીને બોલી.

"શામાં?"

"આપ્પે ગેરસમજુતીમાં."

"છટ નાનસન્સ."

"મારા વહાલા અદી, તું ઘણો ભલો ને ભોલો છે. તારી સાથે આજે એક કલાક વાત કીધી તો મારી બધી ડાક ઉતરી ગેઇ. તુંને પટાવી સમજાવી લેવા સારૂં જુઠું સાચું કરવાની જરૂર નથી. જો ધ્યાન ધરીને સાંભળ. ઇબ-ઇજીને તારે ને મારે નામે અભીત્રી છે ને એ જબાંની લુત્રી છે એટલે તારે ને મારે થકી કાંઇ જુઠી સાચી ગપ્પાં-ઉસ બચ્ચાં આગળ મારી હશે."

"પણ આપરે એવું શું કીધું કે આપરી નીંદા કરે. કંઈ સરીઆમ જુઠું તો શોધી નહીં કાહાડે?"

"નહીં—પણ નીંદાખોર ઓરતની જબાંનો કંઈ છેડો છે? તસુ જેટલું હોય તેને તાણી તોડીને ગજ કરતાં કેટલી વાર. આપરે બે જન દેવલાલીમાં સાથે ઉતાં તારે તેં મારા હાથને આંખમાં ચાંપ્યો તેટલાં એ દેવે નામ દેવ સામી ઉભી તે તું વીસરી ગીયો?"

"હા ખરેખર."

"તારે હવે ડાહાયો થા, કળવકળ કામ લેવાનું છે. જો હમણા ને હમણા બચાં આગળ ખોલાસો કરવા જશે તો ધબઈ કંઇનું કંઈ અથડાવી મારશે. વળી આજેબી આપુને સાથે એકલાં જોયાં એટલે ધબઇજી જરૂર સમજાવશે કે જોયું, મેં કહયુંતું તેમાં ફેર પડયો?"

"પણ તારે હું કેમ કરૂં."

"તું બચાંને જવા દે ને જોજે, આસ્તે આસ્તે એ ધબઇજીથી એવી કંટાળશે કે તેનાથી દુર નાહાસવા માંગશે. પછી આસ્તે રહીને મુંબઇમાં લાગ આવે તારે ખોલાસો કરજે."

આ વીચાર મને ઘણો દરોબસ્ત લાગ્યો અને અમે ત્યાંથી ઉઠયાં.

પ્રકરણ ૧૮ મું.

હવે આગળ ચાલ્યે. બચાં અને અભાગ્યાં ધબઇજી તો ઉઠી છોડી ચાલ્યાં. ત્રણેક દહાડા પછી હુંબી જવાનો હતો એટલે સઘળાંઓએ બોંહોસા બોંહોસ કરીને મને એક ખાણું આપ્યું. ત્યાંની મોટી કલબમાં સઘળો મેળાવડો ભેગો મળ્યો હતો. કુઇમાય, પેશી, મંચી, માંકી તથા બીજાં વીસેક ધાઇમારૂઓ હાજર હતાં. અરે ખોદા, શું તે રાતના માંકીનો ઠસ્સો. તીલી–ઝીકની સ્કર્ટની સાડી અને ગોરી બાજુ દેખાય તેવા બ્લાઉઝ અને આંખે જીણી

કાજલ આંજેલી એવી સગી માયની નજર લાગે તેવી થઇ આવી હતી. મીનોચેર તો પોતાની સુધબુધ ખોઈ બેઠો હતો. કોઇ વાત કરે તેખી સાંભળવાની સુધ તેનામાં ન હતી. મારી નજર પેસી અને મંચી બેહુપર હતી. હું પામી ગયો કે માંકી થોડી વાર મંચીને રમાડી લે ને થોડી વાર પેસીને પટાવી મારે. જમવાની ટેબલ ઉપર પણ તે ખામખા મંચીની સાથે ચીટકી બેઠી અને પેશી જ્યારે ખભરીને ખુણામાં બેઠો ત્યારે પેટ પકડીને હસીને તેને દુરથી 'ચીરડાઉ' કરવા પડી.

રાતના ખાણું ખાઇ રેહવા પછી માંકી લટકા કરતી મારી પાસે આવી. તેણીના ડોળા હીરાની માફક ચલકતા હતા, પછી તે ખુશાલીને મારે હોય કે પોર્ટ વાઇનનું નખોદ વાળ્યું હોય.

"કેમ અદી ખીરાદર, કાલે જાઓછો કે? મરેરે તમારા વગર મને એક ઘડી સોહોવાશે નહીં."

"હા માંકી માય, કાંહાં સુધી અહીં પડી રેહું."

"પણ મુંબઇમાં મને મળશો કેની, કે અહીંની દોસ્તી અહી?"

"હું તેવો નથી. જરૂર મળશ, પણ તમે કયારે મુંબઈ આવશો?"

"તે તો જોઇએ—ઘણી વાતપર આધાર છે."

"અંહ! કોણને પસંદ કરોછ તે પર આધાર છે કેમ?"

"અદીબા, વળી ગાંડું ઘેલું બોલ્યા? હું અહીં ઉઠીમાં કોઇનેખી ઉતેજન અથવા કબુલાત આપવાનીજ નથી.

હું તો મુંબઈ તમારાંજ કામને સારૂ જવાની છેઉં. એ વાયરે—કદાચ તમારી ને બચાંની ને મારી ને મંચીની વાત ખરી પરે તો આપરે શું સગાં થઈએ—કોણ જાણે."

"માંકી માય, તમારી વાત તો તમે જાણો પણ મારી વાત તો બનવાની નથી એટલે આપરે સગાં થતાં ડોસાં થયાં. હમણા દોસ્તી છે તેજ રાખજોની. પણ ખરૂં કેહો—મંચીએ તમારા હાથનું માંગું કીધું કે—મારા સમ!"

માંકીએ લજવાઇને ડોકું નીચું કીધું અને પોતાના હાથપરના હીરાજડીત રીસ્ટ વૉચ સાથ રમતાં બોલી "હા—પા કલાક અગાઉ અહીંજ પુછયું."

"હલ્લો, ત્યારે તો તમુને મુબારકબાદી આપું કે?"

"નહીં, મેં જવાબ દીધોછ કે મને વીચાર કરવાને ઘણો ટાઇમ જોઇએછ તેથી પતેતી વીતાં જે તે જવાબ આપશ."

"ગરીબ બચારો મીનોચેર! એમ એને તવળાવીઆ કાંય કરોછ?"

"એના ફાયદાનીજ વાત છે, અદીબા. મંચી પૈસાદાર છે ને નીઝામી ઓધેદાર છે એટલે એમ સમજેછ કે ફકત ઇંગલંડના કીંગ કરતાંજ તેવણ ફકત ઉતરતા છે તેથી એવણના માથામાંનોબી જરા પવન કહાડવો જોઇએ ને—ને—ને મારી બીજીબી કાંઈ મતલબ છે."

"એ દાદારજી, તે શું વળી?"

"તે મતલબ એવી છે કે તમને ગળે ઉતરશે નહીં."

"તમે દેવલાલીમાંખી એક વખ્ત એવોજ કંઇ એસારો કીધો હતો એવી મને યાદ છે. મને કહેવામાં અડચણ શું છે. શું હું કોઇને કહેવા જવાનો છું ?"

"નહીં અદીભાઈ, હરકેસેની વાત બીજાને કહેવાનો મારો નીયમ નથી. મારૂં મત એવું પક્કું છે કે હોટ બાહાર તે કોટ બાહાર."

"માંકી માય તમે મને ઘણો ગેરઇનસાફ કરોછ."

"નહીં—નહીં જ્યારે તમે જાણશો તારે પોતેજ કબુલ કરશો કે મેં તમુને અણજાણવા રાખ્યા તેમાંજ ઠીક થયું. ચાલો હવે. પેલા બે મધરડાઓ મારી ગમ ડોળા ફાડી ફાડીને જોયછ. પણ જવા અગાઉ એકજ વાત પુછું? તમારી દોસ્તી ખરી છે કે સોભણ સાંભણની?"

"ખરી—પથ્થર જેવી ખરી—સ્ટેંપના કાગળ ઉપર લખ્યા જેટલી ખરી. પણ એમ ભાર મુકીને પુછવાનું કાંઇ કારણ?'

"કારણ એ કે એકુ દાહાડે હું તમારી આ દોસ્તીને કસોટી ઉપર તપાસી જોવાની છેઉં."

"હવે મને રાતના ઉંઘ કેમ આવશે? મને કેહોની."

"નહીં હમણા નહીં. ચાલો સાહેબજી. હું મુંબઈ જઇને તમુને લખશ."

આટલું બોલતામાં મીનોચેરની ધીરજ રહી નહીં. તે અમારી આગળ આવ્યો અને માંકીને ઘસડી ગયો.

બીજે દીને સહવારના હું ઉઠી છોડી ચાલ્યો.

પ્રકરણ ૧૯ મું.

મેહરબાન ભાઇજી અરદેશર—પરમ દાહારે ભરેસપતવારે સાંજના ચાર ને પાંચની વચમાં મને જરૂર મલજો. કાંઇ ઘણું અગતનું કામ છે.

લા૦ દુવાગીર,

કાકી ધનમાય.

અમપો નાકે જીભ શું કામ લગાડું. મને ખબર મળી ગઈ હતી કે ત્રણ દહાડા થયા બચ્ચાં મુંબઈ આવી પુગી છે એટલે આવી કોઇક ચીઠી અથવા પેગામની હું વકી રાખતોજ હતો. કાકીનો સ્વભાવ હું જાણતો હતો કે બચ્ચાંના કાકી અને વાલી તરીકે જરૂર તેવણ બચ્ચાંથી ખણખોદ કરશે કે હજુ એમની એમ કેમ પડી રહી. બચ્ચાંને ઠેકાણે પાડવા કાકી એવાં ઇંતેજાર હતાં કે જ્યારે અમે ઉઠી જવા નીકળ્યાં ત્યારે તો બધું નક્કી થઇનેજ આવશે એવી પુર આશામાં તેવણે મારો વાગો અને બચ્ચાંની સારી વઠીક તૈયાર કરાવવા માંડયાં હતાં.

અમે ઉઠી જવાની વાત કાહાડી તે અગાઉ ખંધાં કાકીએ અગાઉથી પોતાની ગુજસુજ કરી મુકી હતી. તેવણે એક દાહાડો મને બોલાવ્યો હતો અને તાઢો મીઠો રાખીને મારો વીચાર જાણી લીધો હતો. મારાં દીલની જે ઉમેદ હતી તે તો મેં ખુલ્લાં મનથી કાકીને કહી દીધી હતી અને તેથી ખુશી થઈ જઇને કાકીએ પોતાને હાથે મારાં મોંહોંમાં સાકર ઢકેલીને ઓવરણા

લીધા હતા. હું ઘણી ભુલ કરતો ન હોઉં તો ડોસાંએ બચ્ચાંનો પણ ચોખો ચાંપી જોયો હતો અને તેની પણ મરજી જણાવાથી ડોસાંનું દીલ બાગ બાગ થઈ ગયું હતું. પછી અમે સઘળાં દેવલાલી વગેરે ઠેકાણે ગયાં ને ત્યાંથી સગનના સમાચાર આવતાજ રહયા એટલે કાકી નીરાંતે મણની તળાઈ ઉપર સુતાં હતાં ને દરરોજ વીઠી પહેરાવવાની ક્રીયા કયારે કરવાની તેના કાગળની વારેવાર જોતાં હતાં. પણ ત્યાર પછી તેવણને ખબર પડી હશે કે અમારી પાર્ટી તો વેર વીખેર થઈ ગઈ હતી. એટલે તેવણનાં પેટમાં ધસ્કો પડયો. પણ પુછેખી કોણને ને પુછાવેખી કોણને? મીનોચેર કાંહાં, હું કાંહાં ને બચ્ચાં કાંહાં. પણ પછી જ્યારે બચ્ચાં પાછી મુંબાઈ આવી ત્યારે કાકીએ બધી હકીકત જાણી હશે.

હવે કાકીની ચીઠી આવી ત્યારે હું દગમગ થયો કે જવું કે ન જવું. પહેલાં તો વીચાર આવ્યો કે અખાડા કરીને કંઇ બાહણું કહાડીને માથેરાન મ્હાબ્લેશ્વર વઠી જાઉં. મારૂં દીલ આઝારદે થયું હતું અને સહુ સાથ ખરાવાયાં તોડવાની હાલતમાં હું હતો. પણ બીજા હાથ ઉપર ધનમાય કાકીની મારા ઉપર ઘણી મહેરબાની હતી. હું જ્યારેબી એવણને ઘેર મળવા જાઉં ત્યારે થોડાં થોડાં થઈ જાય ને મને ઉઠવા નહીં દીએ. મેં વીચાર કીધો કે આખરે વાત બાહાર તો આવવાની ને મારે ખોલાસો તો કરવો પડવાનો તો બહેતર છે કે કાકી આગળ બધી વાત કહી દઉં. આવા વાજબી નીયમ પર આવી હું ઠરાવેલે વખતે કાકીની હજુરમાં આવી ઉભો. આજે કાકી

સદાનાં હસતાં ન હતાં પણ ભવાં ચહડાવેલાં હતાં અને જાણે માથું દુઃખતું હોય તેમ કપાળે કાળો મોટો પાટો બાંધ્યો હતો. તેવણ દર પલે તપકીરના મોટા મોટા ચમટા શરરર દેતા નાકનાં ફીફડાંમાં ખોશી દેતાં હતાં. હું જાણુંછ કે હું અડધો કલાક બેઠો એટલામાં અચ્છેર તપકીરની પાયદસ્ત ફેરવી નાંખી હશે. હું જારેબા કાકીને મળું સારે તેવણ તારની કબટ ઉંઘાડીને મારે સારૂં ગાંડીઆ, ને મલીદો પાપડી લાવે ને બોહોંસ કરીને મારા મોંહમાં ડુચા દાબે. જો દીવાબતી થયલી હોય તો જરા વીહીસકી સોડા પીવા વગર ઉઠવા દે નહીં. પણ આજે તો કાકીને ખબે કોણ જાણે શું ધતુરાનો લાહાટ વળગ્યો હતો.

"કેમ છેઓ કાકી" એમ આપરે ભપકામાં જઇને બેઠા તો ખરા પણ પેટમાં જીવ ન હતો.

"અં! આવો! કાહારે આયા?"

"કાકી ત્રણ દાહાડા થયા."

"અં! ને આજે અહીં આવવાનું સુજ પડયું કે? પણ હોશે. બલા જાણે મારી. તુંને કંઇ પુછવા તેરયોછ તે તો તું સમજ્યો હોશે?"

"હા કાકીજી, હું કેઆસ કરી શકુંછ."

"તેં જતી વખત તો મને છાતીએ હાથ દેવારેઓતો ને આએ બધો શું છબરડો કરી મુકયો? તારી સુધ કાંહાં ગેઇતી? તુંને આએ પ્રમાણે કરતાં શરમ નહીં આવી?"

"કાકીજી, તમારા બોલવાનો મને ગુસ્સો નથી પણ તમે આગળ ચાલો તેની અગાઉ મને પુછવાની રજા આપશો

કે જે કંઇ તમે સાંભળ્યું તે શું સાંભળ્યું ને કોણથી સાંભળ્યું? ”

“ વરી કોણથી સાંભરે. કારો ચોર તો આવીને કાનમાં કેહી ગીઓ નહીં હોય? પેલી ગેરભાંજુ લુચી ઇબઇજી આવીતી તે તો કંઇ માંથું ભેજું ખાઈ ગઇ.”

“ હેં કયુ કાકીજી, ને આવું બેબદામનું માણસ જેને ઘેરે ઘેરની નીંદા કરવા માટે સારૂં ગામ ઓળખે છે તેનાં બોલવા ઉપરથી તમે મારી ઉપર નારાજ થયાં? આવો તમારો ઇન્સાફ કે? વારૂં, ચીંતા નહીં. ઇબઇજીએ શું કહયું તે તો કેહો.”

“ રોગ જાણે મારી. મારૂં તો માથું પકડયુંતું ને હું તો પાટો બાંધીને સુઈ રહી પણ એ રાન મુગી રેહ તારે કે. તારે સારૂં ને બચાંને સારૂં કંઈ તરેહ તરેહનું બોલીને પછી કહરાઇ.”

“બચાંબાઇ કાંહાં છે?” મેં પુછયું.

‘અકરા ના, તેને તો મેં જાણીજોઇને બે દાહાડા એની માસીને ઘેર મોકલીછ. પણ ચપ મને હમણા યાદ આવી. એ મુઈ માંકી મેહેતા કોણ છે?”

“ અમે દેવલાલી અને કુનુર હતાં તારે એ બાઇબી તાંહાં હતી.”

“ તે તો હુંબી જાણુંછ, ઇબઇએ મને બધું કહયું. પણ એ નંગ છે કોણ?”

“કોણ હોય? માણસ જેવું માણસ? બે આંખ છે, બે કાન”—

"કેમ વરી ચકાશીઓ કે? હું કાંઇ કેહુંછ કે જાનવર છે. પણ એનું ખાનદાન બાપ માય કોઇ મુઆંછ કેની— હું જાણવા માંગુછ તે એ કે એ દુકતી આબરૂદાર છે કે?"

"તદન. તમારા ને મારા જેવી."

"તારે આએ શું બધી વાત કે મીનો ને બચાં આયાં તે અગાઉ તમે બે જન દેવલાલીનાં હોટલમાં સાથે રહેતાંતાં?"

"જુઠું! માથાંથી પગ સુધી જુઠું. હોટલમાં સેંકડો જન આવેછ ને જાયછ. તેમ એ બાઇબી આવી. હું તો તેવણુને ઓળખતોબી ન હતો ને એનું નામબી જાણુતો ન હતો. અમોને સેજ વાતચીતની ઓળખાણ પડી તેટલાં મારો ચાકર એકાએક બેહાલ થઇ પડયો તારે એ બાઇએ આખી આખી રાત જાગીને તેની ચાકરી કીધી. જયારે મીનોચેર ને બચાં દેવલાલી આયાં તારે એ માંકી પોતાની આયા સાથ એક જુદા ઓરડામાં છેક ત્રીજે માળે રેહેતીતી. પણ ઇબઇજીએ શું તમને ભમાવયાં તે કેહો તો હું બધો ખરો ખોલાસો કરૂં."

"ઇબઈ તો ભસી મુઈ કે તમે બે જન એકજ ટ્રેનમાં સાથે દેવલાલી ગીઆં ને પાસે પાસેના ઓરડામાં રેહેતાંતાં ને તેટલાં મીનો ને એની બેહન અચબુચ આવી લાગાં ને તમે લોક પકરાઇ ગીયાં. ને ઇબઈ એમ બોલી કે એક રાતે છેક અવવારૂં થયું. ઇબઇજીએ પછવારે જવા એકાએક બારણું ઉઘાડયું ત્યારે જોયછ તો તું માંકીને કીસી લેતોતો. બોલ હવે ગરનધીઆ દેવ. એવાં કારેસતાન કરતો ફરેછ?"

"હા—જો એમ હોય તો મને ગામમાંથી હાંકી કહાડવો જોઇએ."

"મેં તો ધબધને ખંખેરીજ નાંખી કે તું બાઈ માણસ થઈને એવી એવી વાત કરેછ તો તારે શરમાવું જોઈએ. મને ઘેર બેઠાં કેહેવા આવતાં શરમ નહીં આવી?"

"પછી—પછી? ધબધજીએ શું જવાબ દીધો?" મેં પુછયું કારણ કે ધનમાય કાકી આગળ ચીબાં થઈને કોહોતાં કાવત્રાં કરવા આયાં ને કાકીએ તો ઝાડુ મારી તારે ધબધજીનું ડાચું કેવું થયું હશે તે વીચારથી મને ગીલી ગીલી લાગી.

"એ મુઈએ જવાબ દીધો કે છતી આંખે ચાત્રી શું કામ મીંચીએ. મેં જે જોયું તે કેહવાની મારી ફરજ હતી. એ મુઈ ધનચકરે વરી મરી માસાલો લગારીને કહયું કે જારે મીનોચેર ને બચ્ચાં દેવલાલી આવી પુગાં તારે તેં તે લોકની આએ માંકી ફાકી સાથ ઓળખાણ કરાવીને તમે બધાં સાથેજ ઠીઠી ઠાઠા કરતાંતાં. આએ વખતે ધબઈ કહરાયલી ઉતી ને પાછી આવીને આએ બધા ઢંગ જોયા ત્યારે ધારયું કે બચ્ચાંને બધી વાતથી ચેતાવવી જોઈયે."

"ઓ, તારે હવે બધો ખોલાસો થઈ ગીયો." મેં તુરત જવાબ દીધો.

ધનમાય કાકીએ વધુ ખબર આપી કે "પછી તું ને બચ્ચાં હોટેલના બગીચામાં મલ્યાં તાંહાં શું વાત થાયછ તે સાંભળવા ધબધજીએ ભરાઈ છુપાઈને ઘણી તજવીજ કીધી પણ પોતેજ કેહતીતી કે લાગ ફાવ્યો નહીં. તેજ રાતે તું કુનુરથી નીકળી ગીયો ને ઉઠી ગીયો. ધબઈ કેહેજે તારી પાછળ એ માંકીબી ઉઠી દોડી આવી ને તેની

પાછળ મારો મેટ મંચીખી તાંહાંજ ગગરીઆે. ઇબઇજીઆે ખબર કાહારી તો જણાયું કે તમે બધાં એકજ હોટેલમા સાથે રહેતાંતાં. હવે બોલ અદી, બચાંનો શું વાંક કાહારીઆે? તે આઆે બધી વાત ઇબઇજીથી સાંભળીને ખુબ ખભરીને ઇબિછને કાલાવાલા કરીને પોતાની સાથે પાછી દેવલાલી લેઈ ગેઇ."

• "કાકીજી, સારૂં થયું કે તમે આઆે બધી હકીકત મને કહી. એ કંઇજ નહીં પણ જીંદગીથી નાસીપાસ થયલી એક દદાના આઆે બધાં શેહતાનેઅતભરેલાં કારેસ્તાન છે. જરા સરખા બનાવને મરી મીઠું ભભરાવીને એવો તાગડો રચયો છે કે કોઇનેખી ગળે ઉતરી જાય. જુઆે હવે હું મારી ખરી હકીકત કેહું?"

આ પછી મેં મારો સઘળો હેવાલ સાચે સાચો પેહેલાંથી છેલ્લાં સુધી કાકીજી આગળ માંડીને કહયો. માંકી સાથ મને હસવા બોલવાનો વહેવાર પડયો હતો, તે મેં છુપાવ્યું નહીં. પણ મેં સોગંદ ખાઇને કાકીની ખાત્રી કીધી કે તે ઉપ્રાંત અમારા બે વચ્ચે બીજું એક મઇખી વધારે હતું નહીં. કાકીની હંમેશ મારા ઉપર માયા હતી એટલે મારાં દીલનું દુઃખ તેવણ આગળ ખાલી કરવાને મને જેવું જોઇવું હતું તેવુંજ મલ્યું. બચાં પેહેલાં કેવી મારી તરફમાં હતી અને પછી પેલી ગુનેહગારના સમજાવ્યાથી કેવી બગડી ગઈ તે સઘળો ઉભરો મેં ખાલી કીધો.

"ને તું સાચ્ચે સાચ્ચું કેહેછ કે આઆે માંકી સાથ તેં પરણવાની કે અદરાવાની વાત કીધી નથી?"

"કાકી, તમે જાણોછ કે મારા પીતા ઉપર મારો કેવો પ્યાર હતો. તે મુવા બાપના હું સોગંદ ખાઇને કેહુંછ કે આ બધું માથાંથી પગ સુધી જુઠું છે."

"વારૂં તારે, આએ નાદાન બચાંએ તારી સાથે આવી મુરખાઇભરેલી ચાલ ચલાવી તોબી તું હજુ તેના ઉપર ખુશી છે? સાચ્ચું કેહ."

"મારા જીવ જાનથી, ખરાં જીગરથી હું એને ચાહુંછ, પણ એવી વાત કીધામાં ફાયદો શું? એ મારી ગમ આંખીને જોવાબી માંગતી નથી."

"જા, જા, હરવાયા ઘેલા. તમે માટીડાઓ એમાં સમજો નહીં. તમે લોક બહારના દેખાવપરથી ઘેલું ગાંડું લઇ પડોછ. બચ્ચાંની તારા ઉપર ખરેખરી લાગણી નહીં હતે તો તુંને વાહી પટાવીને ખરે મને તારી સાથ મીઠી મીઠી તકરાર કરતે. ખરી વાત એ છે કે એ અદેખી પડી ગઈ છે. એ સ્વભાવે આકરી છે ને તું પોતેબી કબુલ કરશે કે બધો દેખાવ કોઈબી છોકરીને અદેખી કરી નાખે તેવોજ હતો. તારા પોતાના દીલમાં કાંઈ પાપ નહીં એટલે તું એમ સમજયો કે બધાંજ તુંને નીરદોશ સમજતાં હશે. હું તો દુનયા ખાધેલી તે તરત સમજી ગઇ કે જો તારા દીલમાં પાપ હોતે તો તું વધારે સંભાળથી ચોરી છુપીથી કામ લેતે. જોરે, અકલના ઓથમીર, કુનુરમાં બચાંએ તુંને સારી તરેહથી દેખાડયું કે તે તારા ઉપર ખુશી છે ને તાર પછી આય કસકુનમ ઇબઇ-જીએ આગ લાકડાં લગાડયાં એટલે તે બીચકી ગેઈ. તે એમ સમજી કે તું તેને પકડી રાખીને બીજી સાથ

નખરાં કરેછ. એ ખાનદાની ને જરા પક્કા ઠરાવની છે એટલે સેજમાં ઓછું લઇ પડેછ."

"ધનમાય, માફ કરજો, પણ હું તમારાં મતને મળતો થતો નથી. એક બાનુ જો એક ધણીને ખરેખર ચાહીને પસંદ કરે તો તેનો બચાવ સાંભળ્યા વગર તેના ઉપર એમ ખફા થવું નહીં જોઇએ."

."હા—બા—હા પણ તે તારા જેવી ફીલસુફ નથીની. તેનુ લોહી ગરમ થઈ આયું ને ઉપરા સાપરી ઇબિઇએ મલમ પટા કરયાજ કીધા એટલે આખર કરે ને નાદાન તે નાદાન. હું નક્કી માનુંછ કે તે હવે અંદરથી ધણી પસતાયછ."

"તે કેમ કહી શકાય. તમારી ભત્રીજીના સખુન એવા સાફ સાફ હતા કે તેમાં ભુલ થાયજ નહીં ને બીજું એ કે હવે તેવણના વીચાર શું છે તે હું પુછવા જવા ઇચ્છતો નથી. તેવણ સાફ બોલ્યાં કે મારી સાથ શાદીના ગાંઠથી જોડાવાની સાત વાર ના; તો પછી આવી ઝાકુ ખાઇને હું પાછો માંગવા જાઉં એવો નકટો હું નથી, પણ હું તમારી પાસ માંગી લેઉંછ કે તમે એવણને ખરી હકીકતથી વાકેફ કરજો. તેવણ મને નાપસંદ કરે તો તેવણની ખુશી પણ તેવણ મને જીગરથી ધીક્કારે તે મને ગમતું નથી."

"કોઇ ધીક્કારતુંબી નથી ને પીક્કારતુંબી નથી. બધું બરાબર રાહે રસ્તે આવી જશે. મુંગો મુંગો ઘેર જઇને પોહોરી જા."

હવે વધુ તકરાર શું કરૂં. હું મુંગો મુંગો ઉઠયો અને કાકીજીની રજા લેઇને બાહાર પડયો.

પ્રકરણ ૨૦ મું.

પતેતી આવી લાગી. કાંહાં જવું તેના અંદેસામાં છું એટલામાં કાકી ધનમાયનો પુનેથી કાગળ આવ્યો. તેમાં મને ઘણા આગ્રહથી ઇજન કીધું હતું કે પતેતીના ચાર પાંચ દહાડા આશાયસ લેવા મારે તેવણના પરોણા દાખલ પુને આવવું. તે ટાંકણે પારસી પ્રેસીડનસીની ક્રીકેટ મેચખી હતી એટલે મેં આ ઇજન સ્વીકારયું. હું જાણતો હતો કે બચ્યાં તો પોતાની માસીને ત્યાં રહેલી છે એટલે મારા જીવને નેહ હતી. પરમ દહાડે પુને જવાનો છું એટલામાં માંકી માય મુંબઈ આવી પહોંચ્યાં અને મને ચીઠ્ઠી લખી કે કાલે મારે ત્યાં આવજો ને આપણે સાથે ચાહ પીશું. વરલે કોલાબે એક બંગલાના માળ ઉપર તેવણ રહેતાં હતાં. અલબતાં હું ગયો ત્યારે બાઈસાહેબ પારસી સ્ત્રીઓની જાણીતી રીત પ્રમાણે પોતાના સુવાના ઓરડામાં સેંટા પાટલી પાડવામાં રોકાયલાં હશે એટલે ડ્રૉઇંગ રૂમમાં હું ઘણી વાર એકલો બેસી રહયો. ઓરડો ખુબ સણગારેલો હતો. નરૂં જાણે ફરનીચરનું બઝાર! કાંઈ ખાંડી દસેક વાઝીસ અને સંખ્યાબંધ મખમલી સોફાઓથી સઘળી જગા રોકી નાખેલી હતી. અડધો કલાક વાટ જોવાડીને શેઠાણી હસતાં હસતાં બાહાર આવ્યાં. બીજી ત્રીજી વાત કીધા પછી મેં હીમતથી વાત છેડી.

"કેમ, માંકી માય, હવે ભવીશયનો શું વીચાર કીધો? દુન્યાં સુખી કે દુ:ખી."

માંકીએ વાત ઉડાવી. વાત પરથી મેં સાર ખેંચી કાહાડયો કે તેવણુ અને મીનોચેર ઉઠીથી સાથેજ આવ્યાં હતાં અને મીનોચેર બા તો આ છોકરી ઉપર સાફ કુરબાન થઇ ગયો હતો અને તેણીના 'હા' પાડવાની જીદ લઈ બેઠો હતો; પણુ માંકીએ હજુ જવાબ આપવાની ના પાડી હતી. પોતે શું ઠરાવ ઉપર આવે છે તે જાહેર કરવાને તેણીએ એક બીજો મહીનો માંગી લીધો હતો.

"પણુ પેશી શેઠનો શું હેવાલ?" મેં પુછયું.

"તમારી આગળ કાંઈબી છુપાવવાની જરૂર નથી. પેશીએબી મારા હાથની માંગણી કીધીછ."

"તારે પછી?"

"મેં તેનેબી એવોજ જવાબ આપ્યોછ કે વીચાર કરીને જવાબ દેવસ."

"માંકી બેહન, એમ બે જણુને લટકાવ્યા કીધામાં કાંઇ ફાયદો છે? હું ધારૂંછ કે બેહુ જનને તમે જરા ગેરઈનસાફ કરોછ."

"પણુ તારે શું કરૂં? શું બેઉ જન સાથ પરણું?"

"અલબત નહીં, પણુ હવે તમારે કાંઈ નક્કી વીચાર ઉપર આવવું જોઇએ. બેમાંથી એકને જવાબ દઈ બાકીનાને નકામો તવલાવીઆ કરવા કરતાં તેનો છુટકો કરવો જોઇએ."

"અદીબા, તમે જો એમ મને લેક્ચર આપવા આવ્યા હોય તો હું રીસાઇ જવસ. મેં આજે મારી વાત કરવા તમને બોલાવ્યા નથી. તમારી વાત કરવા બોલાવ્યાછ."

હવે હું વધારે શું બોલું. હું સારી પેઠે જાણતો હતો કે એક વાર માંકીએ પોતાનો ભરમ પોતાના પેટમાંજ રાખવાનો ઠરાવ કીધો તો પછી માથું ઝીકવું ફોકટ છે. ચાહા ખલાસ થઈને હું રજા લઇને નીચે ઉતર્યો. બાહાર પગ મુકુંછ તેટલાં મીનોચેહેર ધરધર કરતો માળપર ધસ્તો સામો મળ્યો. તેના હાથમાં ફુલથી ભરેલી ટોપલી હતી અને તે મહોબતની જંજાલમાં એટલો ચકચુર થઇ ગયો હતો કે મને ઝડપમાં ડોકું ધુણાવી ઉપર ચાલ્યો ગયો!

સનીવારે ત્રણ વાગતે હું પુને પુગ્યો. ધનમાયની ગાડી મને સ્ટેશન ઉપર લેવા આવી હતી. બંગલે પોંહચ્યા પછી કાકી સામાજ મળ્યાં અને મારો હાથ પકડીને ચાહાને માટે ડાઇનીંગ રૂમમાં લઈ ગયાં. ઓ માય આવો! ટેબલ ઉપર બચ્ચાં ચાહાની તૈયારી કરતી ઉભી હતી! મારો દમ બંધાઈ ગયો અને લગાર નાખુશીથી મેં કાકી ગમ જોયું, પણ તેવણ તો હસવા લાગ્યાં. બચ્ચાંના મોહડાં ઉપરથી હું પામી ગયો કે મારા આવવાની તેણીનેબી ખબર ન હતી એટલે તેબી અકળાયલી દીસવા લાગી. પણ આખર કરે ને બચ્ચાં ખાનદાની હતી. પહેલાં તે જરા ફગલાઇ ખરી, પણ પછી જીવ ઠાવકો રાખીને મારી આગળ આવીને જાણે કસાંમાં હોય નહીં તેમ મને શેકહેંડ કરીને આવકાર આપ્યો પણ આ વાર તેણીના હાવભાવ મારે ગળે ઉતર્યા નહીં. દેખઇતી રીતે તે એમ

ધારતી હતી કે આએ બધી ગુજસુજ મેં જાણી જોઇને કાકીજી સાથ કીધી હશે અને બચ્ચાંને સપાટામાં લેવાની ગોઠવણ કીધી હશે. આવો ખ્યાલ તેણીનાં મનમાંથી દુ:ર કરવાની મતલબથી કાંઇક ખોલાસો થવો જોઇયે.

"બચ્ચાં માય, તમુને જોઇને હું ઘણો ખુશી છું. જયારે કાકીજીએ મને અહીં બે દાહાડા આવવાનું ઇજન કીધું તારે મારા સ્વપ્નામાંબી નહીં હતું કે તમેબી અહીં હશો."

બચ્ચાંનો ચેહરો તુરત ખુલી ગયો. તે સમજી ગઈ કે હું સાચું બોલતો હતો. હવે તણીએ અણગમતા ડોળા કાકીજી ઉપર ફેંકયા, પણ ડોસાં મુવાં એવાં પક્કાં હતાં કે સુરૂક સુરૂક ચાહા પીવાને બાહાણે જાણે કસાંમાં હોય નહીં તેમ બેસી રહયાં. પણ હવે વાત કેમ આગળ ચલાવવી? બચ્ચાં તો એક બોલ બોલે નહીં ને હું ઠામલા જેવો બેસી રહયો. માત્ર કાકીજી ટકટક કરયા કરે. હું કાકીજીને અવારનવાર હુકારા પુરયા કરૂં પણ મારા ડોળા બચ્ચાં ગમ હતા. મેં જોયું કે તે જરા લેવાઈ ગયલી દીસ્તી હતી. કાકીજીએ આ તાગડો રચ્યો હતો તે તેણીને જરાબી રૂચ્યો ન હતો એટલે તે ખરી ને તરી ગુપચુપ બેસી રહી હતી. જેવી ચાહા ખલાસ થઇ કે કાગળ લખવાનું બાહાણું કાહાડીને તે ત્યાંથી ઉઠી ગઇ. હવે મારી જબાં ઉપડી.

"કાકીજી, તમે એમ કાંય કીધું?"

"શું કીધું દીકરા? તમો લોકને અહીં સાથે બોલાવ્યાં તે? મારા ભોળા બ્હદી, તમો લોકનું જોડું સાંધવાનું છે—એટલુંબી સમજતો નહીં?"

"પણ, હમણાજ તમે સઘળો તમાસો જોયો કેની? એ પછી હવે તમે શું કરવા નકામી મેહેનત કરોછ. તમે જોતાં નહીં કે તમારી આશા બધી ફોકટ છે?"

"તારે તું શું એમ ધારતો હતો કે તું આવતાંને વાર બચ્ચાં તારાં ગળાં ઉપર ડોક નાંખી દેશે ને ગુંઠણપર પડીને તારી પાસ માફ માંગશે? એનાં દીલમાં અદેખાઈ હજુ ઘણી છે, પણ તું નક્કી માનજે કે તે દાહાડે એણે તુંને ક્નુરમાં ઝરકાટી નાખ્યો તે સારૂ એ મનમાં ઘણી મુઝાયછ; પણ તે તુંને દેખાડવા માંગતી નથી એટલે હમણા જરા ભપકામાંજ છે. ખરી વાત એ છે કે તારી ઉપર ખફા નથી પણ પોતાનાં દીલ સાથ પોતાનીજ ઉપર ખફા છે."

"તમારો વીચાર તમુને મુબારક, કાકીજી, પણ મને તો એમ લાગેછ, કે મને ખુલ્લા શબ્દોમાં પોતાનો ધીક્કાર જણાવ્યા છતાં જો હું એવણની ખુશામદ કરયા કરૂં તો હલકા હજામડામાં ખપું."

"નહીં બાવા, નહીં. બચ્ચાં સારી કાની જાણેછ કે આજે તમો લોક સાથે મલી ગયાં તેમાં તારો વાંક નથી. જોજેની, સુવાના ઓરડામાં મારી સાથ કેવાં વીજોરાં લેશે તે. જો તારી ખરેખરી મરજી હોય તો બચ્ચાંને રમાડી લેવાનો આએજ વખત છે. તેં જે બધો ખોલાસો કીધો તે મેં એને બરાબર બધો કહી સંભળાવ્યો ને ઇબિઇજી વીશે મારૂં કેવું મત છે તેબી કહયું, ને હું તુંને ખાતરી આપુંછ કે બચ્ચાં બધું બરાબર સમજી ગેઇછ. જોની, મોહોકાણ શું થઇછ તે હું તારાં ભેજાંમાં ઉતારૂં. ખરી વાત એ છે કે બચ્ચાંથી એટલું કાચું કપાઈ ગીયુંછ, કે

હવે પોતાની ભુલ કબુલ કરવાને એને શરમ લાગેછ. એ કેવી મગરૂર છે તે તો તું જાણેછ. નાપાક ગુનેહગાર ઇબઇજીએ વળી એનાં મનમાં એમ ઝેર ભેરયુંછ કે તું પોતે પૈસાદાર છે ને ખરેખર તો તુંને માંકી ઘણી ગમેછ પણ તારી સાથ આટલી બધી વાત થવા પછી તું ફકત એક ગ્રહસ્થ દાખલ, લોકમાં ભલા થવા તારા હાથનું માગું બચ્ચાંને કરી રહયો હતો. અભાગણી બચ્ચાં જો તારી તરફ જરાબી લાગણી બતાવે તો તે તુંને પટાવવા આવીછ એવો તારાં મનમાં ખ્યાલ બેસી જાય તે બીકથી એ એોસકાયછ. પૈસાને સારૂ તે જીપલાં મારેછ એમ કોઇ તાણો મારે તે વાતનો એને મોટો ધીક્કાર છે. વાસતે દીકરા મારા, એક ઘરડી ડોસીનું કહયું માન. ખરી ખંખારીને તારાં મનનો ભેદ એને કેહ. એની ખાત્રી કરી આપ કે તું ખરેખર એને ખરાં મનથી ચાહેછ. તમે બેહુ જન અકેકની ગમ એમ ડાચ્યાં કરો તો પછી કાસી સંગ કેમ જાય. એકે તો નરમ પડવુંજ જોઇએ, ને તું માટીડો છે, એટલે તે કામ તારૂં છે."

"પણ હું હવે કેમ એની મરજી વીરૂધ એની પાછળ જાઉં."

"જાય ને ફર જાય, હું કેહુંછ—બસ સાચું કેહુંછ કે એનો જીવ તારા ઉપર ઘણો છે!"

બચ્ચા અદી! કાકીજીની આ શીખામણ વીશે શું ધાયુ? બચ્ચાંનો જીવ જો મારા ઉપર હોય તો તે દેખાડવાના આ ઢંગ કે? બીજા બે ત્રણ કલાકમાં બચ્ચાં બેગમે ઢંગ તો એવા બતાવ્યા કે મારૂં પેટ ભરાઇ ગયું. મારી સાથ વાત કરતી તો ડોસી થઇ પણ હું તાણી તોડીને વાત

કરાવવા માંગું તો ઉં—આં—હા—ના શીવાય બીજો જવાબ નહીં મળે. રાતના હું લોહીનો ગોટ ગળીને સુવા ગયો. બસ, માથાં આગળથી બચ્ચાંનો ખ્યાલ બીશેજ નહીં, મેં કાંઈ વાંક કીધો નથી, તેને ખફા થવાનું કાંઈ કારણ આપ્યું નથી તોબી આ પ્રમાણે મને ઝંઝેરી નાંખવાને બચ્ચાંને હક શું છે? મારો ખોલાસો સાંભળવાની તેની ફરજ શું ન હતી? વારૂં. ગમે તેબી હોય પણ હમણા અમે બધો હીસાબ ચુકવી દીધો, એટલે હવે જાણે હું પુને આવ્યો તે કાંઈ મોટો ગુનાહ કીધો હોય તેમ મને ઇનસલ્ટ કરવાની જરૂર શું? નહીં—અદી—તું પોતાને મોટો ગેરઇનસાફ કરેછ. હીંમત પકડ અને બચ્ચાંને એખ્ખલી પકડીને સાફ સાફ તેની પાસે જવાબ માંગ. એ શું કંઇ તુંને કરડવાની છે. એમ બાયલાની કાની ધ્રુધવાયા શાનો કરેછ.

આવો મન સાથ ઠરાવ કરીને બંદા સહવારના આઠ વાગતે ડાઈનીંગ રૂમમાં ઉતરયા. હું જાણતો હતો કે કાકીજી બપોરના ટીફીન ટાઇમ સુધી સુવાના ઓરડામાંથી બહાર આવતાં ન હતાં. બચ્ચાં એખ્ખલીજ હતી અને ચાહા કરતી હતી. આજે પતેતીનો આગલો દહાડો હતો એટલે બેગમ સાહેબ બની ઠણીને આવ્યાં હતાં અને જાણે આંખે ઉડી વળગે તેવાં લાગતાં હતાં.

"સાહેબજી મી૦ અરદેશર, ચાહ લેશો કે કાફી?"

"થંક યુ—ચાહે. મને હસવું આવેછ. જે દાહાડે કુનુરમાં પાઇન્ટ ઉપર મેં તમુને ચાહેનું કપ આફર કીધું હતું અને તમે બસ લેવા ના પાડી તે યાદ છે કે?"

બચ્ચાં લાલ લાલ થઇ ગઈ. "હા મારી બેવકુફાઇ મને બરાબર યાદ છે. મી૦ અરદેશર જરા નારંગી, મોસંબી કંઇ ક્ષ્યોજી?"

"નહીં—થેંકસ—બચ્ચાં બેગમ, તમે ગમે એટલું છુપાવો પણ હું જોઉંછ કે મારા અત્રે આવ્યાથી તમે નાખુશ છેઓ. પણ તેમાં તમે મને શું ગેરઇનસાફ કરતાં નથી? હું મારા વર્ડ ઉપર કેહુંછ કે તમેબી અહીં હોશો એવી મને ખબર બીલકુલ ન હતી."

"નહીં—તમારી ચુક છે—હું નાખુશબી નથી ને ગુસ્સેબી નથી. મને તેમ થવાનું કાંઇ કારણબી નથી. હું એટલા સારૂંજ મુઝાઉંછ કે આપરે બેહુ જનને આવી કંઢગી 'પોઝીશન' માં મેલવામાં કાકીજીએ શું મજાહ મેળવી હશે. જેટલી હું મારે માટે દલગીર છું તેટલીજ તમારે પોતાને માટેબી દલગીર છું."

"નહીં—બચ્ચાં માય, મારી તમે ફીકર કરશો ના. હું તો અહીં આયો તેથી એક વાતે ખુશી છેઉં."

બચ્ચાંએ લગાર અચરતીથી ડોકું ઉંચું કરી મારી ગમ જોયું.

"હા—બચ્ચાં માય—હું ખોલ્લાં દીલથી કેહુંછ કે હું તમારા ઉપર ખરાં જીગરથી—"

એનું ખાનું ખરાબ થાય એનું નાપાકના જણ્યા બુટલેરને દાખલ થવાનો બીજો વખત મળ્યોજ નહીં? છેલ્લો શબ્દ બોલીને વાક્ય પુરો કરૂં તે અગાઉ બુટલેર દાખલ થયો અને ખાલી પીલી સાઇડ બોર્ડ નુછવા માડી. આ નડતલનો લાભ લઇને બચ્ચાં ઉઠી.

"અદીબા, જરા મને કામ છે તે જવાની રજા આપશો?"

અભાગ્યો રમત ભાંજુ બુટલેર ત્યાંથી ખસતાં ખસે નહીં એટલે બચ્ચાં ઉઠીને ચાલી ગઇ અને પાંચ મીનીટમાં કાકીજી દાખલ થયાં. બપોરના જમી ઉઠયા પછી બચ્ચાં વળી પાછી સટકી જવાની તૈયારીમાં હતી તેટલાં કાકીજી બોલ્યાં:—

"માય બચ્ચાં, જરા ઉભી રેહતો. જોની, ઇસ્ટ સ્ત્રીટમાં કલીઆનદાસ મુલ્લાંની દુકાનપર હું મારા પગની સ્લીપર મંડાવી આવીછ તે મને સાંજના જોઇશે તેબી લેતી આવ ને એક બે ગજ સારી જેવી તારા તેસ્ટની બ્લુ રીબીનબી લેતી આવજે, મરૂંરે મરૂં—મારી કેવી કામની દીકરી છે."

"વારૂં કાકીજી, એમાં શું મોટી વાત."

"જોની માય, તું એખલી જાય તે મારો જીવ માને નહીં. રસતામાં મુવા પોસાગીરો છાકટા થઇને ઘણું તોફાન કરતા ફરેછ. અદીનેબી હમણા ફરસુદ છે તે તમે સાથે જાઓ ને સાથેજ પાછાં આવો. અદી, દીકરા, એટલું મારૂં કામ કરશે કેની?"

"હાજી, ઘણી ખુશીથી" મેં જવાબ આપ્યો; પણ બચ્ચાં વચ્ચે બોલી ઉઠી:—

"કાકીજી, એવણુને નકામી શું કરવા તસ્દી આપોછ. ભર દીસના મને કોણ મારવાનું છે."

"લે, ચેરી ના થા, છોકરીની જાતને એખલી મોકલાય નહીં. અદીબા જરા પગ છુટા કરશે તો રાતના પેટ ભરીને જમશે."

મને આ નાટકથી હસવું તો આવ્યું પણ દમ ઉંચો રાખીને બચ્ચાંને કહ્યું: "ચાલોજી, હું તૈયાર છું."

"વારૂં, હું પા કલાકમાં આઉંછ" એમ કહીને બચ્ચાં પોતાના ઓરડામાં ભરાઈ અને ત્યાંથી કાકીજી ઉપર એક કાગળની કાપલી ઉપર લખી મોકલ્યું કે "આજે મારૂં માથું ઘણું પકડયુંછ તેથી દુકાનપર જવાશે નહીં."

કાકીજી તો આએ વાંચીને એવાં ફફડયાં કે બચ્ચાં આગળ હોતે તો ખાસડું કાહાડીને મારતે.

પ્રકરણ ૨૧ મું.

અત્યાર લગનમાં મેં ખુબ ખાસડાં ખાધાં હતાં અને હવે વધુ હાડમાર થવાનો મારો વીચાર ન હતો એટલે સહવારના નાસ્તાપરથી જેવાં કાકીજી ઉઠયાં કે કાગળો લખવાનું બાહાણું કાહાડીને હુંબી ઉઠયો. કાકીજી આ મારો ભેદ સમજી ગયાં અને બચ્ચાં ઉપર આવડા આવડા ડોળા કાહાડવા લાગયાં. મેંબી બચ્ચાંને કશું કોઠું આપ્યું નહીં. ડોસાં પોતાના ઓરડામાં ભરાયાં, અને અરધા કલાકમાં આયા કહેવા આવી કે બાઇને જરા બેખારની કાની થઈ આયુંછ ને બચ્ચાંને બોલાવેછ. જેવી બચ્ચાં ગેઈ કે આયાએ મારા હાથમાં એક ચીઠી મુકી.

"મારા શેઆના અદી, મારા જીવને જરા ઠીક નથી તેથી આજે ઓરડાની બહાર નીકળાશે નહી. તું ને બચ્ચાં એખલાં

પડી જશો તેથી એક બીજાંને સંભાળી લેજો. તું ડાહાયો છે ને મને જલદી સારી કરવી હોય તો મારૂં કહયું કરજે. હું ઓરડામાં ભરાઈ રેહું એવું તો તું ઇચ્છતો નહીં હોય વાસતે મને ટટાર કરવી હોય તો તુંબી હવે સમજી જજે.

ઘુમટો તાણવામાં સાર નહીં.

લા૦ કાકી.

અંહ? કાકા મરેરે પાછલી રાતના. મુવાં તો જબરો ઉસતાદ નીકળયાં. મુવાં અકલ જેવાં હતાં ને કેથાં ખોટાં સીક પડયાં! હું જયાં સુધી બચાં સાથ સમજુતી કરૂં નહીં ત્યાં સુધી એવણ ઓરડામાં ભરાઇ રહે! મારીઆ સરગરદાન. જરા વારે બચાં હું બેઠો હતો તે ઓરડામાં આવી. તેના ગાલ લાલ થયલા હતા અને ઘભરાયલી દીસતી હતી. મને લાગું કે કાકીજીએ જબરદસ્ત જુલાબ આપ્યો હશે. કાકીજી કાંઈ ટાકો ઘડી કરવાની અણીપર નથી એમ બચાં સમજી ગયલી હોવી જોઇએ કારણ કે તેવણે ભપકામાંજ મને પુછયું: "આજે સોલજર્સ ગારડનમાં બેંડ છે, તાંહાં આવોછ કે?"

"હા, તમારી ખુશી હોય તો" આપરેબી તેવાજ તોરમાં જવાબ આપ્યો. સાંજના બહાર નીકળવાને કલાકેકનો વાર હતો તેટલાં મેં વાત છેડી.

"બચાં માય, તમે નીલગીરીના બધા દેખાવોના ફોટો એકઠા કીધાછ તે જરા મને તો બતાવો."

બચાં દેખઇતી અચકી, કારણ કે કુતુર ઉઠીના આગલા ભાવટા પાછા તાજા કરવાનો તેનો વીચાર ન હતો. પણ

મેં તો તે તાજા કરવા સારૂજ ફોટો જોવા માંગ્યા હતા. બચ્ચાં આખરે ઉઠીને પોતાની આલબમ લઇ આવી અને અમે પાસે બેસીને પાનાં ફેરવવા લાગ્યાં. મેં મન સાથ પક્કો ઠરાવ કીધો હતો કે હવે તો જે થાય તે ખરૂં. કંઇબી ખોલાસો થવો જોઇએ, કાંયજે આએ લે પકુ ગળે પકુ હાલતથી હું કંટાળી ગયો હતો. બચ્ચાં પાનાં જલદી જલદી ફેરવે ને હું જાણી જોઇને આસતે આસતે ફેરવું. જ્યાં જ્યાં અમે બે જણાને જુંબેસ લાગી હતી તે બધા ફોટો મેં ખતી ખતીને બચ્ચાંને દેખાડયા અને આગલી પાછલી યાદ દેવાડવા માંડી. ફેરવતાં ફેરવતાં મીનોચેર, માકી, મારો અને બચ્ચાંનો એક ગ્રુપ આવ્યો એટલે મને તક મલી.

"બચ્ચાં માય, સાચ્ચું કેહો, તમુને નીલઘરીની ટ્રીપ ગમી ?"

"નહીં—જરાબી નહીં—"

આ વાર બચ્ચાંનું મોંહ કુમળાઈ ગયલું હતું. અગાઉ એક વાર તે નીલઘરી આવી હતી તારે તો તેની હજાર હજાર વખાણ કરતી હતી. મેં ઠંડે પેટે જવાબ દીધો:—

"નહીં—હું તમારાં મત સાથ મળતો થતો નથી—નીલઘરીનો તો હું ઘણો ઉપકારી છું."

"ઉપકારી? તે શું—હું સમજતી નહીં."

"ઉપકારી એટલા માટે કે જે બાનુને માટે મારો જીવ જાન છે તે બાનુને આ ટ્રીપ સાથ લાગતું વળગતું હતું."

"હા હવે હુ સમજી. તમુને નીલઘરીમાં કાંય મઝાહ પડી ને હવે મારા ધ્યાનમાં આયું. પણ મી૦ અરદેશર, આ

તમારી ગમત વચ્ચે અમે અચબુચ આવી પોંહોચ્યાં એટલે જરા પીડા સમાન થઈ પડયાં, કેમ ?"

હવે હું ઉસકેરાઈ ગયો. "બાઈ સાહેબ—ઇબઇજી જેવી એક લુચ્ચી ઓરતની વાત સાંભળી તમને મોજ મલતી હોય તો ભલે, પણ તે સારૂ મારાં મોહોડાં ઉપર મને ઇનસલ્ટ કરવાનો તમને હક નથી. તે વખતેબી મારો પ્યાર તમારા ઉપર સાચ્ચો હતો અને આજેબી જેવો ને તેવો છે. તમે મને પાણીથી પાત્રો કીધોછ, પણ હું તો જેવો ને તેવો નીમકહલાલ છું. મારો ખોલાસો મારે મોંહોડેથી સાંભળવાની તમે ના પાડી ત્યારે નાચારે મેં તમારાં કાકીજને બધું કહયું. હું એક ગમથી બીજી સ્ત્રી સાથ મોહોબતની બાજી રમું ને તમુનેબી રમાડયા કરૂં એવો હું ભુંડો નથી એમ તમારી ખાત્રી કરવાને મારો જીવ તલપતો હતો. એક ગ્રહસ્થ તરીકે હું તમુને મારો વર્ડ આપુંછ કે ઇબઇજીએ તમને કેહેલી વાત માથાંથી પગ સુધી જુઠ્ઠી છે. માકી એક ચવીત્રી ઓરત છે અને તેને વીશે કોઇ દહાડે મેં વીચાર કીધોબી નથી ને કરૂંબી નહીં. વાસતે તમે હવે તમારા જીવમાં નીરાંત રેહજો, કારણકે હવે હું તમને કંટાળો આપીશ નહીં. તમે ખાસ મને દેખાડયું છે કે મારૂં અત્રે આવવાનું તમને અણગમતું છે તો ધીરજ ધરો. હું કાલે સહવારના સેવટની રૂખસદ લઇશ."

આટલા શબ્દો રોહોસા ભર બોલીને હું ઉઠી ઉભો થયો.

પ્રકરણ ૨૨ મું.

હું ખભરીને ઉઠી ઉભો થયો અને તે ઝરાકામાં મારા હાથમાંની ફોટોની આલબમખી ભોંય ઉપર પડી ગઇ. આ ધસારામાં આલબમમાંથી થોડાંક છુટાં કાગળ, કવરો વગેરે ઉડીને વીખેરાઇ પડયાં. સઘળું ઉપાડીને પાછું વગેસગે કરતાં મારા હાથમાં એક ઍનવીલપ આવ્યું. તેમાં સુકાયલાં ગુલાબનાં ફુલ હતાં અને બાહાર લખેલું હતું "તા૦ ૨૮ મી ફેબરવારી—"અ" તરફથી ગોલાબનાં ફુલ." આહ! તા૦ ૨૮ મીએ મેં આ ફુલ આપ્યાં હતાં અને તુરતજ બચાંના હાથની માગણી કરી હતી! ઓ, તે વખતની શું બચાંની આંખની મીઠાસ, શું તેનાં મોંહ ઉપરનો શરમાલ છાપ અને કાંહાં હમણાંનો નાખુશ ચેહરો. મારી છાતી થડક થડક થતી હતી.

"બચાં બેગમ! આએ ફુલ તમે સાચવી રાખ્યાંછ તે મારાં આપેલાં છે?"

"હાજી," બચાંએ ઘણી મુશકેલીથી જવાબ દીધો.

"તારે તો તેની યાદથી તમને હમણા ઘણું લજવાવું પડતું હશે. એટલા માટે મારૂં મત એવું છે કે જે ચીજ તમને અણગમતી હોય તેનો નાશ કરવો જોઇએ. લેઓ, તમારા દેખતાંજ એને બાળી નાંખુંછ." આ પ્રમાણે બોલી હું રાંધણી તરફ ચાલ્યો, પણ તુરતજ બચાં ધસી આવી અને મારો હાથ મજબુત પકડીને બોલી પડી "નહીં—નહીં—મારે ખાતર નહીં—"

મેં લગાર ચકીત થઇ બચ્ચાં ગમ જોયું તો તેણીની આંખમાંથી આંસુની ધારા ચાલતી હતી.

"બચ્ચાં" હું બોલ્યો પણ તે તો આ વાર મારી ગમ પીઠ ફેરવીને ધસાંધસ રડતી હતી.

મેં તેના બરડા ઉપર હળવેથી હાથ મુકયો "મારી ડારલીંગ, શું કરવા આ પ્રમાણે કરેછ. તુંને આવી રીતે આક્રોર્દ કરવા કરતાં મારો જીવ આપી દેવા હું તૈયાર છું—ચાલ બસ કર હવે."

"પણ—મારૂં હવે તમુને શું કામ છે?"

"ઘણું કામ છે—જો તેની પહેલી નીશાન તુંને બતાઉં?" આમ બોલ્ય મેં બચાંને મારાં પાસાંમાં ખેંચી અને ખુબ પ્રીતથી કોટી કરીને તેના મખમલ જેવા ગાલની મુલાકાત લીધી. "મારા જાન—તારાં મોંહમાંથી એકજ સખુન કાહાર કે બદી તુ મારોજ છે."

"આજેજ નહીં પણ બે વરસ થયાં તેં મારાં દીલમાં વાસો કીધોછ. મેં તારી યાદને દુર કરવાની ઘણીબી યુકતી કીધી, પણ હું ફાવી નહીં. ઓ મારા બદી, તુ જો હવે મને વીસારે તો મારૂં જીવવું નકામું છે."

"કબુ નહીં—ઓ જીગર, આપરે આટલા દાહાડા નકામા ખોયા."

આ પછી બે આશક માશુક વચે ખોલાસા થયા ને મોહોબતનાં બાણ છુટયાં તેનું વર્ણન કરવાની શું કાંઈ જરૂર છે? ત્યાર પછીનો એક કલાક કેમ નીકળી ગયો તેનું અમને

ભાનખી નથી. અંધારૂં થવા આવ્યું ને મસાલ બતી સળગાવવા આવ્યો ત્યારે અમારી સુધ ઉઘડી કે અમે ત્રણ કલાક સુધી વાત કીધી હતી!

મધુર મધ આપોરે, મધુર મધ આપોરે,
મોહોબત માંહી મધુર મધ—
મોહોબત હોય તો નોબત બાજે,
મોહોબતે મેહેલ ખીરાજે.
મોહોબત હોય તો સુખ સંપજે,
સોબત મોહોબતની ભુખેરે—મધુર.

કે. કાબ્રાજી.

જેવી બતી આવી કે બચાં જીવ લઇને નાઠી. પાંચ મીનીટમાં કાકીજી હસતાં હસતાં બહાર આવ્યાં અને મને ઓવરણા લઇને ગાલપર ચમટો તોડીને કહ્યું "કેમ—લાલાજી, મેં શું કહયુંતું? હેં એં એં? લુછા! એમ પાસાંમાં ભરાઇને માવો ખાઈ ગીઓ. જો આજે બધું સમાધાન થયું નહીં હોતે તો હું સુવાના ઓરડામાંથી બહાર આવવાની ઉતીજ નહીં."

યા દાદાર, તે રાતના ડીનર ટેબલ ઉપરની શું અમારી ખુશાલી! મારેથી હસાઈ હસાઈ જવાતું હતું અને બચાં તો જાણે બીજી માકી ચવીત્રી! એક મીનીટ ખુરસી ઉપર ઠરીને બેઠી નથી. અમે બે કલાક સુધી શું વાત કીધી હશે! જો કોઈ શોર્ટ હેંડ રીપોર્ટર તેની નોંધ લે તો નૉનસેન્સનું એક આખું પુસ્તક ભરાય. આહ! અમે એટલાં અકેકની પાસે પાસે વાત કરતાં હતાં કે અમારા બેનાં નાક વચ્ચે ફકત એક તસુનોબી તફાવત ન હશે.

પ્રકરણ ૨૩ મું.

' તમારા નોકર બે દાહાડાના પરોણા દાખલ પુને આવ્યા હતા, પણ બેના બાર દહાડા થયા તોઅી પગ તો પાછા મુંબઈ જવા ઉપડેજ નહીં. દરેક કલાકે બચાંમાં હું નવી ખુબીઓ જોવા લાગ્યો. તેના સદાના ગંભીર ચેહરાને બદલે હવે મોતીના દાણા જેવા દાંત મને ઘેલો દેવાનો કરી નાખતા હતા. મેં મારા મીત્રોને પચાસેક કાગળો ચીત્રી કાહાડયાં અને બધાને લખ્યું કે મારી મોહોરદાર જેવી તો ગામમાં કોઈની ન હશે. તેજ પ્રમાણે બચાંએ પોતાની સહીમીઠીઓને આ વધાઈની ખબર ટપાલ મારફતે મોકલી આપી. અમે બન્નેએ ઠરાવ કીધો કે લગનને માટે નકામો લાંબો વખત કાહાડવો નહીં. હમણા સપટેમ્બર મહીનો ચાલતો હતો અને ડીસેમ્બરમાં શાદી થાય તો બચાંનો વાગો ને બધી ભરેલી સાડી વગેરે તૈયાર કરવાને પુશકળ ટાઇમ મળે. હું તો આભરી ધભરામાં પડયો હતો કે બસ લગન આવતા મહીનામાં કરી નાંખ્યે. સાડી બાડી સહુ પાછળથી થઇ રેહશે, પણ કાકીજી આડાં પડયાં.

"વાય અદી, એમ ચરી શા વરે ગીઓ. કંઈ ગાય બલદ વેચાતો લેછ કે? જરા જીવને ઝપ આવવા દે. સુન્ના જેવી છોકરી ધસરી જાયછ ને વરી એમ નાચી નદરી શાનો રહયોછ."

આખરે ઠરાવ થયો કે દસમી ડીસેમ્બરે બચાંની સાલધરેહ હતી, તે દહાડે સારૂં મુહુરત જોઇને લગન કરવાં.

વાંચનાર કદાચ પુછશે કે આ સઘળી દોસ્તી થઈ તે અરસામાં માકી વીશે તો કાંઈ વાત નીકળીજ નહીં કે? પહેલાં તો અમે બેહુ જને આ નામ વચ્ચે લાવવાના અખાડાજ કીધા પણ પછી એક દાહાડે બચાંથી રેહ-વાયું નહીં. તે મારી આગળ મીનોચેર સારૂં બળાપો કરીને બોલી કે તે આએ છોકરીની પુઠે પોતાની શુધ બુધ ખોઈ બેઠોછ. બચાંને મુંબઈથી એક જીવેજાનની સ્હીએ લખ્યું હતું કે મીનોચેર ને માકી જાંહાં હોય તાંહાં સાથેનાં સાથે ફરેછ ને જાંહાં માંકીને ઇજન નહીં હોય ત્યાં મીનોચેર એખલો જવા ના પાડેછ.

"મેં એને ત્રણ કાગળ લખ્યાં પણ જવાબ નહીં મળે. નાચારે તાર કીધો કે પુને આવે પણ જવાબ મોકલ્યો કે હમણા મારેથી અવાય તેમ નથી. અદી, હવે કેમ કરૂં. આએ કારણથી મારો જીવ ઉચાટ છે."

મેં ઘણી ધીરજ આપી કે કદાચ મીનોચેર પોતાની સદાની રીત પ્રમાણે અમથો ઘેલાં ગાંડાં કાહાડતો હશે, પણ બચાં એકની બીજી થઈ નહીં.

"નહીં—નહીં—અદી, મારા ભાઇને હું બાલેબાલ પીછાણુંછ. ઘણી છોકરીઓ સાથ એને નાચતાં નદરતાં મેં જોયલો છે. આજે ઘેલાં ચેરાં કાહાડે ને કાલે કાંઇ નહીં. પણ આએ વખતનો રંગજ જુદો છે. મને તો લાગેછે કે આએ માંકીનાં છટકાંમાં એ ખરેખર સપ-ડાયોછ. અમે બે ભાઇ બેહન વચ્ચે એવો સંપ હતો કે તેવો કોઇ દાહાડે હોય નહીં પણ આએ અભાગણી

માકીએ આવીને કચરો નાખ્યો. એને લીધે તો અમે ઉઠીમાં એક બીજાં સાથ રૂસાઇ ગયાં. આ કારણથી આએ માકીને નામે મને ધધરીને તાપ આવે છે."

"મારી વાહાલી ને ભોલી બચાં, તારે મનથી તારો ભાઇ એક નાહાનો ખોદાય સમાન છે તે હું જાણુંછ, પણ એનાં મનમાં એક કાંટો આવશે તો તું એને અટકાવી શકનાર નથી. હશે, જે થવાનું હશે તે થશે. તું શું કરવા અકળાયછ."

"અદી, તું એમ ના બોલ. આએ નખરાંબાજ બઇરી સાથ મીનોચેર પરણે તો હું કેહુંછ કે એ ખુહાર થશે. કાંઇબી કરીને એને તાંહાથી દુર કરવો જોઇએ."

"બચાં, તું જરા ગેરઇનસાફ કરેછ. તકરારને ખાતર કબુલ કરીએ કે તારો ભાઇ માકી સાથ પરણેઓબી, તો માકી તેને દુઃખીજ કરશે એમ તુંને શા સારૂ માનવું જોઇએ?"

"અહં! ખરી વાત, હવે મને યાદ આવી. માંકી તો તમારી મોટી સહી છે." આ પ્રમાણે બોલી બચાં લગાર ખફા થઇને ઉભી થઇ. મને પણ જરા બુરૂં લાગ્યું, પણ અખાડા કરી ગયો અને બચાંને પાસે બેસાડીને તેના બાલ જરા પસવારીઆ ને ધીમેથી કહયું:—

"જાન, હું જો તુંને કેહું કે મને એની સાથ દોસ્તી નહીં હતી તો તું મારી મશકેરી કરે. ખરી વાત એ છે કે એ માકીની કંઇબી બુરી વાત હું જાણતો નથી તેથી તેને ગેરઇનસાફ કરવા ઇચ્છતો નથી. એ જરા ચવીત્રી



હું મારી માયનો હીરાંના નેક્લેસ નવેસરથી કેમ જડાવવો તે
બચ્ચાને દેખાડતો હતો   સફે ૧૬૧

છે એ ખરી વાત ને સેહજસાજ લેહરીખી છે, પણ એ ખરાબ છે એમ હું કેમ કેહું. મને તો લાગેછ કે એ કોઇ સારે ઠેકાણે ગોઠવાઇ જાય તો બધાં પોતાનાં નાજ નખરાં છોડી દે."

"અરે મુઇ એ ગોઠવાઇની જતી." બચ્ચાં ઘણાજ નાખુશ ચેહેરે બોલી. "જેના મારેલાં નહીં મરે તેના દીઠેલાં શું મરતાંતાં. એ છકેલ વાંદરીને સુધારવી હોય તો કોઇ બીજા સાથે અખતરો કરો, પણ મારા ભાઇને તો બચાવી લેવો જોઇશે."

પ્રકરણ ૨૪ મું.

આ પછી થોડે દાહાડે હું, બચ્ચાં અને કાકીજી મુંબઇ આવ્યાં. મારી ને બચ્ચાંની સગાઇ નક્કી થઇ તે વાત તો આખાં ગામમાં પસરી ગઇ હતી. અમે જે દાહાડે પેહેલવહેલાં જીમખાનામાં ગયાં તે દાહાડે સેંહકડો જને અમારો હાથ હીલવી નાખીને અમને મુબારકબાદી આપી. કેટલાંકો મુબારકબાદી આપતાં પણ સુનામખી પીધા જેવું કડવું મોંહ કરતાં. અરે યારો, ખોટું હસવું ને ખરૂં હસવું તે શું હું સમજતો નથી કે? બીજે દીને હું ને બચ્ચાં ડ્રાઇંગ રૂમમાં ગુફતેગુમાં મસગુલ હતાં તેટલાં નામચીન ઇબઇજી આવી ચઢયાં. હું મારાં બેહસતન માયનો હીરાનો નેકલેસ બચ્ચાંને માટે તૈયાર કરાવતો હતો અને તે નવેસરથી કેમ જડવો તેની વાતમાં અમે રોકાયલાં હતાં.

અમે જ્યાં વાત કરતાં હતાં ત્યાં એક જાપાનીઝ સક્રીન આડો હોવાથી ઇબઇજીએ અમને જોયાં નહીં. તેવણ સોફા ઉપર બેઠાં એવામાં કાકીજી આવી લાગ્યાં અને આ બે ડોસાંઓ વાતે વળગ્યાં.

ઇબઇજીએ શરૂઆત કીધી "ધનમાય, મેં તો કાલેજ સાંભળ્યું કે તમે આયાંછ નહીં તો તે દાહારેજ મળવા આવતે."

કાકીજીના જવાબપરથી હું ચેતી ગયો કે તેવણ બોંહે ચહડાવીને આવ્યાં હતાં. "અં! ગામના લોક કંઇ પુને આવેછ જાયછ કે આજે નવાઇ છે! હું આવવાની ઉતી તે શું નુસપેપરમાં છપાઉં?"

પણ ઇબઇજી કંઇ એટલામાં હટે નહીં. "ધનમાય, મારી બચાંબી તમારી સાથેજ આવી કે?"

"હા, પણ તમારી કે દાહારથી થઇ?"

"અરે માયરે, કેહેશે કેહેચ ને વરાછ કરેછ પણ એ છોકરી તો મને તોટે વળગી રહીછ. એને સારૂં મારો જીવ ઘણો બરેછ. પેલાને લીધે મારી ગરીબ ગાય જેવી છોકરી કેવી રરમેસ થઇ. હમણા તો બધું વીસરી ગેઇ હોસે!"

"માણુસ તોટે વળગે તો વરી જીવતાં કેમ હોસે. પેલો કોણ? કોણ છોકરી રરમેસ થઇ? એ વરી તમે કોણની ગીનીસ કરોછ?"

ઇબઇજી તો ચાટ પડી ગયાં. તેવણ કાકીજી સથ સહીયાંમીતાંપણું રાખ્વા માંગતાં હતાં અને બચાં



હું પરદા પછવાડેથી બહાર નીકળી આવ્યો. પૃષ્ઠ ૧૬૩

સાથે જાણે કેવુંક ઘેરવટ હોય તેમ દેખાડવા માંગતાં હતાં, પણ તેમ સફાઈથી કરવા જેટલી તેવણમાં અક્કલ ન હતી.

"ઓ નોરે માય, મારી બચાંપરથી એવા મનીખને સાત વાર ઓવારી નાંખું. બચારી છોકરીનો એમાં કંઈ વાંક નહીં."

પણ ધનકાકી તો આજે અરધાનો ખુરદો કરવાજ બેઠાં હતાં.

"કીયું મનીખ? કોણુનો વાંક? જરા બરાબર સમજ પડે તેમ બોલોની."

"વરી કોણુ? પેલો મુવો પોસાગીર અદી કોટવાલ. મુવો બચાંની પાછળ કુત્રાની કાની ભમતોતો પણ મારી બચાંએ તેને કોઠું આપ્યુંજ નહીં. મુવો મનમાંજ અદરાતોતો ને મનમાંજ પણુતોતો. મરતો નહીં કે?"

આ પછી હું પરદાની પછવાડેથી બહાર નીકળી આવ્યો અને મારી પાછળ બચાંબી મોહોડે રૂમાલનો ડુચો મારીને આવી. હું ઇબઈજી આગળ ઉભો અને બોલ્યો:—

"ઘણી મેહરબાની થઈ ડોસાં. તમે જોઈને ખુશી થશો કે હું હજી જીવતો છેઉં ને બચાં પોતાની તરફથી જવાબ આપવા તૈયાર ઉભીછ."

જોઈ લ્યો ઇબઈજીનો ચેહરો!

"ઉં—આં—છે તે કરીને લેઇને—તમે અહીં છેઓ એમ હું શું જાણું."

"નહીંજ તો. પણ તમારી છેલ્લી પાંચ મીનીટની વાત ઉપરથી હું ધારૂંછ કે મારી ખબર તમારે ગળે ઉતરશે નહીં. કાકીજી મને કેહવાની રજા છે?"

કાકીજી તો પેટ પકડીને હસતાં હતાં, ને કલવાઇ કલવાઇને વાંકાં ટીકાં થતાં હતાં.

મેં પછી કહયું "ઇબઇજીબાઇ, હું જણાવવાને મગરૂર છેઉં કે બચાંએ મારા હાથનું માગું કબુલ કીધુંછ અને એકુ મહીનામાં અમારી શાદી થશે."

ઇબઇજીનાં મોંહ ઉપર ધભરાટ વધારે વ્યાપી રહયો હતો કે ચીઢ તે હું કહી શકતો નથી. મારાં મોંહપરજ મને ગાળો ભાંડતાં પકડાઇ ગયાં, ને બચાં તેવણ તરફ ધીક્કારથી જોવા લાગી અને કાકીજી તેવણનું પાકવવા હસવા લાગ્યાં એટલે ઇબઇજીનું તો મોહોત થઇ ગયું. પણ તોબી ડોસી બરી હીંમતવાન. તેવણ રજા લેવા ઉઠયા અને બચાં આગળ કોટા કોટી કરવા ગયાં પણ તે પીઠ કરીને ઉભી. કાકીજી તો બરડો દુખેછ એવું બાહાનું કાહાડીને ઢોલીઆ ઉપર લેટી ગયાં ને મેં મારા હાથ પીઠ પાછળ રાખ્યા.

"માય બેસો. અરદેસર બા ભાયગવંતા છે. મરેરે આજના વખતમાં બધાં જોરાં માથેરાન, મામલેસર કે ઉટીમાંજ સંધાયછ. ધનામાય, તારે તમુને તો બે લગન ખાવાનાં છે."

ધનાકાકી છલાંગ મારીને ઉઠીને બેઠાં "એ વરી નવી ગપ્પાઉંસ શું લાયાંછ?"

"વરી નાખે જીભ શાની લગારોછ? બધું ગામ કેહેછ કે તમારો મીનોચેર પેલી માકી ચવીત્રી સાથ અદરાયોછ. વીટીબી પેહરી. ગઈ કાલે રાતનાખી એ બેહુ જનાને મેં સીનીમીટોગ્રાફમાં જોયાં. ચાલો, જીવતાં રેહ ને ઘણાં સુખ જોય."

આમ બોલી ઇબઇજીએ રૂખશદ લીધી. તેવણુના જવા પછી થોડી વાર તો અમે સુનાં સાવજ જેવાં બેશી રહયાં, કેમજે માકીનું નામ અને માકીનું કામ અમારે ગળે ઉતરતું ન હતું.

હવે સાંટક એવું બન્યું કે તેને બીજેજ દાહાડે હું ઝડપમાં કાકીજીને ત્યાં જતો હતો એટલાંમાં સામેથી માકી પોતેજ મળી. તેની સાથે એકાદ બે જુવાનીયાઓ હતા. મને જોઇને તે વેહલી વેહલી આગળ ધસી આવી અને મને શેકહેંડ કરીને મુબારકબાદી આપી.

"અદીબા, હું જીગરથી ખુશી છેઉં. જો, હું કેવી ડાહી છેઉં કે આ ગોઠવણથી હું એક મારો ખરો દોસ્ત ખોહી બેસસ તોબી તમારે ખાતર હું મઘન મઘન છેઉં."

હું જાણતો હતો કે આ દોસ્તી બચાંને કડવી ઝેર જેવી લાગશે પણ તોબી હું બોલ્યો "શું કામ? પરણ્યા એટલે શું દોસતી તોડી નાખવાની કે?"

"બસ અદીબા, તમે ધારોછ એટલી હું ભોટ નથી. તમે સારી કાની જાણોછ કે મને જોઇને તમારી બચાંને મદઇને કાંઈ થઈ આવેછ. તોબી હું તો ફરીથી કેહુંછ કે એ ઘણી સરસ છોકરી છે ને તમે બેહુ સુખી થશો."

"પણ સબર કરો માકીમાય, તમે દોસ્તી તુટવાની વાત કરોછ તારે તો એમ થયું કે તમે મીનોચેરને પાણીચું આપ્યું હશે?"

"નહીં. તે તો મારી ઉપર એવાં જીપલાં મારેછ ને પૈસા ખરચેછ કે એના વગર મને કેમ ચાલશે તેના અંદેસામાં છેઉં."

આ વાત ચાલેછ એટલાંમાં સામેથી પેસી કેપટન આવી લાગ્યો અને તેની બગલમાં હાથ ઘાલીને બેહુ જણ ચાલ્યાં ગયાં. એ શું? માકી મીનોચેરને વાસતે છે કે પેસીને વાસતે? મેં ઘણુંખી માથું ફીકયું પણ કાંઈ સમજ પડી નહીં. તેજ રાતના હું, બચ્ચાં અને કાકીજી કરી "મેહલ્લુ મસતાન"નો નાટક જોવા ગયાં. જોઉંછ, તો સામાજ બાકસમાં મીનોચેર, માકી અને બીજા બે જણ ગોઠવાઇને બેહેલા. મીનોચેર ખુબ ગેલમાં હતો. માથે આગાખાન કેપ વાંકી ઘાલેલી હતી. બચ્ચાંએ કાકીજીના કાનમાં પડીને માકી તરફ તેવણનું ધ્યાન ખેંચ્યું. કાકીજીએ માકીને આ પેહલીજ વાર જોયલી એટલે નાટક નાટકને ઠેકાણે રહયો અને તેનેજ ટીકી ટીકીને જોયા કરે. કાકીજીને આ છોકરી ગમી કે ન ગમી તે હાલને કાજ હું કહી શકતો નથી.

એવી ગોઠવણ થઈ હતી કે આવતા રવીવારે કાકી, બચ્ચાં ને હું ઝાંહાંબોરડી જનાર હતાં. આ ઠરાવથી અમે બેહુ ખુબ ખુશીમાં હતાં, કારણ કે મુંબઇમાં અમારેથી પેટ ભરીને ગુસગુસ વાત થઇ ન હતી, પણ, યારો યાદ રાખજો કે નસીબના ભેદને કોઈ પોંહોચ્યું નથી. આતવારે જવાના તેમ સુકરવારે બચ્ચાંની મોટી ફ્રેંડ પીલુ દમરી ઘણી સીક પડી ગઇ. ડાકટરો કેહેજે એપેનડીસાઇટીસનું જોર થઇ આવ્યું

છે ને ઑપરેશન કરવું પડશે. બચ્ચાં પોતાની આ સહીને મદદ કરવા દોડી ગઈ અને કાકીજી એકલાં ઝાંહાંબોરડી ગયાં. હું હવે રખડતો થયો એટલે એક મારા સગાને ત્યાં સોલાપુર ઉતરી પડયો. જ્યારે ટ્રેન ધમધમ દોડતી હતી ત્યારે મારાં સ્વપ્નેબી ન હતું કે આ સોલાપોરી મુલાકાત નખ્ખોદનાં ગાલ્લાં વાળશે.

પ્રકરણ ૨૫ મું.

હું માહા આપદામાં પડયો છું. હું એટલે અદી નહીં પણ આ કીસ્સાનો લખનાર. વાંચક મંડળ, મીત્ર મંડળ, બેંડસ્ટાંડ મંડળ; "હાથ ધરી ધરીને પુછે છે કે, હું કેહોની, માકી કોણ છે, તમે વાત લખવા માંડી ત્યારે તમારા મનમાં કોણ હતું. એ ઈબઈજી કોણ, મરેરે એવી તો ડોકરીઓ ઘણી છે. ખરૂં કેહો, કોણ? ફલાણી કે ચીની કે?" આવા સવાલ નાખનારાંઓ ભુલી જાય છે કે હાલ પોલીસ કોર્ટોમાં રોકાણ ઘણી છે અને લડાઈને લાધે બેંકમાં બાલાંસ ઓછી છે. વળી લોક પુછે છે કે માકી આખરે કોણની સાથે પરણશે. મંચી કે પેસી? પણ આમ વીરમાં તણાઈ જવાથી કાંઈ મારા હાથ વધારે ઉતાવલા ચાલવાના છે? જરા થોભો, આસતે ધીરે બધું આપોઆપ જોશો. વાર્તાનું ખરેખરૂં રસદાર વળું તો હવે શીરૂ થાય છે. પણ હવે આપણે અદીબાનો રૂદન રોટલો આગળ ચલાવ્યે.

આહ! ક્રીસ્ટમસનો હીંગામ હતો. હવા ઠંડકથી ઠરી રહી હતી. શોકીનો નોસારી અને ધીછાપોરની તાડી પીવા ઉતરી પડયા હતા. વળી આ નવી જાતનું ચેતક છે. બોરીઆ બાયરીઆ, ગરીબ, માતબર, વેહવારીઆ કે દીવાળ્યા જો 'ક્રીસ્મીસ' ઉપર બહાર ઉતરી ન પડે તો કામન લોકમાં ખપી જાય! લગનસરાની ધુમ મચી રહી હતી. પેસતનજી પાવરીના વાસણો ખણખણાટ કરી રહયાં હતાં. પણ આ વેળાએ જયારે મોજ કરવાનો વખત ત્યારેજ મારી પ્રીયા ગેરહાજર! હું લખાણની બાબદમાં આળસુનો પાદશાહ છું પણ હમણા તો દીલદારને દરરોજ આઠ આઠ પાણા ભરીને કાગળો લખતો. જો દીલબરનું એકજ દાહાડો કાગળ ન આવે તો ફર્યાદનો તાર ગીએલોજ છે. હવે જયારે મારી આગલી મુર્ખાઇઓની યાદ કરૂં છું ત્યારે મને ઘણી રમુજ પેદા થાય છે. યાહ! તે વખતે આપણે કેવા ગધેડા બનતા હતા. આંધળો એમ સમજે છે કે મને કોઇ જોતું નથી તેમ પ્રીતીમાં લીન થયલું જોડું આસપાસ નજર ફેરવતું નથી. પણ ચીંતા નહીં. સહુનો રાહ તે વહુનો રાહ. પ્રીય વાંચનાર, તારી જુવાનીમાં તેં પણ આવોજ નાટક ભજી બતાવ્યો હશે પણ હવે તેની તને યાદ નથી એટલે તને હસવું આવે છે!!

મારો પીત્રાઇ જેને ત્યાં હું મેહમાન તરીકે ઉતરયો હતો તે માતબર હતો પણ તેનું ધક ધ્યાન સઘળું ચોપડીઓમાં રોકાયલું રેહતું. તેની મોટોરકાર સારો દીવસ મારી નોકરીમાં હાજર હતી અને તે હું હાથે હાંકીને ખુબ રખડપટો કરતો. એક દહાડેસહવારના હું સોલાપુર ધરમની.

શાળા જોવા ગયો. ધરમશાળા તો ભાગી તુટી હતી પણ તેને લગતો બગીચો ખુબ ખીલી રહયો હતો. અને તે થાને વધારે મારી છાતીમાંનો બગીચો વધુ બાગબાગ થઇ રહયો હતો, કારણ કે તેજ દહાડે સહવારના મને બચ્ચાંનું કાગળ મલ્યું હતું તેમાં ખુશ ખબર હતી કે તેણીની સહી હવે સારી પેઠે હતી અને જે દાહાડા જાયછ તેમાં બચ્ચાં મને આવી મળવાની વકી રાખતી હતી.

•

હું ધરમશાળીના કમપાઉંન્ડમાં ફરવા લાગ્યો એવામાં સામેથી એક રખડતો પોરયો મલ્યો તેને પુછયું કે ધરમશાળાનો રખેવાલ કોણ છે અને તેની કુંચી કોણની પાસે છે? જવાબ મલ્યો કે ખાસ રખેવાલ તો કોઈ નથી પણ ઓરડા ઉઘાડા છે કારણ કે આજે અહીં કોઇ પારસીના લગન થનાર છે ને તે સારૂં સ્ટેશન ઉપર બે મોબેદો ગઈ રાતના આવેલા છે. હું મુછમાં હસ્યો કે વળી આએ કોણ નવમા રતને આવાં જંગલને શાદીને માટે પસંદ કીધું હશે. માંહે જઇને જોઉંછ તો મોટા હાલમાં નવો ગાલીચો બીછાવેલો અને શાદી સારૂ બે ખુરશીઓ ગોઠવેલી. માથાં ઉપર મીનબતીવાલું ઝુમર ટાંગેલું અને જગેજગ ફુલનો સણગાર કરેલો. એક મુસલમાનનો પોરયો ઝાડુ કાહાડતો હતો. જરા વારે બે મોબેદ સાહેબો આવી પહોંચ્યા અને મને "સાહેબ મેહેરબાન" કરીને બીજા ઓરડામાં ગયા. હું વમાસણમાં પડયો કે ઉભો રહી રચના જોઉં કે ત્યાંથી ચાલી જાઉં. કોઈ બચારાં લુલાં ભુલાં પરણવા આવ્યાં હોય ને છુપાછુપ જોડાઈ જવાની આશામાં હોય ત્યાં હું કવાબમાં હાડકું નડું તે ઠીક લાગે

નહીં. આવા વીચારથી હું બહાર પડયો એટલામાં—સામેથી બે બાઇઓ આડી નડી. તે લોકોએ મોટો ઓવર કોટ પેહરયો હતો અને આંખે બ્લુ રંગના ચશમા ઘાલ્યા હતા. હમણા મોટોરમાં પારસી લાડકડીઓ માંથાં ઉપર 'વેલ' નાખીને સ્પાનીસ બ્યુટીઓમાં ભેળાઇ જાય છે તેવો 'વેલ' બેહુએ માથાં ઉપર નાખ્યો હતો. હું મુંગો મુંગો ચાલી જવાની અણી ઉપર હતો એટલામાં આ બે બાઇઓમાંથી એક બોલી ઉઠી.

"ઓ—આએ તો મારો અદીબા છે."

"કોણ? માકીમાય! તમે અહીં કાંહાંથી? આએ નવાઇ જેવા અવતારમાં મેં તમુને ઓળખ્યાં નહીં. આએ બીજા કોણ છે?"

માકીએ જવાબ દીધો "એવણ મારાં સહી છે."

માકીએ માથાંપરનો "વેલ" કહાડી નાખ્યો અને ચસમો ઉતારીને આંગપરનો ઓવરકોટ રહેવા દીધો.

મેં ઘણીજ અચરતીથી પુછયું "પણ તમે લોક અહીં આયાં કાંહાંથી? સાથે કોઇ છે કે? તમે એખ્લાં હોવ તો મારા પીત્રાઇને તાંહાં આપરે સાથે ટીફીન લઇશું."

માકી જરા અચકાઇને બોલી "નહીં—બીરાદર, આજે જરા બને તેમ નથી."

આજે એમ કેમ? માકી પોતાની સરેસતાથી ઉલટી રીતે જરા અકળાયલી દીસતી હતી. હું નહીં જોઉં તેમ તેણીએ પોતાની સહીને છુપી એશારત કરી, પણ મેં તો તે આબાદ

જોઈ. જાણે મારા ખરવાની તે લોક વાટ જોતાં હોય તેવો સઘળો દેખાવ હતો. મેં ગર લેવાની મતલબથી અસેમસે પુછયું.

"તમેબી મારી કાની આગ્ને ધરમશાળા જોવા આયાંછ કે?"

"હા—"

"તારે તો ચાલોની આપરે સાથેજ જોઇગ્ને."

• માકી હવે ગુંચવાઇ "નહીં—મકુંજે—તમુને અમથા શું કરવા રોકું. તમે તમારે સીધારો, અમે બે જન અમારૂં ફોડી લઇશું."

"માકી બેહેન, મને રોકવાની વાત છેજ નહીં. હું તો પરવારતો છું. પણ તમુને ધરમશાળા જોવીજ હોય તો વખત ના ખોવો, કારણ કે મેં સાંભળ્યું કે હમણા અહીં કોઇનાં લગન થવાનાં છે ને જે ઘડી જાયછ તેમાં તે લોક આવી પોહોંચશે."

આખરે માકી ઠાકી. હું ધારૂંછ કે તેણીને ગરમીનો ઊકળાટ થતો હતો. મેં જરા બોંહોંસ કીધી એટલે તેણીએ પોતાનો ભારી ઓવરકોટ ઉતારી નાખ્યો. શું જોઉંછ! માકીએ શુધ સફેદ ઝીણી સાડી સજી હતી. ઉપર ટીલીનું ભરતકામ, પગમાં સફેદ સાટીનનાં સોનેરી બુટાવાળાં નવાં શુઝ અને હાથમાં શાહમૃગનાં પીછનો કીમતી પંખો. માકી આજે પરી સમાન દીસતી હતી. કોણ જાણે શા કારણથી તેના ગાલ ઉપર ગુલાબી રંગ રમી રહયો હતો. હું તો જર્દાઇજ ગયો. એક સાધારણ ધરમશાળા જોવાને બુર બુલારાંમાંથી આવે ત્યારે આગ્ને ડ્રેસ! મેં રમુજમાં ટકોર કરી:—

"માકીમાય, તમારી ખુબ હુશીઆરીમાં રેહજો હું, નહીં તો આએ પરણવા આવનારાંઓ તમુનેજ પરણતી છોકરી નહીં સમજે."

માકી તુરતવેલા તો મુંગી થઈ ગઈ પણ એક બે પલ વીચાર કરીને પોતાની સહીના હાથમાંથી એક નાહાનો દાબડો લઇને તેમાંથી હીરાનો બુટો કહાડીને કાનમાં લટકાવ્યો અને મોતીની માળા ગળે ઓળવી.

"અદીબા, એક વાર હું તમારી ગુચવણ ભાંજવાનું દરૂસત ધારૂંછ. તમારી અટકળ ખરી છે. હુંજ પરણતી છોકરી છેઉં."

હું તો એવો ગભરાઈ ગયો કે શું જવાબ આપવો તે સુઝે નહીં. આહ મીનોચેર, મીનોચેર, આખરે તારી ગતમાં તું ફાવ્યો. માકી જબરી જમાને ખાધેલ. તે જાણતી હોવી જોઇએ કે તેણીની સાથે મીનોચેર પરણે તે છોકરાનાં માતબર કુટુંબને ગળે ઉતરે નહીં ને કાંઇ ને કાંઈ ફાંચડ મારે, એટલે આવી નવીત્રી જગામાં તેને ધસડી લાવી હશે. તેણીએ ગણત્રી કીધેલી કે એક વખત પસન્દે કરદમ થયું કે કુટુંબ ગયું ઝાહાનમમાં. પણ વલી મને વીચાર આવ્યો કે બચ્ચાં કેમ કરશે. પોતાનો એકપુરો ભાઈ આ પ્રમાણે તેણીને ચેતાવ્યા જણાવ્યા વગર એક જંગલ જેવાં શેહેરમાં પરણી બેશે અને તેબી વલી માકી જેવી ચદન ચાંઉં સાથે, તો પાછળથી તેણીને કેવું દુઃખ થશે. આ વાર મારો સઘળો અંદેશો બચ્ચાંને માટે હતો. માકીની મને જરાબી દરકાર ન હતી, ને મીનોચેર ગયો કામસચાટકા!

હવે શું કરવું ને કેમ કરવું તેના વીચારમાં છું એટલામાં માકી બોલી "એ કાંહાં રહયો? માટીડાઓનું કામજ એવું. મને કેહેજે તારી પાછળ પાંચ મીનીટમાં આઉંછ ને હજુ ઠેકાણું—"

પણ સબર, હજુ તો માકી વાકય પુરો કરે નહીં એટલામાં ધર ધર કરતી એક ગાડી આવી. માકી છલાંગ મારીને એટલા ગમ દોડી ગઈ અને—ઓ મારા ખુદા! પેસી કેપટન અને માકી એકકને બગલગીરી કરતાં માંહે દાખલ થયાં!!!

મારા સઘળા હવાઈ ખ્યાલ હવામાં ઉડી ગયા. મારી છાતી ચાલતી બંધ થઈ ગઈ. એક રીતે મારી છાતીપરથી પથર ઉંચકાઈ ગયો કે ચાલ જા, મીનોચેરબાની પીડા તો પતી. પેસી બચારો એમજ સમજેલો હોવો જોઈએ કે હું બધી ગોઠવણ જાણતો હોવો જોઈએ અને આ શાદીમાં સામેલ થવા ખાસ આવ્યો હોઈશ.

"કેમ, બીરાદર અદી, હવે ચાલોની ખોટી શાની છે?" પેસી બોલ્યો.

માકી ચતુર આ ગોલા લડાઈ તુરત સમજી ગઈ અને હસીને બોલી "ડીઅર, બચારા અદી તો ધરમશાળા જોવા આયા હતા અને અમારી મુલાકાત તો અજબ સંજોગથી થઈછ. આજે શું થવાનું છે તે એવણ બીલકુલ જાણતા નથી."

મીનોચેરવાળો ધડક ધુજારો મારાં મન પરથી ઉડી જવાથી હું હવે જરા લગાર નીરાંત થયો હતો. પેસીને મેં મુબારકબાદી આપી.

"દોસ્ત, તું બડો નસીબવાન છે. મુંબઈમાં સઉથી રૂપાળું પંખેરૂં ઉપાડી ગીઓ. કોણ જાણે કેટલા જણ હવે માથાં કુટશે."

આ સઘળો વાર માકી કંઈ અંદેશામાં ઉભી હતી. જરા વારે તે બોલી પડી "પેસી ડીઅર, આપરા ફ્રેંડ અદીબા અહીં છે તે ઠીકજ થયું. આપણી સરટીફીકેટ ઉપર બે શાક્ષીની ગરજ ઉતી તે એક સહી તો અદીબા કરશે ને બીજીને સારૂં વળી કોઇને શોધી કાહાડશું."

હવે—બસ્સા અદી—મુવો ઠાર. કેમ કરવું. એક વાર માકીને ખરા દોસ્ત દાખલ કબુલાત આપેલી અને આવી સાધારણ માંગણી કીયે નાકે ના પાડું. વળી બીજોબી વીચાર આવ્યો કે શા સારૂં ના પાડું. એક લગન થાય ને હું હાજર હોઉં તો શાક્ષી તરીકે સહી કરવામાં શું મોટી વાત થઈ. ઉલટું મીનોચેર છટક્યો તે લીધે તો બચ્ચાંએ ખુશી થવું જોઇયે.

"બોલોની અદીબા, શાક્ષી તરીકે ઉભા રહેશો કે? છતાં અહીંવર આયાછ તારે તો મારૂં એટલું કહયું કરશો કેની?"

"અરે—હારે હા—" હું કાંસી કરાંઝીને કબુલ થયો.

પેસી માંહે જઇને મોબેદ બાદશાહને બોલાવી લાવ્યો. માકી સેહેજ ચીંતાતુર દીસ્તી હતી. આશીરવાદની ક્રીયા શરૂ થઈ અને હું વીચારવા લાગ્યો કે મારા જનમમાં આવાં લગન તો મેં કોઈ દહાડે જોયાં નથી. નહીં મીજલસ, નહીં મ્યુઝીક, નહીં બૈરાં, નહીં સેસ સોપારા, કે નહીં આછાં મીછાં. આખરે ક્રીયા તમામ થઈ, મોબેદોને આશોદાદ મળી અને પેસી તથા માકી ધણી ધણીઆણી થયાં. પેસીએ માકીને



એટલે મને આ શાદી કરવાની ગરજ પણ   સફે ૧૭૫.

આંગલે મોટા હીરાની મારકવીસ વીઠી પેહેરાવી. મોબેદોએ લગનની સરટીફીકેટ ઉપર તેઓ બેહુની સહી લીધી અને પછી મારી આગળ કાગળ મુક્યું એટલે મનેબી સહી કરવાની ફરજ પડી. તુરતજ પેસીનાં તેડાંને માન આપીને રેલવેના એક પારસી ડ્રાઇવર આવી પુગા. તેવણુની પણ સહી લેવાઈ. પેસી ગાડીની તૈયારી કરવાને બાહાને બહાર ચાલી ગયો અને હું ને માકી એકલાં રહી ગયાં. પેલી માકીની દોસ્ત પણ કોણ જાણે કયાં ગેબ થઈ ગઈ હતી.

માકી બોલી "અદી, આજથી તમે ને હું ભાઈ બેહેન જેવાં છીયે. આજની તમારી મદદ હું જીવશ તાંહાં સુધી ભુલશ નહીં. પણ મારે તમારી પાસ એક બીજી 'ફેવર' માંગવાની છે. હું જાણુંછ કે પરણતી છોકરીની અરજ કોઇબી ના પાડે નહીં."

મેં ઉતાવળમાં અને લગાર મુર્ખાઇથી જવાબ દીધો "અલબત નહીં."

"ઠેંકયુ—તારે જો મારા ભાઈ, મને કબુલાત આપ કે આજનાં લગનની વાત તારે કોઈ આગળ કહેવી નહીં."

દાદાર હોરમઝદ! હું તો ખાંડ ખાતો હતો કે આ શાદીની વધાઇ બચાંને કહીને તેનો જીવ ખુશ કરશ ને તે લીધે તો તે મારી ઉપરથી ઓવરાઈ પોવરાઇ જશે.

"પણ માકીમાય, એમ કંઈ બને? તું શું એમ ધારેછ કે આ લગનની વાત છુપી રહી શકશે? હજાર રસ્તે એ ખબર તો ફેલાઈ જશે."

"મારા ભોળા અદી, જો મારે આ લગન જગ જાહેર કરવાં હતે તો વળી શું માથું ફોડવા આય જંગલમાં આશીર્વાદ નખાવા આવતે? શું મુંબઇમાં આલબ્લેસ બાગ નહીં ઉતો કે?"

"પણ મારી વાહાલી માકી મેહેતા—અરે હું ભુલ્યો મીસીસ પેસી કેપટન—"

"નહીં તું ભુલ્યો નથી. જયાં સુધી હું તુંને રજા આપું નહીં તાંહાં સુધી હું માકી મેહતાજ! ખોલાસો આપવાનો હમણા વખત નથી. પણ જો એ વાત બાહાર પડી તો મારી બધી મેહેનત બરબાદ જશે. તારૂં અંહી આવવું ફકત એક અકસમાત છે. મેં કંઇ તુંને બોલાવ્યો નથી. એક ખાનગી વાત તું છુપાઇને સાંભળે તે બાહાર પાડવાનો જેમ તુંને હક નથી તેમ આય લગન તેં અકસમાત જોયાં તે વીશે લોકમાં ડાંઉડાંઉ કરવાનો બી તુંને હક નથી."

મારા અનુભવમાં આ પેહેલીજ વાર મેં માકીને ઉસ્કેરાયલી જોઈ, તે નરમ પડી જઇને બોલી:—

"વાહાલા દોસ્ત, મારૂં બોલવું જોઇએ તે કરતાં જરા "રફ" હતું તેથી હું માફ માંગુંછ. તું મારો ખરેખરો દોસ્ત છે ને તારી આજની હાજરીથી હું મારાં જીગરથી ખુશી છું. પણ ખરેખરી વાત એ છે કે જો આ શાદીની વાત હમણા ને હમણા બાહાર પડે તો તેથી મને મોટું નુકસાન થવાનો સંભવ છે, માટે હું તારી પાસ માંગી લેઉંછ કે હાલ કોઇને એ વાત નહીં કહેવાની કબુલાત પાલશે."

"પણ કાંહાં સુધી એમ ચાલ્યા કરશે? શું કોઈ દાહાડેબી તું પરણેલી ધણીયાણી તરીકે બાહાર આવશે નહીં?"

"નહીં—નહીં—તેમ નથી. હું ફક્ત તારી પાસ કબુલાત માંગુંછ કે ફક્ત ત્રણ મહીના સુધી તારે કોઈ આગળ બોલવું નહીં. તે મુદ્દત બાદ ગમે તેની આગળ કહેવાને તુંને બધી છુટ છે."

માકી આ વાર મારાં બેહુ ખભાં ઉપર હાથ મુકી આજુજી કરતી ઉભી. હવે આમાંથી છુટવું કેમ, અને કબુલાત આપવા ના પાડુંબી કેમ. ના પાડવાનું કાંઈ ખાસ કારણબી તો જોઈએ. ફક્ત બચ્ચાંને કહેવાની રજા આપતે તો બસ હતું. સારાં ગામ સાથ મને કાંઇ કામ ન હતું.

"હું મારો કોલ આપુંછ કે બચ્ચાં સીવાય બીજા કોઇની આગળ હું એક બોલ કાહાડશ નહી. હું ખાત્રી આપુંછ કે બચ્ચાં તરફથી એ વાત—

માકી જબરદસ્ત ચમકી "નહીં—નહીં—નહીં—સારાં ગામને તો નહીં પણ બચ્ચાંને તો ખા ખસુસ નહીં—કોઇ—કોઈ—કોઇને નહીં."

"ઠીક છે, તારી એમ મરજી છે તો હું કબુલ છું."

"તમારા વર્ડ ઉપર? કોઇબી કારણથી તમારેથી છુટાશે નહીં-તમારા સદરા કસ્તીના સમ?"

"હા—બા—હા—મારા બેહેસ્તી બાપના કસમ—બસ કેની?"

"બસ—બસ—તમારી ઉપરથી હું બધી મરી જવશ. આજથી મારૂં નામ માકી મેહતા. કાંઇબી બોલો ચાલો તેમાં એવું નહીં થાય કે કોઇને શક પડે."

"નહીં કબુ નહીં."

"જો યાદ રાખજો તમે તમારા બેહસ્તી બાપના સમ ખાધેલા છે."

"માકીમાય, માફ કરજો—પણ એવા સપત મેં નહીં લીધા હતે તોબી મારે વડે આપ્યો છે તે મારે મનથી સ્ટૅંપનાં લખત કરતાં વધારે છે. હું ફરીથી ભાર મુકી ના કહુંછ કે તમારી આ વાત ત્રણ મહીના સુધી છુપી રાખવાને હું એક ગ્રહસ્થના વચનથી કબુલ છું."

"ઓ—ઠેંકયુ—ઠેંકયુ—મારા ડારલીંગ" આ પ્રમાણે બોલી મારી અત્યંત અજાયબી વચ્ચે માકીએ મને કોટી કરી ગાલ ઉપર કીસ લીધી.

"મારા વાહાલા અદી, આએ પ્રમાણે દાબી દાબીને તુંને આગ્રોર્હે કરવાને હું ઘણી દલગીર હતી પણ તેમ કરવાનાં મારી પાસે ખાસ કારણો છે. બસ, હવે મારા જીવને ધીરજ આવી."

હું તો નાચાર થઇ ગયો પણ હાથ કાપી આપ્યા હતા એટલે ઉપાય રહયો નહીં. જોઉં તો ખરો કે એ લોક શું કરવા ધારે છે અને કયાં જવા માગે છે.

"માકીમાય તારે હું તમારે સારૂ 'વેડીંગ પ્રેઝંટ' મોકલ-વાનો છું તે કાંહાં મોકલું?"

પણ એણીપેર માકી બસોને બાવણ ગાંઠ પુરી હતી. તેણીએ હસીને જવાબ દીધો:—

"હું તમુને નક્કી કરીને આઠેક દહાડામાં લખશ."

"પણ કાંહાંથી લખશો?"

"ચીનવદ પુલ પરથી. કાંહાંથી લખું, વળી જાહાં જઈશું તાંહાંથી."

"ઠીક છે, પણ મુંબઈમાં ઠરીઠામ થાઓ તારે તમુને ને પેસીને મળવા આઉં કે તેનીબી મનાઈ છે?"

"આવજોની, તમારાં પગલાં કાંહાં છે. પણ પેસીનો મળાપ નહીં થશે કાંય જે એ તો માર્ચ મહીના સુધી કલકતે જવાનો છે."

"માકીમાય, તમે તો એક નહીં સમજ પડે તેવું ઉખ્યાનુજ છેઓ જો."

"એમ કે? વાહ, હું કેવી હુશીયાર, ચાલો સાહેબજી, પેસી કયારનો એટલા ઉપર ખોટી થાયછ. આયા, મારાં કાગળો ગેરવલે નહીં જાય. હું પરમ દાહાડે મુંબઈ પોતેજ આવવાની છેઉં."

માકી અને પેસી આ પછી ગાડીમાં બેઠાં અને જતાં જતાં માકી ટીંગાઈને બોલી "અદીબા, તમારા સોગંદ યાદ રાખજો."

ઘેર જતાં હું બહુજ ગુંચવાયો. એ માજરી ખીલાડી કોણ જાણે શું કાજ વસતારાંમાં ફરતી હશે. આએ બધી વાત છુપી રાખવાનો સબબ શો હશે. પેસીનાં સગાંવહાલાંઓ તો આ નવી સગાઈથી સુગાઈ ઉઠયાં તો ન હોય. પેસીને કાંઈ છાંદો કે વારસો મળવાનો હોય ને આ સગાઈ થવાથી તેમાં કાંઈ ખલલ તો પડતી ન હોય. ગમે તે હોય પણ આ નીકાલો આવવાથી બચ્ચાં તો ખુશ થશે. માકી ઉપર હું ખુશ તો હતો પણ સારૂં થયું જે તે મારી સગાઈમાં કોઈબી રીતે નહીં આવી. મારો સ્વભાવ સાંત હતો, મને એકાંતવાસ

વધારે પસંદ હતું અને આએ આગીઓ ફીડો અમારાં કુટુંબમાં દાખલ થતે તો કોણ જાણે કેમ થતે. માકી ખુશાલ હતી, ભરભરી હતી; નાચવા કુદવા સારૂ ઠીક હતી પણ એવી બાઇઓ ધણીઆણી તરીકે સારી નીવડતી નથી. હું તો ધારૂંછ કે મીનોચેર સજ્જડ બચ્યો. મને ઘણી વાર વીચાર આવ્યો કે હવે મીનોચેર કોણ જાણે શું કરશે. આ દુકતીએ તેને છેલ્લે વેર નચાવીને પછી આમ હથેલીમાં ચાંદ બતાવ્યો તે માટે એ કેવાં પગલાં ભરશે? માકી એવી ખંધી હતી કે મીનોચેરને પસવારીને પટાવી લે તો હું અજબ થાઉં નહીં. પણ આ બધો છબરડો કેટલી વાર છુપો રહી શકશે.

આ સઘળા સંદેશાનો પ્રતી ઉતર હું ધારતો હતો તે કરતાં વેહલોજ મળી ગયો.

ત્રીજે દહાડે સહવારના હું ટ્રેનમાં મુંબાઇ આવતો હતો. કલ્યાનીના સ્ટેશન ઉપર મેં એક 'જામે' વેચાતું લીધું અને આમ તેમ ખબર માટે ફેરવુંછ તો નીચલો ફકરો મારી નજરે પડયો. અરરર! આજે મેં દારૂ પીધોછ કે શું. હું જાગરૂત છું કે સ્વપ્નો જોઉંછ. મેં મારી આંખો ચોળીને ફકરો ફરીથી વાંચ્યો.

મોટે ખાંચરેનાં લગન.

અમે જણાવવાને ખુશી છઇયે કે હેદરાબાદના ખાનદાની અને અતી માતબર શેઠીઆ નવાબ સાહેબ, મીનોચેરની શાદી મુંબઈમાં પોતાની લાયકી અને ખુબસુરતી માટે જાણીતી બાનુ બાઇ માકી મેહતા સાથ ગોઠવાઈ છે, અને આ હીંગામ ઉપર મોટો દબદબા ભરેલો મેળાવડો થનાર છે. ઘણું કરીને શાદી આવતા માસમાં થશે.

પ્રકરણ ૨૬ મું.

કેમ? બધો ગડબડ ગોટો હવે કાંઇ મગજમાં ઉતરયો? હું વીકટોર્યા ટરમીનસ ઉપર ઉતરયો ત્યારે મારા પગ થરથર ધ્રુજતા હતા અને જાણે ભેજાંમાંથી માવો કહાડી લઇને કોઇએ ભુસું ભરયું હોય તેમ લાગતુ હતું. મને તો લાગું કે કોઇ પોરીયાઓએ જાણીજોઇને ચેડાં કહાડયાં હશે. અથવા બચારા જામેવાળાને બેહકાવ્યો હશે. મેં મારી નજરો નજર માકીને પરણતી જોઈ ને હવે બીજા સાથ કાંહાંથી અદરાય. શું પેસી ૩ દહાડામાં મરી ગયો હશે? છટ—નાનસન્સ. મારો વહાલો જામેવાલો તો જે ઉટકી ચુટકી ખબર મલે તે છાપી મારે. હવે જોજોની, કાલે આઆઆય મોટું લાંબું પીંજણ આવશે કે કોઈ કોરગાઓએ અમને બનાવ્યા તેથી દલગીર છીયે. પણ તમે દલગીર થયાથી શું સુકરવાર થવાનો છે. બચારા મીનોચેરનો શો હાલ, ને તેના સગાં સંબંધી કેવાં મુઝાશે તેનો કંઇ વીચાર કીધો. પણ બચારી માકી પોતેબી આ પેરેગ્રાફથી અજાણી હોશે. જરૂર જરૂર જામેવાળાની કોઇએ સજ્જડ ઠેકડી કીધેલી છે. હું જેવો બહાર પડયો કે દોડાદોડી કરીને બીજાં બે ત્રણ જુદાં જુદાં પત્રો ખરીદયાં અને ફેરવીને જોઉં છ તો આ ખબર સઘળાં પત્રોમાં હતી. મારાં પુરાણાં આબરૂદાર જામેને મેં નાહક ગેરઇનસાફ કીધો હતો. કેટલાંક "ઇચ્ચિમજી" પેપરવાળાઓએ તો ઉપલી ખબર આપવા સાથ બીજી બાંડી દશેક ગપાઉંસ હાંકી હતી. માકીની ખુબસુરતીની તારીફ, તેની ઠેક

નેરીઓસંગ ધવલથી ઉતરતી ઓલાદ, તેણીના મોતીના દાણા જેવા દાંત ને પરવાળાં જેવા હોઠ વગેરે વીસ્તારીને વર્ણવ્યાં હતાં.

આકળો ઘાભરો પડી મેં મારો સામાન મારાં મકાનમાં નાંખ્યો અને ભાડેની વીકટોર્યા કરીને મારતી ગાડીએ માકીના ઘરભણી આવી પોંહચ્યો. પેલી માકીની સહી જે સાથે સોલાપુર આવી હતી તે સામીજ મળી અને હસીને ખુશ વધાઇ આપી કે "માકીમાય તો ઘેરમાં નથીજી."

"પાછાં કાહારે આવશે?"

"હું નહીં જાણતી જી."

"પણ તમે કે બીજું કોઇ માણસ એવણને લેવા જશો કેની? તેમ હોય તો હું એક ચીઠ્ઠી આપું. એવણ કાહાં છે તે જો ખબર હોય તો હું તાર કરૂં—જોની બેહેન, આજે પેપરમાં છપાયુંછ કે માકીમાય મીનોચેર શેઠ સાથે પરણવાની છે. તમે જાણોછ તો ખરાં કે તેમ કાંઇ બને? માકીબાઈ જરૂર ઇચ્છતાં હોશે કે કાલની કાલ એ વાતને જુઠ્ઠી પાડું. પણ તેમ કરવા અગાઉ એવણની મરજી પુછવી જોઇએ."

"જી એવણનું ઠેકાણું સુલતાન અલીનો બંગલો, બીમરડી; તાંહાં બાઇના મામા દીનશાજી પટેલ રહેલા છે. પણ હુ જાણુંછ કે તારના પૈસા ફોકટ જશે કેમજે માકીમાય આએ વાતને ખોટી પાડવા માંગતાં નથી."

મેં આ નવી ખબેરીનું મોંહ ટીકી ટીકીને જોયું પણ તેનું તો એક પાપણબી હાલે નહીં. જાણે કશામાં હોય

નહીં તેમ ચોટ્ટી બીલાડીની કાની ઉભી રહી. આખરે ઠાકીને હુંજ બોલ્યો:—

"નહીં—નહીં—તમારી કંઈ ભુલ હોશે. માકીમાય આવું ખુલ્લું ગુલબાન ખોટું પાડવાને તલપી રહયાં હોશે. તે દાહાડે સોલાપુરની ધરમશાળામાં શું થયું તે તો તમે નજરે જોયુંછ તારે હવે વીચાર કરોની. એક જન સાથ પરણ્યા પછી બીજા સાથ સગાઈ કેમ થાય?"

"જી, માકીમાયને આ વાતની ચાવાચીવી ગમતીજ નથી ને તેવણ તો મારી આગળ ઘણી વખત બોલ્યાં કે તેવણની શાદી થઈછ તે બીજા ત્રણ મહીના સુધી એકદમ ખાનગી રાખવાની છે."

"ઠીક છે—ઠીક છે—જોઈશું. હું ધારૂંછ કે એને તાર મોકલવામાં કંઈ નુકશાન થવાનું નથી. પણ તેમ કીધા અગાઉ કલબમાં મીનોચેરને પકડીને પેહલાં તાહાડો મીઠો કરવાનું ઠીક પડશે."

"જી, તસ્દી લેવાની કંઈજ જરૂર નથી. મીનોચેરબી તાંહાં માકી માયની સાથેજ છે!"

"હેંએંએંએં—એ શું બોલોછ." મેં એક હાથ જબાં બાહાર કાહાડી. "તમારી ખાત્રી છે?"

"અરે હારે જી, કાલે સવારના મીનોચેરજી પોતાની મોટોર લઈને આયા ને માકીમાય તેવણની સાથે ગીઆં."

મારે બરડે પરસેવાના રેલા ઉતરવા માંડયા ને કપાલ પાંચ વાર નુછવું પડયું. આએ વર્તમાનપત્રોની ખબરથી માકી વાકેફ હોય એમ હું હરગીઝ માનુ નહીં. એમ બનેજ

કેમ. કાલે બચ્ચાં મુંબઇ આવી પુગે તે અગાઉ આ ઘોંટાળાનો કંઇબી ખોલાસો થવો જોઇયે. વળી મને રાતના ઉંઘ આવશેબી કેમ. હમણાનો હમણા જઇને તાર કરીને જે તે નક્કી કરી નાખું. હું તાર ઑફીસમાં દોડયો અને નીચલો તાર "અરજંટ" ઠોકી મારયો:—

"આજના પત્રોમાં મીનોચેર સાથ તમારી સગાઇ થવાની ખોટી ખબર છપાઇ છે. તમે ગેરહાજર હોવાથી તે ખોટી પાડવાની મને રજા તારથી મોકલજો—ઠેકાણું નાલેશી. કલબ—અદી."

એય જવાબ આવશે, હમણા આવશે કરીને ડોળા તણાવી તણાવીને રાતના દશ વાગે તાર આવ્યો:—

"મેહરબાની કરી કશું કરતા ના. સગાઇની ખબર ખરી છે. અને અમારી પરવાનગીથી છપાઇ છે—તમારા સોગંદ યાદ રાખજો—માકી."

આ સુડી વચ્ચે સોપારી જેવી મારી હાલતનું વર્ણન કરવાને મારી પાસે શબ્દો નથી. બસ, આનો જવાબજ નથી, આ બને તેવુંજ નથી. ત્રણ દાહાડાની વાતપરજ મેં મારી આંખોથી માકી ને પેસીની શાદી જોઇ, ખાસ સરટીફીકેટ ઉપર મારી સહી છે અને હવે મને સોગંદથી બાંધી લઇને માકી આ નવી સગાઇ જાહેર કરે! મીનોચેર સાથે સગાઇ થાય તેથી બચ્ચાં તો નાખુશ થતેજ પણ હવે કોણ જાણે શું થશે. જ્યારે તે જાણશે કે આ ચવીત્રી દુકતી તો પેસી સાથ પરણી ગયલી છે અને મીનોચેરનો ફેસનો કરવાનો આ તાગડો રચ્યો છે ત્યારે તો તે કોણ જાણે કેવી ખફા થશે. અને મારા શા હાલ. જ્યારે

જણાશે કે હું બચ્ચાંનો ભવીશનો ભરથાર સઘળી વાત જાણવા છતાં નવાબી કુટુંબને જગમાં એબ લાગે તેવું કામ કરવામાં મદદગાર થયો તો મારી ઉપર તો ખોદા માલમ કેવી ધાડ આવશે.

મેં ચીઠને મારે મારૂં માથું કુટયું. તાર ત્રણ ત્રણ વખત ફરી ફરીને વાંચ્યો. "તમારા સોગંદ યાદ રાખજો." અરે બળી ગયા આ ચાર દોજખી શબ્દો. પણ હવે વધુ વાર બેસી રહેવાય નહીં. મેં ઠરાવ કીધો કે તુરત માકીને મળવા જાઉં ને તેની પાસેથી મેં ખાધેલા સપત રદ કરાઉં. મારાં સુખનું અને ભવીશનું સત્યાનાશ કેવું થશે તે તેણીને સમજાઉં. મારાં સાસરીઆં તરફ મારાથી આમ દગાખોર થવાય નહીં એટલું તો માકી સમજી શકશે.

દોડ મારા બાપ વીકટોર્યા ટરમીનસ સ્ટેશન ઉપર. કલીઆણ લોકલને ઉપડવાને વીસ મીનીટ હતી તે વીસ દાહાડા જેટલી લાંબી લાગી. આખરે થસુક થસુક કરતી ટ્રેન કલીઆણ પોહોંચી. ભીમરડી છ મૈલ આઘું હતું ને ટટ્ટુની ટોંગા કલાકના બે મૈલની શરતની ઝડપથી જતી હતી! યા ખોદા, વચે લાકડાંથી લીધેલાં ગાડાં અને સ્ટુપીડ ભેંસો જાણે મારૂં જાણી જોઇને પાકવવા આડાં નડતાં હતાં. સુલતાનઅલીનો બંગલો પાય નહીં. રસ્તામાં એક જણ કેહ ઉતર ગમ છે અને બીજો કેહ દખણ ગમ છે. પછાડા ખાતાં ને પચાસેક સાંકડી ગલીઓ વટાવતાં આખરે બંગલો પાયો. દરવાજા ઉપરજ એક મુસલમાન ચોકીદાર બેઠો હતો તેના પુછવાથી મેં જણાવ્યું કે હું બાઇ માકી મેહતાને ખાસ જરૂરનાં કામ સર મળવા આવ્યો છું.

પેલાએ ઉતર દીધો "જી સાહેબ, માકીબાઇ તો ગયે."

"ગીઆં? કાંહાં ગીઆં, કાહારે ગીઆં?"

"બડી ફઝર કુ સાત બજે, બાઇ સાહાબ અઉર નવાબ સાહાબ, દોનો સાથ મોટોરમે ગયે. બડા શેઠ પટેલ સાહાબ ઉપર હય."

હું રોહોસાભેર દીવાનાની પેઠે ઉપર ચહડી ગયો. દીવાનખાનામાં દીનશાજી પટેલ કોઈ નુસપેપર વચતા હતા. ખાસ્સા લાલ તુતી જેવા ને ટુંકી ગરદનવાળા, બનામે કજદ જેવા, બેઠી બટર બીસકોટ જેવી બાંધણીના પટેલ શેઠ બેઠા બેઠા પગ પસવારતા જાય ને અવાચી ખાતા જાય. સાહેબ સલામ થવા પછી મેં માકી વીશે પુછયું તો આ નમુનેદાર શેઠે જવાબ દીધો કેઃ—

"અરરર! તમુને બચારાને નકામો ફેરો પડયો. માકી માયને તો રાતના કંઇ તાર આયો તેનો જવાબ તરત મોકલીને રાતોરાત જવા તૈયાર થઈ પણ મેં બોંહોસ કરીને સહવાર સુધી રાખી. આજેજ એ અને નવાબ મીનોચેર બડી બામદાદમાં મોટોરમાં ઉપડી ગયાં. બધો પોતાનો સામાણખી એમનો એમ નાખી ગીઆંછ. પણ હવે તમે આયાછ તારે તો રાતનું જમીનેજ જજો. ગરીબને ઘેરનું ધાન—"

"નહીંજી, મને માફ કરો. મને પણ ઘણુંજ જરૂરનું કામ છે."

"હેં, એમ કંઇ હોય. આપરે સાંજના જરા તળાવપર ફરી આવશું ને રાતના તમારે સારૂ ઘીની ગગરતી ખીચડી"—

અરે મુવો તું ને બળી તારી બીચડી. અહીં મારો જીવ જતો ને આવતો હતો અને આ શેખચલ્લી પગ ચોળીને મારા બાલે બાલ ઉભા કરતો હતો.

"સાહેબ મેહરબાન, સાહેબ મેહરબાન" કરીને હું ઝડપમાં ઉતરી પડયો. અને ધુળમાં ખરડાતો લપટાતો સ્ટેશન ઉપર આવી લાગ્યો. ઘેર પોંહોચ્યો ત્યારે રાતના બાર વાગેલા હતા એટલે હવે માકીને મળવાની આશા ફોકટ. સહવાર કેમ પડી તે હું જાણતો નથી. પણ નવને ટકોરે હું માકીને મકાને દોડયો. પેલી આગલીજ બાઇએ વધામણીના સમાચાર આપ્યા કે માકીમાય તો હજુર પોહોરેલાં છે ને અગીઆર વાગે મેળાપ થશે. એનું સત્યાનાશ થાય એનું. અગીઆર વાગેબી મળે તો સારૂં કાંયજે બચ્ચાં સાડાબાર વાગતે આવી પુગવાની હોવાથી હું તેને સ્ટેશન ઉપર લેવા જવાનો હતો.

અગીઆરમાં પાંચ મીનીટ ઓછીએ હું પાછો માકીને મકાને ગયો. બાઈ ડ્રેસ કરતાં હતાં એટલે મને વીશેક મીનીટ ખોટી કીધા પછી તેવણ લટકા કરતાં ને હસ્તાં રમતાં દાખલ થયાં. ડાભા હાથની ત્રીજી આંગળીએ મસ મોટા હીરાની વીટી પેહરેલી હતી અને તુરતનાજ અંઘોરેલાં હોવાથી બાલ છુટા નાખેલા હતા અને ગાલપર બીસો ચોરયો હશે કે શું તે ખાસ્સાં ગુલાબી દીસતાં હતાં.

"આવો, અદીબા, આવો, કેમ છેઓ, દુનીઆં સુખી કે દુ:ખી? ખરી વાત કેહું તો આજે તમે નક્કી આવશો એવી મેં વકી રાખીજ હતી. હું તો ધારતી હતી કે તમે ગેઈ રાતનાજ મને પકડશો. અજબ છે કે એક રાતબી થોભ્યા."

મેં ખભરીને જવાબ દીધો "મને બીજું કામ છે. ખરી વાત છે કે હું તમુને મળવા માંગતોજ હતો. અને તે સારૂં તો ખામખા રખડતો રઝલતો ભીમરડી સુધી જઇ આયો."

"ભીમરડી સુધી! મારા વહાલા અદી, નકામી કાંય તસ્દી લીધી. બલા જાણે, કેવા ઠાકી ગીઆ હોશો. હું પોતેજ તમુને મળવા મુંબઇ આવવાની ઉતી."

"ચાલો હવે. હું ટુંકમાં કેહવા માગુંછ કે મારેથી પેલા સોગંદ પલાશે નહીં."

માઝી હસી પડી "ભલાં માણુસ, મુવા બાપને એમ કાંઈ હડસેલાઇ મુકાય. તમે શું બોલ્યા હતા તે યાદ કરો. તમે કેહજે સોગંદ તો એક બાજુએ રહયા, પણ મારો ફકત સખુન એક સ્ટાંપના એગ્રીમેંટ બરાબર છે."

હું બહુજ ખફા થઇને બોલ્યો "પણ આવી કબુલાત મેં બધું જાણ્યા વગર અંધારાંમાં આપી હતી, અને તે માટે તમે હવે જબરદસ્તી કરવી એ જુલમ જેવું છે. તમે શું કાવાદાવા કરતાં હતાં તે હું શું જાણું. મીનોચેરની બેહન સાથ મારી સગાઇ નક્કી છે એવું જાણવા છતાં તમે મને અજાણુમાં ફસાવ્યો તે હું તદન ગેરવાજબી સમજુંછ. હું જો જાણતે કે આય સોગંદ ખાવામાં હુ બચાંને હેરાન પરેશાન કરવામાં મદદ કરૂંછ તો કબુ એવી કબુલાત આપતે કે?"

"બચાં પરથી મરૂંઉંઉં—એના જીવને દુઃખ થાય તેથી હું દલગીર છેઉં, પણ એવણે શું મને માનચાનથી નવાજી

કે, હું એવણુનાં સુખ દુઃખની દરકાર કરૂં ને મારૂં ધારેલું કામ ઉલટાવી નાખું?"

"પણ મારો કાંઈ વીચાર કીધો? મેં શું તમારો ગુનાહ કીધો કે મારૂં એમ નખોદ વાળોછ." મેં જરા નરમ પડીને કહયું કારણ કે મેં જોયું કે માકી સાથ ગુસતાખી કરવામાં કંઇ વળવાનું નથી. હું સોળ આના ડ્પકાવશ તો એ સાડા સોળ આના જવાબ દેશે.

"ડીઅર અદી, તમે તો હંમેશના ભલા છેઓ. તમારા એક બાલ્કને ઇજા થાય તે જોવાને હું રાજી નથી. તમારી ઉપર તો મારો જીવ ઘણો છે. પણ હું શું કરૂં. અકસમાત આગળ કાંઇ ચારો છે? તે દાહાડે તમે સોલાપુરમાં આવી ચહડયા તે અમારે મનથી તો એક આફત જેવું હતું."

"પણ તમે મને રોકી રાખ્યો ને સાક્ષી તરીકે મારી સહી લીધી એટલે તમે મને જવાબદાર છેઓ."

"હા, લાખ વખત. પણ તમે વાત છુપી રાખવાના સોગંદ કાંય લીધા? તમે બસ નાજ કેહતે તો હું શું કરવાની ઉતી. તમે માટીડા છેઓ ને એટલું તો સમજ્યા હશો કે હું જારે તમુને આટલી આજીજી કરીને ચુપ રેહેવાના સોગંદ આપવા માંગતી હતી તારે તેમ કરવાનાં મારી પાસે કંઇ સખત કારણ હશે. તમે તમારી ઉંઘાડી આંખે ખાડામાં પડયા ત્યારે હું શું કરૂં. તમે એવા સોગંદ લીધાછ કે કોઇબી દાધાબળયો તે તોડી શકે નહીં અને તમુને તેમાંથી છટકવા દેવા જેવી હાલતમાં હું નથી. તમારા સોગંદ—તમારા બેહસતી બાપના સોગંદ—બસ બીજી વાત હું જાણું નહીં."

માઝી મુંગી ઉભી પણ તેણીના ચેહરા ઉપર જરાબી ચીંતા કે ગુસ્સાની નીશાન ન હતી. ઉલટું તે દાંત કાહાડીને હસતી હતી. મને તો એવું થાય કે જાણે આએ નાપાકને ઉંચકીને બારી વાટે ફેંકી દેઉં. હું મન સાથ વમાસણમાં પડયો કે આએ બધાંનો ભેદ છે શો. જો આમાં મારી સગાઇ સંડોવાયલી ન હતે તો મને ઘણી ગમત મળતે.

માઝીને મેં પુછયું "શું તમે બે માઠી કરવા માંગોછ?"

"નહીં સાહેબ, તમે જાણોછ તો ખરા કે તેમ કરવાનું કાયદાથી ઉલટું છે."

"તારે એક સાથ પરણીને બીજા સાથ અદરાવાની વાત બહાર પાડીછ તે કાયદાથી ઉલટું નહીં તો બીજું શુ?"

"જી, તમે જરા તરકડા થાઓછ. પણ તેથી તમોને કસો ફાયદો થવાનો નથી."

"પણ આગલી પાછલી વાત ધ્યાનમાં લેતાં મારી આગલ કાંઇક ખોલાસો કરવાની તમારી ફરજ છે."

"હા—છે—તમે માંગો તેવો ખોલાસો કરવાને હવે હું તૈયાર છેઉં."

આ પ્રમાણે બોલી માઝી ઉઠી અને પોતાની કબાટ ઉંઘાડીને તેમાંથી એક ફોટોગ્રાફ લઇ આવી.

"આએ ફોટો કોણનો છે તે કાંઇ તમને યાદ છે?" તેણીએ પુછયું. મેં ધારીને જોયું અને મને યાદ આવી કે માઝીએ અગાઉ મને કુનુરમાં જે ફોટો બતાવ્યો હતો તેજ આ હતો.

"હા, તમારી ગુજરી ગયલી બેહન નાજુનો આએ ફોટોગ્રાફ છે."

"ને તેને લગતી હકીકત મેં તમને કહી હતી તે યાદ છે? જે માણસે આ પરીસમાન બેહેનનો જીવ લીધો તે વાત મેં તમને કહી હતી તે યાદ છે? અને તેનું વેર લેવાના મેં સોગંદ ખાધા હતા તે યાદ છે?"

"હા બરાબર યાદ છે."

"તે વખતે તમે મત આપ્યું હતું કે એવાં માણસને સજા કરો તો વાજબી છે તે વાતબી યાદ છે કેની?"

"હા—હું તેમ બોલ્યો હતો."

"તારે તે માણુસ, તે મુજી, આએ મીનોચેર છે!"

વીજળીના ચમકારાની પેઠે હવે સઘળી વાત મારી નજર આગળ ખુલ્લી થઈ ગઈ. "એ માકી બેન, તારે આએ તમે ઘાટ રચયો છે તે આ કમબખ્ત પુરૂશને સજા કરવા સારૂં?"

"હા—જે દહાડેથી તમે મારી સાથ એની ઓળખાણ કરાવી તે ઘડીથી મેં સોગંદ ખાધા હતા કે એને એવી સજા કરાઉં કે આખી જીંદગી સુધી યાદ કરે. તમે જોયું હશે કે હું એને અવારનવાર કેવી પજવતી હતી. એને તમે લોકોએ લાડકો કરી મુકયોછ ને એનાં માથાંમાં પવન ઘણો છે તે યાદ રાખીમે મેં એને અવારનવાર હરકાટયા કીધો હતો. એણે જારે મારા હાથની માંગણી કીધી તારે ખાલી 'ના' કેહું તો એ સેહેજમાં છટકી જાય ને થોડી

મુદતમાં સઘળું વીસરાઇ જાય. તે માટે મેં એને લટકતો રાખ્યો કે જારે હોય તારે એનો પુરો ફેસતો કરૂં."

"પણ માકી માય, પેસી એ બધું કેમ કબુલ રાખશે. તેને આ તાગડાની ખબર છે કે?"

"મને પેસી તો ખરેખર વાહાલો છે ને તે આ ગોઠવણને બીલકુલ નાપસંદ કરેછ પણ—"

"તારે તે આએ બધું ચાલવા કેમ દેછ!"

"કારણ કે એ મારી ઉપર બેઅખત્યાર ખુરબાન હતો, ને જારે એણે મારી સાથ પરણવાની ઘણીજ દાબીને માંગણી કીધી તારે મેં આએ સરતેજ તે કબુલ રાખી. નાચારે, ઘણી સમજાવટ પછી તેણે તે કબુલ રાખી જોકે હજુબી એ વાતથી તે ખભરેલો છે."

"કોઇબી માણસ જે પોતાની ધણીઆણીને ખરેખર ચાહતો હોય તે આ પ્રમાણે તેણીને કરવા દે એ મારા ખ્યાલમાં ઉતરતું નથી. માફ કરજો, માકી બહેન, હું મારો વીચાર ખુલ્લા શબ્દોમાં કેહું છું."

"તમારા વીચાર તમને મુબારક. જે ધણી મારો હાથ પકડે તે મારા દીલનું વેર લેવામાં મને મદદ નહીં કરે તે ધણી મારે કામનો નહીં."

"તારે તો તમારીજ તકરાર મારી સ્થીતીને ટેકો આપેછ. મારી પ્રીયાને દુઃખ થાય એવું કરવા આગળ તમુને આપેલી કબુલાત શું બીસાદમાં છે."

"પણ તમારા સોગંદ યાદ કરો, બીજી વાત નહીં. વળી તમે આગ્એ પેસી સાથનાં લગનની વાત જાણીછ તે અચ્ચાં બેગમને કોણ કહેવાનું છે."

"જો માકીમાય, મારી બહેન કરૂં. તમે શું કરોછ તેનો વીચ્ચાર કરો. એક મનના ધખ્ખારાને ખાતર તમે કેટલાં નીરદોશ જીવોને રંજીદા કરશો. મીનોચેરને પરી વાત કહી દેઓ. તમારા જેવી એક રૂપાળી બઇરી હાથમાંથી જતી રહેશે એજ એને મોટી સજા છે. તમારી આ નવી સગાઈ જાહેર વર્તમાનપત્રોમાં છપાઇ ગઈ છે અને હવે તમે તેને ના પાડો છો એજ હીનપસતી મીનોચેર જેવાને માટે શું થોડી છે?"

"નહીં—નહીં—એનાં તુમાખી કુટુંબવાળાંઓ બાહાર એમ બોલતાં ફરશે કે મારી આગલી પાછલી વાત જાણીને એ બીચારો પોતેજ છટકી ગયો. આવા પૈસાદાર માણસને હું પોતેજ છોડી ગેઈ એમ કોઇ માને નહીં. હું તો સેવટ સુધી લડવાની. ચાલો હવે તકરાર કીધામાં કાંઇ સાર નહીં."

"પણ આ ફારસ કાંહાં સુધી ચ્વાલવાનો છે?"

"મારેથી બનશે તાંહાં સુધી એને લંબાવશ. જેમ વધારે ચ્વાવા ચ્વીવી થાય તેમ સરસ. મીનોચેર પાસ પૈસા છે તેથી બધાં ડાહાર પાંખરાં એના ઉપરથી ઓવરાઇ પોવરાઈ જાયછ એટલે મારી ઉપરખી ધરાંપરાં કરશે. એવા બે બદામના ટુકરખોરોને પણ હું એક ધડો શીખવવા માગુંછ."

મેં જોયું કે માકી ઉસ્કેરાઇ ગયલી હતી એટલે તેને ઠંડી પાડવી જોઇયે. "માકીમાય, આપરે એક વાર દોસ્તીની કબુલાત આપેલી છે અને તેની યાદથી હું તમારી પાસે અરજ કરૂંછ. વેર લેવાની તમારી રીત વીશે મારે કાંઇ બોલવું નથી, પણ તમે નીરદોશ લોકને નાહક હેરાનગતીમાં નાખશો તેનો વીચાર કરો. તમારી બેહેસ્તન બેહેન જેની ભલાઇની તમે આટલી બધી તારીફ કરોછ તેબી આએ તમારૂં પગલું પસંદ કરતે નહીં. જો મીનોચેરે એક શરમભરયું કામ કીધું હોય તો તેની સજા તે પરવરદેગાર કોઇ બીજી રીતે કરશે. તે જુમો તમોને ઉઠાવી લેવાની જરૂર નથી."

"અદીબા, હવે બસ કરો. મારે વધુ તકરાર કરવી નથી. હવે મને રજા આપશો, મને જરા અગતનું કામ છે. મારો વીચાર તમે કબુ—કબુ—કબુ—ફેરવી શકનાર નથી. ફકત તમારો વર્ડ, તમારા સોગંદ યાદ રાખજો."

હું ખફા થઇને ઉઠયો. "ઠીક છે. એકજ વાતને વાસ્તે મીનોચેરનાં કુટુંબીઓ તમારાં ઉપકારી થશે."

"તે શું?"

"તે એ કે એના ઉપર વધારે સખત વેર લેવાનું તમારા હાથમાં હતું તે તમે નહીં લીધું."

"તે કેમ?"

"તે એમ કે તમારા જેવી બઇરી સાથ એ ખરેખર પરણતે તો એ બીચારો જનમનો દુઃખી થતે. સાહેબજી."

પ્રકરણ ૨૭ મું.

જામે જમશેદમાં આવેલો પેલો અભાગ્યો ફકરો મને તો બેવડી રીતે ગરમ પડયો. મીનોચેરના ખાનદાનીઓ ચોમેરથી ખફા થયા અને સઘળો ટોપલો મારે માથે આવીને પડયો. ખરો ખરો ને સઘળું નાહાની વહુપર પડો. હું ઘર જમાઇ થવાનો એટલે બધાં મને સેકો તાણે કે તેં આએ બેહુ જણની દોસ્તી કરાવી ને આએ મોહોકાણ ઘેરમાં ઘાલી ત્યારે એમ થયું કેની. હું કરૂં તેખી શું. બચ્ચાં વગર મને એક ઘડી ચાલે નહીં ને માકી મારૂં સાંભળે નહીં એટલે જે ઘસોરા મારા ઉપર પડે તે હાજી હા કરી સાંખી જવા સીવાય બીજો ઉપાય નહીં. બે ચોખા અમારા છંટાઈ ગયા હતે તો ઘુળ વાળી. ત્યારે તો હું જરાબી દમ કસતે પણ હમણાં તો બકર્યાંની પેઠે નીચી ડોકી રાખીને ખમી જવાનો વખત હતો.

મીનોચેરનાં ઘણાખરાં કુટુંબીઆં સીકંદરાબાદમાં વસતાં હતાં ત્યાંથી ઢગલા બંધ કાગલો આવે. કુઇ લખે કે માકી તો તેવણના સાંભળ્યા પ્રમાણે આવી છે ને કાકી લખે કે તેવી છે. બધાં મારૂં મત પુછાવે ને બને તો ફોટોગ્રાફ મોકલવા લખે. આ બધાં સાથે મેં મારી મોટી અજાયબી વચ્ચે જોયું કે બચ્ચાં ઉલટીજ વળાણ લઈ પડી હતી. કોઇબી જાતની ઠગાઇ માટે તેને મોટો તીરસ્કાર હતો. તેણીને માકી વીશે એવો અણગમો હતો કે તે પોતાના ભાઇને લાયકની નથી એમ તે ઘણી વાર મને તેમજ સગાંવહાલાંઓને કહી ચુકી હતી. આ નવી મીત્રાઇ જોઇને

તે નાખુશ રહેતી અને તેમની સગાઇ અટકાવવા પોતાથી બનતું કર્યું હતું, પણ એક વાર સગાઇ જાહેર થઇ અને લગનનો દાહાડો નક્કી થયો કે તેણીએ પોતાની થનાર ભોંજાઇને બધી વાતે ઉંચકી લેવાનો માર્ગ પકડયો. હવે માકીની સામે કોઇ કંઇબી બોલે તો બચ્ચાં ખભરી પડતી અને વાઉની પેઠે બચકાં બાંધતી હતી. માકી વીશેની તકરાર કે વાત નીકળે તો તે સાફ કહેતી કે ગમે તે હોય પણ આખર કરેને માકી મારા ભાઇની મોહરદાર થવાની છે માટે જો કોઇબી તેની નીંદા કરશે તો હું તેનો સખત વાંધો લેવશ. એક બે વાર તેણીએ ભરમંડળીમાં જાહેર કર્યું કે મીનોચેરની પસંદગી વાજબી હતી અને બચ્ચાં તેની વીરૂધ અગાઉ હતી તેમાં તેણીની પોતાની ભુલ હતી. આટલુંજ કરીને બચ્ચાં બેસી રહી નહીં. કાકીજી પોતે પણ આ સમાચાર વાંચીને ડગમગીઆં હતાં અને કેમ કરવું તેની ભારી ગુંચવણમાં હતાં પણ બચ્ચાંએ તેવણને સમજાવી પટાવીને ઠંડાં પાડયાં અને માકીને એક મીઠી સાકર જેવી ચીઠી લખીને કાકીને તાંહાં બોલાવીને દોસ્તી કરાવી. બચ્ચાંની આ નવી વળાણ માટે એક દાહાડે મેં લગાર અચરતી બતાવી ત્યારે તેણીએ મને ખોલાસો કીધો કેઃ—

"જો અદી ડીયર, આ સગાઇથી હું ઘણીજ ખુશી છેઉં એમ કેહું તો તે જુઠું ડોળ ઘાલેલું કહેવાય. પણ એક વાર ભાઇએ પોતાની મોહોરદાર પસંદ કીધી એટલે તેની સાથ બીઆબારૂં રાખું તો મારી ને મીનોચેર વચ્ચે ખટાસ પડે. મારા કીઆ સાત પાંચ ભાઇ બેહેન

છે! બીચારો મીનોચેર બધાંની વચમાં એખલો પડી ગીઓછ તો તેની અરાસે ઉભા રેહવાની મારી ફરજ છે."

બચાંની આ વાણી અને, વળાણથી હું તો જાણે કીચલમાં પડેલી ભેંસના જેવો અવતાર લઇ પડયો. નહીં એમ બોલાય કે નહીં એમ હીલાય. સામો મારો ગુસ્સો માકી ઉપર વધતો જવા માંડયો. માકીનાં નામ પર ખોબા ભરીને ધુળ નાંખી—અગર તે ખરેખરી મીનોચેર સાથ પરણવાનીજ હતે તો બચાંની તરફદારી માટે મને કશું બોલવાનું ન રેહતે પણ મીનોચેરને સારાં ગામમાં ગધેડો બનાવીને રૂસવા કરનારી એક પરણી ચુકેલી સ્ત્રીને માટે બચાં પોતાનો જીવ ફોકટનો બાળે અને પછી પોતેજ પસતાય તે વીચારથી હું ઘણોજ મુંઝાયા કીધો. અરે યારો, ત્યાર પછીના મારા દહાડા કંગાળ, કંગાળ ગયા. મારા જાન કરતાં વહાલી બચાં સાથ ફરવા હરવાના કેવા ખુશીના દહાડા હોવા જોઇયે તેને બદલે જાણે હું પોતે ગુનેહગાર હોઉં તેમ ચોટ્ટાની પેઠે હું ભટકયા કીધો. ભલી બચાં પામી ગેઇ કે હું ઠીક નથી. રખે મારા જીવને સારૂં ન હોય એમ તે મન સાથ બીહીવા લાગી. મેં મારા દીલના જખમ ઉપર ઘણોએ પડદો ઢાંકવાનો કસદ કીધો પણ સઘળું વ્યર્થ. થોડાક દહાડા જવા દઇને મેં માકીને એક બીજું કરગરીને કાગળ લખ્યું કે મારી ઉપર દયા કરીને મને આ સોગંદનાં છટકાંમાંથી છોડવે. મેં લખ્યું હમણાની હાલત મને મોહોત કરતાં બતેતર છે. આને કશો જવાબ આવ્યો નહીં એટલે વળી બે દહાડા રહીને બાજો કાગળ લખ્યો. તેનો જવાબ નીચે મુજબ આવ્યો:—

મારા વહાલા ભાઈ અદી—અકળાવાની કશી જરૂર નથી. બધું રાહે રસ્તે બરાબર થશે. તમે આ વાતથી વાકેફ હતા એમ કોઈ જાણવાનું નથી. તમે તમારાં અંતકરણની વાત કરોછ પણ જે વાતમાં તમારો ચારો નહીં તેમાં તમે કંઈબી ગુનાહ કીધેલો કહેવાય નહીં. બેહેસ્ત તમારા મરહુમ પીતાને—તેવણ ત્યાં કેવા ખુશી થતા હોશે.

લા૦ **માકી મેહેતા.**

મેં જોયું કે માકી સાથ માથું ઝીકવું ફોકટ છે. વળી વીચાર કીધો કે પેસી આખ્ખર કરેને ગ્રહસ્થ—ને તેને અજમાવી જોવાથી કાંઈબી વળે ખરૂં. પેસી કેપટન પુને આવેલો હતો તેને તાર કરી પુછાવ્યું કે એક જરૂરી કામ સારૂં મળવા આવવાની રજા આપશો. વળતે દીને હા નો જવાબ આવતાંજ હું પુને દોડયો. સ્ટેશન ઉપર પેસી મને મળવા આવેલો હતો અને લગાર ચાંઇ જેવો દીસતો હતો. મને લાગું કે આ કઢંગા મામલાથી તેબી જાણે ઘેરાઈ ગયલો હોય. અમે ખાલી વેટીંગરૂમમાં ગયા અને ત્યાં મેં સઘળી હકીકત ખોલીને કહી.

મેં કહયું "જો પેસી દોસ્ત, તું પોતેબી કબુલ કરશે કે આએ મામલો કોઈ કાલેબી ચાલી શકે નહીં. હું મીનોચેરની બેહન સાથ અદરાયલો છું ને તારી ધણીઆણી મને જે રીતે આ નાટકમાં સંડોવવા માંગેછ તે હું બીલકુલ પસંદ કરતો નથી. આખ્ખર કરેને માકી તારી ધણીઆણી છે એટલે તેને સમજાવીને, ધમકાવીને, કંઈબી કરીને રસતે લાવવાનું તારૂંજ કામ છે."

પેસીએ ફકત ખભાં ધુણાવીને ભવાં ચહડાવ્યાં "હું કંઈ કરી શકતો નથી."

હવે મારો ચીલ્લો ચહડયો. ખમી ખમીને ફોલ્લો હવે ફાટવાની અણી ઉપર હતો.

"પેસી, તું માણસ છે કે કોણ? આપરે શું કંઈ ધાટી ગરયાં છીયે? એક પારસી બચ્ચા તરીકે તારી આબરૂનો તો વીચાર કર. તારી ઓરતની લેવડી દાનાદાન થશે તેનો તો ખ્યાલ કર. ગામમાં બોલાય કે માકી તો મીનોચેર સાથ અદરાયલી છે તો પાછળથી લોક તારે સારૂં શું બોલશે?"

પેસી ટેબલ ઉપર થોડી મીનીટ માથુ ઝુંકાવીને બેસી રહયો. આખરે ગંગેટાયલા સાદે તે બોલ્યો.

"મેં માકીને મારૂં વચન આપેલું છે કે ત્રણ મહીના સુધી મારે તેનાં કામની વચ્ચે આવવું નહીં એટલે હું નાચાર છું."

"તારે પણ એ કરવા શું માંગેછ તે તો કેહ."

"તે તો હઠ લઈ બેઠીછ કે મીનોચેરને સારાં ગામમાં રૂસવા કરૂં અને બધાં એને ધચેડો કેહ એવો રંગ જમાઉં."

"ને એ બધું જાણવા છતાં તેં એ દુકતીને તારૂં વચન આપ્યું? સાબાસ છે, તારી માણુસાઈ ને—

"હું શું કરૂં. એવું વચન આપું તોજ તે મારી સાથે પરણવા કબુલ થઈ."

"છટ—છટ—તું મરદ હતો" મેં ધીક્કારથી કહયું.

"બદી, એ બધી ભટાઇ છોડી દે. હું માકી ઉપર એવો ઘેલો દેવાનો થઇ ગયો હતો કે કોઇબી સરતે તેને ઝીતવા હું તૈયાર થયો. જ્યારે મેં વચન આપ્યું ને એ મારી સાથ જોડાવા રાજી થઈ ત્યારે હું હરખથી ઘેલો દેવાનો થઇ ગયો. હું સદા ધાસ્તી રાખતો હતો કે રખે તે મીનોચેરને કબુલ કરી દીએ. અને તેણીએ મને ખરેખર દમ ભરાવ્યો કે જો હું તેની સરત કબુલ નહીં કરશ તો તે જરૂર મીનોચેર સાથ પરણી જશે. મને તે વખતે ખ્યાલ આવ્યો કે એક વાર એની સાથ ચોખા પડયા કે પછી કંઇબી કરી એને સમજાવી લેવસ, પણ એ ગણત્રીમાં હું ભુલ્યો."

"પણ હવે તો તમે પરણ્યાં એટલે માકી તરીકે તેની હઠ છોડાવવાનો તારો હક છે."

"અરે તોબાહ! માકી એવી છે કે એવું જો કશું કંઇ કરૂં તો આજે મને મુકીને ચાલી જાય. નારે બા, મને એના વગર એક ઘડી ચાલે નહીં. તું હજુ એને ઓળખતો નથી."

"નૉનસન્સ—જો માકીનો તારી ઉપર એક રતી ભારબી ખરો જીવ હોય તો તે એમ તુંને મુકી જાયજ નહીં. પેહલાં જરા રોહોસો કરશે પણ પછી બધું ભુલાઈ જશે. હું તારી સાથ સો સો રૂપીઆની શરત લેવા તૈયાર છું કે તું જો જરા મક્કમ રહેશે તો તે તારા ગમ વધારે માનથી જોશે. કોઈબી સ્ત્રી ભાગ્યાજી વર પસંદ કરે નહીં."

"નહીં—માકી જુદી તરેહની છે. હું મારો સખુન તોડું તો તે કબુ મને માફ કરે નહીં."

"પણ તું તારૂંજ હાન્યા કરશે કે મારૂંખી સાંભળશે. તમે બે જણની વાત તો એક બાજુ રેહી પણ અમારા લોકનો કંઇ વીચાર કીધો? બચ્ચાંને માકી વચ્ચે કોઈ તરેહની દુશમની નથી તે છતાં માકી જો હુઠે પડે તો બચ્ચાંને કેટલું દુઃખ થશે. વળી વીચાર કર કે મારી પોતાની ઉપર કેટલો ગેરઈન્સાફ. મેં શું તમારૂં બગાડયું. ઉલટું મેં તો તમારી કેટલીક સેવા બજાવીછ. ને માકી હર વખત કહેતી હતી કે અમે બે જાવેદાનના દોસ્ત થઇ રહીશું."

પણ બધું ફોકટ. પેસી મોટો લઠ કાઠીઆવાડી જેવો હતો પણ હવે મેં જોયું કે તે હીચકારો હતો. પોતાની આ નવી બઇરીથી તે ખરેખર બીહીતો હતો. તેણે મારી બધી તકરાર સાંભળીને ફક્ત નીસાસા નાંખવા સીવાય બીજો કશો જવાબ આપ્યો નહીં. હું ફફડી ચટકીને ઉઠયો અને તેજ કલાકે ઉપડતી ટ્રેનમાં પાછો મુંબાઇ નીરાશ થઇને આવ્યો.

પ્રકરણ ૨૮ મું.

સાંજના પાંચ વાગતે મુંબાઈ પોંહચ્યા પછી કાંઈજ સુઝ્યું નહીં એટલે વીચાર કીધો કે કાકીજીને બંગલે જાઉં—જોઉંએ તો ખરા ત્યાં શું ખબર મળેછ. હું ધસારાબંધ 'હાલ'માં ચાલ્યો ગયો ને જોઉંછ તો કાકીજીની પાસે સેંગલી મેંગલી થઇને પેટમાં ભરાઇને માકી બેઠેલી હતી અને બચ્ચાં સામી

ખુરસી ઉપર બેસીને સઘળ ખુશ ગેલમાં વાતો કરતાં હતાં. માકીના પગપર હાથ ટેકવીને મીનોચેર કાકા એક નીચા સ્ટુલ ઉપર બીરાજ્યા હતા અને માકીના છેક ગાલને નાક લાગે તેમ ગુસ ગુસ વાત કરતા હતા. માકી મરે પાછલી રાતના. એના પેટમાં આટલું પરાક્રમ હતું તે છતાં તે એવી હસમુખી અને ભોળી ભટાક હોવાનું ડાળ ઘાલતી અને એક નીરદોશ ડાહી ડાહોરી છોકરી હોવાના ચાળા કરતી કે હું જો ગુપ્ત બીનાથી અણજાણો હતે તો હુંબી છેતરાતે. મને જોઇને ઉલટું તે મુછમાં હસી અને જાણે કેવોક જુનો પુરાણો મીત્ર હોઉં તેમ મારા હાથને વળગી.

મીનોચેર તો મઘન મઘન હતો. મને જોઇને તે ખુશી દેખાયો ને પોતાની રીત પ્રમાણે સ્ટુપીડીટીથી છબરડો શરૂ કીધો.

“ઓ અદી બેટા, હું તુંને મલવા આવવાનોજ ઉતો. મારાં લગનને ટાંકણે તુંને બધી મેનીજ કરવી પડશે ને મારો સાક્ષીબી તુંનેજ થવું પડશે—કેમ બચ્ચા, તૈયારી રાખશે કેની?”

અહહહ—મુઓ છુટો. હવે કેમ કરૂં, તરત શું જવાબ આપું તેબી સુજે નહીં એટલો હું ફગલાઇ ગયો. મારી ચુપકીદીથી સઘળાં મારી ગમ ટીકી ટીકીને જોવા પડયાં. બચારી ખાલેસ દીલની બચ્ચાં તો એમ સમજી કે અગાઉ બચ્ચાંને મનથી માકી તદન અણગમતી હતી અને કુનુર ખાતે બનેલા બનાવથી નાપેકાર ઇબઇજીએ અમારા વચ્ચે જે બોલાચાલી કરાવી હતી તે યાદ કરીને હું ગુંગળાતો હોઇશ. જોકે હવે બધી વાત સમજુતી ઉપર આવી હતી

તોબી હું માકીના બાબમાં છેકજ ધરાંપરાં કરૂં તો વળી કદાચ તે ઉપરથી કોઈનાં મનમાં હજારો વીચારો ઉઠે. મારી ચુપકીદીનું કારણ બચ્ચાંએ તો એમ માની લીધું પણ કાકીજી ને મીનોચેર કાંઇ તેમ સમજયાં નહીં. મારી કાંસ કુંસ જોઇને તે લોક તો લગાર ખફા થયલાં દેખાયાં. માકી ચવીત્રી જે અલબત આનો ભેદ બરાબર સમજતી હતી તે તો જમીન તરફ ડોકું રાખીને મુંગી મુંગી બેસી રહી. હું પામી ગયો કે આ સઘળા બનાવથી તેણીને ઘણી મઝાહ પડતી હતી. ઓ, કોઇ એવું બતાવોરે કે એને એની ગમત વ્યાજ સીકે પાછી દેખાડું.

આખરે મને જવાબ આપવાની ફરજ પડી "તમે મને આફર કીધી એટલેજ મને માન મલ્યું પણ એવાં કામમાં હું એટલો 'ડફર' છું કે મને કાંઈબી નહીં સોંપસો તો મેહેરબાની."

મીનોચેરે જવાબ દીધો "હંબગ—તું અમારા જેવા સાતને ગજવાંમાં મુકે તેવો છે. એમાં શું મોટો વાઘ મારવાનો છે. જરા ઇંગ્રેજો ને મડમો આવે તે લોકોને રીસીવ કરવાનું ને ચોખાની ઠાળી લઇને ઉભું રેહવાનું."

હું તો એવો અકળાઇ ગયો હતો કે બોબડો તોતડો થઇ ગયો. બીજું કંઇ આવડયું નહીં એટલે હુ બોલ્યો "હું માગી લેઉંછ કે મને એવાં કામથી મોકલો કરજો."

"અદી, તું ખરેખર એમ કેહેછ કે મારી મશકરી કરેછ? આમ અઇન વખતે તું દગો દેશે એવું મેં એક પલખી ધાર્યું નહીં હતું."

"હું ખરેખર દલગીર છું."

"ઠીક, જેમ તમો સાહેબની મરજી" મીનોચેર બહુજ ખફા થઇને ઉઠયો અને હસતી મલકાતી માકીને લઇને સર્વેને ડોકું ધુણાવીને ત્યાંથી ચાલ્યો ગયો. કાકીજી તે લોકને છેક દાદર સુધી મુકવા ગયાં.

ઓરડામાં હું ને બચ્ચાં એકલાંજ રહયાં ત્યારે બચ્ચાંએ ઘણાજ પ્યારથી કહયું "અદી, તારી લાગણી ને વળાણનું કારણ કોઇ સમજ્યું નથી પણ હું બરાબર સમજીછ ને તે સારૂં તું મારી આંખમાં વધુ વાહાલો લાગેછ. મારે ખાતર તેં આવો જવાબ દીધો પણ હવે મેં મારી નવી ભોંજાઇ સાથ દોસ્તી કરવાનો ઠરાવ કીધોછ એટલે તું શું કરવા ધભરાયછ?"

હવે મારૂં પાકીને પલેકાર થઇ ગયું હતું.

"બચ્ચાં, એ ઓરત સાથ દોસ્તી કરવાને તું તારી ફરજ સમજતી હશે, પણ તું તેમાં કશુ ફાવવાની નથી."

"પણ કાંય? શું હું માકી સાથ દોસ્તી કરૂં તે તુંને ગમશે નહીં?"

"નહીં—"

"કાંય પણ, એકાએક એમ શું થયું" બચ્ચાં ગુંચવાઇને બોલી "એક વખત તો તું તેની મોટી તરફદારી કરતોતો?"

"હા, એક વખત તેમ ઉતું—પણ બીજાંઓની કાની હુબી ઠગાયો હતો."

"ઓહો! તારે તેં તારૂં મત હમણાજ ફેરવ્યુંછ?"

"હા—પણ ડારલીંગ, એને મરવા દે. એની વાતજ કરવા મને ગમતી નથી."

બચ્ચાં જરા ઓસકાઇને બોલી "એ આજે તુંને શું થયું છ—તારા ચેનચાળા કંઇ મને સમજ પડતા નથી."

"ડીઅર, હું જરા "રૂડ" દેખાતો હોઉં તો મને માફ કરજે. મને ચટકો એમ લાગેછ કે જયારેબી તું ને હું એકલાં મળયેછ ને મીઠી મીઠી વાત કરવાની તક મળેછ ત્યારે એ નાપાકની ખાખી માકી વચમાં નડેછ. એક વખત આપરા વચ્ચે એજ ઝુવાકે દુશ્મની કરાવી હતી તે હું ભુલી ગીયો નથી."

અંહીં તુરત વેળા વાત અટકી પડી.

પ્રકરણ ૨૯ મું.

આ વાર મારા પેટમાં શું થતું હશે તેનો સેજબી ખ્યાલ બાહરનાઓને આવે નહીં. મેં ખાવા પીવાનું કે હસવાનું મુકી દીધું. જો માકી નહીંજ સમજશે તો હું ઠાર મારીઓ જઇશ એવા ખ્યાલથી હું રાતના બાર બાર વાગ્યા સુધી એકલો ભટકયા કીધો. એક દહાડે નહીંજ થોભાયું એટલે હું ફરીથી દેવાનાની પેઠે માકીને ત્યાં ગયો. મીનોચેરબા તો કંઇ ખરીદી કરવા બેલગામ ગયા હતા અને માકી એકલીજ હતી. તે ડ્રાઇંગ રૂમમાં બેઠેલી હતી અને આસપાસ ઢગલાબંધ "વેડીંગ પ્રેઝન્ટ" નાં પારસલો પડયાં હતાં.

"આવો અદીબા, પધારો પધારો. આમ્મે બધી અછી અછી ચીજો જોઇ? સહવારથી માણસો લાવેછ ને હું તે લોકને 'ટીપ' આપતાં આપતાંબી થાકી."

આ પ્રમાણે બોલી માકીએ એક મખ્ખમલનો બાક્સ મારા હાથમાં મુકયો. તેમાં એક હીરાજડીત પતંગીઆં ઘાટનો બ્રોચ ઝકઝકી રહયો હતો. હું તો કાંઇ બોલ્યો નહીં પણ માકીએજ ખોલાસો કીધો.

"મીનોચેર તરફથી છે. અંદરનો કાર્ડ વાંચો."

પતંગીઉં તો ઉડી જાય પણ મારૂં પતંગીઉં મારી આગળથી ઉડશે નહીં.

હું હજીબી મુગો મુગો બેસી રહયો.

"મીનોચેર મને હંમેશ પતંગીઉં કરીને બોલાવેછ."

"હું."

"એ એમ સમમ બકમ શાનો થઇ ગીઆ. હજુ પેલો ધખ્ખારો તારાં ભેજાંમાંથી ગીઓ નથી કે?"

"નહીં—હવે મને આમ્મે પ્રામીસમાંથી છોડવો."

"અંહુંહુંહું—એકની એક વાતથી ભેજું દુખી આયું. રોજ ઉઠીને એ રદન પાટલો સાંભળતાં ધીક આવી."

"પણ હવે એ ફારસ કાંહાં સુધી ચલાવવોછ. તે હું પુછું?"

"તે કાંહાં સુધી તમે અંહી આવીને એકનું એકજ પીંજયો તે હું પુછું? જો અદી ભાઇ, તું એટલુંબી જોઇ

શકતો નથી કે આમ્મે બાબદમાં હું એક ખચ્ચરના જેવી હઠીલી છું. શું કામ તમારા સખુન બરબાદ કરોછ?"

"ને આય બધી કીમતી ભેટો લોકોને પાછી વાળશો કે? ઘેરમાં હજારો રૂપીઆનો માલ આવે ને ફીયે નાકે પાછો વાળશો?"

"મારૂં નાક તો મારાં મોહોનાપર એમનું એમ રેહશે. તેની ચીંતા તમારે કરવી નહીં. ભેટો પાછી નહીં વાળું તો શું ખાઇ જાઉં કે? દરેકને ખોલાસાની મરી મસાલા સાથની ચીઠ્ઠી સાથે પાછું મોકલવાનું. મીનોચેર કાકાને એ બધી સરટીફીકેટ કામ લાગશે!"

"અફસોસ!"

"અરે અદીબા હું એક વાત કેહતાં ભુલી ગઇ. તે દાહારે સોલાપુરમાં કોઇ એક જનના જોવામાંથી આપરે સજજડ છટકયાં."

"કે દાહાડે? તમે લોક પરણ્યાં તે દાહાડે?"

"હા—ને તેબી વળી કોણ? તારા તો ખ્યાલમાંબી આવશે નહીં."

"પણ કોણ?"

"ઇબિઇજી ડોસાં!"

"ઓ તારી!"

"એની કોઇ બેહેન સોલાપુરમાં રેહેછ ને તાંહાં એ ડોકરી અવારનવાર આવેછ. મને બરાબર ખબર મળીછ કે તે દાહાડે એ ગામમાંજ હતી. મરેરે કોટકજ તો.

સમજો કે રાન ઘેલું ધરણ ચાલીને પેલી ધરમશાળામાં આવતે તો કેવો રકાસ થતે."

"યા ખોદા, હું ઇચ્છું છ કે તે આવી હોતે."

"બલા જાણે મારી. મરતી નહીં કે. પણ સાંટક તો જુવો. અમે જાણી જોઇને આએ ગુફતું ઝાફતું ગામ પસંદ કીધું કે કોઈ કવાબમાં હાડકું નડે નહીં, તો પેહલા ચાંદ તો તમો પોતેજ દીસ્યા ને વળી કેઠાં ઇબિઈ ડોસાંબી તાંહાંજ ગગરેલાં ઉતાં. એ લીધે તો અમે બાહાર-ગામના મોબેદ લઇ આયાંતાં."

હું ઘરની બહાર પડયો ત્યારે વીચાર કરૂં છ કે મારૂંબા શું નસીબ છે. સોલાપુરની ધરમશાળામાં મારે બદલે ઇબિઇજી કાંય નહીં ગયાં હશે. તેવણ કોઇ કાલેબી એવી કબુલાત આપતે નહીં ને હજાર સોગંદ ખાતેબી તો પાલતે નહીં.

સાંમેથી મીનોચેર મળ્યા. તેવણે ખુબ્બરાયલાં છાનાં જેવા ચેહરા સાથ મને શેકહેંડ કરી.

"મકુજે, અદી, તે દાહાડે તું મને બનાવતો હતો, નહી? તું મારો શાક્ષી થશે કેની?"

ફરીથી જો આ સવાલ નીકળે તો કેમ જવાબ આપવો તે મેં આગળથી નક્કી કરી મુકયું હતું.

પ્રકરણ ૩૦ મું.

સાળા બનેવી વચ્ચે તોરછોડ.

મીનોચેર મને પાછો વળગે તો શું જવાબ દેવો તે મેં આગળથી મારાં મન સાથ ગોઠવી મુક્યું હતું એમ હું આગલાં પ્રકરણમાં કહી ગયો છું. હું સારી રવેશ જાણતો હતો કે મીનોચેરને કાંઇબી કરીને આ ઠગાઇ ભરી સગાઈ તોડી નાખવાને સમજાવવું એ પથર ઉપર પાણી રેડવા જેવું હતું. પણ તોબી અજમાયશ તો કરવીજ જોઇએ. હરામખોર માકી પોતાની મુર્ખાઇ જોય અને પોતાનો વીચાર ફેરવે એ તો સુરજ પશ્ચિમ તરફથી ઉગવા જેવું હતું. જગે જગથી આવેલી ભેટોની વચ્ચે તેને ખુશાલ બેઠેલી જોઇ મેં તો ગાંઠ વાળ્યો કે એ પોતાનો ઠરાવ કોઇ કાલે ફેરવનાર નથી. હું મીનોચેરને તો વાત કરતાં સમજાઉં ને કાજ તોડાવી નાખું પણ તેમ કરવાનું કારણ તો તેને સમજાવવું જોઇએ. મોટી મુશ્કેલી એ હતી કે મારા બેહેસ્તી બાપના સોગંદનું કેમ કરવું.

"મીનોચેર દોસ્ત, તું મને તારી શાદીમાં ભાગ લેવા આટલી જીદ કરેછ પણ હું અત્યંત દલગીર છું કે તેમ મારેથી બનશે નહીં."

"પણ કાંય? તું મારો પુરાણો દોસ્ત ને વળી જે દાહાડા જાયછ તેમાં મારી બેહનનો વર થવાનો એટલે તું મારી અરાસે નહીં ઉભો રેહ તો બીજા કોણને પુછું? હું તો એમજ સમજશ કે માકી મારી ધણીઆણી થવાની

છે તેની તુંને અદેખાઇ લાગેછ. ના પાડવાનું કાંઇ કારણબી તો હોવું જોઇએ કેની?"

"એજ મારી મુશ્કેલી છે. હું કારણ આપી શકતો નથી પણ એટલુંજ મારૂં માન કે એ માકી સાથની વાત જેમ બને તેમ જલદી તું માંડી વાળ. તું કેહેશે કે આવી રીતે તારાં કામની વચ્ચે માથું મારવાનો મને હક નથી પણ એક ભાઇ તરીકે તું મારી શીખામણ સાંભળે તો એક દાહાડોબી ગુમાવ્યા વગર બસ એકદમ આ સંબંધ તોડી નાંખ. જો યાદ રાખજે કે તું તેથી પસતાશે નહીં."

મીનોચેર મારી ગમ ડોળા કકડાવીને જોવા લાગ્યો.

"અદી, તારૂં માથું ખસી ગયુંછ કે શું?"

"નહીં—હું જે સલાહ આપુંછ તેને માટે મારી પાસે ઘણાં મુસ્તકીમ કારણો છે, પણ તે હું કહી શકતો નથી. બસ આ કારજ તોડી નાંખ. એ માકી તુંને બેવકુફ બનાવેછ."

મીનોચેર તો આ શબ્દો સાંભળી નરા વાઘની પેઠે છેડાયો, ને તેમાં નવાઇ નથી.

"અગર તું મેડ નહીં હોય તો તું છેક તરકડો ને બેલગામ થઇ ગયોછ."

બધો દેખાવ તો તેવોજ હતો. જે ઓરતની ઉપર તે ઘેલો દેવાનો બની ગયો હતો તેને માટે હું આવા સખુન ઓચરૂં અને તેની પુરવારીમાં કંઇજ કારણ નહીં આપું તો કોઇબી માણસ છેડાઇ પડે. આખરે મીનોચેર બોલ્યો.

"હું દલગીર છેઉં કે મેં તુંને પુછીને નકામો ડાહયો કાગડો કીધો. જો મારી ધણીઆણીને સારૂ તું આવા સખુન વાપરવા માંગતો હોય તો આજથી તારે ને મારે કાંઈ લેવું દેવું નથી. કોણ જાણે શા કારણથી તું આ બચારીને માટે બુરૂં બોલેછ. વળી મોટી શરમની વાત છે કે એક વાર તું પોતે એનો દોસ્ત ગણાવા માંગતો હતો. આજથી તું મારો ને એનો દોસ્ત નથી. મારી ગરીબ ગાય જેવી બેન બચાં જયારે અમારી તરફદારી કરેછ ત્યારે તું આવી રીતે શરમભરી ચાલ ચલાવેછ. ભટ પડજો એવા દોસ્ત ઉપર. તું બચાં સાથ અદરાયો તે સારૂ હું હવે પસતાઉંછ."

આટલો ધડો લાવડો થયા પછી અમે છુટા પડયા. મીનોચેર તો મને સલામ કીધા વગર માકીના મકાન તરફ ચાલ્યો અને હું બેહદ દલગીર થઇને પાછો કોટ તરફ ફરયો.

હું જયારે કાકીજીને ત્યાં જાઉં ત્યારે અવાર નવાર મીનોચેર ત્યાં હોય પણ મારી ગમ ઝાંખીને જોયબી નહીં. બચાં તુરત પામી ગઈ કે કાંઇબી બે જણ વચ્ચે વધેરાયું છે, તેણીએ એક વાર હીંમત કરીને મને પુછયું.

"અદી, એ છે શું? તમે બે જન એક બીજા સાથ ઉંચે મોંહોડે કાંય છેઓ? જા બા, તમે બેહુ ભાઇ જેવા થાઓ ને એમ રૂસાઈ રેહો તે મને તો ગમતું નહીં. તું માકીની સામે આટલું આટલું બોલે તે એને ગમે તો નહીંજ તો. એક વખત તો તું માકીને આસમાનપરની પરી સમજતોતો અને હવે એકાએક ચક્કર મંડળ કેમ ફરી ગીયું?"

"બચાં દીકરા, હું એક વખત તુંને સમજાવી ચુકોછ કે મેં એને માટે મારૂં મત ફેરવ્યુંછ."

"અરે પણ એક બાઇને સારૂં તારૂં મત ફેરવે તે સારૂં શું મીનોચેર પોતાનું કારજ તોડી નાંખે?"

"હા–તેમ કરવુંજ જોઇશે."

"એ તું શું કેહેવા માંગેછ તે મારાં મેજાંમાં જરાબી ઉતરવું નથી. જો અદી મારો દીકરો કરૂં, તું મીનોચેર સાથ સમજુતી કરી નાંખ. તું જોતો નહીં કે એક વખત હું પોતેબી માઝીને પસંદ કરતી નહીં હતી પણ મેં જોયું કે તેથી મીનોચેર દુખી થાયછ ત્યારે મેંબી મારી વળાણુ ફેરવી નાખી. તું એને નકામો છેડ છેડ કરીને ગુસ્સે કરશે ને તેમાંથી કાંઇ સારૂં પરીણામ આવવાનું નથી. એ માઝીને કધુ છોડવાનો નથી ને જો કોઇ અંદર ફાંચડ મારશે તો તેની સાથ નકામો બગાડ થશે. એની આંખે તું માઝીને જો. તુંને ગમે એટલી અણગમતી લાગે પણ એને ગમી એટલે બસ. હું માગી લેઉંછ કે જ્યારે તમે ફરીથી સાથે મળો ત્યારે વાત ખાઇ જજો. હમણાના મામલાથી હું ઘણીજ દુખી છેઉં."

બચાંએ કહ્યું એટલે નહાના ખોદાયે કહ્યું. હું લાઇલાજ થઈ ગયો હતો અને બચાંની તકરાર મારા ધ્યાનમાં ઉતરી કે મારા વચ્ચે પડયાથી અથવા ફફડાટ ચચરાટથી કંઈ ફાયદો થવાનો નથી. મારે શું. આપરે મુગા મુગા ફરયા કીધા કે છેડો છુટો. હું ધારૂંછ કે બચાંએ મીનોચેરનેબી એમજ સમજાવી લીધો હશે કારણ કે જયારે અમે ફરીથી મળ્યા ત્યારે જાણે કાંઈ બન્યુંજ નહીં હોય તેમ વાત વગત કરવા લાગ્યા.

પ્રકરણ ૩૧ મું.

માકી ચવીત્રીના પ્રાક્રમ.

મારી ખાત્રી છે કે માકી મેટહાઉસનો વીચાર પોતાનું તુફાન છેવટ સુધી પોહોંચાડવાનો હતો અને તે જાણતી હતી કે જયારે સઘળું ભોપાળું ફુટશે ત્યારે પોતે જગમાં ટુપઈ જશે એટલે તેણીએ લાજ શરમ છોડી દીધી હોવી જોઇએ. એમબી ભુંડી તો થવશ તો પુરીજ થાઉંની એવી તેણીની ગણત્રી હતી. આએ બે ત્રણ મહીનામાં જેટલી મઝાહ થાય એટલી કરી લઉં એવા તેણીના સઘળા ચાળા હતા. કાકીજી રાજી થયાં અને બચ્ચાં માકીની તરફદારી કરવા લાગી એટલે નવાબ મીનોચેરનું આખું કુટુંબબી ઢળી ગયું અને માકી ઉપર ધરાંપરાં કરવા લાગ્યું. માકીમાય જેવું કોઇ નહીં! કેવી મજાની ગરવી છોકરી છે! નરૂં જાણે પુતલું! એવા એવા ખુશ ટીક્કા હવે થવા માંડ્યા. કુટુંબીઓ માકી ઉપરથી ઉઠલાઇ પુઠલાઇ જાય. કોઇની પાર્ટી કે પારટા એવા નહીં હોય કે જયાં માકી માયને ઇજન ન હોય, ને જયાં ખુબસુરત માકી માય હોય ત્યાં મીનોચેર કાકા તો હોવાજ જોઇએ. ભુતનું ઠેકાણું પીપળા તળે. મીનોચેરને શોધવો હોય તો આખો દહાડો માકીને ત્યાં, વર્તમાનપત્રો તેણીના પીકચર છાપે અને ક્રીક આવે તેવી ખુશામદ કરીને લાંબી લાંબી આરટીકલો લખે. માકી કોઇ લગનની મીજલસમાં ગઇ હોય તો બધી છોકરીઓ તેણી આસપાસ ફરી વળે અને સહીપણું શીરૂ કરવાના વળખાં મારે. તેણીની સાડી અને બ્લાઉઝીઝની નકલો

થાય. તે જેવાં શુઉ પેહેરી નીકલે તેવાં શુઉને માટે દુકાનો ઉપર તુટાતુટ પડે.

મતલબ કે માકી તો આજ કાલની રાણી થઇ પડી હતી અને જાણે તેથી કેવીક ખુશાલ હોય તેમ સહુ સાથ હસી હસીને વાતો ચલાવતી હતી. આપરે જેઓ માંહેનો ભરમ જાણીએ છીએ તેઓ તો કદાચ એમ ધારીએ કે પોતાના ખાનગી ઓરડામાં આ માહાભારત ઠગ વીદીઆથી તે ગભરાતી હશે, રાતના એકલી આંખ પાણી કરતી હશે, કોઇના પગલાં સાંભળીને ચમકતી હશે, પોતાની નબળાઇ જાહેર કરી દેવાનો વીચાર કરતી હશે—પણ કોઇ ચીઝ નહીં. ઉલટું પોતાના બેડ રૂમમાં જાય ત્યારે પેટ પકડીને હસે ને આરસી આગળ ઉભી રહીને ચાળા કરે. આપરે જાણીએ કે પોતે ઉઠાવેલી આ જંજાળથી તેનો ચેહેરો કદાચ સોહોરાઇ ગયો હશે, ના—ના—તે તો ઉલટી બફેના જેવી બનતી ગઇ. જેઓ અગાઉ તેની ગમ ઝાંખીને નજરે જોતાં ન હતાં અને તેને ચીબાવલી, ચવીત્રી, છકેલી, વગેરેની ઉપમા આપતાં હતાં અને તેને જોઇને છણકો કરતાં હતાં તે હવે તેણીને છાપરે ચહડાવવાની સરસાઇ કરવા લાગ્યા. તે સમજી જઇને જાણે કોઇ રમુજી નાટકમાં મોહના મટાકા મારીને મોજ મારતી હોય તેમ માકી ગમત મેળવતી હતી.

વળી બીજું શું. મીનોચેર તેના ઉપર ખુબ પૈસા વરતો હતો અને માકી મસ્તાન કરારને જીવે તેનો પુરેપુરો લાભ લેતી હવી. મોટી ખર્ચાળુ પાર્ટીઓ તેની પાસ અપાવે ને લાનોલી, માથેરાન, વજરાબાઇ, ઘોરબંદર વગેરેની સેલપાઓ ફર્સ્ટ કલાસમાં તેની પાસ કરાવે અને તેના પૈસા કાંકરા

પેઠે ઉડાવે. મીનોચેર આ પોતાની ફલકસુરને પોતાના મીત્ર મંડળમાં ઓળખાણ કરાવવા ઘણોજ ઇંતેજાર હતો, પણ માકી બંદીને ક્યાં ના છે. રોજ રાતના તાજમાહાલ હોટેલમાં અને ગ્રીન એંડ રીડને ત્યાં ચમપીનની ઘરાઘરી ચાલેલીજ છે. આજ કાલ તો તારાપોરવાળા એક ફોટોગ્રાફીમાં મોટું નામ કહાડી બેઠા છે તેને ત્યાં આંઠેક જુદા જુદા 'પોઝ' માં સબીઓ ઉતરાવીને પોતાના દોસ્તોમાં તેની નકલો વેંહચવામાં મીનોચેર ગોયા ઘેલો બની ગયો હતો. હીંદુ બાઇના ડ્રેસમાં, મુસલમાની પોશાકમાં, પારસી પોશાકમાં પોતાના સુંદર ઉંઘાડા પગની સબીઓ મીનોચેરના દોસ્તોના ઘરોમાં દેખાય તેની માકીને એક રતી ભારની દરકાર ન હતી.

પણ આટલાંથી માકી ધરાઇ નહીં. તેણીએ મન સાથ વીચાર કીધો કે નવ્વાનું ત્યાં ભર્યા સો. જાણે લગનને દસ દહાડા બાકી છે તેમ માકીએ મીનોચેરને પટાવ્યો કે આપરે એક જબરદસ્ત પાર્ટી આપ્યે. મીનોચેર તો પોતાની સદાની બેવકુફાઇથી કુદી પડયો. પાર્ટીમાં કોણ કોણને તેડવાં તેનું લીસ્ટ તૈયાર થવા માંડયું. મેં કશામાં ભાગ લીધો નહીં પણ હું માકી ઉપર બહુ બારીક નજર રાખતો હતો. હવે તે મારૂં મત કશી વાતમાં પુછતી હતીજ નહીં. મેં તેને વાસ્તે અણુ-ગમો બતાવ્યો છે એમ મીનોચેરે માકીને જરૂર કહ્યું હશે કારણ કે બેઉ જણા મારી સાથે ઉચે મોહોડે હતાં. બચાંનેબી આ પાર્ટીનો ખ્યાલ ગણોજ ગમ્યો અને કાકીજીબી ખુશ ખુશ હતાં.

મીનોચેર કાગળ ને પેનસીલ લઇને લીસ્ટ કરવા બેઠો. "જુવોની કાકીજી, હું ને માકી, બચાંને આદી, તમે પોતે.

આપરે પાંચ તો છઇએજ. આપરે જાહાંગીર જરનાલીસ્ટ, રૂસ્તમ ભોળા રાજા, ડાકટર દમસુમાર, સોરાબજી ધનજી, સર પેશુતન સુખ્ખલાજી, બેહેરામજી આદમબા, એટલાને તો જરૂર તેડશું. પણ બ્રીડજની ચાર ટેબલ મંડાય એટલાં તો જોઇએ. કોણને તેડયે—તમુને કંઇ ખ્યાલ આવેછ?"

આ વાર મારા ભેજાંમાં એકાએક મસ્તીનો કીડો ચવડી આવ્યો તેથી ધીમે સાદે હું વચ્ચે પુરાયો.

"પેશી કેપટનને કાંય નહીં તેડતા? એ બ્રીડજ ઘણું સરસ રમેછ."

બચારાં કાકાજી તો કંઇ સમજયાં નહીં પણ ખીજાંઓ ડવાઇને મારી ગમ જોવા લાગયાં. બચાં તો સમજી કે હું કાચું કાપુંછ. મીનોચેર ગભરાયલો દીસવા લાગયો અને મારા અનુભવમાં આ પેહેલીજ વાર માકીને લાલ લાલ થઈ ગયલી જોઈ. આ પેહેલીજ વાર તેની જબાં દરાઝી ખુટી ગયલી જણાઈ.

તે એટલુંજ બોલી "નહીં—નહીં."

મેં જોયું કે માકીને છટકાંમા પકડવાનો આ ઠીક લાગ છે.

"પણ કાંય નહીં? આપરે ઉટીમાં રોજ સાથે ફરયાં હરયાં; ખાધું પીધું અને હવે આપરા ઘેર શેહેરમાંજ ખાણું કરીએ તેમાંથી એને બાકાત રાખવો તે ઠીક લાગે નહીં!"

કાકીજીની જાણે બલા કે પેશી કેપટન કોણ છે. પણ કાકીજી મારા ઉપર ઘણા ખુશ હતાં એટલે હું જે

સુચના કરૂં તે તેવણે તો ઉપાડી લેવીજ જોઇએ. તેવણે ટાહુકો પુરયો.

"હા મંચી, તેવણુનેબી બોલાવ. બહારગામ જેની સાથ ઘણા ફરયે હરયે તેને આપરાં પોતાના ગામમાં આવ્યા પછી એમ અલગ રાખીએ તે તો કાછીઆં માછીઆંનું કામ. આપરે લાયકનું માણુસ નહીં હોય તો પહેલાંથીજ તેવાં સાથ ઘણી દોસ્તી રાખીએ નહીં. એ પેશી વળી કોણ છે?"

મંચીએ કાંસીને જવાબ દીધો "એ રેલવેનો કોઇ કનત્રાકટર છે. અમુને ઉટીમાં મળયોતો."

"એ હસમુખો છે કે?" કાકીજીએ પુછયું.

મેં તેનો ઉતર વાળ્યો "હા કાકીજી, ઘણો ખુશ મીજાજી ને દેખાવસો મોટો ગરાર જેવો છે ને બીડજ ઘણું સરસ રમેછ."

કાકીજી હવે છેડાયાં "એમ છે તારે તેને બોલાવતાં કાંય નહીં. અદીબાનો તે દોસ્તદાર થાય ને વળી—

હું તરત વચ્ચે બોલી ઉઠયો "કાકીજી, મારો એખલાનોજ નહીં પણ મીનોચેર ને માકીમાયનોબી ઘણો દોસ્ત થાય."

મેં આમ ફાંચડ મારી ખરી પણ હવે માકી તટાર થઇ હતી. તેણીએ આસતેથી ઠીગડું મારયું—

"જી-મહીના એકની વાત પર મી૦ પેસી કેપટન મળયાતા તારે તેવણ કહેતાતા કે કંપનીના કંઇ જરૂરી કામ સારૂં તેવણ કોલંબો જવાના છે ને તાંહાંથી પાછું આવતાં બે

એક મહીના લાગશે, વાસતે તેવણુને ભરૂસે રહેવામાં કંઈ ફાયદો નથી. આપરી પારટીને સારૂં બીજા ઘણા મળશે."

આટલાંથી વાત પડતી મેલાઇ. હું વધુ કાંઇ બોલ્યો નહીં પણ રજા લઈ ઉઠયો. મારી સાથે માકીબી ઉભી થઇ. તે બોલી.

"અદીબા, તમે મારે રસતેજ જતા હો તો જરા મને તમારી ગાડીમાં ઉતારતા જશો?"

મીનોચેર ઝબકીને ઉઠયો "શું કરવા? હું કેવો છેઉં. તુંને હું ઘેર સુધી પોહોંચાડી આઉં."

પણ માકી બારે ગાંઠ પુરી હતી. "નહીં, આજે નહીં. મને બાંડીબંધ કાગળો ચીતરવાના છે ને તું આવશે તો જરૂર ઘેરમાં આવવા માંગશે ને મને રોકાણુવાયો કરશે. મીનોચેર, આજે તો તું ઘેરમાંજ રહે ને તારા કાર્ડો લખી કાહાડ. રાતના તો હું જમવા આવવાનીજ છેઉં કેની? ચાલો અદીબા."

આ પ્રમાણે બોલી તે સાહેબજી સાહેબજી કરી નીચે ઉતરી પડી અને હુંબી પાછલ પાછલ ચાલ્યો. કુદકો મારીને તે મારી બ્રુમમાં ચહડી બેઠી.

"તમારા કોચમેનને કહો કે ગાડી હલ્લુ હલ્લુ હાંકે. મારે તમારી સાથ કંઈ વાત કરવાની છે."

મેં હુકમ આપ્યો કે આસ્તે આસ્તે જવું.

"કેમ બાઇ સાહેબ, હવે વળી શું ફરમાસ છે?"

"મીસ્તર અદી, તમે મારી તરફ જે દુસ્મનાઈની વળાણુ ચકડીછ તેથી કોઇને ફાયદો થવાનો નથી ને તમુને તો

નુકસાન થશે. આજે તમે પેસીનું લાકડું ઘુસાડયું તે મને બીજવવા હતું તે તો હું તરત સમજી ગઇ. તમે મીનો-ચેરને નસાડી મુકવાના અનીખના તારા કીધા પણ તેમાં તમારૂં કશું વળ્યું નહીં. હવે સાંભળો, તમારા પોતાના ભલાંને થકી હું બોલું છ. જ્યારે આએ બધો પરપોટા ફુટશે ત્યારે તેમાંથી તમુને બચાવવાની ને અલગ રાખવાની મારી મતલબ છે પણ જ્યારે ચાલી ચલાવીને તમે પોતેજ ગોળોપીંદારો કરોછ તારે પછી મારૂં શું ચાલવાનું છે?"

"ઓહો–હો–તમારી તો ઘણીજ મેહેરબાની થઈ, પણ મીસીસ કેપટન તમારી મદદની મને જરૂર નથી. જ્યારે પરપોટો ફુટશે ને હું મારા સોગંદમાંથી છુટો થવશ ત્યારે હું મારી રાજી ખુશીથી બધી વાત બચાંને કહેવાનો છું. હું કેમ અંદર સપડાયો તે પછી છુપાવવાની જરૂર રહેશે નહીં."

"તમારી વાત તમે જાણો. તમારી એ સીફત વીશે મને ઘણો શક છે. પોતાના કુટુંબને આવી નામોશીમાં ને હસીમાં ફસાવનાર જો મારી સાથ અદરાયલો હોય ને હું બચાં હોઉં તો એવા બાહાણાં બીક્ષાં હું એક મીની-ટબી કબુલ રાખું નહીં. પણ તમારી વાત તમે જાણો."

"પણ તમે મને આટલીજ વાત કહેવા મારી સાથ આવ્યાં કે? તેમ હોય તો મારી ગાડી તમુને ઘેર પ્હોંચાડી આવશે. મનેબી કાગળો લખવાના છે."

"જેમ તમારી મરજી"

આટલા શબ્દો બોલતાંજ હું ઉતરી પડયો. બે ચાર દાહાડા પછી બચાં મને કહેછ—

"અદી ડીઅર, મીનોચેરને સારૂં ઘેરેઘેરથી કીંમતી પ્રેઝંટો આવેછ તો આપરેબી કંઇ સારૂં જેવું કરવું જોઇશે. મરેરે મને તો કંઇ સુઝતું નહીં, તું શું આપવાનો છે?"

શું આપું? મારૂં તોડકું? હું જાણતો હતોજ કે જે દાહાડો જાયછ તેમાં આમ્મે બલાગત આવશેજ. આપરા પારસી લોકમાં આમ્મે અભાગણી ફાસીન દાખલ થઇછ તે કોણ જાણતું નથી. મેં વીચાર કીધો કે ધુળ નાંખી, કંઇ ગ્રોંસવું તો પડશેજ. પણ જયારે બધું જણાશે ત્યારે જગને મોહોડું શું દેખાડીશ. કોઇ પુછશે કે તું જાણતો હતો કે આ લગન કંઈ થવાના નથી, ત્યારે આ ભેટ સોગાદનું હંબગ કાંય ચાલવા દીધું, તો શું જવાબ આપશ. પણ જો કંઈજ નહીં આપું તો તેનોબી ખોલાસો કરવો પડે. અરે યાર, હમણા ખોલાસો કરવાનો કંઇ વખત છે?

"અદી, ચાલ હમણાજ તારાચંદને તાંહાં જઇને કંઇ પસંદ કરીએ." બચાંમ્મે તો મારી પુઠ પકડી.

ચાલો બા, ઉપાય નથી. અમે બન્ને જણ ખરીદી કરવા નીકળ્યાં, અને ચાંદીના બે વાઝીસ પસંદ કીધાં. માકી ચવીત્રીનો જવાબ આવ્યો તેના સકાર તો જુઓ.

વાહાલા અદી—તમે આવાં સરસ વાઝીસ મોકલ્યાં તે સારૂ તમારી ઘણીજ ઉપકારી છેઉં. તમારી તો હમેશની ભલાઈજ છે કેની. મીનો સાંજના આયો તો તેને આ વાઝીસ દેખાડયાં તે જોઇને એ તો હરખાઇ ગીઓતો.

લા૦ તમારી સદાની વાહાલી બેહેન,

માકી મહેતા.

તા૦ ૬૦—તે દાહાડે મારાં એક દુરના સગાંએ મને એક ઘણીજ સુંદર ભેટ મોકલી. તેવણ મળવા આયાં ત્યારે મેં તેવણનો ઘણોજ ઉપકાર માન્યો જે સાંભળી ડોસાંએ જવાબ આપ્યો કે "જોની માય, એક વખત મેં કોઈ સહીને વરે કંઇ કચરા જેવું મોકલ્યું, પણ તે લગ્ન તુટી જવાથી મારે તાંહાં પાછું આવીને પડયું, તે દહાડેથી મેં સોગંદ ખાધાછ કે ભેટ એવી મોકલવી કે જો કદાચ લગનમાં વધન પડે ને મોકલેલી ચીજ પાછી આવે તો ઘેરમાં માથે નહીં પડે." કેમ અદીબા, ડોસાં પક્કાં કેની? તમુને પોતાનેબી વાઝીસનો ઘણો શોખ છે તે હું જાણુંછ!

*　　*　　*

માકી! માકી! તારી નાડનો જોતો મરે. ખોદાયજીને તુને ઘડતી વેળા ઘણી ફરસુદ હતી.

પ્રકરણ ૩૨ મું.

મીનાચેરની મોટી પાર્ટી.

હું તો ઘણુંબી ઇચ્છું કે મીનોચેરે આપેલી મોટી પાર્ટીમાંથી કંઈબી કરીને ગુલ થઇ જાઉં. પણ તેમ કરૂં તો ચાવા ચીવી થાય. હું રાત દહાડો વીચાર કરયા કરતો હતો કે ખોદા માલમ ક્યાં સુધી આ મસ્તાન દુકતી પોતાનો ફારસ ચાલુ રાખશે. આલબ્લેસ બાગમાં એક આર્શિવાદ નાખવાની છેલ્લી મીનીટ સુધી આ શરમભરી

ડગાઈ ચાલુ રાખવાની તો હીમત નહીં કરે. પણ કેમ કહેવાય. એણીમેર માકી છે. આખો મામલો એવો તો ન મનાય તેવો હતો કે હવે અત્યારમાજ તે બંધ પડે કે સેવટ સુધી ચાલુ રહે તે બધું સરખુંજ હતું.

બે ત્રણ દહાડા બાકી હતા તેટલાં હું હીચકારાની પેઠે કામનું બહાણું કહાડીને જહાંબોરડી નાહસી ગયો અને બરાબર પાર્ટીને દહાડેજ બપોરના છેક ૩ વાગતે પાછો આવ્યો. સઘળું ધધુખ્ખર મીનોચેરના બંગલામાં હતું બચાં ખુબ કારભારમાં હતી અને માકી તો સવારથી આવી હતી. શું એનો ભપકો! પારીસની મેડમ પ્રુસ્કેના હાથની ભરેલી સાડી અને મીનોચેરના અપાવેલા હીરાના નેકલેસથી તે જાણે ડલડલી રહી હતી. સર્વેની નજર માકી ઉપર હતી. મીનોચેરના સગાં વહાલાં મનમાં ગમે તે ધારે પણ માકીની ખુબસુરતી વીશે અને મીનોચેરના તેસટ માટે બે મત હતાંજ નહીં.

પછવાડેથી જે બન્યું તે લીધે અને બંગલામાં મોટા ખરચે કીધેલા સણગારને લીધે આજની પાર્ટી ઘણા જણને લાંબી મુદત સુધી યાદ રહેશે. મીનોચેરનો બંગલો ફક્કડ હતો અને તેનો બગીચો વીસાળ હોવાથી સેંકડો ઇલેક્ટ્રીક લાઇટે જગાને નરૂં પરસ્તાન બનાવી મેલ્યું હતું. રાતનાં નવ વાગતાનો અમલ ઠરાવેલો હોવાથી બચાં વેહેલી ડ્રેસ કરવા પોતાના ઓરડામાં ભરાઇ એટલે મને વાત કરવાનો કાંઈ વખત મળ્યો નહીં. આ શાદીમાં પોતાની પસંદગી જાહેર કરવાને મીનોચેરે ખુદ હેદરાબાદ, સીકંદરાબાદથી પોતાના મોટે ઘરના સગાંઓ અને મીત્રોને બોલાવ્યાં હતાં.



માઠી હસતે ચેહેરે ઠસ્સામા સહુ સાથ ઈન્ટ્રોડ્યુસ થતી
પૃ. ૨૦

નવમાં દસેક મીનીટ ઓછીએ પરોણાઓએ આવવા માંડયું. બાપરે બાપરે, શું જોડીની ગાડીઓ અને મોટો-રોની અલગાર, શું કનસ્ટેબલો અને સીપાઇઓની દોડાદોડ. અડધો અડધો કલાક બોઠી થવા છતાં બંગલાના દરવાજા સુધી પોહોંચાય નહીં. હું તો એક ખુણામાં ઉભો રહીને સઘળો તમાસો જોયા કરતો હતો. મીનોચેર અને બચ્ચાં સહુ પરોણાને રીસીવ કરતાં હતાં અને માકી હસતે ચેહેરે પુર ઠસ્સામાં ઉભી રહીને સહુ સાથ 'ઇનિત્રોડયુસ' થતી હતી અને જાણે તેથી મઘન મઘન દીસ્તી હતી. હું ધારૂંછ કે તેણીએ આજે પોતાના ડ્રેસ ઉપર ઓછામાં ઓછા એક હજાર રૂપીઆ ખરચીઆ હશે ને ગળાંમાંનો નીકલેસ કંઇ નહીં તો રૂ. ૧૫૦૦૦ નો હશે. મીનોચેરબી બહુજ મગરૂર અને ખુશાલ દીસતો હતો. જાણે સઘળાને દેખાડવા માંગતો હોય કે "જુઓ, હું કેવી બૈરી લઇ આયોછ!" બચારો હમણા તો સુજમા રોજા ખોલતો હતો. પોતાની જુવાનીમાં તે ગમે તેવોબી હોય, હમણા તે ગમે એટલો ઇમ્નમજી હોય પણ મને તો તેની દયા લાગતી હતી. ખોદા કોઈ ભુંડાંનેબી આવો દાહાડો ન દેખાડે. હાજર રહેલાં પરોણાઓબી આજે જાણે ઘેલાં ગાડાં થઇ ગયાં હતાં. ઘરમાં જેટલું જર જવેર હશે તે જાણે આજે પહેરવુંજ જોઇએ. કાંઇ લખો રૂપીઆના મોતીનો ઠાઠ જોવા જોગ હતો. ગાલપર પાઉડરના અને કીરમજી રંગના લપડા જોવાની એક જાતની મઝાહ હતી. કોઇ કોઈ બાનુ તો મોહ ઉપર સફેદ વાહીટ વાશ કરી આવી હતી. બંગલાના કમપાઉનડમાં ચોવીસમી ફયુસીલીઅરસનું ગોરૂં બેંડ મીઠો સરોદ ગજાવી રહયું હતું.

બચ્ચાંના હવે પછી થનાર પતી તરીકે હું ઘરના લોકની આગળનો આગળજ ભમ્યા કરતો હોવાથી સઘળું હમેશગ્યાન જોવાની મને અછી તક મળી હતી, તેમાં ખાસ કરીને આપણા પુરાણાં ફ્રેંડ ઈબ્રીજીના ભાવટા ઉપર તો એક આખો નાટક લખાય. માકી સાથની તેવણની આગલી ચાલથી તેવણને કાર્ડ મોકલવામાં આવશે કે નહીં તે માટે મને ઘણોજ શક હતો. પણ જયારે મેં જાણ્યું કે તેવણને પી તેડું છે ત્યારે તો નક્કી ગાંઠ વાળ્યો કે તેવણ આવશેજ નહીં. પણ હજી ઈબ્રીજીને અને તેવણની જાતના ડોસાંઓને તમે ઓળખતા નથી.

પ્રકરણ ૩૩ મું.

ઈબ્રીજીનાં સીપલાસ.

તેવણ જેવાં 'હાલ'માં દાખલ થયાં કે બે લાંબા હાથ કરીને માકી આગળ દોડી ગયાં. "ઓ મારી માકી, મારા દીકરા, ઓ મરી જાઉરે તારી ઉપરથી, જીવતી રેહજે ને ઘણા સુખ જોજે." આમ ઘસારો કરીને ઈબ્રીજીએ માકીનો હાથ પકડીને પોતાની આંખમાં ચાંપ્યો!

"મીનોચેર બા, તું મારૂં બગલું ઉંચકી ગીઓછ તો ખરો પણ એને તારા પાસાંમાં સંભાલીને રાખજે હં—નહીં તો હું તારી સાથે બચકાં બાંધશ. જો વરી સાફ કેહુંછ. એ મારી દીકરી કંઈ જેવી તેવી છે કે? જેને ઘેરની

કુત્રી નહીં મળે તેને ઘેરની છોકરી મલીછ. હા વરી,' કેહેશે કેહેછ ને વરાઈ કરેછ, પણ એ તો મારી દીકરી કરતાં આલે છે."

ધબધજી બેહસ્ત મુકામ જાય રે એમના એમ! આ તેમની નવી ભટાઇ જોઇને મારો તો દમ બંધાઇજ ગયો. પોતાની નીંદા કરનાર આ ડોસી ડગરીને માકી હવે અંગ્રેજી કાહાડશે ને તાણો મારશે એવી હું પુર વકીમાં હતો. પણ નહીં. વળી પાછો હું ચુકયો. માકીએ ઉલટી ધબિધજીને કોટી કીધી અને ધબિધજી માય, ધબિધજી માય કરવા પડી. ડોસાં તો ખુશ ખુશ થઇ ગયાં અને માકીની સોડ સરખી કરે અને ગાલપર ચમઠી તોડે ને એવાં બીજાં વાહાલ ભરયાં ઘેલાં કરવા લાગ્યાં.

દીવાનખાનામાં સઘળાં ભેળાઇને વાતે લાગયાં એટલે બચ્ચાંને ફરસુદ મળી. તે હવે મારી આગળ આવીને મારાં ખભાં ઉપર માયાથી હાથ મુકીને બોલી—

"અદી, દીકરા, શું છે?"

"કંઇબી નહીં ડીઅર, એમ પુછવાનું કંઇ કારણ?"

"નહીં, અમથી પુછુંછ, તું ધુખરાયલાં છાણાં જેવો કેમ લાગેછ? આજે થોડા દાહાડા થયા હું જોતી આઉંછ કે તું ઠીક નથી. આજે જરા હસતું મોહોડું રાખની તો, નહીં તો લોક સમજશે કે આપરા વચ્ચે કંઇ વધેરાયું હોસે."

મેં હસીને જવાબ દીધો "કોઇ બેવકુફ હોય તે એમ ધારશે. મારી નજર સદા તારી તરફ છે તે આંધળોબી જોઇ શકે."

"પણુ હું તુંને ગમુંછ કેની?"

"અરે પણુ મારી બેખી, હું તુંને એકસો વખત કહી ચુકો."

"તારે એકસો ને એકમી વખત કેહ—મને તારે મોહોનેથી સાંભળવા ગમેછ."

આનો ઉતર મેં કેવા આકારમાં આપ્યો તે અત્રે વર્ણુવાની જરૂર નથી. વળી પાછું બચાંએ પુછયું. "વાહાલા અદી, સાચ્ચું કેહ, તારા મનપર કંઈ નવો બોજો છે? શું છે, મને કેહ."

"હા—મારૂં મન હમણા સાંત નથી."

"ને તેં મને નહીં કહયું? સાબાસ રે. તારે હું તારી ધણીયાણી થયલી શું કામની?"

આ વાર અમે બાહાર કમપાઉનડમાં ફરતાં હતાં જયાં કોઇ હતું નહીં. એક માંડવ તળે ખુરશીઓ માંડેલી હતી ત્યાં અમે બેઠાં અને બચાંનું માથું મારી છાતીએ દાબીને મેં થોડીક ધીરજ આપી.

"તુંને મારી મુશકેલી કેહી શકતો નથી એજ મારી મુઝવણ છે."

"તારે હમણા જે હોય તે કહી દેની."

"નહીં ડીઅર, તેમ બને તેવું નથી."

"પણુ કાંય નહીં, હું ને તું શું જુદાં છઇએ? તારી બધી ખાનગી વાત જાણુવાનો મને હક છે."

"એક વખત નહીં, પણ લાખ વખત છે. પણ હમણાં હું તારી પાસેથી માંગી લેઉંછ કે મને માફ કર, કારણ કે તે વાત છુપી રાખવાના મેં સોગંદ ખાધેલા છે ને તું એવી સમજુ ને સાચ્ચી છે કે મારા સોગંદ તોડવાની ફરજ પાડશે નહીં."

"ઘણું અજબ જેવું. એવું તે શું છે કે જેને વાસતે તુંને સોગંદ લેવા પડયા. વારૂં, ચાલ કંઇ નહીં. પણ એટલું તો કહે કે જાવેદાન સુધી એ સોગંદ પાળવાના છે? મને કાહારે બધી વાત કહેશે?"

"નહીં—નહીં—આઠ દસ દાહાડામાં હું છુટો છું ને પછી તું બધું જાણશે. પણ એટલુંજ માંગી લેઉંછ કે હાલ તુરત મને કંઈ પુછતી ના. બસ, એટલુંજ જાણ કે તેથી મારો જીવ ઘણો રંજીદા છે."

"મારો ગરીબ ગાય જેવો અદી. તુંને કંઈબી દુઃખ થાય તો હું મારો જીવ કહાડી આપું, ચાલ, તારી ખુશી એમ છે તો એમ. હું તો ધારતીતી કે મને તારી મુઝવણમાં ભાગીયણ કરવાથી તારૂં અડધું દુઃખ ઓછું થશે, પણ ચાલ કંઇ નહીં. તેં આજે માકીને કોઠું આપયુંજ નથી. હું તમારી બેઉની ઉપર નજર રાખતીતી. જો, વહાલા, મીનુનેબી જરા દુઃખ લાગશે તેથી જરા એને જુઠ્ઠી જુઠ્ઠીબી બોલાવજે—મારે ખાતર."

પ્રકરણ ૩૪ મું.

એક ન ધારેલો અકસમાત.

શું કરીયે આપરે બધરીના ગુલામ. હું પાછો બંગલામાં દાખલ થયો અને જાણી જોઇને માકીની સામે ઉભો. તેની પાસે એક બીજી સહી વાત કરતી હતી તે બોલી ઉઠી.

"મરેરે—આવે સપરમે દહાડે કોણ જાણે કોણ બચારાને નુકસાન થયું હોશે."

અમે બોલી પડયા—"શું થયું? અમે કંઇ જાણતાં નહીં."

"કેહે જે વાંદરેથી બરજોરજી શરાફ પોતાની મોટોરમાં બે ચાર બાઇઓ ને બે ત્રણ માટીડાઓને લઇને આપરી પાર્ટીમાં આવવા નીકળ્યા પણ મેહમના અગરમાં મોટોર કોઇ ખટારા સાથ અથડી પડીને ઉઠલાઈ ગેઈ ને બધાં બાહાર ઉડી પડયાં."

મેં કહયું "અરરર, કોઇને લાગું કે?"

"કેહેજે બે ત્રણ જણને સેહેજ લાગુંછ. તુરત ભાડેની ગાડીઓ મંગાવીને બધાં પાછાં પોતાને ઘેર ગીઆં."

"તારે તમે આએ બધું કેમ જાણ્યું?" માકીએ પુછયું.

"તેમાંનો એક જણ બોંહોસ કરીને અહીં આયોછ ને પાસેના પોતાના દોસ્તના બંગલામાં કપડાં બદલવા ગીઓછ. ભલા આદમીએ નકામો કાંય ધકેલો ખાધે હોસે. પાર્ટીમાં આયા વગર જીવ તુટી પડતોતો?"

જરા વારે માકી બોલી "અદીબા, મારા તો પગ દુઃખી આયા, ચાલો જરા વરંડાપર જઇને બેશીએ. તાંહાં મઝાનો પવન છે."

બચાંની સલાહ મનમાં યાદ રાખીને મેં હા પાડી અને અમે પછવાડેની એકાંત વરંડા ઉપર જઇને બેઠાં.

"કેમ માકી બેહેન—દુનીઆં સુખી કે દુખી?" મેં પુછયું.

"ઘણી—ઘણી—ઘણીજ સુખી. આજના જેવી પાર્ટી મેં કોઇ વખત 'એનજોય' કીધી નથી."

"હા—તમારાં માનમાં અપાયલી આએ પાર્ટી બધી રીતે ફત્તેહમંદ છે. તમારી ઉપર બધાં ખુશ ખુશ છે ને તમારા નીકલેસની બધાં અદેખાઇ કરે તેવું છે. પણ માકી માય, આએ બધું પોકલ હોવાને બદલે ખરૂં હોતે એવું તમે હવે નહીં ઇચ્છતાં?"

"હુઉ" બસ આટલોજ ઉતર માકી તરફથી મલ્યો.

"હવે આએ બધું પાછું આપી દેતાં કેવું ભારી લાગશે? ચાર ઘડીની પાદશાહી જયારે લોક યાદ કરશે ત્યારે ઘેરેઘેર હસાહસ ચાલી રેહેશે. હવે બધું ખરૂં નરૂં થવાને ફકત દસ દાહાડા બાકી છે."

"બસ—બસ કરો મીસ્તર અરદેશર, આજની મારી ઇવનીંગમાં કચરો નાખવાથી તમને શું મોજ મળેછ."

"હું તો મારાં મનમાં જે ખરૂં લાગેછ તે કેહુંછ કે મીનોચેર સાથ તમે ખરેખર પરણવાની હાલતમાં હતે ને આએ બધું ખરૂં હતે તો તમે કેવાં હીરા મોતીથી પુંજાતે."

"પણ તેથી મારૂં વેર વળતે નહીં. મેં તો એને આખી મુંબઈમાં ગધેડો બનાવવાના સોગંદ ખાધા છે ને તે સોગંદ હું પાળવાની."

"પણ તમે તેની સાથે પરણીને એને મન ચાહે તેમ માહુ માહુ કરાવી શકતે. એના પૈસા ગમે તેમ ઉડાવીને એને તોબાહ બોલાવી શકતે. મારૂં સાચ્ચું મત છે કે તમે ગણત્રીમાં ચુકયાં. જો તમે—તમે—કુવારાં હતે તો એ બધા સોગંદ બોગંદ હવામાં ઉડી જતે. કેમ? તમારી ભુલ કબુલ કરો."

"નહીં—હજાર વાર નહીં—મીનોચેરને જોઈને મને ધધરીને તાપ આવેછ. મારો જીવ હરીઓ ફરીઓ છે ને એવા એક સ્ટુપીડ માણસ સાથ જોડાઈને રોજ સહવારના પોહોરમાં શેર લોહી બાળવા કરતાં હું મધ્યમ સ્તીથી વધારે પસંદ કરૂંછ—હા, એટલું તો ખરૂં કે આએ બધી ચાઈ ચાઈઓ પાછી ફેરવતાં જરા ભારી તો લાગશેજ તો."

"એબી ભારી લાગશે ને બધો વરઘોડો જાહેરમાં આવ્યા પછી પારસી ઘેરેઘેર તમે ટુપાઈ જશો તે જુદું. જોજો હવે બધાં તમુને કેમ ઓવારનીવાર કરશે તે."

આ પ્રમાણે વાત ચાલતી હતી તે વારે મારી પીઠ બારણા તરફ હતી. કોઈનાં પગલાં સંભલાયાં અને માકીએ પોતાનાં નાક ઉપર આંગલી મુકીને મને એશારત કીધી કે કોઈ આવે છે—સમાલો. કોણ છે તે જોવા મેં ડોકું ફેરવ્યું તો—

આ પેસી કેપટન!

પ્રકરણ ૩૫ મું.

કબાબમાં હાડકું.

મારાં અંગમાં શું થયું હશે તે કેહું? જાણે વીજળીની પેટી મારી છાતી ઉપર મુકીને કોઇએ બે ઝટકા માર્યા હોય. મને સલામ અકરામ કીધા વગર તે વીકાળ મોહોડું કરીને માકી આગળ ધસ્યો. આહ! માકી, માકી તું બડી ઉસ્તાદ છે પણ આજે પેસીને જોઇને ડરી કેમ ગઇ. તેના હોઠ ફીક્કા ફચ્ચ મારી ગયા હતા અને તે સેહેજ ઠંડી લાગે તેમ ધ્રુજતી હતી.

"પે—પે—પેસી—તું અહીં કાંહાંથી આયો? આએ કપડાં કોણના? તુંને ઇજન તો ઉતું નહીં?"

"બસ ચુપ—હું બરજોરજી શરાફને તાંહાં મેહેમ પરોણા દાખલ ઉતરેલો હતો. બરજોરજીને કાર્ડ હતો કે તમે અને તમારા બંગલામાં જે રેહતાં હોય તે બધાંને લઇ આવજો. મેં ધાર્યું કે મારી પોતાની ઓરત બીજા સાથ અદરાવાના ઢોંગ કરેછ તે સારૂં ગામ.....જોય ને હું કાંય નહીં જોઉં. રસતામાં મોટોર ભાંગી પડી ને બધાં પાછાં ઘેર ગયાં ને હું અહીં આયો."

માકી તેના તરફ ટગર ટગર જોવા લાગી. તેના ડોળા, તેનો બ્રભરેલો સાદ ને કડવું ડાચું જોઇ પક્કી માકી પામી ગઇ કે જે ઘડી જાયછ તેમાં જબરદસ્ત વીજોડું લાગશે, પણ એનીમેર માકી તૈયાર હતી.

"પણ પેસી, તું શું મતલબથી અહીં આયોછ? તું કેહવા શું માંગેછ?"

"હું કેહવા એમ માગુંછ કે આએ બધા ફેસતા હું વધુ ચાલવા દેનાર નથી." ઘણાજ ગુસ્સાથી "હું મીનોચેરને બધી વાત કહી દેવા માગુંછ."

"અંહું? ક્યારે?" માકીએ પુછયું.

માકીના ડોળા ચમકતા હતા તે મેં જોયા. મુગા મુગા નાટક જોવા સીવાય બીજો ચારો ન હતો.

પેસીએ જવાબ દીધો "આજેજ રાતના. આવી પાપી ગોઠવણમાં સામેલ રહેવાની મેં જ્યારે કબુલાત આપી ત્યારે મારૂં માથું ખસી ગયલું હોવું જોઇએ. તું આટલી બધી હદ સુધી જશે એવો તેં મને ખ્યાલ આપ્યો ન હતો. હું જાણું કે આઠ દસ દાહાડા, ઘણું તો એક મહીનો જરા રમત ગમત કરીને બધું ખલાસ થશે. પણ આએ તો જગમાં મારીખી હસી થવા જેવું છે. મને કોઇ વખત એવું થાયછ કે જાણે આપરે—

ઘણાજ ધીમા સાદે માકી બોલી "પેસીબા, તમે હવે ઘણા શેઆના ના થાઓ. જારે આપરે એક બીજાંને કબુલાત આપી તારે શું કરવાનું છે તે સાફ સાફ કહયું હતું. તમે મારી સાથ પરણવા સારૂં ચોક્કસ ભોગ આપવા તૈયાર થયા અને આપરે સમજુતીપર આયાં કે સોલાપુરથી આશીરવાદ નખાવા પછી તુરતજ આપરે જુદાં પડવું ને આએ મારો તાગડો તમામ થવા પછીજ

આપરે ધણી ધણીઆણી દાખલ સાથે રહીશું—તમે તમારૂં એગ્રીમેંટ નહીં પાલો તો તમે જાણો."

"તું એમ બોલીને મને દમ ભરાવેછ—હું તો મીનોચેરને કહેવાનો."

"હા, જાઓની, આડા હાથ કોણ કરેછ—હમણાજ જાઓ—ખોટી શાની છે."

માકીની આ વળાણથી પેસી તો ફગલાઇ ગયો "જાઉં? જો પછી હું."

"જાઓ—જાઓ—આવી ભરચક પાર્ટીને દાહાડે બધું ઉંધાડું પડશે તેજ મીનોચેરની રેવડી દાનાદાન કરવા બસ છે."

જરા વાર વીચાર કરી પેસી બોલ્યો "તારે એને હું એટલુંજ કેહું કે તું તો મારી પરણેલી ધણીઆણી છે. પછી આપરે અહીંથી નીકળી જઇશું, કેમ?"

"ઓહો—જરા ધીર ધરો—મુરબ્બી. હું જ્યારે એક પાક્કી સરત કરૂં તારે તે પાલું ને પલાઉં એવી મજબુત ભેજાંની છેઉં. તમે તમારો કોલ તોડશો તો હું મારોબી કોલ તોડશ. તમારે ગમે તો મીનોચેરને બધી વાત કેહો ને તમારી ખુશી પડે તાંહાં સીધારો પણ મેહરબાની કરી મારે સારૂં ટીકીટ લેવાની તસ્દી લેતા ના."

"શુંઉંઉં? એ તું શું બકેછ? તું મારી હકદાર ધણીઆણી થાય ને જ્યાં હું જાઉં ત્યાં તુંને સાથે આવવુંજ પડશે."

"ઠેંકયુ—તમારી જરાકજ ભુલ છે. આપરો બંદોબસ્ત યાદ કરો. આશીરવાદની ક્રીયા પછી આપરે તુરત જુદાં

પડવું અને જો તમે મારો આ તાગડો છુપો રાખો તો ત્રણ મહીના પછી હું તમારી સાથે રેહવા આઉં. ત્રણ મહીનાની આપરી બોલી છે. જો તેટલી મુદત પછી બી હું જાહેર નહીં કરૂં તો પછી તમને બધું જાહેર કરવાની છુટ છે. હવે ફકત દશ દાહાડા બાકી છે. જો તમે તેટલાં નહીં થોભશો તો તમે તમારે ઘેર ને હું મારે ઘેર. મારી શરત પાળવા હું તૈયાર છું. પણ તમે જો તમારો કોલ તોડો તો પછી મને બદનામ કરતા ના. હું એક બોલનું માણસ છું."

હું તો ઘણુંબી વઢી જવા ઇચ્છતો હતો પણ બારણું અલગું બંધ કરીને આ બે જન આડાં બેઠાં હતાં. હું તો ધારતો હતો કે પેસી છેડાઇને કેહેશે કે "જા તારે ગમે તે કર, હું તારી દરકાર કરતો નથી" પણ અફસોસ! તે તો બાયલાની કાની નરમ પડી ગયો. મોહોબત! મોહોબત! માકી! માકી! માકીએ જોયું કે પેસીબા હારયા એટલે તેને પટાવીને બોલી.

"જોની પેસી દીકરા, તુંને એમાં લાગે વળગે શું. તું તારે અહીંથી ખલ્લી જા ને આઠ દશ દાહાડા પછી આપરે કરાંચી, કવેટા, પેશાવર એવી જગાએ એખલાં એખલાં કેવી મઝાહ કરશું."

પેસીની બગલમાં હાથ ઘાલીને માકી દેવાનખાનામાં દાખલ થઇ પેસી મોટોર અકસમાતમાંથી બચી ગયો તે માટે મીનોચેરે તેને મુબારકબાદી આપી ને તે વાર માકી જાણે ગીલી લાગી હોય તેમ હસ્તી હતી.

નકટા જોગીકી જમાત.



જોની પેસી ડીકરા, તુને એમા ભાગ નગારૂ. સફે ૨૩૦.

પ્રકરણ ૩૬ મું.

મુંબાઇની ચલેજાવ બલેજાવ મંડળીમાં માકી ઠરીઠામ તો થઇ. જીમખાનામાં જાઓ કે બેંડસ્ટાંડપર દેખાઓ, ગવરમેંટ રીસેપશનમાં બીરાજો કે ચોપાટી તરફ મોટોર ફડકાઓ—જ્યાં જાઓ ત્યાં માકી માય પેહલી. તેની સાથ દોસ્તી પાડવાને જુવાન છબીલીઓ જેટલાં ઉપલાં મારે તેટલાં થોડાં. એક કેહકે એ તો મારી જીવેજાનની સહી છે તો બીજી કહે એ તો મારી દુરની સગી છે. પણ અજાયબીઓની અજાયબી! માકીની સવેંથી જીવેજાનની સહી હમણા કોણ હશે? શું ધારોછ! ધબધજી!! માકી બે ઘોડાની ગાડીમાં ધમધમ કરતી આવે કે પાસે ધબધજી બેઠેલાં હોયજ. માકી દીકરી વગર એવણને એક ઘડી ચાલે નહીં! અરે દોસ્તો, બૈરાંઓની દોસ્તી કેમ, કેવી અને કાંહાં વેરની છે તેનો મને અનુભવ નથી શું? હું ઘણી વાર આ "સહીઆં મીતાં" ના ખેલ ઉપર મારાં મન સાથ હસ્યો છું, પણ આએ માકી ધબધજીની જોડી! બસ હવે તો હદ થઇ. માકી મરેરે એમની એમ. સ્ટુપીડ ધબધજીને તે જે રીતે બનાવતી હતી તે જોઇ હું તો તમામ છક થઈ ગયો, પણ ખોદા માલમ માકી શું ગણત્રીમાં હશે. પાર્ટીની રાતે માકીએ ધબધજીને કોઠી કોટા કરીને એવાં આંજી નાખ્યાં કે તેવણ તો બસ ઉઠલાઇ પુથલાઇ ગયાં. ધબધજી લાંબા લાંબા હાથ કરીને સહુને કેહતાં ફરે કે "મારી માકી દીકરીની તો જુતીને કોઇ પુગે નહીં." માકીને વરે કોઇ એક સખુન આડો બોલે તો બસ તેનાં નેણ ખેંચી કાહાડવા ધબધજી તૈયાર થાય.

સહુવારના પોહોરમાંથી આ ધટીચક્કર ડોસાં માકીને ત્યાં જાય ને તેની સાડીઓની ધડી કરે ને ઉચું નીચું કરે, તેની સાટીનની સલીપર વટીક જુછે ને સગી મમાઇ જેટલી ઉઠવેઠ નહીં કરે તેટલી માકી માયની ચાકરીમાં હાજર રેહ. માકી મીઠા સાદે ઓરડામાંથી હાંક મારે કે "ઇબિઈ માય" તો બસ થઈ ચુકયું.

"ઓ માયની કેહતીપરથી મરૂં—જી આપું—આવી માય આવી. ઓ મદઇના જીવને સારૂં તો છે કેની. લે, ધણું ચાલ ચાલ ના કર, મદઇના જીવને કાંઇ વીચી આવશે તો હું શું કરશ." ઇત્યાદી હંબગો તમે જોયાં નથી કે? જુઠું શું કરવા બોલું. માકી મીનોચેરના આખા ફારસથી મારો જીવ બેતાબ હતો તેમાં આ એકજ વાદલી ચલકતી મને ખુશી રાખતી હતી. હું રાતના સુતો સુતો વીચાર કરતો કે યાહુ! જયારે પરપોટો ફુટશે ત્યારે ગોધીઆરૂં તો થવાનું છે, હાડમારી તો મારાં કરમમાં લખેલી છે પણ ઇબઇજી જયારે પોતાને આ ચવીત્રી દુકતીથી બનેલાં જોશે ત્યારે તેવણનો ચેહરો પાંચ મીનીટ જોવાની અને તેવણની જબાંદરાજી સાંભળવાની શું મઝાહ પડશે.

પછી માકી ઇબિઇજીને દુકાને દુકાન રખડાવવામાં એક તસુ બાકી રાખતી ન હતી. ટપાલમાં કાગળ નાખવું હોય તો 'ઇબઈજી માય'ને ખુશાલ ગરદન મારે. દરજીને શોધી લાવવો હોય તો ભાડેની ગાડી કરાવીને ઇબઇજી માયને ધકેલે ને ઠંડે પેટે ભાડું પણ તેવણનાજ ખીસાંમાંથી અપાવે. તેના બદલામાં માકી શું કરે તે સમજોછ કે? ઇબિઇજીનાં ખભાંપર હાથ મુકીને કેહ કે "ઇબઇજી માય,

હું તો હવે તમારી દીકરી જેવી લાગું તેથી મને "મક્કાં" કરીને બોલાવજો.

ધબધજી તો આ નામધારી પેટંટ મળવાથી હરખપેલાં થઈ ગીઆં અને માકીનો હાથ પોતાની આંખમાં ચાંપીને ખીસામાંથી રેમાલ કાહાડીને પોતાની આંખો નુછી. હવે પછી ધબધજી જયારેબી બાહાર માકી વીશે સટાકા હાંકે ત્યારે "મારી મક્કાં દીકરી" સીવાય બીજી વાતજ નહીં.

• એક દાહાડે હું કાકીજીને ત્યાં હતો ત્યારે માકી આવી પોહોંચી. ધબઈજી માયે માકીને વરે મોકલેલી પ્રેઝંટ દેખાડવા તે લાવી હતી. વચમાં લીલું પાણું ને આસપાસ બીલીઆન જડેલો બ્રોચ—કંઇ નહીં તો ઓછામાં ઓછો રૂ. ૧૦૦૦ નો હશેજ હશે. બધાંએ તે ઘણો વખાણ્યો. બચાં આ વાર કાંઇ ચીઠ્ઠી લખવા બેઠી હતી તેટલાં માકીએ આ બ્રોચ મને જોવા આપ્યો અને સાથે આવેલી 'હાઉ—યુ' થી ભરેલી ચીઠીબી વંચાવી. આ પ્રમાણે કરતાં માકીએ જીભ બાહાર કાહાડીને પોતાનાં નાકનાં ટીચકાં સાથ લગાડીને બીચ પાડીને મને સમજાવ્યું કે આ પેહલાં નંબરના હંબગથી તે ખુબ મોજ મેળવતી હતી. અલબતાં માકીના ગંભીર કાવાદાવાથી હું ઘણોજ નાખુશ અને નાઉમેદ હતો અને વારંવાર મારી નાખુશી બતાવતો હતો તોબી એ દુકતી કંઇબી રમુજી તત્વ આવે કે મને પેહલાં તે દેખાડતી હતી. ચીઠી અહીં પ્રગટ કરવાની જરૂર નથી. એટલુંજ સમજજો કે "મારી મક્કાં દીકરી"ને માટે પોતાનો ડરટી જાન પ્રાણ કાહાડી આપવાને ધબમજી તૈયાર હતાં.

ચીઠી વાંચી રેહવા પછી માકી બોલી.

"કેમ અદીબા, "એબ" વીશે શું ધાર્યું ?"

"એબ ? એબ કોણ ?"

"આય ઇબઇ દોકરી !"

હવે મારાથી રહેવાયું નહીં. હું ખડખડ હસી પડયો. બચાં લખતાં લખતાં ઉંચે જોઇ ચકીત થઇ પુછવા લાગી "એ તમે બે જણ શાનું હસોછ ? કંઇ ઘણી બદામ દરાખ વેરાઇ જાયછ ? એખલાં એખલાંજ રમુજ મેલવશો કે કોઇ બીજાનેબી ભાગ આપશો ?"

અમે અખાડા કરી ગયાં એવામાં મીનોચેરનાં માસી રતન માસી જેવણ સીકંદરાબાદથી ખાસ લગન ખાવા આવ્યાં હતાં તેવણ આવી લાગ્યાં. અલબતાં મીનોચેર પોતાની પસંદગીની છોકરી સાથ અદરાયો એટલે બીજો ઉપાય ન હતો, પણ તેવણુને માકીને જોઇને કંઇ અજબ ભરકણ ભરાતું હતું. હું ધારૂંછ કે જેમ ચોક્કસ કુત્રાને ચોક્કસ માણસો તરફ અભાવની પ્રેરણા બુદ્ધી હોય છે તેવુંજ કાંઇ રતન માસીના બાબમાં પણ હતું. એણીમેર માકી તેવણુ ગમ ગમે એટલું હસ્તું મોહોડું રાખે તોબી માકી દીલ સાથ ગણત્રી કરતી હતી કે આ નવી ઘરડોં ખોખી રખેને છેલ્લી ઘડીએ કંઇ ઘાન બગાડે. લગનને હવે છ દાહાડા બાકી હતા અને બધી વાત તેનાજ સંબંધમાં ચાલી રહી હતી. કાકીજી બેઠાં બેઠાં આવેલી પ્રેઝેંટોનાં પારસલો ખોલતાં હતાં.

"મરેરે, આએ બારમી રાઇટીંગ ડેસ્ક ! મીનુ, મારૂં

માને તો એક દુકાન માંડ. આપ્રે બધાં થોભલાંને નુછાવતો નુછાવતો ઘરડો થશે."

પણ માઝી વળી વચ્ચે પડી. "કાકીજી બધું તો રહયું પણ આવી હસવાની વાતમાં જે જરૂરનું છે તે તો રહી જાયછ. બેંડનું કંઇ કીધું? ફરંગી બેંડ તો બા મને ગમતું નહીં. એકના એક 'ગમકા તરાણા'ને 'લા પલોમા' વજારીને ભેજું માથું ખાઇ જાયછ. મીનુ, જો સારૂં જેવું યુરોપીયન રીજમીટનું ચાળીસ માણસનું બેંડ મંગાવજે હું."

મીનોચેર લાલીઆ બન્યા "ઓ યસ, મારા જાન. એમાં શું મોટી વાત. તું કેહે તો બે નાકે બે બેંડ મંગાઉં."

"થેંકસ, ને પેસતનજી પાવરીને વરદી આપે તારે મને બોલાવજે હું. રોજના રોજ એકના એક કસતરના ડબુસા મારતાં તો હવે જીવ કંટરાઇ આયો. કંઈ એવી વરદી આપશું કે મોહોનામાં સવાદ રહી જાય. દર માથાં દીઠ દસ રૂપીઆ થાય તો થાય. લગન કંઇ ઘરી ઘરી થવાના છે"?

"ઑલ રાઇટ, તુંજ વરદી આપજેની" લાલ્યાભાઇએ જવાબ દીધો.

"ને ઇલેકત્રીક લાઇટ ઉપ્રાંત એક હજાર ગેઆસની બતીનાં આરકાંપી મુકાવે તો સારૂં. ફુલ દેવલાલીથી ને પુનેથી મંગાવવાની યાદ રાખજે ને આપરી બે ખુરશી ગોઠવે તેને માથે નરા ગુલાબ ને મોઘરા ચંમેલીનો માંડવો કરવાનો છે તે સારૂં આપરે હોરમઝ ઇરાનીને વરદી આપશું. એમાં શું, ઘણું તો હજાર રૂપીઆ લેશે. ને

ગીતની ગોયણીઓ હું તો તેરવાની છેઉં. બધી ગોયનોને એકેકી નવી સારી ને નવી મખબલની સપાટ અપાવવાની કેમ?"

"અરે હારે હા—જેમ તું કહે તેમ—તું કહે તો હમણાજ તુંને દસ હજારનો ચેક આપું?"

આ બધું સાંભળીને મારો દમ બંધાઇને બરફ થઇ જાય તેમાં કાંઈ નવાઈ છે? બાપરે, શું આએ ઓરતની છાતી! હું વમાસણમાં પડયો કે હું જાગતો છું કે સ્વપ્નો જોઉંછું. ખરેખરી શાદી થનારી સ્ત્રીમાં પણ આટલો હરખ કે આટલી ધંતેજારી મેં જોઈ નથી.

તે વાર બેઠેલાં આખાં મંડળમાં હું એકલોજ જાણતો હતો કે આ તુફાની છોકરી પોતાની શાદીની તૈયારી કરતી ન હતી પણ મીનોચેરના કરવા ધારેલા ફેસ્તાના કફન માટે નવા ખીલા તૈયાર કરતી હતી, પણ બોલું કેમ? બોલું તો બાપ મારીઓ જાય.

માકી ઘેર જવા સારૂં ઉઠી ત્યારે રતન માસીએ અચબુચ પુછયું "પણ તારી તરફથી સાક્ષી કોણ રહેવાનું ઠેરવ્યુંછ?"

આ વાર માકીનો રૂમાલ ભોંય ઉપર પડી ગયો. ખરૂં કહીએ તો માકીએ તે જાણી જોઇને નાંખી દીધો અને ઉંચકવા માટે વાંકી વળતાંમાં પોતાનો જવાબ તૈયાર કરી દીધો.

"પેસી કેપટન, મારી તરફથી ઉભો રહેશે."

"પેસી કેપટન!" સર્વે એક બીજાનું મોહો જેવા લાગ્યાં, પણ રતનમાસી નવાં સવાં આવેલાં એટલે કંઇ સમજ્યાં નહીં.

"પેસી કેપટન? તે કોણ છે વરી? તે દાહાડે પાર્ટીની રાતે ઝીખાયલો પીખાયલો પારસી આયોતો તે? મીનોચેર તો મને કેહતોતો કે તેને કંઇ ઇજન નહીં હતું. તારો કોઈ સગો થાય કે? મને તો કોઇએ કહયું કે તે કુમારો છે. તે કુમારાથી ઠારી કેમ ધરાય?"

પણ માકી ઓસ્તવાર હતી "માસીજી હું ધારૂંછ કે એ પરણેલો છે. એ મારો સગો તો નથી પણ સગા કરતાં આલે છે. અમારા ઘેરમાં ઘણાં વરસ થયાં આવતો જતોતો. એને નહીં લાઉં તો બીજા કોણને લાઉં. મારાં તો કોઈ અતલગનાં સગાં નથી."

આમ બોલી માકીએ રૂમાલ કાહાડીને જુઠ્ઠાં જુઠ્ઠી આંખ નુછી. મીનોચેર તુરત ઉઠયો ને વચ્ચે પડયો.

"માસીજી, હવે સઉ થઇ રહેશે. તે દાહાડે જોઇ લઇશું. બચારીને એને કાંય બધાં જના ગુંગરાવોછ."

પણ માસીજી ધરયાં ધરાયાં નહીં.

"વાય, વાય, એ તે કંઇ ઢીંગલાં ગુરીઆંની રમત છે કે? શાક્ષી તો પહેલો જોઇએ ને કોઇ ઘેરનું વરૂં વડોરૂ હોય તો સારૂં લાગે. મુવા પોસાગીર જેવા પોરીઆને ઉભો રાખે તો આપરાં ઘેરને ખરાબ લાગે. માકી માય, હજુરખી વીચાર કરજે. તારેથી નહીં બને તો આપરે સાહાજનમાંથી કોઇને કહીશું."

માકીએ કંઈ જવાબ આપ્યો નહીં, પણ સર્વેને મળી મઠ્ઠીને બાહાર પડી. અમે બધાં તો ડઘાઇ ગયાં હતાં. મીનોચેર પોતેખી ફગલાઇને પોતાની મુછના આંકડા મરડયા

કરતો ઠસ થઇને ઉભો રહયો હતો, ને બચ્ચાં તો જાણે લાકડાંની પેઠે સજ્જડ થઇ ગઇ હતી. કાકીજી તો કંઇ બોલ્યાં નહીં, પણ રતનમાસી ફફડી ચટકીને નીચે ઉતરયાં અને પોતાની ગાડીમાં બેસીને ચાલી ગયાં.

હું ને બચ્ચાં એકલાં પડી ગયાં. થોડો વાર એકબીજાનું મોહોડું જોવા પછી બચ્ચાં બોલી:

"અદી, એ માકીનું માથું ખીસી ગીયુંછ કે શું? હમણા હમણા એ એમ શું કરેછ? પેસી સાથ નાચી નદરીને તો જગને મોહોને ચહડી ને વરી પાછું પેસી પેસી કરેછ તે મોનુને તો જરા ગમવાનું નથી."

"હા તેમ છે તો ખરું." હું બીજો શું જવાબ આપું? સારૂં થયું કે એટલામાં કોઈ વળી નવું આવી ચહડયું અને વાત અહીંજ અટકી પડી.

હવે પછીના બાકીના દાહાડા કડવા ઝેર જેવા હતા. મારે માથે તો જાણે જીણા દોરાથી તલવાર ટંગાયલી હતી. ઓય ઘડીએ આ દોરો તુટશે ને તલવાર મારા માથાં ઉપર પડશે એવા ધડક ધુજારામાં હું સુકાઇને બુમલા જેવો થઈ ગયો હતો. મેં ગણત્રી કરી રાખી હતી કે લગનની એકુ બે દાહાડા અગાઉથી કદાચ માકી ગેબ થઇ જશે. પણ એ તો ફકત મારી અટકળ હતી. માકી મસ્તાન શું કરશે તે કેમ કેહવાઈ શકાય. મારી આગળ કંઇબી ભસી મરે તારે કેની.

ગરમી તો કેહેજે મારૂં કામ. હું તો કેદારનો માથેરાન કે મ્હાબ્લેશ્વર નાહાસી ગયો હતે, પણ લગન માથે આવ્યાં

ત્યારે એમ જાઉં તો હજારો ચાવાચીવી થાય. મારાં સંકટમાં બચાંએ પોતાની ભોળાઇથી બેહદ વધારો કરી મેલ્યો હતો. લગનની ધામધુમમાં તે એટલા પછાડા ખાતી ને માકી ઉપર એટલાં જીપલાં મારતી કે મારો પુરો મરો થઇ જતો હતો. બસ, ભાઇને બૈરી ગમી એટલે બચાંને મનથી બેહેસ્તનું બધું સુખ તે લોકનાં મકાનમાં ખીરાજેલું તે સમજતી. બચાં પોતાની થનારી ભોંજાઇ ઉપરથી ઓવરાઇ જાય ને વાગાઓની તૈયારી કરે, ત્યારે હું થાંભલાની કાની જોયા કરૂં તે કેમ બને. જેટલી પ્રેઝંટો આવે તે બધાંનું લીસ્ટ કરવાનું ને ટીકીટો લગાડવાનું કામ બચાંએ મારે માથે નાખ્યું હતું અને દરેક ચીજ ગોઠવતાં હું છાતી ફાટી જાય તેવા નીસાસા નાખતો. સાહાજનના તેડાં ઉપર નામ લખવાનુંબી મારે માથે ચોંટયું હતું. નાપાક માકી જાણે આટલાંથી ધરાઇ ન હોય તેમ બધાંના દેખતાં મને અરજ કરી કે લગનની સાંજે આલબ્લેસ બાગમાં આવવા સારૂ તેણીને બે ઘોડાની જોડીની ગાડી જોઇશે તે હોરમસજી સોરાબજી એંડ સન્સને તાંહાંથી મેહરબાની કરીને વરદી કરવી. ઘણા જણે પોતાની મોટોરો અને જોડીઓ ઑફર કરી પણ માકીમાયને તો પોતાનીજ ગાડીમાં આવવું હતું.

"ગાડી બરાબર પાંચ વાગે મારા બંગલાપર આવે એમ જરા વરદી કરજેની, અદીબા" તેણીએ ગાલમાં ખાડા પાડીને મને સતાવ્યો.

હવે હું શું કરૂં? કેમ ના કેહું? અભાગણી ખાધેલીએ બીજાંઓને મુકી દઇને મનેજ કાંય સેકો તાણ્યો હશે.

પણ માકીને તો તમે હવે ઓળખોછ કેની. એ પેદા થઇ ત્યારે કોણુ જાણે કેઈ દાઈ હાજર હશે.

નવાબ મીનોચેર જેવા મોટા માણસની માકી જેવી મહા ખુબ્બતાર સાથ શાદી થાય તેમાં કોણ ન આવે? કંઇ હજાર પંદરસો બૈરાં અને તમામ મોટે ઘેરના પુરૂશોને ઈજન હતાં. તે સઘળાના જવાબ 'હા' ના ફરી વળ્યા હતા. તે દાહાડે આલબ્લેસ બાગનો શું ઠઠેરો. પીંક મખમલની ઝાલરોથી તો માંડવો સણગારયો હતો અને આખા કમપાઉંડમાં કીમતી પરશીઅન કારપેટ બીછાવ્યા હતા. લુલા ભુલા સઘળાએ કીમતી ભેટો મોકલી હતી અને તેથી મોટી આઠ ટેબલો છલાછલ ભરાઈ ગઈ હતી. એ તો ભરતીમાં ભરાય. જેને તાંહાં એવી ચીજની ભુખ નહીં તેને ત્યાં ખોરીઆં ખાપરીઆં વધારે જીપલાં મારે. બચારો કોઈ મારા જેવો નસીબનો લીલો હોય તેને માટે સીસાંનો સવા રૂપીઆનો ખડયો ને માલેતુજારને તાંહાં સોનાની બ્રેસલેટ! આ ધર્તીના એવા ખુશામદીઆ ઢંગ છે તે કોણ જાણતું નથી.

બધું ગોઠવ ગાઠવ થયું પણ ઈબઈજીનો હીરાનો બ્રોચ માકીએ પોતાની પાસેજ રાખ્યો, કેમજે આવી કીંમતી જણસ કોઇ ઉંચકી જાય તો આપદા!

શાદીની સહવાર પડી. તે આખી રાત હું ઉંઘી શકયો નહીં. મારી છાતી થડક થડક થતી હતી. ખોદા જાણે તે દીવસે મારા કીસમતમાં શું લખ્યું હશે. આ નાપસંદ નાટકનો ત્રીજો ને સેવટનો પડદો આજે પડવાનો હતો. મારી તો નક્કી ખાત્રી હતી કે માકી બે એક દહાડા

અગાઉથી ગુલ થઈ ગઇ હશે પણ નહીં. લગનની આગલી રાતે માસીજીએ ખાણું આપ્યું તેમાં માકી મીનોચેરની બગલમાં હાથ ઘાલીને હાજર હતી અને ખાણું તમામ થવા પછી મીનોચેર તેને પોતાને બંગલે પોહોંચાડીબી આવ્યો હતો. તે દાહાડો બજેરે એમનો એમ. જેમ તેમ નાસતો ખાઇ અમે બપોરના એક વાગતેથી ઑલબ્લેસ બાગમાં ગગડયાં. પ્રેઝંટો ગોઠવવા ને સેસ વગેરે તૈયાર કરવામાં હું ને બચ્ચાં રોકાયાં. મીનોચેર બચારો નખ્ખ કરડતો જાય ને આમ તેમ ડમકયા કરે. તે એમ ફફડતો ચટકતો હતો કે બૈરાંઓ આટલી બધી ધધુખર શા સારૂ કરતાં હશે. ચાર ચોખ્ખા પાડી દીધા કે નીકાલ આયો, પણ આ સાંભળી કાકીજી તો સુગાઇ ઉઠયાં.

"ઓ વાય, છોકરીની જાતને વરી લગન વખતનો હરખ નહીં હોય કે?" મીનોચેરનું પાકી એમ આવ્યું હતું કે તે દાહાડે માકીએ સખ્ત તાકીદ કીધી હતી કે મીનોચેરે કોલાબે આવવું નહીં. જે હોય તે ઑલબ્લેસ બાગમાં. લગનને દાહાડે વર કન્યા સાથે વીટળાયા કરે તો અપસુકન ગણાય!

બપોરના માકીની આયા બીજી બધી પ્રેઝંટો લઇ આવી. મને ચોક્કસ લાગ્યું કે હવે તો માકી જરૂર ખલ્લી ગઈ હશે. વધારે નક્કી કરવા હું સામે ટેલીફોન ઑફીસમાં ગયો ને માકીનું નંબર માંગ્યું.

મારી ભયંકર અજાયબી વચ્ચે માકીનોજ સાદ આવ્યો:—

"એ કોણ છે?"

"અરે માકી માય, એ તો હું છું."

"પણ તું કોણ? કંઈ નામ નીશાન?"

"એ તો હું અદી છેઉં."

"ઓહો! શું માંગોછ? હું દલગીર છેઉં કે મને વાત કરવાનો વખત નથી—"

"હું એમ પુછતોતો કે તમે બંગલામાં છેઓ કે?"

"છે નહીં તો કીયા ચુહુલામાં જાઉં. બંગલામાં નહીં હોઉં તો શું વેલાતમાં હોઉં—ચાલો સાહેબજી."

આટલા શબ્દો બોલી માકીએ ટેલીફોન છોડી નાંખ્યો અને હું ચાટ પડીને પાછો ઍાલબ્લેસ બાગમાં આવ્યો.

પ્રકરણ ૩૭ મું.

સાસુ માય તે હરખવા નીસરયાં
મસતકે બાંધીઆ મોરરે!
વર આયો તે માણેક વહુ તારો
માંગે ઉતારા વાડીના.

શાદી મુબારક! ત્રણ વાગતાથી મોટોરો અને ગાડીઓની ધમાલનું પુછવું શું. યાહ! યાહ! શું મોતીની માળાઓનો ધસારો અને ઝીંક ચલકની કોરોનો ધુમાડો. ચાર વાગ્યામાં તો માંડવામાં બેસવાની જગાખી ન મળે.

બાનુઓની ગીર્દી અને બપોરના તાપનો તપોટો જાણે દમ બાંધી નાખવાને બસ હતો. સેંહકડો બાનુઓના હાથમાં કીંમતી પંખા હાલી રહયા હતા. પણ એ તો શાદીનો હીંગામ છે. કાંઇ મશ્કેરી નથી. આજના દીવસને માટે મેસાનીઆઓ અને માધવદાસોને ત્યાં તંકસાલ ચાલી હશે. નવાબ મીનોચેરની શાદી મીઠ્ઠી મધ જેવી માકી સાથ થવાની એટલે એક વખત અગાઉ પેહેરેલી સાડી કાંઇ બીજી વાર પહેરાય? મરેરે, કેવું ખરાબ લાગે! હું ધારૂંછ કે જુવાની અને ખુબસુરતીનો આવો જબરો જમેલો છેલ્લાં વીસ વરસમાં એક વારબી મલ્યો ન હશે. ને બધાંને તેમના દરજજા પ્રમાણે—ખરા શબ્દોમાં બોલુ તો—તેમની દોલત પ્રમાણે બેસાડવાની શું કાળજી અને અફાળશીક. મોટે ઘેરના અભઇજીઓને સારી જગા તો આપવીજ જોઇએ એટલે આગલી હારોમાં મખમલી કોચો ઉપર અગાઉથી ઘેરનાં છોકરાંઓને બેસાડી મુકયાં હતાં. કોઈ તેવું ધરખમ આવ્યું કે તેને આગલા કોચ ઉપર અને મારા જેવું કોઈ લુલું ભુલું આવ્યું તો તેને કહીએ તું તારૂં ફોડી લે. પચાસ લાખવાળા સર ચીચોડાજી ખાલી બેજાંજીનાં ધણીઆણીની ગાડી આવી કે બધાં દરવાજા સુધી ડોડે અને હસી હસીને તેવણને બાઇજત લઇ આવે, ને કોઈ ગરીબ સગું આવે તો તેને 'નો કોહાં'. દરેક શાદીની મીજલસમાં આ નાટક હું જમાના થયાં જોતો આવ્યો છું અને મન સાથે રમુજ મેળવી છે. મારે મનથી એ એક હાસ્યજનક નાટક કરતાં વધારે છે. હવે સાહાજન ભરાવા લાગ્યું. પાંચનો અમલ થયો. અલબતે થોડાક દજન મધ્યમ સ્થીતીના ગ્રહસ્થો મુંગા

મુંગા જગા જોઇને ગોઠવાયા. છ વાગ્યા ને એ બધી દોડાદોડી શાની છે? તમે સમજ્યા કેની? હવે મોટા મોટા સર, નાઇટો ને હાઇ કોર્ટના જડજો, સરદારો અને કૌન્સીલના મેમ્બરો આવવા માંડયા છે અને સઘળાં ડોકાં તાણી તાણીને જોય છે. દરવાજા ઉપર ઉભેલા કારભારના ધાંધળીઆઓ હજુ તો મોટોર આઘેથી દીસે તે અગાઉથી છુપાવી રાખેલી ખુરસીઓ આગલી હારમાં મુકવાની ધમાધમી કરે છે અને સઘળું સાહાજન પામી જાય છે કે કોઇ ધપધપયું આવતું હશે. બરાબર સવા છને ટકોરે દસતુરજી સાહેબની સ્વારી આવી. મીનોચેર બે દસ્તુર સાહેબોની વચ્ચે બેઠા હતા. તેમના હાથ ઉપર કસબી ભારી લાલ શ્યાલ નાંખી હતી એટલે બરદવાનના મહારાજાના હાથી જેવા લાગતા હતા. કપાળે બે ઈંચ લાંબો ટીલો ખેંચ્યો હતો અને ગળામાં સફેદ ફુલનો જબરદસ્ત ગજરો ઓળવ્યો હતો.

પણ સબર, બૈરાંઓમાં જરા ધુસ ધુસ ચાલે છે તે શું છે? હજી પરણતી કન્યા કેમ આવી નથી! ડોશી ડગરીઓ બબરવા લાગી કે ઓ વાય, દીવા બતીનો વખત થવા આયો ને હજુ સાડીની સોડ સરખી થતીજ નહીં કે. ઓંજીઆં કોટકજ તો! મીનોચેરના ડોળા મોટા દરવાજા ગમ તણાઇ રહ્યા હતા. દરેક ગાડીના ચાકનો અવાજ તે ફાટે ડોળે તપાસ્યા કરતો હતો. માટીડાઓ પોત પોતામાં કાનમાં એક બીજા સાથ મશ્કેરી ઠઠ્ઠા કરતા હતા કે આખ્ખા ગામમાંથી શોધી શોધીને બગલું લાયો તો પછી એમજ તો. ઘણા જણે મત આપ્યું કે માકીને એવી છગાવી મુકીછ ને એ એવી ચવીત્રી છે કે જાણી

જોઇને બધાંના ડોળા તણાવીને છેક છેલ્લી ઘડીએ ગગરશે. કોઇ કેહેજે મીનોચેરનું બધું ધમધોલ ને માંહે પોલ છે. બીજાઓએ ખાત્રી આપી કે એની પાસે કંઇ નહીં તો ચાળીસ લાખ રૂપીઆ હશે. કોઇ કેહ કે એ લુચ્છો છે તો બીજાઓ કેહ કે એ છાકટો છે, ત્રીજો વળી મત આપે કે એ બચારો અડગરો છે. સાડા છ થયા પણ 'છોકરી'નું નામ નીશાન મળે નહીં એટલે સાહાજન કંટાળવા માંડયું. બૈરાંઓ ગરમીને લીધે હાસહુસ કરે અને પાંચસો રૂપીઆની સાડી પસીનાથી ખરાબ થશે તેની મન સાથ ગણત્રી કરે.

પોણાસાત થયા! હવે જો છોકરી પાંચદસ મીનીટમાં આવી નહીં પુગશે તો પછી બધાં જમી ક્યારે રેહશે? શું ઘેર જતાં રાતના બાર વગાડશે કે?

હું તો મુગો મંતર થઇને ઉભો રહયો. આ પેદાના કરનાર, આ વખતે મારા જેવો કંગાલ ને કમનસીબ પુરૂશ આએ જગમાં કોઇ ન હશે. ઉંદરની પેઠે છટકાંમાં હું સપડાયલો હતો. અલબતાં માકી તો આવશેજ નહીં, પણ તે વાત મારા શીવાય બીજું કોઇ જાણતું ન હતું. મારી થનારી મોહોરદાર, તેણીનો વાહાલો ભાઈ, બચારાં નીર્દોશ કાકીજી એ બધાંની અવસ્થા જોઇ મારૂં જીગર જળી જતું હતું, પણ હું શું કરૂં—નાચાર. આ ઠગાઇમાં મારો ભાગ! તોબાહ, તોબાહ!

સવાસાત થયા એટલે દસ્તુરજી સાહેબે મીનોચેરના કાનમાં કાંઇ કહયું. મીનોચેરે મને એશારત કરી અને હું તેની પાસે ગયો.

"અદી" તે મારા કાનમાં ઘણુંજ હળવેથી બોલ્યો. "અદી, એ એમ કેમ? બધા મોટા મોટા સાહેબ લોક ને તેમની મડમો વારે વાર જોયછ ને એ કાંહાં રેહી? રસતામાં ગાડીને કંઇ અકસમાત થયો તો નહીં હોય? બીજા પા કલાકમાં નથી આવી તો મારો ફેસતો થશે."

બચાંબી બહાર આવીને મારી ગમ દયામણું મોંહ કરીને ઇંતેજાર દેખાવા લાગી, પણ હું કરૂં તેબી શું. પણ એટલામાં મીનોચેર બોલી ઉઠયો. "અદી, તું મારી મોટોર લઇને દોડી જાની. ને દોડાદોડી કરીને એને લઇ આવની કોઇ જરથોસ્તી શોફર 'ને લઇ જજે નહીં તો વળી કેહેશે કે હું તો નાહાન નાહેલી તે દૂરવંદની ગાડીમાં બેસું નહીં. જાતો મારો બાપ કરૂં."

મને પણ તેવુંજ જોઇતું હતું. હું ઝડપમાં દરવાજાપર દોડયો. અધીરાં પડેલાં લોકની હજારો આંખો મારી હીલચાલ ઉપર વળગેલી હતી. મીનોચેરની મોટોરમાં હું ચહડી બેઠો અને શોફરને કહયું કે પાંચ મીનીટમાં કોલાબે લઇ જાય તો દસ રૂપીઆ બક્ષેશ આપું. સાહાજનીઆ ને બૈરાંઓ તો પરવારતાં હતાં તે જરા વાતચીત કરીનેબી વખત કાહાડે પણ મારે મનથી તો દર મીનીટ મોહોતના જેવી મુશકેલ હતી. મારતી ગાડીએ હું કોલાબે આવી પુગ્યો, પણ મનમાં તો એવું થાય કે ઍરોપ્લેન હોય તો તેમાં ઉડી જાઉં ને વેલાત જઇને બેસું.

ચચાર ફાંડીઆંની છલાંગ મારતો હું ઉપર ગયો ને માકીના 'હૉલ'નું બારણું ઠોકયું. ઝટ તે ઉઘડયું અને માકીની માનીતી આયા મલકાતી મારી સામે ઉભી. તેણીએ

કાછડો વાળેલો હતો અને હાથમાં લુછવાનું કપડું લઇને બધું ઉંચું નીચું કરવામાં રોકાયલી હોય તેવો દેખાવ હતો. મને જોઇને તે ઘણી અજબ થઇ.

"તારી બાઈ કાંહાં છે?"

"બાઈ? બાઈ તો બોપોરના બે વાગેની ગેઈસ."

"ગેઇસ? કાંહાં ગેઈસ?"

"તે તો હું શું જાણુસ. બાઇ કેહસ કે હું પણવા જાઉંસ. મને કીધું કે પાંચ વાગે બધું બંધ કરીને તારી ઘુરમાં જજે."

યા અેલાહી! હવે શું કરૂં. મેં આસપાસ નજર ફેરવી તો ડાઇનીંગ રૂમની ટેબલ ઉપર, ખાધાનાં ખરડેલાં વાસણ હજુ અેમનાં અેમ પડેલાં હતાં. બે છરી, બે કાંટા ને બે ચમચા સાથ બે ટંબલર અને અેક ખાલી ચમપીનની બાટલી હતી તે પરથી હું સમજી ગયો કે બે જને સાથે ટીફીન કીધું હશે. મેં ફરીથી આયાને પુછયું:—

"બાઇની સાથે કોણ ખાધું?"

"પેસી શેટ ઉતા. બોપોરના બે જન ખાઇને ગીઆ. ડેશન ઉપર બાઇનો સામાન તો અગાઉથી ગીઓ."

"કીઆં સ્ટેશનપર સામાન ગીઓ?"

"બોરી બંદરપર ગીઓ, પણ મને બરાબર માલમ

"પણ આયા, એ લોક સામા ગીઆં? મેં જોડીની ગાડી તો પાંચ વાગેની વરદી કીધીતી!"

"હાજી, પણ બાઇએ ટીલીફોન કરીને એક વાગે મંગાવી."

હું તુરત સઘળો મામલો સમજી ગયો. એ નાપાકની બાધીએ બધું ચોકઠું બરાબર ગોઠવી મુકેલું હોવું જોઇયે. એ લોક અણીપર ઘીક વખતે સ્ટેશનપર ગયલાં અને બપોરની નાગપોર મેલ પકડીને પસાર થઈ ગયલાં. છેલ્લી ઘડી સુધી મીનોચેરને થોભાવી થોભાવીને હવે તેને સારી મુંબઇમાં આએ દુકતીએ ગધેડો બનાવ્યો હતો.

મુઇ જીવની સુખીઆરીએ જતાં જતાંબી કાફી પીધી હશે, કારણકે કાફીનાં કપ ખરડેલાં પડેલાં હતાં અને કાગળના ડુચા, સુતળીઓ વગેરે વીખરાઈ પડેલું હોવાથી જણાતું હતું કે છેલ્લી ઘડીએબી કોઈની પ્રેઝંટો ખોલી હશે. એ લોક ગીઆં તો ખરાં એટલે હવે હું અહીં થોભીને શું કરૂં. હું બહાર પડતા જાઉં તેટલાં મારી નજર માકીની નાહાની લખવાની ટેબલ ઉપર પડી જે ઉપર ત્રણ કાગળો સ્ટાંપ મારીને તૈયાર મુકેલાં હતાં.

"આયા, આય કાગળો શાનાં?"

"જી બાઈ મુકી ગીઆંસ કે બરાબર તન વાગતે ટપાલના ડબ્બામાં નાંખજે."

"તારે નાખ્યાં કાંય નહીં?"

"હું ભુલી ગેઇસ. બાઇ જાણસે તો ઘણા ગુસ્સા કરશે. તમે નાંખશો તો મેહેરબાની."

મેં સરનામાં જોયાં તો એક લાંબું આનવીલાપ હતું તેપર નવાબ મીનોચેરનું નામ લખેલું હતું. બીજું કાકીજીનું હતું અને ત્રીજું "બાઇ ઇબાઇજી દોરાબજી પટેલ"નું હતું.

જેઓનાં નામનાં કાગળો હતાં તેઓને પોંચાડવાની કબુલાત આપીને હું ત્યાંથી બહાર પડયો અને બરાબર પોણા આઠ વાગે ઑલમ્પીસ બાગમાં આવી પોંહચ્યો. લોકોએ તો કંટાળીને આસતે આસતે વીખેરાવા માંડયું હતું. દસ્તુરજીઓબી રજા લઇને ગયા હતા. હું મીનોચેર આગળ ધસ્યો. હું ખરૂં કહુંછ કે આ વાર તેનો હભતાયલો ચેહેરો જોઇને મારા દીલમાં દયા આવી અને મન સાથ માકી ચવીત્રીને હજારો હજાર સાલપામરી ઓઢાડી.

"કેમ? શું થયું?" મીનોચેરે ઉજળા ફક હોઠોથી પુછયું. "તુંને મળી કે?"

"નહીં."

"પણ શું એકાએક સીક પડી ગઈ? કે કાંઇ અકસમાત થયો?"

"નહીં."

"પણ તારે શું છે, ભસી મરની. તારે મનથી ડાહયો લાગેછ કે?"

"શું થયું તે આએ તારે નામનું કાગળ છે તેમાંથી જાણશે. જો, આએ બધાં લોક કેમ ટીંગાઈ ટીંગાઇને તારી ગમ જોયછ. મારૂં માને તો તું સાંબે માળવાળા બંગલામાં જા. હું કાકીજીને લઇને તારી પાછળ આઉછ."

લોકની પરવાહ કરવા વગર મીનોચેર માળવાળા બંગલામાં ભરાયો ને ધ્રુજતે હાથે કાગળ ઉખેડયું. એટલામાં હું ને કાકીજીબી આવી પોહોંચ્યાં. મીનોચેરના કાગળમાંથી એક ફોટોગ્રાફ ઉડીને ભોંયપર પડયો. મેં તુરત તે

ઓળખ્યો કે કુનુરમાં મને પોતાની બેહનનો ફોટોગ્રાફ માકીએ બાતાવ્યો હતો તેજ આ હતો. કાગળમાં શું લખ્યું હતું. તે હું જાણતો નથી ને અમે જાણવા માંગયું બી નહીં. પણ એટલું તો ખરૂં કે તે વાંચીને મીનોચેરના ડોળા તસતસી આવ્યા હતા. પણ બચારો અક્કલનો ઓથમીરજ કેની તે તુરત વેળા પોતાનો ફેસતો તેના પુર બાહારમાં સમજયોજ નહીં. બેવકુફની પેઠે તે નાહાની નાહાની વાતનો સેકો તાણવા લાગ્યો.

"પણ અદી, આજે રાતનું ખાવાનું બગડશે તેનું કેમ કરીએ. પાવરીને બધા પૈસા આપવા પડશે કે? હું ધારૂંછ કે બેંડવાળાઓને જવા કહીએ."

પણ હવે કાકીજીનું પાકી આવ્યું, "મીનુ, તારી સુધ જરા ઠેકાણે રાખ. સુવા ખાવા પીવાને કાંહાં દાળ દોધીમાં નાંખેછ. માકીનું કાગળ લાવ, જોઇયે."

કાકીજીએ મીનોચેરના હાથમાંથી માકીનું કાગળ ઝુંટાવી લીધું. મારા વાંચનારાઓની જાણને કીજે તે નીચે આપું છું.

"નવાબ મીનોચેર—તમારા ખીસામાં જેટલી દોલત છે તેના એકસોમો ભાગબી તમારાં ભેજાંમાં અક્કલ હતે તો તમે જોઈ શકતે કે તમે જેવા મુરખ, અભીમાની પુરૂશને મારો ધણી કરવા કરતાં હું મરવું વધારે પસંદ કરૂં. મારી ગરીબ ગાય જેવી બેહેન જેનો ફોટો હું આ મધે બીડું છું તેને ઠગીને સેવટે મારી નાંખી તે બનાવ જો ઇંગ્રેજી હકુમતમાં બન્યો હતે તો હું તમુને ફાંસીને લાકડે ચહડાવતે, પણ હું લાઇલાજ હોવાથી આજે, ભર

મીજલસની વચ્ચે તમુને જીવતાં જીવત ફાંસી દીધી છે. હું તો પેસી કેપટન સાથ ત્રણ મહીના થયા પરણેલી છું. હવે હું તમુને ચેતવણી આપું છ કે જો કોઈબી બીજી છોકરીને ફસાવવાની તમે તજવીજ કરશો તો હું તમારી આખી વાત બાપોકાર જગને જાહેર કરશ. મારી તમુને આ છેલ્લી સલાહ છે કે મોહોડે માથે ધુળ ભરીને આએ દેશમાંથી તમારૂં કાળું કરો અને જે હાય સોસારામાં મારી નીરદોશ બેહેને પોતાનો જીવ આપ્યો તેની હાય તમારી નજીસ જીંદગી ઉપર પડો અને તેના જેવાંજ મોહો-નથી તમારી આખી જીંદગી ખતમ કરો. થુ પડી તમારા જેવા કોરગાઓ ઉપર, લ્યાનત પડી તમારી લુચ્છાઈ ઉપર અને બળી જાઓ તમારા પૈસા ટકા.

લા૦ બેહનની યાદમાં દુખી,

માકી કેપટન.

આ કાગળ વાંચીને કાકીજી તો ફસડાઇને ભોંયપર બેસી ગયાં. બચ્ચાં હરનફાર થઇને મારી આગળ દોડી આવી.

“એ બધું શું છે? ઓ વાય, હવે શું કરૂં. અદી, તારે પગે લાગું મને કેહ.”

“ડીઅર જરા ઠંડી પડ. માકી તો કે દાહાડેની પેસી કેપટન સાથ પરણેલી હતી. ખરૂં કારણ જાણવું હોય તો કાકીજીને પુછજે. જો મીનોચેર થરથર ધ્રુજેછ, તેની આગળ જઇને એને ઠંડો પાડ.”

બચ્ચાં દોડી ગઈ તેટલાં ‘ઈબાઇજીમાય’ લાલ પીલાં થતાં આવી પોંહચ્યાં. તેવણના ચેહેરાનું વર્ણન આપવાની મારામાં

તાકાત નથી. તેવણુને ગળે કાચકી બાંઝી હતી. અને જાણે માથે લોહી ચહડી જાય તેમ ગુંગળાતાં હતાં. હું તો કાંઇ બોલ્યો નહીં. જરા વાર દમ ખાઇને ઇબાઇજીએ તોપના ગોળા છોડયા.

"નાપાક ગુનેહગાર—એ ચુહુલામાં જાય એમની એમ. હું અગાઉથીજ જાણતીતી રે કે કોઈ બઝી માજનદરાની છે. રાંન ખલેરીની કાની મારાં પાસાંમાં ભરાઇને મારૂં લોહી ચુસ્યું. હું ધરડા માણસની લેવરી દાનાદાન કરાવી."

મેં સંગલા થઇને પુછયું. "ઇબાઇજી, મીનોચેર ફર્યાદ કરે તો બરાબર છે પણ માકીએ તમુને પોતાને શું નુકસાન કીધું?"

"તારૂં તોડકું—લે આએ વાંચ."

ઇબાઇજીવાળું કાગળ નીચે પ્રમાણે હતું:—

"વાહલી એબ દસા,—હેરનસા ખોરસની, આજે પંદર દાહારા થયા તે મારી ચાકરડીની ગરજ સારી તે સારૂં એક યાદગારી દાખલ મારાં જુના બુટની જોડી ટપાલ મારફતે મેં તારે સરનામે મોકલી છે તે પોંચેથી તારાં માથાં ઉપર મુકજે. તું ઘરી ઘરી બોલતી હતી કે મને ખુશી કરવા તું તારો મેલો અખનતર જીવ આપવા તૈયાર છે તો હવે તારો ઘુવડના જેવો જીવ આપશે તો ન્યુસપેપરમાં વાંચીને હું ઘણી ખુશી થવશ.

હું તો બીજા સાથ પરણેલી હોવાથી મીનોચેર સાથ પરણું એમ તો બનેજ નહીં, પણ મારી શાદી તારા ઘરશોભત મીનુ સાથ નહીં થઇ તેથી તું તો ખુશીજ

થશે. તું તો દહાડામાં આઠ વાર કહેતીતી કે તુંને હું ઘણી ગમુંછ ને ખરેખરા પ્યારની ઇંધાની દાખલ તેં મને કીમતી બ્રોચ મોકલ્યો તો તે પાછો વાળીને તુંને નાખુશ કરવા હું ઇચ્છતી નથી. બધાંની પ્રેઝંટો તો મેં પાછી વાળી છે પણ તું મારી "ઇબાઇજી માય"ની ભેટ તો હું તારી યાદગારી દાખલ રાખસ. ચાલો, શાદીનું ખાણું ખાઇને ઘેર જઇને પોહોચી જજો. ને સહુવારના એડીઆંનો જોલાબ લેજો—તમારા પોતાના સમ છે, નહીં તો માથે લોહી ચહડી જશે.

સોલાપુર,
તા૦——

લા૦ માકી પેસી કેપટન.

મેં કાગળ પાછું આપ્યું અને મુંગો ઉભો રહયો, જોઇયે ડોસાં હવે શું કરેછ.

"ઇબિઇજી, તમે હવે ગુસ્સો કરીને શું કરશો? તમેજ બોલતાં હતાં કે એ તો તમારી દીકરી કરતાં ચાલે છે ને તમે ચાહી ચીતીને કીંમતી ભેટ આપી એટલે પ્યારથી તે માકી રાખી મુકે એટલે તમારે તો મગરૂર થવુ જોઇએ."

હું ખચીત માનુંછ કે આ વાર ઇબઇજીને સંગ્રાહ મુકીને થોડુંક લોહી કાહાડવું હતું. તેવણનું કંઇ ચાલ્યું નહીં એટલે મારી ઉપર ઉતરી પડયાં.

"ચાલ, ગરનધીઆ દેવ, નાહાલે મોહોને ટક ટક કરવા કોણ તુંને કેહેછ. હું તો કેદારની જાણુંછ કે તુંબી તેની ઉપર ઘેલો ગાંડો થઇ ગીઓતો ને વરી હમણા સતો થવા આયોછ. એ ભરતે જાય એમની એમ. એવી

જંદાને તો હું મારૂં ખાસરૂંબી નહીં આપું. મારી સુન્ના મોહોર જેવી બારસો રૂપીઆની લાકીટ લઈ જતાં એને શરમ નહીં આવી? હુંબી તો ખરી કે એની ઉપર પોલીસમાં ફર્યાદી માંડું. મને ઠગીને જણસ ખાઈ જવા રૂં એને છ મહીના ફાંસી મોકલું. એ તે એજ."

મારોબી કીડો ચવડી આવ્યો હતો એટલે બઈબઈજીનું ખુબ પાકવ્યું.

"હેં, એમ કંઇ થાય. તમે પોતે ચીઠી લખીને બક્ષીશ મોકલી એટલે તમારૂં કંઇ ચાલે નહીં. હવે એ હીરાનો પેનડંટ તો ગીયો. કેવો મઝાનો ઉતો, હેં બઈબઈજી?"

"હા—હા—હું બધું સમજુંછ—તમારા લોકની ગુસસુજ એકજ ઉતી તે હું બધું જાણુંછ. તું ઉભો રેહ, હું બધી વાત બચાંને કેહવાની છેઉ—પણ એ ગુનેહગાર કહરાઇછ કાંહાં?"

"કાગળના સરનામાપરથી તો જણાયછ કે એ લોક સોલાપુર ગીઆંછ." મેં ખોલાસો કીધો.

"સોલાપુર—ઓ માય આવો—તાંહાં તો મારી બહેનબી રહેછ—હું તન મહીનાની વાતપર તેને ઘેર પંદર દાહાડા રહી આવી. ઉભા રહો."

આટલું બોલી બઈબાઈજી દોડયાં. હું બચાંની શોધમાં નીકળ્યો. મેં ઠરાવ કીધો હતો કે બચાંને એકલી પકડીને બધી વાત ખરેખરી કહી દેવી. હવે હું મારા સોગંદમાંથી છુટયો હતો એટલે મારી છાતી ખાલી કરીને તેણીની પાસ ખુલ્લાં દીલથી માફી માંગવાની મારી ફરજ હતી.

કાકીજી ને બચ્ચાં લગનના વાગા પેટીમાં ભરવા રોકાયલાં હતાં અને બીજાં સગાં વાહાલાંઓ ફફડી ચટકીને ખુણામાં નીંદા કરતાં ઉભાં હતાં. મેં બચ્ચાંને મદદ કરતાં હળવેથી પુછી લીધું કે કયારે આપરે બે જન કાંઇ છુપી વાત કરી શકશું. બધી ગાડીઓ રવાના થવા પછી આપરે સાથે ગાડીમાં એકલાં જઇશું એમ બચ્ચાંએ કબુલાત આપી પણ ઇબઇજી કાંહાં છે? કોઈ જવાબ આપી શકયું નહીં પણ ઑલબ્લેસ બાગના રખેવાલે ખોલાસો કીધો કે તેવણ તો ભાડુતી ટાકસીકેબ મંગાવીને મારતી ગાડીએ કોણ જાણે કયાં સીધારયાં હતાં.

પ્રકરણ ૩૮ મું.

ચાઆઆલો! શાદી થઈ ચુકી!! સઘળાં વગે જગે પડી ગયાં અને અમે પણ કાકીજીને બંગલે જઇ લાગ્યાં. બચ્ચાં આગળ બધો ખુલાસો કરી દેવાનો મારો જીવ તલપાપડ થતો હતો પણ સાચું કહું તો મારા પેટમાં કુરકુરી ચાલતી હતી. અમો રાતના નવ વાગતે ઘર જઈ પ્હોંચ્યાં હોઇશું. બચ્ચાં પોતાનાં કપડાં બદલવાની દોડાદોડીમાં હતી અને કાકીજીનું તો માથું પકડયું હતું એટલે કપાળે કાળો મોટો પાટો બાંધીને કાંસતાં હતાં. હું જરા જીવને ઠંડો પાડવા જાણી જોઇને કલાક બે કલાક બાહાર ફરી આવ્યો અને પછી દીવાનખાનામાં જાઉછ તો ત્યાં કાંઇ ગભરાટ જેવું જોયું. વળી શું આફત હશે. માંહેથી મારૂં દીલ થર થર કાંપતું હતું. જ્યાં છે ત્યાં કાંઈ

મોહોકાણના સમાચાર છે. યા ખોદા, આ ધડક ખુજારાનો છેડો ક્યારે આવશે. ઓરડામાં કાકીજી કોચ ઉપર ગળે ગલાંઠો વાળીને બેઠાં હતાં અને બચ્યાં ટેબલ આગળ ઉભી હતી. અરે તોબાહ એલાહી! પાસેની ખુરશી ઉપર આપણાં માજનદરાની સહી ઇબ્બીજી તતણખાર બેઠાં હતાં!! બચ્યાંએ મને દાખલ થતો જોયો નહીં પણ મેં તેને જોઇ. તેના ચેહરા ઉપર ગુસ્સાની નીશાન હતી અને લાલ ગાલ સાથ આંખના ડોળા તસતસી રહયા હતા. તેણીના હાથમાં એક કાગળ હતું.

હું બારણામાંજ અચકીને ઉભો અને બચ્યાંને બહુજ ખભરીને બોલતાં સાંભળી.

"એમ કબ્બુ હોય નહીં. હું કબ્બુ માનું નહીં. મને લાગેછ કે કોઇએ ઘણી ઘાતકી મશ્કેરી કીધીછ. અથવા ઇબ્બીજી, તમે જાણી જોઇને અમુને હેરાન કરવા જુઠું બોલોછ."

કાકીજી વચ્ચે પુરાંયાં "હં-હં-હં-બચ્યાં બચ્યાં-એમ નહીં બોલીએ."

"ચપો, તમે મુગાં રહો કાકીજી, ઇબ્બીજીને જાંહાં તાંહ માથાં મારવાની ટેપજ છે ને હું તો જે મારાં મનમાં આવશે તે બોલવાની. આવી જુઠી સાચી નીંદા લાવવા અગાઉ એવણે બરાબર ખોળ કાહાડવી હતી. આવાં નીંદાખોર બૈરાંઓથી તો હાથ જોડયા."

હવે ઇબ્બીજી છેડાયાં "મોહોનુ સમાલીને વાત કરો. તમે મોટાં હોસો તો તમારે ઘેરનાં. તમે મને જુઠી

કેહી તો ભલે પણ વરાં વડોરાંને આવા બોલ બોલતાં તમારે શરમાવું જોઇએ. હું જો એક વાત તમુને કેહું તો તમુને હમણાં પાણી ઉતાર કરી નાખું."

મેં જોયું કે વાત વધી પડશે એટલે હવે હું આગળ ધસયો "સબર—સબર—જરા ઠંડાં પડો—શું છે શું?"

બચ્ચાં મને જોઇને રડી પડી "ઓ અદી, તું આયો કે? સારૂં થયું. આએ ઇબઇજી કંઈ નવી ઘેલી ગાંડી વાત લાયાંછ. હું તો એવી ચીરડાઈ ગયલી ઉતી કે એવણુને ઝંઝેરીને જવા કેહતે પણ સરૂં થયું જે એટલામાં તું આયો."

આમ બોલી બચ્ચાંએ મારી બગલમાં પોતાનો હાથ ઘાલ્યો અને જાણે મારી પનાહમાં સંતોશી હોય તેમ ઉભી. તે જેમ ઠંડી પડતી ગઈ તેમ મારા પેટમાંની વરાળ ઉભાતી જતી હતી.

મેં પુછયું "પણ બચ્ચાં—શું છે તે તો કેહ."

"કોઇ મુદઇનું તોફું. આપુને ખોદાયે અક્કલ આપીછ કેની? એવણે કેહેજે એવણુની એક બેહેન કોઈ સોલાપુરમાં રેહતી હોશે તેનાથી એવણુને ખબર પડી કે તણ મહીનાની વાતપર તાંહાં કોઇ પારસીના છુપાછુપ લગન થયાં હતાં. તેથી એવણુને વહેમ પરયો ને પોતાની સગીપર આએ ડોસીએ તાર કરી પુછાવ્યું કે તણ મહીનાની વાતપર ત્યાં કોઈ પારસીનાં લગ્ન થયાંતાં કે, ને જો થયાં હોય તો વીગત મોકલે."

આપરે સમજી ગયા કે ચાલ જા, મોહોકાનનું વાદળ ફાટું ખરૂં, તોબી જીવ ઠેકાણે રાખી પુછયું "પછી?"

બચ્ચાંને મુગી રાખી ઇબઇજી બોલી ઉઠયાં "લઓ મ'રી બેહેનનો તારથી જવાબ આયોછ તે તમેજ વાંચો."

આમ બોલી ઈબ્બઈજીએ તાર બચ્ચાંના હાથમાંથી ખુંચવી લઈ મારા હાથમાં મુક્યો. તે નીચે પ્રમાણે હતો.

"તમારી ખબર ખરી છે. હું કંઈ મારાં કામસર આજેજ સહવારના રજીસ્ટર હાફીસમાં ગેઈ હતી. ત્યાં લગનની સરટીફીકેટ મારા જોવામાં આવી છે. માણેકબાઈ નશરવાનજી મેહેતા તે જમશેદજી કાવસજી ડાકટરનાં વીધવા તે પેશતનજી દારાશા કેપટન સાથે. તા૦ ૨૯ મી એપ્રીલ, સાક્ષીઓ મેરવાનજી કેખશરૂ દારૂવાળા અને અરદેશર સોરાબજી કોટવાલ."

એક પળ સુધી તો કંઈ બોલવાની મારી જબાં ઉપડી નહીં. હું પોતેજ બધી વાત બચ્ચાંને કેહવાનો હતો અને મારી સંકડામણ સમજાવવાનો હતો પણ ભોગ મારાં કે આએ દદા ઇબ્બઈજી મારી અડધો કલાક અગાઉ આવી પુગી ને બધો ધ્યાન કાહાડી નાંખ્યો. હું પોતે કંઈ કળ વકળે કેહેતે તો જરાબી બચાવ થતે, પણ આએ તો ઇબ્બઈજી જેવી નીંદાખોર ઘરડી ઓરતના હાથમાં અમારી ગરદન આવી કે મુવા છુટ્યા. એક કલાકમાં તો આખાં ગામમાં હોહો થવાની. એમાં ફેર ન પડે હવે કેમ સમજાવી લેઉ ને શું ઓઠું લાઉ તે બીલકુલ સમજ પડે નહીં. કાકીજી તો ડઘાઈને મારી ગમ જોયા કરતાં હતાં અને કલનધર ઈબ્બઈજી નાકના ફીફડાં ચહડાવીને મારો ગભરાટ સ્વાદ લઇ લઇને ચાખતાં હતાં. માત્ર નીર્દોશ બચ્ચાં આ વાત ખરી માનવાને ના પાડતી હોય તેમ મને વળગી રહી હતી.

પ્રકરણ ૩૯ મું.

મારો ખોલાસો ને તેનું પરીણામ.

ડાબડીજી બોલ્યાં "કેમ શેઠ, હવે શું ધાર્યું."

મેં કહ્યું "એ ખરી વાત છે." આટલા બોલ મારા મોહોમાંથી નીકળ્યા ખરા પણ મારા હોઠ સુકાઇને છોડાં થઇ ગયા હતા, બધાં મુગાં મંતર થઈ ગયાં હતાં. જો મારે ખરી વાત કહી દઇને કાંઈબી માફીની આશા રાખવી હતી તો તે વખત આજેજ હતો. પણ મારી જબાંજ ઉપડી નહીં. બચાંના ભવાંનો ચીલ્લો ચહડયો જતો હતો તે જોતો હું થાંભલાંની પેઠે ઉભો થઇ રહયો.

આખરે બચાં બોલી "અદી, એ તું શું બોલ્યો? તારૂં ધક ઠેકાણે છે કે? એ શું ખરી વાત?"

"હા ખરી વાત છે હું સાક્ષી તરીકે હતો ખરો."

"તારે તું આજે બે તણ મહીના થયા એ બધું જાણતો હતો? આજે ઓરતની શાદીમાં તું સામેલ હતો ને આજે મારાં કુટુંબ ઉપર જફા પાડવામાં તારો ભાગ હતો? નહીં નહીં, અદી, વહાલા અદી, હું માનું નહીં. તું અમારી મશ્કેરી કરેછ."

વળી અભાગણી ડાબડીજી વચ્ચે બોલી ઉઠી. "પણ એમાં નવું શું છે? એવણતો માકીના મોટા દોસ થાય. કેટલા કેટલા મહીના સુધી સાથે એખલાં એખલાં ફર્યાં ને ગામે ગામ રખડયાં તે સઉ જગને ખબર છે."

હવે મારેથી રેહવાયું નહીં.

"સાંભળ, બચ્ચાં. હું આએ વાત જાણતો હતો તે ખરી વાત છે ને તારી નજરમાં હું કેવો ગુનેહગાર લાગતો હોવશ તેબી હું સમજુછ પણ હું સત યકીનથી કેહુંછ કે હું અચાનક બેવકુફ બન્યો. જ્યારે તું તારી સહીની સારવાર કરવા ગેઇ તારે હું સોલાપુર આસાયશને સારૂં ગયો તે તો તુંને યાદ હશે. મારી કાંહાં કમબખ્તી લાગી કે ૨૯ મી એપ્રીલે હું મારા દોસ્તની ટાંગામાં ત્યાંની ધર્મશાળા જોવા ગયો. હુ ફરતો હતો તેટલાં માકી મેહતા અને પેશી કેપટન ત્યાં આવી લાગ્યાં અને બધી લગ્નની તૈયારી જોઇને મેં પુછતાં જણાવ્યું કે તેઓ ત્યાં આશીરવાદ નખાવવા આવ્યાં હતાં. મીનોચેરનો ખ્યાલ છોડી દઇને આએ છોકરી બીજા સાથ પરણી જાય તેથી તું ખુશી થશે એમ મેં ત્યાંની ત્યાંજ ગણત્રી કીધી. મેં જોયું કે, જા ટાઢાં પાણીએ પોતાની મેળેજ કાસળ પતી. તે લોકોએ મને અડધો કલાક થોભવાની અરજ કીધી ને મેં હા પાડી. કીયા ખલાસ થવા પછી શાક્ષી દાખલ મારી સહી લીધી. અત્યાર લગણ મેં કંઈ ખોટું કીધું ન હતું. હજીબી મારૂં તે મત છે. પણ જતાં જતાં માકીએ ઘણાજ કાલાવાલા કીધા કે મારે આએ વાત ત્રણ મહીના સુધી ખાનગી રાખવી. મેં બેવકુફ જેવાએ તેબી હા પાડી અને મારા બેહસ્તી બાપના સોગંદ લીધા. મેં રજા માંગી કે એકલી તુનેજ આએ વાત કેહું તો શું અડચણ છે, પણ માકીએ મને મારા સોગંદમાંથી ખાલસા કરવાની ના પાડી. હું નાચાર થઇ ગયો પણ હું કબુલ કરૂંછ કે મેં મોટી ભુલ કીધી.

હું તો સમજીઓ કે પેસી કેપટનના સગાંઓને કંઈ વાંધો હશે અને તે લીધે એ લોક બધું છુપું રાખવા માગતાં હશે. મેં તો એવી ગણત્રી કીધી હતી કે જારે હું તુને મીનોચેરના બચી જવાની વાત કેહવસ તારે આએ બધું તારેથી છુપું રાખ્યું તે તું મને માફ કરશે. એ લોક પરણ્યા પછી ચાર દાહાડે ન્યુસપેપરમાં મેં વાંચ્યું કે મીનોચેર સાથ આએ ઓરતની સગાઇ ગોઠવાઇ છે. મારો તો દમ બંધાઇને પથ્થર થઈ ગયો—

“અં—પછી?” કાકીજીએ પુછ્યું. બચાં તો એક બોલ બોલવા વગર નીચી ડોકીએ ઉભી રહી.

“હું ગભરાઈ ગયો ને માફી ઉપર આજીજીના કાગળપર કાગળ લખ્યાં. હું પોતે જાતે જઇને કકળી પડયો. મને મારા મુવા બાપના સપતમાંથી છોડવાના ઘણાએ કાલાવાલા કીધા પણ એ નાપાક એકની બે થઇ નહીં. મેં પેસીનીબી મુલાકાત લીધી અને તેને સમજાવ્યો, મીનોચેરને અસેમસે ચેતાવ્યો કે આ કારજ ભાંજી નાખ પણ માહાં ભાગ્યે કોઇ સમજયું નહીં.”

એો કોઇ અવરદસા ઇબઇજીને ઉચકીને એમની એમ ઉંડા ખાડામાં ડાટો રે. એ અભાગણીને મુગું મરતાં શું થતું હતું? એને જમીનમાં ડાટે તોબી એ બોલવાની. ડોસીએ વળી પાછો છબરડો કીધો.

“અરદેસર બા, તમે હવે ઘણા સીપલા ના થાવો. તમે અમારી બધાંની આંખમાં ધુલ છાંટી. લગનની ધામધુમ સાથ તૈયારી કરવામાં તો તમે સપ્પર પેહલા ઉતા. તમે સોગંદજ ખાધાતા તો એક વાત, પણ મોટી મોટી પ્રેઝંટ

કાંય મોકલી? તમે બધું ખોટું છે એમ જાણતાતા તારે બેંડ વાજાં શાનાં મંગાવ્યાં ને ચીઠ્ઠીનાં કવર તમેજ લખ્યાં કે કોઈ બીજાએ?"

બચ્યાં જે અત્યાર લગી ઉભી રહી હતી તે એક છાતી તોડ નીસાસો નાંખીને કોચ ઉપર ફસડાઇને બેસી ગઇ. કાકીજી જેવણ પહેલાં ગભરાઇ ગયાં હતાં અને નખાઇ ગયલાં દીસતાં હતાં તેવણથી હવે ઈબઈજીના તાણા ખમાયા નહીં. ગમે તે પણ પાંસઠ દીવાળી જોયલી ને ઘી ખાયેલું ગંઠાયલું અંગ તટાર ખડું થયું. ઈબઈજી ગમ છણકો કરી તેવણ બોલ્યાં.

"ઈબઇજી, તમે આટલી બધી તસ્દી લીધી ને તાર કીધા તે તો બધું ઠીક છે. તેનો જે રૂપીઓ બે રૂપીઆ ખરચ થયો હોય તે હું મોકલી આપસ. પણ બેઅદબી માફ છે, તમે આ પ્રમાણે ચાવાચીવી કીધી તે અગાઉ અમારી ખુશી પુછી હોતે તો ઠીક થતે. હવે તમુને વચમાં માથું ખોસવાની જરૂર નથી. હું છેઉ ને મારો ભત્રીજો છે. અમે અમારૂં સુજીઉ કરી લઈશું, પણ તેટલાં હવે મેહેરબાની કરીને અહીં આવવાની તસ્દી લેતાં ના. ને બહાર કંઈબી વાત કરો તો સંભાળીને કરજો કેમજે હુંબી રનપર ચહરેલી છેઉ. માય બચ્યાં, તું અંદર જા. માય આવો," કરી કાકીજી ઉઠયાં. ઈબઈજીએ શેકહાંડ કરવા હાથ લાંબો કીધો, પણ કાકીજી જોય શું કામ. બચ્યાં તો પીઠ ફેરવીને ઉભી રહી. ડોસાંજીને તો ભોંય ભારી પડી ગઈ. પણ કરે શું? કાકીજી તો તેવણને કાહાર કાહારમાં પડયાં એટલે જવા સીવાય છુટકો રહયો નહીં.

પ્રકરણ ૪૦ મું.

આશા ભરટ.

નીંદાખોર એમજ જગેજગથી ટુપાય છે, પણ તે લોક પોતાની નબળાઈ જોતાં નથી. બે ચાર જન ટોળાં વળીને બેઠાં હોય ત્યાં એકાદ જાણીતી નીંદાખોર સ્ત્રી આવી ચહડે કે બધાં કેવાં ચુપચાપ થઈ જાય છે તે તે આંધળી જોતી નથી. કબિઈજીના પણ તેજ હાલ હતા. બહાર પડીને તેવણ બરબડવા લાગ્યાં. આએ મોટાં ઘેરમાંથી પગદંડો સદાનો ગયો ને વળી રૂ. ૧૨૦૦ ની સેસ ઉકી. "માકી મરે એમની એમ. તેના ઘેરની ચાકરડીની કાની ઘસડ બોરા કીધા ને સામાં ગાંડનાં ગાડીભાડાં ખરચ્યાં!! એ દોજખમા જાય એમની એમ. મારા રૂપીઆ એને આવા આવા ફુટી નીકળશે!!"

તેવણના જવા પછી કાકીજી બચાંને પટાવીને બોલ્યાં. "મારી વહાલી દીકરી, તું ને અદી એકના એક છે. વાસ્તે કંઈબી ઉતાવળથી મત બાંધતી ના. હા, જરા ખોટું તો થયુંછ. અદીનો જરા કસુરબી ખરો, પણ તું આકરી વીકરી થઇને કંઈ જે તે અભારો બાળતી ના."

આટલું બોલી કાકીજી તો ચાલી ગયાં. હું બીહીનો બીહીતો ચોટાની પેઠે બચાં આગળ ગયો.

"શું, મારી આટલી ચુક માટે માફીની આશા ખોટી?"

"હું હમણા જવાબ દેવાની હાલતમાં નથી."

"મારી વાહાલી બચ્ચાં," હું કરગરીને બોલ્યો અને તેણીનો હાથ પકડવા ગયો, પણ બચ્ચાંએ અદબ વાળી રાખીને મારેથી આઘે ઉભી.

"મારૂં ભેજું વમળમાં પડ્યું છે. હું કોઇને ગેરઇનસાફ કરવા માંગતી નથી. એક વાર મેં તુને ભુલથી ગેરઇનસાફ કીધો હતો ને તે દાહાડેથી મેં તારા ઉપર પુરો ભરૂસો રાખ્યો હતો."

"હા—તે હું ભુલી ગયો નથી."

"પણ હવે તું તારે મોહોડે કબુલ કરે છે કે પેલી નજીસ છોકરીને આપેલું વચન તોડવા કરતાં તેં અમારાં કુટુંબની ખાનેખરાબી જોવાનું વધારે પસંદ કીધું તારે હવે મને પાછો વેહેમ જાય છે કે મારી તુંને દરકાર નથી અને એ છોકરી ને તારા વચ્ચે દોસ્તી કરતાં કંઈ વધારે છે."

"નહીં—નહીં—તું જાણેછ—તારે જાણવું જોઇયે, કે એમ માનવામાં તારી ભુલ છે."

"હોય તેમબી હોય, પણ તેં આવી કબુલાત આપીને છેકના છેડા સુધી પાળી તે પરથી જણાયછ કે મારા પ્યારની, મારી લાગણીની તેં કસી પરવાહ કીધી નથી. અમો લોકને ઠગવામાં તેં તેને મદદ આપી, મારા ભાઇને ખુવાર કીધો એટલે હવે તે દરગુઝર કરવાની મારામાં તાકાત નથી."

આટલું બોલી બચ્ચાંએ પોતાનાં આંગળાંમાંથી મારી પેહરાવેલી વીંટી કાહાડીને મારા હાથમાં મુકી.

"બચ્ચાં—જો, જરા વીચાર કર—હું ઘણોજ પશેમાન છું."

"હું દલગીર છું કે હવે મારેથી બીજો જવાબ આપી શકાશે નહીં."

હું તો ઠંડોગાર થઇ ગયો. બચ્ચાં ગુસ્સો કરતે અથવા તકરાર કરતે તો હું કંઇબી વાત આગળ ચલાવતે, પણ તે તો ઠંડે પેટે સઘળી વાત કરતી હતી એટલે મને કંઇ સુજયું નહીં. બચ્ચાંએ મારી ઉપર પુરો વીશ્વાસ મેલ્યો અને તે વીશ્વાસનો મેં ઘાત કરયો. રૂમાલ કાહાડીને મારી આંખો નુછીને હું ત્યાંથી માર ખાવેલા કુત્તાની પેઠે ચાલી ગયો. અરે પેદાના કરનાર, બળયો તે દીવસ ને મુવો હું.

પ્રકરણ ૪૧ મું.

હવે? હવે ગયા મહવે.

આ પછી છ મહીના નીકળી ગયા. એક સાંજના હું એકો પાઇન્ટ ઉપર માથેરાનમાં એકલો બેસીને ગમગીન દીલે ન્યુસપેપર વાંચતો હતો. મારી ઉંઘ અને ભુખ જતાં રહયાં હતાં અને મને જુણી ચાલુ બોખાર લાગુ પડી હતી. વળી મારો જોખમાયલો હાથ પાછો સખત કળતે હતો એટલે મારા ડાકટરની ભલામણથી આસાયશ લેવા માથેરાન આવ્યો હતો. એક ગમથી દીલનું દુઃખ અને બીજી ગમથી મનની વ્યાધી એટલે કોઇ સાથ મળવા ભિ:ત્રા કે વાત કરવા ગમે નહીં.

બચ્ચાં સાથનું કારજ તુટવા પછી હું પોતાને ઘણોજ કમનસીબ સમજતો અને મારા મીત્રો મારી મશ્કેરી કરતા કે મારૂં ભેજું પોચું થવા માંડયું છે. મારી તબીઅત બીજી રીતે સારી હતી, મારી દોલત ઠીક હતી, પણ બસ કોઇ સાથ વાત કરવા ગમે નહીં. હું બધી રીતે ભરપુર હતો, પણ એકજ ચીજ મારી આગળ ન હતી એટલે હું બેખબર બની ગયો હતો. મને બચ્ચાં જોઇતી હતી અને તે ન હોય તો બાકી બધું અકારૂં ઝેર જેવું હતું. અગાઉ હું ગામેગામ દોડવામાં મઝાહ લેતો, પણ હવે તો જાણે એક ખુણામાં પડી રેહું એવું લાગતું હતું. વળી સર્વેથી મોટી પીડા તો એ હતી કે જે કોઇ ઓળખીતા પારખીતા મળે તે મીનોચેરના ફજેતાની વાત કાહાડી બેસે અને તે ઉપર તકરાર ચલાવે, જે મારે મનથી એક આફત જેવું હતું. આ કારણને લીધે હું કોઈ હોટેલમાં ઉતરયો નહીં, પણ દુર એક નાહનો બંગલો લઇને ત્યાં ચોપડીઓ સાથ મારૂં માથું ઝીકયા કરતો હતો. મારા આવ્યા પછી આઠ દસ દહાડા નીકળી ગયા તોબી કોઇ દોસ્ત આવ્યું ગયું નહીં એટલે મારાં મન સાથ મને ધીરજ હતી. હું તે દાહાડે એકો પાઇન્ટ ઉપર એકલો વમાસણમાં બેઠો હતો એવામાં કોઈનાં પગલાં સંભળાયાં. મેં દુરથી કોઇ બાઇને જોઈ. તે બીન આગળ ઉભી રેહીને 'વ્યુ' તપાસતી હતી. હું સટકી જવાની તજવીજ કરતો હતો, પણ તેટલાં તે સરભોગ મારી આગળ ચાલી આવી.

ઓ! માકી!!!

માકી તો જાણે કસામાં હોયજ નહીં તેમ મારો હાથ પકડીને બોલી.

"કેમ અદીબા, એખલા એખલા શું કરોછ? મને કોઠું નહીં આપતાં અંહીંથી છટકી જવાની તમારી તજવીજ તમારા ચેહરા ઉપરથીજ દેખાયછ, પણ હું તમુને છટકી જવા દેનાર નથી."

તેણીએ મારો હાથ પકડી રાખ્યો અને કરારને જીવે મારી પાસે પથ્થર ઉપર બેઠી!

પ્રકરણ ૪૨ મું.

માકીનાં ચરીત્ર.

માકી તો મારી પાસે ચીટકીને બેઠી. આખર કરે ને હું મરદ પડયો એટલે ઉઠી જાઉ એવો બે મલાહઝે તો હું ન હતો.

"અંહ, અદીબા દાળ ઘણી દાઝી ગેઈછ કે? તમારાં કાગળનો જવાબ નહીં મોકલ્યો તેથી તમે મારી ઉપર ખફા છેઓ તે તો હું કયારની સમજી ગેઈ."

"તમે મારૂં સત્યાનાશ વાળ્યું. મારાં કાગળનો તમે જવાબ મોકલવો હતો."

"સબર કરો, મારો કસુર નથી. તમે કાગળ મારે કોલાબેને સરનામે મોકલ્યું, પણ હું સખત તાકીદ કરી આવી હતી કે મારાં બધાં કાગળો એકઠાં કરી રાખવાં. હું ગેઈ કાલેજ કોલાબે મારા બંગલામાં આવી ને તમારૂં કાગળ વાંચતાંજ તમારી ખબર કાહાડીને અહીં દોડી આવીછ."

"વારૂં, હવે બધી મોહોકાન નો વાળી મુકી, હવે મને શું કહેવા માંગોછ?" મેં ઘણાજ નાખુશ ચેહેરે પુછયું.

"એટલુંજ કે મને તરેહવાર તાણા ટપલાના ને ગાળએલનાં કાગળો મળ્યાંછ પણ મેં તે સઘળાં અફરગાનીઆ ઉપર બાળી મુકયાંછ. મને તે લોકના મતની એક ટચાકડી ભારબી દરકાર નથી. પણ—પણ—હું ધારૂંછ કે તમારા પોતાના બાબમાં મેં સારી ચાલ ચલાવી નથી."

"ઘણી મેહરબાની થઈ," મેં ટકોર કીધી.

"મેં જે જબરો ઘાટ રચ્યો હતો તેમાં ફકત એકજ કાણું ટીપું હતું અને તે તમારી ઉપર મેં પાડેલો જુલમ હતો. પેસીને તો મેં સમજાવી લીધો, પણ તમારા બાબમાં શું કરવું ને કેમ માફ માંગવી તે મને સુજયું નહીં."

"હું નહીં ધારતો હતો કે પેસી એવું બોચીઉ છે."

"બોચીઉં નથી, ફકત ભોળો છે. અદીબા, હવે નાખતી કરો ને દીલ ખોલીને તમારે ગમે એટલી મને ગાળ દેઓ. હું એક બોલ નહીં બોલું."

"મારે કંઈ બોલવું નથી."

"પણ તમે બચાં સાથ પરણ્યા કાંય નહીં?"

"કારણ કે તે મારી સાથ પરણી નહીં. તે હવે મારૂં મોહોડું જોવાને રાજી નથી."

"તમારાં ગુસ્સાભર્યાં કાગળથી મેં જાણ્યું કે પેલી દદા ઈબઈજીએ લગનને દાહાડેજ તમારી સામેલગીરી લોકને જણાવી દીધી. ખરી વાત કે?"

"હા તેમજ છે. એ ડોશીએ પોતાની બેહેનપર તાર કીધો ને તેણીએ તાબડતોબ લગનની સરટીફીકેટ તારથીજ મોકલી આપી."

"અરે કાંહાંની કાંહાં મેં તમુને શાક્ષી રેહવાની બોંહોસ કીધી. બધો વાંક મારો છે. પણ ચાલો હવે શું કરીએ?"

"કંઇ નહીં" હું કગળાઇને બોલ્યો.

"નહીં અદીબા, એમ ના બોલો. મારા સમ, મને રરે. જો હજુબી સમાધાન થતું હોય તો તમે એની સાથ પરણવાની હા પાડો કેની?"

"એવી વાત કરવામાં ફાયદો શો?"

"પણ એમ પુછવાની મારી મતલબ છે. એ નવાબના કુટુંબના બધાં અકલગરાં છે એટલે આ પરીણામથી હું કંઈ ઘણી દલગીર નથી. ફકત તમારે ખાતર મારો જીવ બળેછ. મેં સાંભળ્યું કે નામદાર નવાબ મીનોચેર તો વેલાત પત્યાછ. જો પોતાની જીંદગીમાં કંઈબી અક્કલ ખરચી હોય તો તે આએજ છે. બચારો તદન અડગરો છે ને જરા વેલાતમાં ફરશે તો થોડી ઘણી ભેજાંમાંની રાઇ ઓછી થશે."

"તે તો એ છે ને એનો જીવ છે. હું એટલું તો જાણુંછ કે તમારે નામે હવે એને એવી અભીત્રી ભરાઇછ કે તમારી ઘેરેઘેર નીંદા કરવાને ચુકશે નહીં."

"મારી ને તમારી બલા લેતી."

"તે ખરૂં પણ તમે શું એમ સમજોછ કે હવે એને બીજી બઇરી મળશે નહીં? અરે તમે પારસીઓને હજુ

ઓળખતાં નથી. એની પાસે પૈસા છે એટલે તમારાં કરતાં સરસ એને પગે પડતી આવશે. વખતે વેલાતથી મડમ નહીં ઉચકી લાવે કે! નવી હાથ ધરતી ગાડી ઘોડે ફરશે ને હીરા મોતી પેહરશે તારે તમે રડવા ના બેસતાં. તમે તમારી મકસદમાં ફાવ્યાં પણ સાથે લાગું મારૂં સત્યાનાશ વાળ્યું."

માકી રડવા જેવી થઇ ગઈ. જરા વાર વીચાર કરી તે બોલી "અદીબા, તમે એમ ના બોલો. તમારો કકળાટ સાંભળીને મારૂં કલેજું કપાઇ જાયછ. હું ખરે મનથી પશેમાન છેઉં. બચ્ચાં આવો સખત માર્ગ લેશે એમ મે સ્વપ્નેબી ધાર્યું નહીં હતું. તમે બધો ખોલાસો કીધો તોબી સમજી નહીં?"

"મારી સાથ વધુ વાત કરવાજ ના પાડી, ફક્ત મને ચાલી જવા કહયું."

"લગનને દાહાડેજ એ બધી વાત બની તે તમે મને લખ્યું ને હું ઘણીજ પસ્તાઇ, પણ શું કરૂં. હું તો પેસી સાથ કરાંચી, કવેટા, પેશાવર વગેરે જગેજગ રખડતી હતી એટલે કાગળનો જવાબ લખવાનો સંજોગ બન્યોજ નહીં. હવે મને લાગેછ કે મેં તમુને ઘણો ગેરઇનસાફ કીધો."

"હા, હું પણ એમ ધારૂંછ."

"પણ અદીબા, તમે એક વાત વીસરી જાઓછ. યાદ કરો. એક વખત જારે મેં તમુને સુતરો રસ્તો દેખાડવા કીધો તારે તમે મને ઝાડુ મારી કે "અમારૂં કામ અમે સમજીયેછ, તમારી સલાહ જોઇતી નથી" તે છતાંબી હું તો કળવકળે બધું ઠીક ઉતારતે. પણ પેલું

ઘરડું ધુવડ ઇબઇ આડી નડી તેમાં હું શું કરૂં? આહહા! ઇબઇજી માય! મારી માંય કરૂં!—તુને મારી ઉપરથી સાત વાર ઓવારી નાખું! જો અદીબા એવણુનો આપેલો બ્રોચ મેં કેવો લટકાવ્યોછ. એ સબકતો હોસે જો. એ પેહેરીઓ તેને બીજેજ દાહાડે પેસીના કાકાએ ટાકો ધડી કીધો અને એને વારસામાં લાખ રૂપીઆ મલ્યા."

આટલી વાત ચાલે છે એવામાં દુરથી ઘોડાના ત્રાટ કરવાનાં પગલાં સંભળાયાં. માકી તુરત ઉઠી.

"હું ધારૂંછ કે પેસી આવતો હોસે. મેં એને કહયુંતું કે એકો પાઇંટ ઉપર મળશું, પણુ અદીભાઇ, તમારૂં મોહોનું ઉતરી ગીયુંછ, શું છે?"

"કંઇબી નહીં."

"હંબગ! તમુને ડાકટરે અહીં મોકલી દીધાછ પણુ ચીંતા નહીં. હું માકી છેઉં, કંઇ આજકાલનું બચ્ચું નથી. જોઇશું. તમારા જેવા જુવાન જમાન, ખુબસુરત, પૈસાવાળા ગ્રહસ્થે એમ રડી પડવું નહીં જોઇએ. મારૂં તો મત છે કે તમારા જેવાં માણુસે પરણુવુંજ શા સારૂં જોઇયે!"

"એમ બી હોય, તમારો વીચાર તમુને મુબારક."

"જો મારા ભાઇ, જે ચીજ તમુને સારી દેખાય તે મને કદરૂપી લાગે. મને તો લાગેછ કે પેલું ઇચમજી નવાબ ખાનદાન તમારેથી છુટયું એ તમારાં મોટાં નસીબ. પણુ કેહવત છે કે જેને ચણુા મમરા ફાકવાની તલપ હોય તેને કેક મકરૂમ ગળે ઉતરે નહીં. પાણીની સોસ લાગી હોય

તે કંઇ દુધથી છીપાય! ચાલો—ચાલો, મારી સાથ સેકીન્ડ કરો ને દીલમાં મેલ રાખતા ના. હું તમારૂં ભલું ઇછિનારી છેઉં."

એવામાં પેસી આવી લાગ્યો. તે ખુશાલ દીસ્તો હતો પણ માકીના જેટલો નફ્ટ ન હતો. મને જોઇને તે જરા શરમાયો, પણ માકીને મનથી બધું સરખું. તે બોલી:—

"અદી બા, સાહેબજી, બધાં કેહેછ કે મને હવે મુંબઈમાં મોહોનું દેખારતાં શરમ લાગશે. ફુ! નૉનસન્સ. મારો એસકી બંગલો ને ધમધમ કરતી મોટોર, મારા જેવી ખુબસુરત છોકરીએ બંપર ડીનર આપ્યાં કે પાંચ દાહાડામાં બધુ વીસરાઈ જવાનું. તમુનેબી મુંબઇમાં ચેન નહીં પડે તો મારૂં મકાન તમારે સારૂં સદા ઉંધાડું છે, ગમે તારે આવજો.

પ્રકરણ ૪૩ મું.

સલામ અલેકુમ.

ઉપલી વાત થવા પછી દસેક દાહાડા ગયા કેડે હું મારા ખાનગી એકાંત બંગલાની વરંડા પર બેસીને ન્યુસ પેપર વાંચતો હતો. એકાદ બે દાહાડામાં હું એક મીત્રની સાથે દીલ્હી, આગ્રા, લાંબી મુદત સારૂં ફરવા જનાર હતો. મારો મુંબઇનો બંગલો ભાડે આપવાની મેં જાહેર ખબર સુધાં છપાવી હતી. અલબતાં આ બંગલો નવી ધણીઆણી આવશે તેની આશામાં મેં ખુબ સણગારીઓ હતો, પણ હવે તે મને અકારો દાહારો પડયો હતો. બચ્ચાં સાથ મારી સગાઈ તુટી

જવા પછી મેં મુંબઇમાં પગજ ન મુકયો હતો એમ કેહું તો ચાલે. વળી અમારા બંગલા પાસે પાસે હતા એટલે અચાનક બચ્ચાં સામે મળી જાય તો ફુલસુંગનું થાય એવી મને સદા ખીક હતી. બંગલાના તો ઘણા ભાડે લેવાવાળા નીકળ્યા હતા પણ કોણ જાણે શા કારણથી આ બંગલામાં પારકાઓ ધુમચકરી મચાવે તે મારે ગળે ઉતરવુંજ ન હતું. પણ આપયા વગર કાંઇ છુટકો નથી એમ ધારી મેં મારા હાઉસ એજંટને સેવટની રજા આપી હતી અને તે મુજબનું કાગળ સ્ટાંપ મારીને ટપાલમાં જવા સારૂં ટેબલ ઉપર તઇયાર હતું. અલબતાં મારી તબીઅત પાછી ઠેકાણે આવી હતી પણ જરા અંગમાં સુસતી લાગતી હતી. સાંજના ચારેક વાગયા હશે એટલામાં હું ઇઝીચેર ઉપર વાંચતો વાંચતોજ ઉંઘી ગયો.

મને તરેહવાર ખુશ સ્વપના આવતા હતા. જાણે મેં કંઇ ધીરો ખણખણાટ સાંભળ્યો હોય તેમ લાગયું પણ આંખમાં ઉંઘ એવી ભરી હતી કે મેં આંખ ઉંઘાડીજ નહી. જરા વારે વળી પાછો કાંઈ સંસારો સંભળાયો એટને હવે હું જાગરૂત થવા માંડયો અને જોઉંછ તો મારેથી બે ત્રણ વારને છેટે નીચે વાડીમાં કોઈ બાઇ નેતરની ખુરશી ઉપર બેઠી હતી. તડકાંને લીધે તેણીએ માથે ઇંગ્રેજી ટોપી ઘાલી હતી એટલે હું ચેહેરો જોઇ શકયો નહી.

મેં આંખ ચોળીને ટટાર બેસવાની તજવીજ કીધી તો મારી નજરે શું પડયું ?

બચ્ચાં ! !

એક ટુકી પલ સુધી હું વેહમમાં હતો કે હું સ્વપનો જોઉં છું. પણ નહીં—હું હુશીયાર થઈ ગયો અને બચાં હસ્તી પણ સેજ અકળાયલી મારી આગળ ચાલી આવી અને મારો હાથ માયાથી પકડીને પોતાની આંખમાં ચાંપ્યો અને મીઠા સાદે બોલી "અદા, હવે તું કેમ છે?"

"ઓ! બચાં! તું અહીં કયાંથી?" મારેથી વધારે બોલાયું નહીં.

"હું ને કાકીજી આજે સહવારનીજ ત્રેનમાં તુંને જોવા આયાં."

"જોવા? શું જોવા?"

"પેલી ઘેલાં ગધેરાં માકી તરફથી અમુને ગેઇ કાલે એક કાગળ મલયું તેમાં તેં એની ઉપર લખેલાં કાગળોનું આખું બંડલ ઉતું. પોતાના કાગળમાં એ ચવીત્રી લખેછ કે તું કાહેલી છે ને એકલો ઝુરેછ તેથી અમે આયાં."

મેં મારાં મન સાથ માકીને દુવા દીધી.

વળી પાછું બચાંએ ધંતેજારીથી પુછયું "પણ હવે તો સારી કાની છેની—હાથ કળતોતો તે નરમ પડયો કે?"

"હા, હવે કંઈ અડચણ નથી."

"અમે અહીં દોડી આયાં તે સારૂં તું અમારી મશ્કરીઓ કરશે, પણ પેલી ચવીત્રીએ અમુને બીહીવાડી મારયાં."

"પણ એમ સમજો કે હું ઘણો સીકબી હોતે તો તેમાં તમે લોકને શાની ફકર ઉતી?"



[illegible] મારી [illegible] ૨૭.

બચાં લાલ પુની જેવી થઇ ગઈ અને કશો જવાબ આપ્યો નહીં. પણ પાછો મારોજ જીવ બળવા લાગ્યો. બચાં જેવી શૅઆની, શરમાઉ છોકરીને છેક ઉતારી પાડવી ઠીક નહીં. એ બચારીનો ઘણો વાંક કહડાય નહીં. મને લાગું કે હવે તો જે થાય અરૂં. જરા હીંમત પકડવી જોઇએ. બચાંના હાથ પકડીને મેં ગડગડતે સાદે પુછયું:-

"મારી વાહાલી, તું અહીં આવી તે સારૂં શું દલગીર છે?"

બચાંએ પોતાનું ડોકું મારી છાતીમાં ચાંપી દીધું અને ડચકાં ખાતી બોલી "ઓ અદી, મારા કેવા દાહાડા રડવામાં ગીઆછ તે મારો ખોદાય જાણેછ."

હવે માકીએ મારા લાભમાં શું ચરીત્ર ચલાવ્યાં હતાં તે પાછળથી બચાંએ મને કહયાં. મારા સોગંદમાંથી મને મોકલો કરવાને મેં ધમકીના, કાલાવાલાના જેટલાં કાગળ માકી ઉપર મોકલ્યાં હતાં તે બધાં તેણીએ બચાં ઉપર ખીડયાં હતાં. મીનોચેર સાથ અદરાવાની ખબર ખોટી પાડવાની સતા માંગવા સારૂ મેં જે આજીજીનો તાર માકી ઉપર કીધો હતો તે બી આ બંડલમાં હતો. માકીનું બચાં ઉપર કાગળ નીચે પ્રમાણે હતું.

નેકનામ બેગમ સાહેબ બચુબાઇ.

હું ઘણા દાહાડા સુધી મારે ઘેરથી ગેરહાજર હતી તેથી મારે શરનામે આવેલાં કાગળો એકઠાં પડી રહયાં હતાં. ગેઇકાલે મેં બધાં વાંચ્યાં છે. તેમાં મી૦ અરદેસર કોટવાલનું છેલ્લું કાગળ અગતનું જાણી તમને ખીડું છું. તેમાં એવણ ઘણા કાળજીથી અરજ કરે છે કે તમારા મનમાં એવણ

માટે જે ખરાબ વીચાર બેશી ગયો હોય તે કંઇબી કરીને મારે દુર કરવો. જ્યારે તમે એવણનું માન્યું નથી તારે મારૂં કાંહાં ચાલવાનું છે તે હું જાણુંછ પણ છેલ્લાં ત્રણ માસમાં મારી ઉપર એવણના તેર કાગળો અને તારો આવ્યા હતા તે તમારી ઉપર મોકલી આપવાની મારી ફરજ છે. હું સોગંદ ખાઇને કેહું છું કે, એવણ અમને સોલાપુરની ધર્મશાળામાં અકસમાત મળી ગયા હતા. અને એ બચારાને અમે નાહક ફસાવીને હેરાન કીધા જે માટે હું ખચીત દલગીર છેઉં. ચાર દાહાડાની વાત ઉપર હું એવણને અકસમાતથી માથેરાનમાં મળી. તાંહાં એવણ ડાકટરની સખ્ત તાકીદથી રહેલા છે. તમારી ને એની જોડી હું હજીબી પસંદ કરતી નથી ને આજેબી હું તમુને લખતે નહીં, પણ એવણનો ચેહરો એટલો ઉતરી ગયો છે કે મેં એવણને ઓળખ્યાબી નહીં. એવા એક માંદા તાતા વર સાથ પરણવાથી તમે છટકી ગીઆં તેમાં હું ધારૂંછ કે તમે ઘણી હુશીઆરી વાપરીછ. તે છતાં તમારી તરફથી બે બોલ એને લખશો કે તેનો વાંક નહીં હતો એવી તમારી ખાત્રી થઇછ તો તેથી એ બચારો કંઇ નહીં પણ રાજી તો થશે.

લા૦ **માકી પેશી કેપટન.**

તા૦ ક૦—તમારા ભાઇજીને મારી દુવા કેહજો!

અમે બેહુ જને સાથે આ કાગળ વાંચ્યું, પછી બચાં બોલી. "ઓ માયરે, માયરે, આવી કસકુનમ ચવીત્રી પણ હુશીયાર દુકતી મેં મારા જનમમાં જોઇ નથી."

હું તો માકીના ચરીત્ર પામી ગયો. એને ખુબ અક્કલ ચલાવીને બચાંની નાડ બરાબર પારખીને આ ગોળો ગબડાવ્યો હતો. તે બચાંની રીતભાત સારી પેઠે જાણતી હતી અને તે લીધેજ મારી બીમારીને મોટું રૂપ આપ્યું હતું.

બચાંને મારાં પાસામાં ચાંપીને હું બોલ્યો "મારી ડીયર ગુલાબ, માકીએ ગમે એવાં ચવીત્રાં કહાડયાં હોય પણ આજનો આપણો મેલાપ તેને આભારી છે."

બચાં નાખુશીથી બોલી "બસ, હવે એનું નામ આપણા વચ્ચે બાળી મુકવું. એ ગુનેહગારે આપણને બબેવાર મહીનાઓ સુધી જુદાં પાડી નાખ્યાં ને રાનના કાવત્રાંએ આપરે સદાના છુટાં પડતે."

કાકીજીનો તો હરખ માયો સમાયો જાય નહીં. તેવણ તો કંઇ વળી નવું વગણ પડવાની સદા બીક રાખતાં હતાં પણ ખોદાના હુકમથી કાંઇ વઘન નડયું નહીં. એક માસમાં બચાં અને હું સદાના પવીત્ર ગાંઠથી જોડાયાં. ત્યાર બાદ ફકત એકજ વખત મને માકી જાહેરમાં મલી. અમે ટાઉન હોલમાં આરટ એકઝીબીશન જોવા ગયાં અને આઘેથી જોયું તો એક મોટાં પેનટીંગ આગળ લોકની મોટી ભીડ હતી. અમે શું છે તે જોઇયેછ તો—ઓ બાપજી! માકીની આબેહુબ તસવીર!! અને બાપના બાપરે! માકી પોતે જીવતી જાગતી અમારી પાસેજ ઉભેલી. મારી સાથના બૈરાંઓ તો જાણે જાણતાં ન હોય તેમ પીઠ ફેરવીને ઉભાં, પણ માકીએ મારો હાથ પકડીને ખુબ હલાવ્યો અને મને કેહતાંબી શરમ લાગે છે કે—કે—મને છુપી આંખ મારી.

સમાપ્ત.

સલામ સહુને હાલ, સાહેબો સલામ સહુને હાલ.

મારી મુસાફરી આજે તમામ થઇ છે અને તમારી સેવામાં ધરેલી કલમ પાછી અભડાઇ ઉપર મુકતાં એક જાતની દલગીરી પેદા થાય તેમાં નવું શું છે ! માકી ચવીત્રીની કથાએ જો તમને થોડા કલાકનીબી રમુજ આપી હોય તો હું બહુ રાજી થઇશ. અલબતાં એ તમામ મારાં ભેજાંમાંથી ઉત્પન થઇ હોત તો હું આજે ચાર્લેસ ડીકન્સની સંફમાં બેસીને મહા-ભારત લેખકોની મંડળીમાં નામ નોંધાવવાને સરકસી કરત, પણ એવાં નસીબ કયાંથી લાવ્યે? મારે નમનતાઇ સાથ કબુલ કરવું પડે છે કે કથાનું વણું ઉભું કરવા માટે બીજા લખનારાઓના ભેજાંમાંથી ભારો ભાર ઉછીકું લેવું પડયું છે અને તેમાં મારા અનુભવનું મરી મીઠું ભભરાવીને તમારી હજુરમાં ધરયું છે. કથા અડધી આગળ ચાલી ત્યારથી પુછાવા માંડયું હતું કે 'માકી કોણ છે, ઇબિઇજીનું ૩૫ કઇ બાઇ ઉપરથી લીધું-ઇત્યાદી. બચાંના જેવી તો ઘણીબી પારસી બાઇઓ છે પણ તમારાં મનમાં ખરેખર કોણ હતી ? આ સઘળાનો હું આ ટાંકણે જવાબ આપું છું કે બાપુ' મારાં ધ્યાનમાં તો ઘણાબી છે પણ કોઇનું નામ કઇ દેવાય ! સઘળાં પાત્ર કલપીત છે, પણ બેશક તે કોઇને અને કોઇનેબી બંધ બેસતાં પડી જાય નહી તો પછી કથામાં સ્વાદ રહે શાનો? ઘણાકો મને ઠપકો આપે છે કે હવે લગભગ સાતરે મીંડેથી ભરતીમાં આવ્યો તોયે શા સારૂ ખાલી પીલી આંખનો ખુરદો કરતો હોઇશ. પણ આમ બોલનારાઓને એકજ જવાબ છે કે ૫૦ વરસ સુધી લખલખનો સોદો ચાલુ રાખ્યો એટલે હવે ઓઢીને સુઇ રહેવું એ કાલનો દુકાળ આજે પાડવા જેવું છે. સેવટે

તમોએ જે ધીરજ અને નાખતીથી આ કમતરીનનું પીજણ વાંચ્યું છે તે માટે હાથ જોડીને ઉપકાર માનું છું અને તમારી સદાની મેહેરબાની ચાલુ રાખવાની વીનંતી કરૂં છું. જીવતા રહીશું તો વળી પાછું કોઈવાર મળશું.

લી૦ સેવક,

જાંહાંગીર બે. મરઝબાન

નો દુવા આમીન,